ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે
GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૮.૬૭ |
| પાઉન્ડ | ૧૧૬.૮૮ |
| યુરો | ૧૦૨.૬૪ |
| સઉદી રિયાલ | ૨૩.૬૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૨૬,૦૮૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૬૭,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૦૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# દિલ્હીમાં લાલકિલ્લા પાસે કારમાં પ્રચંડ વિસ્ફોટ : ૧૩નાં મોત, અનેક ઘાયલ






### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી શાહ સાથે વાતચીત કરી, દરેક એંગલથી તપાસ ચાલુ

### આસપાસના પડોશી રાજ્યો અને મોટા શહેરોની પોલીસને પણ એલર્ટ કરાઈ

### મુંબઈમાં પણ હાઈએલર્ટ જાહેર બચી ગયેલા એક શખ્સએ ધડાકાની તિવ્રતાનું વર્ણન કર્યું

### સમગ્ર દિલ્હીમાં હાઈએલર્ટ જાહેર ગૃહમંત્રાલય દ્વારા પરિસ્થિતિનું બારીકીથી સઘન નજર રાખવામાં આવી રહી છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૦

દિલ્હીના લાલકિલ્લાના મેટ્રો સ્ટેશનના ગેટ નં.૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતા ૧૩નાં જેટલા લોકો માર્યા ગયા હતા. અને બીજા અનેક ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમ દિલ્હી પોલીસના અધિકારીઓએ જણાવ્યું હતું. રવિવારે સાંજે ૬/૩૦ વાગ્યાના અરસામાં કારમાં જબ્બર વિસ્ફોટ થયો હતો જેના કારણે અન્ય ત્રણ વાહનો પણ સળગી ઉઠયા હતા.

પ્રચંડ વિસ્ફોટથી ૧૫થી વધુ લોકો ઘાયલ થતા તાત્કાલિક લોકનાયક હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં ત્રણની હાલત ગંભીર હોવાનું જાહેર થયું છે. ધડાકાને પગલે ઉચ્ચપોલીસ અધિકારી સહિતનો મોટા કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. સમગ્ર દિલ્હીમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ગૃહમંત્રાલય પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આસપાસના રાજયો અને મુંબઈ જેવા મહાનગરોમાં પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઘટના બનતા દિલ્હી પોલીસ કમિશનર તથા સ્પેશિયલ સેલ અને ફાયરબ્રિગેડની ટુકડીઓ તેમજ એમ્બ્યુલન્સ સાથે રાહત અને બચાવ ટુકડીઓ સ્થળ પર ધસી ગઈ હતી. સીઆરપી અને ડીઆઈજી કિશોર પ્રસાદ પણ પહોંચી ગયા છે.

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી પોલીસ કમિશનર સાથે વાતચીત કરી હતી અને ઈન્ટેલિજ બ્યુરોના વડા પાસેથી પણ માહિતી મેળવી હતી અને જરૂરી સૂચનાઓ આપી હતી. એનઆઈએ અને એનએસજીની ટુકડીઓ પણ પહોંચી ગઈ છે. સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. ગેટ નં.૧ સિવાય મેટ્રો સર્વિસ ચાલુ રાખવામાં આવી છે.

સાંજે ૬/૫૫ વાગ્યાના સુમારે ફાયરબ્રિગેટને કોલ મળ્યા પછી સાતથી વધુ ફાયરબ્રિગેડ ટેન્કર ધસી ગયા હતા અને પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.

આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા ચાર ડોકટર સહિત સાત લોકોની પોલીસે ધરપકડ કર્યા પછી કલાકોની અંતર આ ધડાકો થયો છે. સ્થળ પરથી પોલીસને વાંધાજનક દસ્તાવેજો, ઈલેકટ્રોનિક સરંજામ, શસ્ત્રો અનેદારૂગોળો, આધુનિક વિસ્ફોટોનિક મટીરિયલ, એક ચાઈનીઝ સ્ટાર પિસ્તોલ, એ.કે.૫૬ રાયફલ અને એક એકે ક્રિમકો રાયફલ સહિતનો જથ્થો પણ મળી આવ્યો હતો દિલ્હીમાં ૨૦૦૫ પછીનો આ સૌથી મોટા આતંકવાદી હુમલો મનાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહ સાથે વાતચીત કરી હતી અને વિગતો મેળવી હતી આ ધડાકાને પગલે કોલકાતા, દૈહરાદૂન, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં પણ સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવવામાં આવી છે. છેલ્લે મળતા અહેવાલ મુજબ ઘાયલોની સંખ્યા ૨૪ હોવાનું કહેવાય છે.

## મોદીના વિચારોમાં નફરત છે, મારા લોહીમાં પ્રેમ અને એખલાસ છે : રાહુલ ગાંધી

(એજન્સી) કિશનગંજ, તા.૧૦

દેશમાં નફરત અને ભયનું વાતાવરણ ફેલાવવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આરોપ મૂકતા લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે મોદીના વિચારોમાં નફરત ભરી છે જયારે મારા લોહીમાં પ્રેમ અને એખલાસ વહી રહ્યા છે. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે આરએસએસ દેશ બીજેપી ધર્મ, જાતિ, પ્રદેશ અને ભાષાના નામે સમાજનું વિભાજન કરી રહ્યા છે. જેથી કરીને પ્રાણપ્રશ્નો તરફથી એમનું ધ્યાન બીજે ખેંચી શકાય. વોટચોરીના વિવાદી મુદ્દાઓ પર તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પાસે અમારા આક્ષેપોનો કોઈ જવાબ નથી એટલે તેઓ કશું બોલતા પણ ડરે છે.

બિહારના કિશનગંજમાં ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે વિશાળ જાહેર સભાને સંબોધન કરતાં કોંગ્રેસ નેતાએ હરિયાણાની ચૂંટણીઓ સંદર્ભમાં એમણે કરેલા હાઈડ્રોજન બોમ્બ જેવા વિસ્ફોટક માહિતીના ધડાકાનું ઉલ્લેખન કર્યો હતો અને કહ્યું હતું કે પીએમ, ગૃહમંત્રી કે ચૂંટણીપંચ જવાબ દેવાની હિમ્મત કરી શક્યા નથી. કેમ કે એમને એ ખબર છે કે એમની સામે સજ્જડ પુરાવા હોવાથી કોઈ ખુલાસા કરી શકે તેમ નથી. રાહુલે તીખી ટકોર કરી હતી કે મોદી



### મોદી, શાહ ચૂંટણીઓ જીતતા નથી પણ તેઓ તેની ચોરી કરીને જીતે છે એવો કોંગ્રેસ નેતાનો ગંભીર આક્ષેપ

અને શાહ ચૂંટણીઓ જીતતા નથી પણ તેની ચોરી કરે છે, એમને પરાજયનો હંમેશા ડર લાગે છે.

તેમણે લોકોને આગળ સમજાવ્યું કે આ લડાઈ વિચારધારાનો જંગ છે. એકતરફ આરએસએસ અને ભાજપ છે અને બીજી તરફ કોંગ્રેસ પ્રેરિત મહાગઠબંધન છે. ભાજપ-સંઘ લોકોનું વિભાજન કરે છે અને અમે લોકોને એક કરી રહ્યા છીએ. આજે દેશ સામે સૌથી મોટો સવાલ એ છે કે બિહારમાં અને દેશમાં બેકાર યુવાનોને નોકરીઓ કઈ રીતે આપવી, સારી નોકરી માટે સારૂં શિક્ષણ જોઈએ એ માટે સારી શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓ જોઈએ છે. બિહારમાં તો શિક્ષણ વ્યવસ્થા જ પડી ભાંગી છે અને શાળા કોલેજો બંધ થઈ રહ્યા છે. તેમણે ખાતરી આપી હતી કે અમારૂં વિઝન નક્કી છે. બિહારમાં અમારી સરકાર રચાશે તો રાજ્યમાં રોજગારીનું સર્જન કરવામાં આવશે. ચીજવસ્તુઓ પર મેડ ઈન ચાઈના નહીં પણ મેડ ઈન બિહારના લેબલ લાગશે. નીતિશ કુમારજીએ છેલ્લા ૨૦ વર્ષમાં બિહાર માટે શું કર્યું એવો સવાલ પૂછતાં તેમણે કહ્યું કે, પાઈનેપલ અને કેરીનું વિપુલ ઉત્પાદન બિહાર રાજ્ય કરતું હોવા છતાં એક પણ ફુડ પ્રોસેસિંગ યુનિટ નથી. તેમણે વ્યક્તિગત ખાતરી આપી હતી કે કેન્દ્રમાં અમારી સરકાર આવશે તો બિહારમાં વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીની સ્થાપના કરશે, જે નાલંદા જેવી પ્રાચીન યુનિવર્સિટીની કક્ષાની હશે. જેમાં વિશ્વભરમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવશે. તેમણે બિહારની પ્રજા અને ખાસ કરીને જનરેશન ઝેડ, યુવાનો, કિસાનો અને શ્રમિકોને લોકશાહીનું રક્ષણ કરવા અપીલ કરી હતી અને અન્ય રાજ્યોની જેમ બિહારમાં ભાજપ મતચોરી કરી ન શકે એ સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી.

## હવાના પ્રદૂષણના વિરોધમાં ઈન્ડિયા ગેટ પર જોરદાર દેખાવો, દિલ્હી પોલીસે પ્રતિબંધક આદેશોનો ભંગ કરવા બદલ એફઆઈઆર દાખલ કરી

(એજન્સી) તા.૧૦

દિલ્હીમાં વધતા જતાં પ્રદૂષણ સામે વિરોધ કરનારા સેંકડો લોકોમાં મોટાભાગે યુવાનો હતા, અને તેઓએ ઈન્ડિયા ગેટ પાસે વિરોધ કર્યો હતો. આ વિરોધીઓએ ''ધુમ્મસથી મુક્તિ!'' અને ''શ્વાસ મને મારી રહ્યો છે'' લખેલા પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા. દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ



**દિલ્હી પોલીસે ખુલાસો કર્યો કે, એમને દિલ્હી ગેટ પરથી હટીને જંતરમંતર તરફ ચાલ્યા જવા વારંવાર અનુરોધ કરવામાં આવ્યો હતો ● પ્રદૂષણ વિરોધી દેખાવકારોની અટકાયત કરવા બદલ રાહુલ ગાંધીએ સરકારની ઝાટકણી કાઢી અને કહ્યું કે નાગરિકો સાથે ગુનેગારો જેવું વર્તન કરવામાં આવી રહ્યું છે**

(AQI) ૩૭૦ પર પહોંચ્યો છે, જે ''ખૂબ જ ખરાબ'' શ્રેણીમાં આવે છે. દિલ્હીમાં પહેલીવાર, જનરેશન ઝેડ સ્વચ્છ પર્યાવરણ માટે વિરોધ કરવા માટે એકઠા થયા છે. એક પ્રદર્શનકારીએ કહ્યું કે, ''આ આરોગ્ય કટોકટી છે, કોઈ દોષારોપણની રમત નથી. સરકારની અજમાયશ અને ભૂલથી આપણું ભવિષ્ય બરબાદ થઈ ગયું છે. સરકારે તાત્કાલિક સ્વચ્છ હવા નીતિ લાગુ કરવી જોઈએ.'' બીજા એક પ્રદર્શનકારીએ કહ્યું કે, ''ધનવાનો હવા શુદ્ધિકરણ મશીન (એર પ્યુરિફાયર) ખરીદી શકે છે અથવા પર્વતો પર દોડી શકે છે, પણ અમે ક્યાં જઈ શકીએ? દર શિયાળામાં અમે શ્વાસ લેવા માટે સંઘર્ષ કરીએ છીએ. હવા એ સરકારની મિલકત નથી, તે દરેકની છે. એક ટીવી ચેનલ સાથે વાત કરતા પ્રદર્શનકારી જ્યોત્સના સિંહે કહ્યું કે, ''ગરીબ, શેરી વિક્રેતાઓ અને ઓટોચાલકો સૌથી વધુ પ્રભાવિત થાય છે. રાજ્યની બસો અને અન્ય વાહનો ૮૦% પ્રદૂષણ માટે જવાબદાર છે. વાહનો એક સમસ્યા છે, સરકાર શું કરી રહી છે ? નાગરિકો તેને કેવી રીતે બદલશે ? આ ફક્ત નીતિઓના આડમાં પોતાની નિષ્ફળતાઓ છુપાવવાનો એક રસ્તો છે.''

**રાહુલ ગાંધીનું કડક નિવેદન :** વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અનેક યુવકો અને યુવતીની ધરપકડ સામે સખત વાંધો ઉઠાવ્યો. તેમણે ટ્વિટર પર લખ્યું કે, ''સ્વચ્છ હવાનો અધિકાર એ મૂળભૂત માનવ અધિકાર છે. શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર આપણા બંધારણ દ્વારા ગેરંટી સાથે આપવામાં આવ્યો છે. શાંતિપૂર્ણ રીતે સ્વચ્છ હવાની માંગ કરી રહેલા નાગરિકો સાથે ગુનેગારો જેવો વ્યવહાર કેમ કરવામાં આવી રહ્યો છે? વાયુ પ્રદૂષણ લાખો ભારતીયોને અસર કરી રહ્યું છે, જે આપણા બાળકો અને આપણા દેશના ભવિષ્યને નુકસાન પહોંચાડી રહ્યું છે. પરંતુ વોટ-હેરાફેરી દ્વારા સત્તામાં આવેલી સરકારને કોઈ પરવા નથી, કે તે આ કટોકટીનો સામનો કરવા માટે કોઈ પ્રયાસ કરી રહી નથી. સ્વચ્છ હવાની માંગ કરી રહેલા નાગરિકો પર હુમલો કરવાને બદલે, આપણે હવે વાયુ પ્રદૂષણ પર નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે. દિલ્હી યુનિવર્સિટીના એક વિદ્યાર્થીએ કહ્યું કે, ''દર શિયાળામાં મને લોહી નીકળે છે અને છાતીમાં દુખાવો થાય છે, છતાં સરકાર પંજાબના ખેડૂતો

(અનુસંધાન અગિયારમા પાને

## વંદે માતરમ વિવાદ : રાષ્ટ્રવાદના બહાના હેઠળ સમાજનું ધ્રુવીકરણ કરવાની યુક્તિ

(એજન્સી) તા.૧૦

કોઈપણ સારી સરકાર ઈચ્છે છે કે દેશ કે રાજ્યમાં કોઈ વિવાદ ન થાય; સમાજમાં કોઈ સંઘર્ષ ન થાય અને શાંતિ અને સુમેળ હોય. જોકે, કેટલીક સરકારો પોતે જ વિવાદ ઉભા કરે છે અને દરરોજ એવું કંઈક કરે છે જે સમાજમાં કડવાશ પેદા કરે છે અને સમાજમાં અશાંતિ વધારે છે. ભારતનું દુર્ભાગ્યપૂર્ણ છે કે છેલ્લા ૧૨ વર્ષથી આવી વિવાદાસ્પદ અને વિભાજનકારી સરકાર દ્વારા શાસન કરવામાં આવી રહ્યું છે. ગયા અઠવાડિયે જ, ભારત સરકાર અને ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્ય સરકારોએ 'વંદે માતરમ' ગીતની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવવાનો નિર્ણય આ વિભાજનકારી નીતિનો એક ભાગ છે. એ આશ્ચર્યજનક નથી કે, 'વંદે માતરમ'ની ૧૫૦મી




**વંદે માતરમ વિવાદ : વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવવાનો સરકારનો ઈરાદો સ્પષ્ટપણે દેખાય છે, સમાજનું ધ્રુવીકરણ કરવા માટે તેનો ઉપયોગ હથિયાર તરીકે કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, આ અંગે વિચારક અને કટારલેખક અપૂર્વાનંદની ટિપ્પણી : ચૂંટણીમાં લોકપ્રિય ગીત વંદે માતરમનો ઉપયોગ હથિયાર તરીકે થઈ રહ્યો છે**

વર્ષગાંઠ નિમિત્તે વડાપ્રધાનના ભાષણમાંથી સૌથી વધુ નોંધાયેલા અને યાદગાર શબ્દો 'વંદે માતરમ' નહીં, પરંતુ 'ટુકડે' અને 'વિભજન' હતા. વડાપ્રધાને જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ આ ગીતને ટુકડાઓમાં વિભાજિત કરવામાં આવ્યું હતું અને તેમાં દેશના ભાગલાના બીજ વાવ્યા હતા. હવે, આ સરકાર લગભગ એક સદીથી ગવાયેલા બે શ્લોકો સહિત ગુમ થયેલા ટુકડાઓને ફરીથી ભેગા કરીને ગીતનો સંપૂર્ણ પ્રચાર કરશે. આ રીતે, તે આ ગીત સાથે થયેલા અન્યાયનો ઉપાય કરશે. આ રીતે, તે ભારતની અખંડિતતાને પણ પુનઃસ્થાપિત કરશે !!!. પણ વડાપ્રધાન અર્ધ-સત્યનો આશરો લઈ રહ્યા હતા, જેને અસત્ય કરતાં વધુ ખતરનાક માનવામાં આવે છે. તેમણે કહ્યું કે ૧૯૩૭માં, કોંગ્રેસ પાર્ટીએ ગીતના ટુકડા કરી નાખ્યા હતા અને જાહેરમાં ફક્ત પહેલા બે શ્લોકો ગાવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમની સાથે, ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ દાવો કરવાનું શરૂ કર્યું કે જવાહરલાલ નેહરુ આ માટે જવાબદાર છે. તેમણે એ છુપાવ્યું હતું કે આ પ્રસ્તાવ એક સમિતિ તરફથી આવ્યો હતો જેમાં નેહરુ, સુભાષ ચંદ્ર બોઝ, અબુલ કલામ આઝાદ અને નરેન્દ્ર દેવનો સમાવેશ થતો હતો. મહાત્મા ગાંધીએ આ સમિતિના નિર્ણયને ઠરાવમાં મુસદ્દો બનાવ્યો, જેને પછી કોંગ્રેસ પાર્ટી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. ગીતના જે ભાગોને બાકાત રાખવા માટે બધા સંમત થયા હતા તેમાં શસ્ત્રો ધરાવતી દેવીની પૂજાનો સમાવેશ થાય છે. આ સ્વરૂપમાં ભારતના આ દૃષ્ટિકોણને સ્વીકારવું મુસ્લિમો માટે અશક્ય હતું. આનું એક કારણ મૂર્તિપૂજા છે અને બીજું આ ગીતની પૃષ્ઠભૂમિ છે. આ સમજ્યા વિના, મુસ્લિમો આ ગીત કેમ ગાઈ શકતા નથી તે સમજવું મુશ્કેલ છે. હકીકતમાં, ગીતની પહેલી પંક્તિ પણ તેમના માટે અસ્વીકાર્ય છે. આપણે આને ખૂબ જ ટૂંકમાં સમજવાનો પ્રયાસ કરીશું. 'વંદે માતરમ'ના ઈતિહાસ, ભારતના સ્વતંત્રતા આંદોલનમાં તેની ભૂમિકા અને ઉપયોગ પર વ્યાપક સંશોધન કરવામાં આવ્યું છે. સબ્યસાચી ભટ્ટાચાર્ય, તાનિકા સરકાર અને સુગતો બોઝ સહિત ડઝનબંધ વિદ્વાનોએ આ ગીતની અસાધારણ લોકપ્રિયતાને સમજવાનો પ્રયાસ કર્યો છે. ડઝનબંધ લોકોએ બંગાળીમાં તેના પર કામ કર્યું છે, અને તેઓએ મુસ્લિમોને તે કેમ અસ્વસ્થ લાગ્યું તેના કારણોને સમજવાનો પણ પ્રયાસ કર્યો છે. મહાન બંગાળી લેખકોમાંના એક બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા ૧૫૦ વર્ષ પહેલાં રચિત, આ ગીત તેમની નવલકથા 'આનંદ મઠ' નો ભાગ છે. તે ૧૯મી સદીના અંતમાં લખાયું હતું, પરંતુ તેની પૃષ્ઠભૂમિ ૧૮મી સદીના અંતમાં બંગાળનો દુકાળ છે. મુસ્લિમો દ્વારા શાસન કરતી વખતે, અંગ્રેજો કર વસૂલ કરે છે. આ સમય દરમિયાન દુકાળ પડે છે અને લોકો ભૂખે મરવા લાગે છે. આ સમયે, સન્યાસીઓ અને ફકીરોનો બળવો થાય છે. તેઓ લૂંટમાં જોડાય છે અને લોકોને મદદ કરે છે. પરંતુ નવલકથામાં, ફકીરોના ઉલ્લેખ દૂર કરવામાં આવ્યા છે અને ફક્ત સન્યાસીઓ જ લોકો સાથે ઊભા રહ્યા છે એવું દર્શાવ્યું છે. દુષ્કાળના બહાના હેઠળ, સન્યાસીઓ મુસ્લિમોનો નાશ કરવા માટે યુદ્ધ કરે છે. આ યુદ્ધ ફક્ત મુસ્લિમ શાસકો સામે નથી, પરંતુ બધા મુસ્લિમોના સંપૂર્ણ વિનાશ માટે છે. આ નવલકથામાં પૂજાતી દેવી મા દુર્ગાના રૂપમાં છે. સનાતન જેમને આશીર્વાદ મેળવવા માટે મારી નાખે છે તેઓ મુસ્લિમ છે. જોકે, બ્રિટિશ લોકો મુસ્લિમ શાસકોના પક્ષમાં લડી રહ્યા છે. સન્યાસીઓ, અથવા સનાતન, અંગ્રેજોને કહે છે કે તેઓ દખલ ન કરે કારણ કે તેઓ મુસ્લિમોને ખતમ કરવા માંગે છે અને તેમના પ્રત્યે કોઈ દુશ્મનાવટ રાખતા નથી. મુસ્લિમોને ખતમ કર્યા પછી, સનાતન હિન્દુ રાષ્ટ્ર સ્થાપિત કરવા માંગે છે. પરંતુ એક અજાણી દૈવી શક્તિ તેમને સમજાવે છે કે મુસ્લિમોના પતન સાથે તેમનું કાર્ય પૂર્ણ થયું છે. હવે, તે દૈવી ઈચ્છા છે કે અંગ્રેજો બંગાળ પર શાસન કરે. આ યુદ્ધનો સાચો હેતુ મુસ્લિમોને દૂર કરવાનો અને અંગ્રેજોને સીધો નિયંત્રણ આપવાનો હતો. સનાતનીઓ આ દૈવી આદેશ સાથે અસંમત છે. પરંતુ તેણી તેમને સમજાવે છે કે આ દૈવી કાયદો છે. તેણે સમજવું જોઈએ કે યુદ્ધનો હેતુ મુસ્લિમોનો નાશ કરવાનો હતો. તેણે અંગ્રેજોનો વિરોધ ન કરવો જોઈએ કારણ કે તેઓ હિન્દુ ધર્મનો આદર કરશે. તેમના શાસન હેઠળ સનાતન ધર્મ વધુ મજબૂત બનશે. અંગ્રેજોની મદદથી, હિન્દુઓ ભૌતિક વિશ્વનું જ્ઞાન મેળવી શકશે, અને આ તેમની આધ્યાત્મિક શક્તિમાં વધુ વધારો કરશે. તેથી, બ્રિટીશ શાસન હેઠળ, હિન્દુઓ તેમના ધર્મને વધુ સારી રીતે સમજી શકશે. તેથી, બ્રિટીશ શાસન જરૂરી છે. બ્રિટીશ શાસન હેઠળ રહીને અને તેમની મદદથી, તેઓ વધુ મજબૂત બનશે અને પછી એવો સમય આવશે જ્યારે તેઓ હિન્દુ શાસન સ્થાપિત કરી શકશે. આ નવલકથામાં દેશભક્તિમાં મુસ્લિમ વિરોધી ભાવના સામેલ છે કે કેમ તે અંગે ઘણી ચર્ચા થઈ છે. તે વાંચ્યા પછી, તેમાં કોઈ શંકા નથી. મુસ્લિમ માટે આ ગીત ગાવું પણ અશક્ય છે, 'વંદે માતરમ' ગાવાનું તો દૂરની વાત, કારણ કે આ ગીતનો ઉપયોગ મુસ્લિમોના વિનાશને ઉશ્કેરવા માટે થાય છે. જે ભારત માતાને મુક્ત કરાવવાની વાત છે તે ખરેખર મુસ્લિમ મુક્ત ભારતની વાત છે. જોકે, આ સૂત્ર હિન્દુ ક્રાંતિકારીઓ અને સ્વતંત્રતા ચળવળમાં સામેલ હિન્દુઓ દ્વારા અપનાવવામાં આવ્યું હતું. તેઓએ સ્પષ્ટપણે મુસ્લિમોની લાગણીઓની અવગણના કરી હતી. તનિકા સરકાર લખે છે કે ઘણા ક્રાંતિકારી જૂથોમાં જોડાવા માટે 'વંદે માતરમ' ગાવાનું ફરજિયાત હતું તેના પુષ્કળ પુરાવા છે. આ કારણે, મુસ્લિમો ઈચ્છતા હોવા છતાં પણ તેમની સાથે જોડાઈ શક્યા ન હતા, કારણ કે તેઓ 'વંદે માતરમ' ગાતા ન હતા. આમ, આ ગીત સામૂહિક ભારતીય રાષ્ટ્રવાદમાં અવરોધ હતું. આશ્ચર્યજનક વાત છે કે મુસ્લિમો પ્રત્યેની સહાનુભૂતિ હોવા છતાં, ગાંધી અને નેહરુને આ સૂત્ર અને ગીતમાં દેશભક્તિ દેખાઈ હતી અને મુસ્લિમોએ તેમને તેના પર ધ્યાન આપવા માટે આગ્રહ ન કર્યો હતો.

CELEBRATING EXCELLENCE 35 years GT

### ક્યા બાત હૈ ?!

બહેન, અમારા પક્ષના ચૂંટણી ઢંઢેરાથી ચૂલો સળગાવતા કે બાબાનું છી લૂછતા પહેલા એકવાર જરૂર વાંચી જજો, હો !



- જામી

## રાજધાની દિલ્હીને રવિવારની સાંજે હચમચાવી દેનાર વિસ્ફોટની સઘન તપાસનો ધમધમાટ

# અમિત શાહ ઘટના સ્થળે પહોંચી ગયા, દરેક એંગલથી તપાસ થઈ રહી છે






### ધડાકાના મૂળ સુધી પહોંચવા અને કાવતરાખોરોને ઝડપી લેવા તમામ રાષ્ટ્રીય એજન્સીઓ એનએસજી, એનઆઈએ, દિલ્હી પોલીસ તપાસમાં જોડાયા

### વડાપ્રધાન મોદીએ ઉંડા આઘાતની લાગણી વ્યક્ત કરી, ગૃહમંત્રી અમિત શાહ સાથે સતત સંપર્કમાં

### જે કારમાં ધડાકો થયો હતો એ I-20 કાર મોહંમદ સલમાન નામના હરિયાણાના એક વ્યકિતના નામે નોંધાઈ હતી, સલમાને આ કાર ઓખલાના એક દેવેન્દ્રને વેચી હતી, છેલ્લે પુલવામાના કોઈ નાગરિકને કાર વેચાઈ હતી : અનેક વખત કારનું વેચાણ થયું હતું પોલીસે સલમાનની પૂછપરછ શરૂ કરી

નવી દિલ્હી,તા.૧૦

રવિવારની સમી સાંજે રાજધાની નવી દિલ્હીને હચમચાવી નાખનાર કાર વિસ્ફોટની ઘટના પછી કેન્દ્ર સરકારની તમામ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. જેમાં ધડાકો થયો હતો એ I-20 કારનું અનેક વખત વેચાણ થયા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે અને સૂચક રીતે કારનું છેલ્લે વેચાણ પુલવામાંના કોઈ રહેવાસીને થયું હતું. આ ભયાનક ધડાકાની જવાબદારી હજુ કોઈ સંગઠને સ્વીકારી નથી રવિવારે મોડીરાત્રે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ઉચ્ચઅધિકારીઓ પાસેથી વિગતો જાણી હતી અને જરૂરી સૂચનાઓ આપી હતી. અમિત શાહે મીડિયા સાથેની ટૂંકી વાતચીતમાં જણાવ્યું હતું કે ધડાકા અંગે દરેક એંગલથી અને દરેક દૃષ્ટિકોણથી તપાસ થઈ રહી છે. હજુ કશું નક્કર કહી શકાય તેમ નથી. દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦થી વધુ વ્યક્તિના જાન લેનાર ભયાનક ધડાકાની ઘટના અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે ગૃહમંત્રી અમિત શાહ સાથે વાતચીત કરી હતી. મોદીએ શોક સંદેશામાં જણાવ્યું હતું કે દિલ્હીમાં ધડાકાથી જે પરિવારોએ એમના સ્વજનોને ગુમાવ્યા છે તેમના પ્રતિ ઉંડી સંવેદના વ્યકત કરૂં છું અને ઈજા પામેલા ઝડપથી સાજા થાય એવી પ્રાર્થના. વડાપ્રધાને ગૃહમંત્રી અને ઉચ્ચઅધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. અમિત શાહે જણાવ્યું હતું કે દેશની તમામ ટોચની એજન્સીઓ ઘટનાની તપાસમાં જોડાઈ ગઈ છે. શકય તમામ મુદ્દાઓ ઉપર તપાસ ચાલી રહી છે એનએસજી, એનઆઈએ દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ બ્રાન્ચ તથા ફોરેન્સિક ટુકડીઓ સઘન તપાસ કરી રહી છે. આસપાસના તમામ વિસ્તારના સીસીટીવી કેમેરાની અને તેના ફુટેજની તપાસ કરવામાં આવી રહી છે.

### લાલ કિલ્લા પાસે પ્રચંડ ધડાકામાં વપરાયેલી I-20 કારનું રહસ્ય, મુળ માલિક હરિયાણાનો ગુરૂગ્રામનો મોહંમદ સલમાન, પોલીસ પૂછપરછમાં તેણે કાર વેચી નાખ્યાનું બયાન આપ્યું

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે મેટ્રો સ્ટેશનના ગેટ પર જે કારમાં ધડાકો થયો હતો એ I-20 કાર હરિયાણાના ગુરૂગ્રામમાં મોહંમદ સલમાનના નામે રજિસ્ટ્રર થયેલી હતી. પોલીસે તેની અટકાયત કરીને પૂછપરછ કરતા સલમાને કહ્યું હતું કે મે આ કાર ઓખલાના રહેવાસી દેવેન્દ્રને વેચી નાખી હતી. પોલીસે તપાસ આગળ વધારી અને ખબર પડી હતી કે દેવેન્દ્રે આ કાર આંબાલામાં કોઈને વેચી નાખી હતી. છેવટે તેનું પગેરૂ કાશ્મીરના પુલવામાં પહોંચ્યું હતું. એટલે તપાસનો દોર કાશ્મીર સુધી પણ લંબાયો છે આ રીતે અનેક વખત કારનું વેચાણ થઈ ગયું છે.

### દિલ્હીનો ભયાનક હોરર-શો મેટ્રો સ્ટેશનના માર્ગ પર ચારે તરફ માનવ શરીરના માંસના લોચા વેરાયા ચારે તરફ લોહીના ખાબોચિયાં અને માનવ શરીરના કપાયેલા અંગોથી સર્જાયા કમકમાટીભર્યા દશ્ય

દિલ્હીના લાલ કિલ્લા પાસે મેટ્રો સ્ટેશનના દરવાજે અચાનક એક કાર આવીને ધીમે ધીમે રેડ લાઈટ પાસે ઉભી છે અને કોઈ કશું સમજે કે વિચારે પહેલા પ્રચંડ ધડાકાથી આખો વિસ્તાર હચમચી ઉઠે છે અને જોતજોતામાં ૧૦થી વધુ માનવ શરીરના ફુરચા ઉડી જાય છે અને ઘાયલોના મરણથી સૌથી દિલ્હીની રઢીયાળી રાત જે રવિવારના સહેલાણીઓથી ભરેલી હતી ત્યાં એક મોતનું માતમ છવાઈ જાય છે. ચારે તરફ માનવ શરીરના માંસના લોચ્ચા અને લોહીના ખાબોચીયાથી ભયાનક કમકમાટી છુટે તેવા દશ્યો સર્જાય છે. શાહદરા વિસ્તારનો સુધીર શર્મા કહે છે કે મારો દિકરો અંકુશ તેના મિત્ર સાથે ગૌરી શંકર મંદીર જઈ રહ્યો હતો ત્યારે ધડાકો થતા મારો દીકરો ઘાયલ થયો છે અને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે. બીજા એક ઘાયલ રાહદારી દાઉદના બનેવી જીશાન અન્સારીએ કહ્યું કે મને ટેલિફોન આવ્યો અને અમે તરત જ દોડી ગયા હતા અને તેમને દવાખાને લઈ ગયા હતા. પરંતુ એ આઈસીયુમાં છે અમે મળી શકયા નથી ઓટોરિક્ષા ચલાવતા સમીરખાનના મિત્રએ મોહંમદ દાનિશને પણ ગંભીર ઈજા થઈ છે અને આઈસીયુમાં છે. દાનિશ અને પરિવારજનો હોસ્પિટલની બહાર ચિંતાની હાલતમાં જોવા મળ્યા. ઘાયલ તમામ લોકોને દિલ્હીની એલએનજેપી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે અને એમના પરિવારજનોના ટોળેટોળા અને સેંકડો લોકો બહાર ઉમટી પડયા છે. અમિત મુદગલ કહે છે કે હું ચાલી જતો હતો ત્યારે ધડાકો થયો અને એક વ્યકિતનો હાથ કપાઈને ઉછળીને મારા શરીર સાથે ચોંટી ગયો હતો માની ના શકાય એવો ભયાનક દશ્યો હતા ચારે તરફ ભાગદોડ મચી ગઈ હતી લોકો ચીચાચીસ કરી રહ્યા હતા. મૃતકોના શરીર ધડાકાથી ચીથડા થઈ ગયા હતા અને શરીરના અંગો ચારે તરફ વેરાઈ ગયા હતા. જે કારમાં ધડાકો થયો એ પણ ઘણા લોકોએ જોઈ હતી પરિણામે એ કારની આગળ પાછળના ચાર વાહનો પણ ઝપટમાં આવી ગયા હતા અને ભડભડ સળગી ઉઠયા હતા અને એ સમયે આજુબાજુની દુકાનોના કાચ પણ ટુટી ગયા હતા. કેટલીક બિલ્ડીંગ પણ હચમચી ગઈ હતી. જામા મસ્જિદ પાસે પાણી પુરી વેચતા મનોજે કહ્યું હતું કે મને એક કિલો મીટર દુર ધડાકો સંભળાયો હતો મરણ ચીસોથી અને ઘાયલોના પોકારોથી ભારે કરૂણ વાતાવરણ સર્જાયું હતું.

#### ચાંદની ચોકની તમામ દુકાનો બંધ રહેશે

આ વિસ્તારમાં આવેલા વિખ્યાત ચાંદની ચોકના તમામ વહેપારીઓ મંગળવારે મૃતકોના માનમાં ધંધારોજગાર બંધ રાખશે એવું વહેપારી એસો.ના પ્રમુખ સંજય ભાર્ગવે જણાવ્યું હતું.

### ચારે તરફથી શ્રદ્ધાંજલિનો ધોધ

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાઅર્જુન ખડગેએ ભારે દુઃખદ વ્યકત કરી કહ્યું હતું કે સરકારે ઝડપી તપાસ કરવી જોઈએ અને સુરક્ષામાં ખામી માટે કોણ જવાબદાર છે એ નક્કી કરવું જોઈએ. કાર વિસ્ફોટનું સાંભળીને અત્યંત આઘાત લાગ્યો છે. મૃતકોના પરિજનો અને ઘાયલો પ્રતિ અમારી સંવેદનનાઓ અને પ્રાર્થનાઓ છે

રાહુલ ગાંધીએ ધડાકાને અત્યંત ચિંતાજનક અને હૃદયદ્રાવક ગણાવ્યો હતો તેમણે કહ્યું હતું કે નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવ્યા એનું અત્યંત દુઃખ છે શોકની આ ઘડીમાં હું મૃતકોના પરિજનનોને ઉંડી સંવેદના પાઠવું છું અને ઘાયલોના ઝડપથી સાજા થવાની પ્રાર્થના કરૂં છું.

પ્રિયંકા ગાંધીએ ઘટનાને હૃદયદ્રાવક ગણાવી હતી અને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

રાજદના નેતા તેજસ્વી યાદવે ઘટનાને અંજામ આપનાર અપરાધીઓને કડકમાં કડક સજા કરવા માંગણી કરી હતી અને કહ્યું કે રાષ્ટ્ર સુરક્ષાની કોઈપણ બાબતમાં અમે સરકારની પડખે છીએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઉંડો આઘાત વ્યકત કર્યો હતો અને કહ્યું હતું કે કિંમતી માનવ જીંદગી ધડાકાને કારણે આપણે ગુમાવી છે એનું અત્યંત દુઃખ છે એ તમામ પરિવારો માટે મારી પ્રાર્થના અને મારી સંવેદના

જમ્મુ-કાશમીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાહ, તેલંગણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી વગેરેએ ભારે આઘાત અને શોકની લાગણી વ્યકત કરી હતી.

### તેલંગાણા કેબિનેટના મંત્રી તરીકે હોદ્દો સંભાળતા મોહમ્મદ અઝહરૂદ્દીન

#### ૩૧ ઓક્ટોબરના રોજ કોંગ્રેસના નેતાએ રાજભવનમાં યોજાયેલા સમારંભમાં શપથ ગ્રહણ કર્યા હતા

હૈદરાબાદ : કોંગ્રેસના વરિષ્ઠ નેતા મોહમ્મદ અઝહરૂદ્દીને સોમવારે તેલંગાણાના મંત્રી તરીકેનો વિધિવત્ હોદ્દો સંભાળી લીધો હતો. એમને લઘુમતી કલ્યાણ અને જાહેર સાહસોના મંત્રી બનાવવોમાં આવ્યા છે. તેલંગાણા સચિવાલય ખાતે તેમણે મંત્રી તરીકેનો હોદ્દો વિધિવત સંભાળ્યો ત્યારે ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર પી. પ્રભાકર અને કોંગ્રેસના અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગત ૩૧ ઓક્ટોબરે રાજભવનમાં યોજાયેલા ખાસ સમારંભમાં તેમણે મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. કોંગ્રેસના પૂર્વ સાંસદ એવા અઝહરૂદ્દીનની રાજ્યપાલના કવોટા અંતર્ગત એમએલસી તરીકે નિયુક્તિ થઈ હતી એટલે એમનું રાજ્યની કેબિનેટમાં પ્રવેશનો રસ્તો ખુલ્લો થયો હતો. તેલંગાણાની કેબિનેટમાં તેઓ એકમાત્ર મુસ્લિમ ચહેરો છે.

### જમ્મુ અને કાશ્મીર : ઓપરેશન સિંદૂર પછી જમ્મુમાં BSFની મેરેથોનમાં ૬,૦૦થી વધુ સહભાગીઓ જોડાયા

નવી દિલ્હીઃ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના ડિરેક્ટર જનરલ દલજીત સિંહ ચૌધરીએ રવિવારે જમ્મુ મેરેથોનને લીલી ઝંડી આપી હતી. અર્ધલશ્કરી સંગઠનના ૬૦મા સ્થાપના દિવસની ઉજવણી માટે BSF જમ્મુ ફ્રન્ટિયર દ્વારા આયજિત, આ મેરેથોન ઓપરેશન સિંદૂર પછી જમ્મુ વિભાગમાં પ્રથમ મોટો જાહેર કાર્યક્રમ છે. આ કાર્યક્રમ યુવાનોમાં શારીરિક તંદુરસ્તી અને ડ્રગ-મુક્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે છે અને તેમાં નાગરિકો, સુરક્ષા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની ઉત્સાહી ભાગીદારી જોવા મળી હતી. દેશભરમાંથી ૬,૦૦૦થી વધુ લોકોએ ૪૨ કિમી, ૨૧ કિમી અને ૧૦ કિમીની દોડ શ્રેણીઓ આવરી લેતી મેરેથોન માટે નોંધણી કરાવી હતી, ઉપરાંત મનોરંજન માટે ૫ કિમીની દોડ પણ યોજાઈ હતી.

### હુગલી ભયાનક ઘટના : દાદાએ દાદીની બાજુમાં સૂતી ચાર વર્ષની બાળકીનું અપહરણ કરીને બળાત્કાર કર્યો, તેણીને ગંભીર હાલતમાં છોડી દીધી

નવી દિલ્હીઃ હુગલી જિલ્લાના તારકેશ્વરમાં કથિત રીતે અપહરણ અને બળાત્કારનો ભોગ બન્યા બાદ બંજારા સમુદાયની ચાર વર્ષની બાળકી પોતાના જીવન માટે લડી રહી છે, જેના કારણે સ્થાનિકો અને રાજકીય આક્ષેપો થઈ રહ્યા છે. પોલીસે શનિવારે જણાવ્યું હતું કે તારકેશ્વરમાં રેલવે શેડ પાસે તેના પરિવાર સાથે રહેતી પીડિતા લોહીલુહાણ અને ગંભીર હાલતમાં મળી આવી હતી. તારકેશ્વર પોલીસે આ કેસના સંદર્ભમાં છોકરીના દાદા રાજુ દાસ (૪૫)ની ધરપકડ કરી છે. શુક્રવારે વહેલી સવારે આ ભયાનક ઘટના બની હતી. પીડિતાના પરિવારના જણાવ્યા અનુસાર, તેઓ તારકેશ્વર સ્ટેશન નજીક એક ખાલી જગ્યામાં સૂઈ રહ્યા હતા, જે એક કામચલાઉ ઘર હતું, ત્યારે બદમાશોએ તેમની મચ્છરદાની કાપી નાખી અને સૂતી બાળકીનું અપહરણ કરી લીધું. પરિવારે તરત જ શોધખોળ શરૂ કરી. બપોરે બાદમાં, નાની બાળકી તારકેશ્વર રેલવેના ઊંચા નાળા પાસે મળી આવી હતી. તે લોહિયાળ અને ગંભીર હાલતમાં હતી અને તાત્કાલિક તબીબી સહાય માટે તારકેશ્વર ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

### બળાત્કારનો આરોપી, આપ ધારાસભ્ય ઓસ્ટ્રેલિયા ભાગી ગયો, પંજાબ પોલીસ તપાસ હેઠળ

નવી દિલ્હીઃ પંજાબ સરકાર માટે મોટી શરમજનક બાબત એ છે કે બળાત્કારના કેસમાં આરોપી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા બે મહિનાથી વધુ સમયથી ધરપકડથી બચીને ઓસ્ટ્રેલિયા ભાગી ગયા છે. ૨ સપ્ટેમ્બરથી ફરાર રહેલા સનોરના ધારાસભ્ય શુક્રવારે ઓસ્ટ્રેલિયા સ્થિત એક પંજાબી વેબ ચેનલ સાથેના એક વીડિયો ઈન્ટરવ્યુમાં સામે આવ્યા હતા, જેમાં તેમણે બેશરમીથી કહ્યું હતું કે તેઓ જામીન મેળવ્યા પછી જ પાછા ફરશે. આ મામલો ખાસ કરીને સંવેદનશીલ બન્યો છે કારણ કે પઠાણમાજરા મુખ્ય પ્રધાન ભગવંત માનના મામા હોવાનું કહેવાય છે, જેના કારણે વ્યાપક સર્ચ ઓપરેશન અને લુકઆઉટ નોટિસ છતાં તેમને પકડવામાં પંજાબ પોલીસની નિષ્ફળતાની ટીકા વધુ તીવ્ર બની છે. એક નાટકીય ઘટનામાં, જ્યારે પોલીસ તેમની ધરપકડ માટે હરિયાણાના કરનાલ ગઈ, ત્યારે ધારાસભ્ય કસ્ટડીમાંથી ભાગી ગયા. પોલીસે દાવો કર્યો હતો કે તેમના સમર્થકોએ ડાબરી ગામમાં ટીમ પર ગોળીબાર કર્યો હતો, જોકે પઠાણમાજરાએ સંડોવણીનો ઈન્કાર કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે તે નકલી એન્કાઉન્ટરના ડરથી ભાગી ગયો હતો.

### સંરક્ષણ કવાયત દરમિયાન મિસાઈલ પડવાથી જેસલમેરના ગામડાઓમાં ગભરાટ ફેલાયો

નવી દિલ્હીઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે શનિવારે નિયમિત સંરક્ષણ તાલીમ કવાયત દરમિયાન મિસાઈલનો એક ભાગ પડી ગયો હતો, જે રેન્જ મર્યાદાની બહાર એક ગામ પાસે પડ્યો હતો. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે સુનિશ્ચિત લશ્કરી કવાયતના ભાગરૂપે છોડવામાં આવેલી મિસાઈલ તેના લક્ષ્યથી ભટકી ગઈ અને જેસલમેરના લાઠી વિસ્તાર નજીક આવેલા ભદરિયા ગામથી લગભગ ૫૦૦ મીટર દૂર પડી. આ ઘટનાને કારણે એક જોરદાર વિસ્ફોટ થયો જેનો અવાજ કિલોમીટર દૂર સુધી સંભળાયો, જેનાથી નજીકના ગામોમાં ગભરાટ ફેલાઈ ગયો. લાઠીના એસએચઓ રાજેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે, તે ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં પડ્યો. તે નિયમિત કવાયત દરમિયાન હતું.

### આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ૫.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

નવી દિલ્હીઃ રવિવારે બપોરે આંદામાન અને નિકોબાર ટાપુઓ પર ભૂકંપનો અનુભવ થયો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) મુજબ, ૫.૪ની તીવ્રતા અને ૯૦ કિલોમીટરની ઊંડાઈ ધરાવતો ભૂકંપ બપોરે ૧૨:૦૬ વાગ્યે આંદામાન સમુદ્ર નજીક અનુભવાયો. NCSએ તેના ટ્વિટર એકાઉન્ટ પર લખ્યું, EQ of M: 5.4, તારીખ : ૦૯/૧૧/૨૦૨૫ ૧૨:૦૬:૨૮ IST, અક્ષાંશ: ૧૨.૪૯ N, લાંબો: ૯૩.૮૩ ઈ, ઊંડાઈ: ૯૦ કિમી, સ્થાનઃ આંદામાન સમુદ્ર. દરમિયાન, જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસે દાવો કર્યો છે કે તીવ્રતા ૬.૦૭ હતી અને ઊંડાઈ ૯૦ કિલોમીટર હતી. હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનની જાણ થઈ નથી. ભૂકંપની વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. સમાચાર એજન્સી ANI દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો, ગયા અઠવાડિયે, લેહમાં ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને તેની ઊંડાઈ ૧૦ કિલોમીટર હતી.

### ફ્લેટના કબજામાં વિલંબ માટે વળતર કલમ 50C હેઠળ કરપાત્ર નથી : મુંબઈ ITATનો ચુકાદો

#### મુંબઈ ITATએ ચુકાદો આપ્યો હતો કે ફ્લેટ ડિલિવરીમાં વિલંબ માટે વળતર કલમ 50C હેઠળ કરપાત્ર નથી. નિષ્ણાતો કહે છે કે આ પ્રોજેક્ટ વિલંબનો સામનો કરી રહેલા કરદાતાઓને રાહત આપશે

(એજન્સી) તા.૧૦

એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં, આવકવેરા અપીલ ટ્રિબ્યુનલ (ITAT)ની મુંબઈ બેન્ચે ઠરાવ્યું છે કે ફ્લેટના બાંધકામ અથવા ડિલિવરીમાં વિલંબ માટે મળેલા વળતર પર આવકવેરા કાયદાની કલમ 50C હેઠળ કર લાદવામાં આવી શકતો નથી. ટ્રિબ્યુનલે સ્પષ્ટ કર્યું કે આવું વળતર વેચાણ વિચારણાથી અલગ છે અને સ્ટેમ્પ મૂલ્યાંકન જોગવાઈઓ તેના પર લાગુ પડતી નથી. ટ્રિબ્યુનલે એ પણ ભાર મૂક્યો હતો કે વિલંબ વળતર મૂળભૂત રીતે બિલ્ડર દ્વારા વિલંબિત કબજાને કારણે ઘર ખરીદનારને થતી અસુવિધા માટે ચૂકવવામાં આવતા વ્યાજનું એક સ્વરૂપ છે. જેમ કે, તે વ્યાજ આવક પર લાગુ થતી જોગવાઈઓ અનુસાર 'અન્ય સ્ત્રોતોમાંથી આવક' હેઠળ કરપાત્ર છે અને વ્યક્તિના સ્લેબ દરે કરને પાત્ર છે. આ ચુકાદા પર ટિપ્પણી કરતા સુદિત કે. પારેખ એન્ડ કંપની એલએલપીના ભાગીદાર અનિતા બસરુરે જણાવ્યું હતું કે, આ નિર્ણય 'સ્પષ્ટપણે દર્શાવે છે કે, વેચાણ વિચારણા અને વળતર અલગ છે.' તેમણે સમજાવ્યું કે કલમ 50C ફક્ત ત્યારે જ લાગુ પડે છે જ્યારે સ્થાવર મિલકતના ટ્રાન્સફર માટે વેચાણ વિચારણા સ્ટેમ્પ ડ્યુટી મૂલ્ય કરતા ઓછી હોય. બસરૂરે નોંધ્યું કે, 'આ કિસ્સામાં ટ્રાન્સફરમાં જમીનના બદલામાં મળેલા ફ્લેટનો સમાવેશ થતો હતો અને વધારાનું વળતર સંપૂર્ણપણે વળતરકારક હતું-વેચાણ વિચારણા નહીં,'. તેમણે ઉમેર્યું કે, પ્રોજેક્ટ વિલંબ અને સંકળાયેલ વળતર ચુકવણીના વધતા જતા કેસોમાં કરદાતાઓને સમયસર રાહત આપે છે. તેમણે કહ્યું કે, 'પ્રોજેક્ટમાં વિલંબ અને વળતર સામાન્ય બનતા, આ નિર્ણય ખરીદદારોને ઈચ્છિત રાહત આપશે અને ઘણા બાકી વિવાદોનું સમાધાન કરવામાં મદદ કરશે,'. એનપીવી એન્ડ એસોસિએટ્સ એલએલપીના ડાયરેક્ટ ટેક્સ પાર્ટનર સીએ અક્ષય જૈને સમાન મંતવ્યો વ્યક્ત કર્યા, આવી ચૂકવણીઓના કર વ્યવહારને સ્પષ્ટ કર્યો. તેમણે કહ્યું કે, 'મોડા કબજા માટે વળતર પ્રાપ્ત કરતી વખતે કોઈપણ મૂડી સંપત્તિનું ટ્રાન્સફર ન હોવાથી, તેના પર મૂડી લાભ હેઠળ કર લાદવામાં આવી શકતો નથી,'. જૈને ઉમેર્યું હતું કે, આવી ચુકવણીઓ 'અન્ય સ્ત્રોતોમાંથી આવક'ના શીર્ષક હેઠળ કરપાત્ર છે, મૂડી રસીદો તરીકે નહીં. વિકાસ અધિકારો રદ કરવા માટે કલમ 50Cની લાગુ પડતી બાબતમાં, જૈને સમજાવ્યું કે આ કલમમાં જમીન અથવા મકાનનું વાસ્તવિક ટ્રાન્સફર જરૂરી છે. તેમણે જે આ અર્થઘટનને સમર્થન આપે છે તેવા સુવર્ણ ચંદ્રકાંત ભોજને વિરૂદ્ધ ITO કેસમાં મુંબઈ ITATના ચુકાદાને ટાંકીને કહ્યું કે, 'વિકાસ અધિકારો રદ કરવાના કિસ્સામાં, સ્થાવર મિલકતનું કોઈ ટ્રાન્સફર થતું નથી, તેથી કલમ 50C લાગુ કરી શકાતી નથી,'.

### મુંબઈ : મુલુંડ પોલીસે કુખ્યાત ગેંગસ્ટર ગિન્નીની ધરપકડ કરી, તેના ભયના શાસનનો અંત લાવવા માટે તેને જાહેરમાં પરેડ કરાવી

નવી દિલ્હી : મુંબઈ પોલીસે આખરે મુલુંડના એક કુખ્યાત ગેંગસ્ટર દ્વારા ફેલાવવામાં આવેલા આતંકનો અંત લાવી દીધો છે. મુલુંડ પોલીસે બલબીર સિંહ બલદેવ સિંહ લાંબા ઉર્ફે ગિન્નીની ધરપકડ કરી છે, જે એક હિસ્ટ્રીશીટર છે અને તેની સામે હત્યાના પ્રયાસ સહિત અનેક ગંભીર કેસ નોંધાયેલા છે. ઘણી વખત દેશનિકાલ (તડીપાર) થયા હોવા છતાં, ગિન્ની તાજેતરમાં મુલુંડ કોલોની વિસ્તારમાં ફરી દેખાયો હતો, કથિત રીતે પૈસા ઉઘરાવતો હતો અને સ્થાનિક વેપારીઓને ધમકાવતો હતો. એક મજબૂત સંદેશ આપવા માટે, પોલીસે ધરપકડ કરાયેલ ગેંગસ્ટરને તેના નિવાસસ્થાનેથી મુલુંડ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. એફઆઈઆર અનુસાર, નવી મુંબઈના વાશીના રહેવાસી ૩૫ વર્ષીય મનોહર ઉર્ફે મયુર ભીમરાવ પાટિલ મુલુંડ કોલોનીમાં હિન્દુસ્તાન ચોક ખાતે પાટિલ બ્રધર્સ એન્ટરપ્રાઈઝ નામની બિલિયર્ડ્સ એકેડેમી ચલાવે છે. સપ્ટેમ્બરના અંતમાં, ગિન્નીએ કથિત રીતે તેની એકેડેમીની બહાર પાટીલનો સંપર્ક કર્યો, પોતાનો પરિચય આપ્યો અને સુરક્ષા પૈસાતરીકે દર મહિને ૧૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી. તમે જાણતા નથી કે હું કોણ છું,એમ ગિન્નીએ પાટીલને કહ્યું હતું. મારા પર કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળના ઘણા કેસ છે. મને કોઈનો ડર નથી. જો તમે મને પૈસા નહીં આપો, તો તે તમને ખૂબ મોંઘું પડશે. ગિન્નીએ કથિત રીતે કમરમાં પિસ્તોલ લટકાવી અને જો તે પૈસા ચૂકવવાનો ઈનકાર કરે તો તેને મારી નાખવાની ધમકી આપી. ગભરાઈને, પાટીલે ઘટના વિશે મૌન રાખ્યું.

### મને ખતરો છે, મારા દુશ્મનો મને મારી પણ શકે છે : તેજ પ્રતાપનો મોટો દાવો

નવી દિલ્હી : આરજેડી ના વડા લાલુ પ્રસાદના મોટા પુત્ર અને જનશક્તિ જનતા દળના વડા તેજ પ્રતાપે રવિવારે દાવો કર્યો હતો કે તેઓ ખતરામાં છે અને તેમના દુશ્મનો તેમને મારી પણ શકે છે. તેજ પ્રતાપે રવિવારે પટણામાં પત્રકારોને જણાવ્યું હતું, મારી સુરક્ષા વધારી દેવામાં આવી છે, મને ધમકી આપવામાં આવી છે. મારા દુશ્મનો મને મારી પણ નાખે તેવી શક્યતા છે. બધા જ દુશ્મન જેવા લાગે છે. જોકે, તેમણે તેમના દુશ્મનોની ઓળખ જાહેર કરી ન હતી. તેજ પ્રતાપની આ ટિપ્પણી એક દિવસ પહેલા એવા અહેવાલો આવ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે જેજેડી નેતાને Y+ શ્રેણીની સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે.તેજ પ્રતાપે તાજેતરમાં જ પોતાનું રાજકીય સંગઠન, જનશક્તિ જનતા દળ શરૂ કર્યું હતું, જે તેમના પિતા દ્વારા આરજેડીમાંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ ચાલુ બિહાર વિધાનસભા ચૂંટણીમાં મહુઆ મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે. યાદવે તેમના નાના ભાઈ તેજસ્વીને તેમના જન્મદિવસ પર પણ અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે, મારા આશીર્વાદ હંમેશા તેમની સાથે છે. તેઓ વધુ આગળ વધતા રહે.

### કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યુગલ વાગ્યું : ૯ અને ૧૧ ડિસેમ્બરે બે તબક્કામાં થશે મતદાન, ૧૩મીએ મતગણતરી

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૦

કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેનું બ્યુગલ ફૂંકાઈ ગયું છે. રાજ્ય ચૂંટણી કમિશનર એ. શાજહાને સોમવારે તિરૂવનંતપુરમમાં એક પત્રકાર પરિષદમાં ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. કેરળમાં ૨૦૨૫ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બે તબક્કામાં, ૯ ડિસેમ્બર અને ૧૧ ડિસેમ્બરે યોજાશે. મતોની ગણતરી ૧૩ ડિસેમ્બરે સવારે ૮ વાગ્યાથી રાજ્યભરના વિવિધ મતગણતરી કેન્દ્રો પર કરવામાં આવશે. આ જાહેરાતની સાથે જ સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે. ચૂંટણી કાર્યક્રમ અનુસાર, પ્રથમ તબક્કાનું મતદાન ૯ ડિસેમ્બરે યોજાશે, જેમાં તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનમથિટ્ટા, કોટ્ટાયમ, ઈડુક્કી, અલાપ્પુઝા અને એર્નાકુલમ જિલ્લાઓનો સમાવેશ થાય છે. બીજા તબક્કાનું મતદાન ૧૧ ડિસેમ્બરે થશે, જેમાં થ્રિસુર, મલપ્પુરમ, વાયનાડ, પલક્કડ, કન્નુર, કાસરગોડ અને કોઝિકોડ જિલ્લાઓમાં મતદાન યોજાશે. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૧ નવેમ્બર છે, જ્યારે ૨૨ નવેમ્બરે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ ૨૪ નવેમ્બર નક્કી કરવામાં આવી છે. આ ચૂંટણી ખૂબ મોટાપાયે યોજાઈ રહી છે. રાજ્યની કુલ ૧,૨૦૦ સ્થાનિક સંસ્થાઓમાંથી ૧,૧૯૯માં ચૂંટણી યોજાશે. સીમાંકન બાદ રાજ્યમાં વોર્ડની સંખ્યા વધીને ૨૩,૬૧૨ થઈ છે, જેમાંથી ૨૩,૫૭૬ વોર્ડ માટે મતદાન થશે. આ ચૂંટણીમાં ગ્રામ પંચાયતોની ૧૭,૩૩૭ વોર્ડ, બ્લોક પંચાયતોની ૨,૨૬૭ વોર્ડ, જિલ્લા પંચાયતોની ૩૪૬ વોર્ડ, નગરપાલિકાઓની ૩,૨૦૫ વોર્ડ અને કોર્પોરેશનની ૪૨૧ વોર્ડ માટે મતદાન થશે. આ માટે રાજ્યભરમાં કુલ ૩૩,૭૪૬ મતદાન મથકો ઉભા કરવામાં આવશે, જેમાંથી ૨૮,૧૨૭ પંચાયતોમાં, ૨૦૧૫ કોર્પોરેશનમાં અને ૩,૬૦૪ નગરપાલિકાઓમાં હશે. કેરળમાં ૨.૮૪ કરોડથી વધુ મતદારો નોંધાયેલા છે અને ૧૪ નવેમ્બરે એક પૂરક મતદાર યાદી પણ પ્રકાશિત કરવામાં આવશે. ૨૦૨૦માં યોજાયેલી છેલ્લી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં, CPI(M)ની આગેવાની હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)એ કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) પર સરસાઈ મેળવી હતી. આ વખતે પણ બંને ગઠબંધન વચ્ચે કાંટાની ટક્કર જોવા મળે તેવી સંભાવના છે.

### ચમકતી દરેક વસ્તુ સોનું નથી હોતી : સેબીએ 'અનરેગ્યુલેટેડ' ડિજિટલ ગોલ્ડ વિષે ચેતવણી ઉચ્ચારી

#### SEBIએ એક જાહેર સલાહ જારી કરીને રોકાણકારોને ચોક્કસ ઓનલાઈન પ્લેટફોર્મ પર વેચાતી ડિજિટલ અથવા ઈ-ગોલ્ડ પ્રોડક્ટ્સ ખરીદવા સામે ચેતવણી આપી છે, જેમાં નોંધ્યું છે કે આ પ્રોડક્ટ્સ અનિયંત્રિત છે અને ઉચ્ચ જોખમો ધરાવે છે

(એજન્સી) તા.૧૦

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)એ એક સલાહમાં જનતાને ડિજિટલ અથવા ઈ-ગોલ્ડ પ્રોડક્ટ્સમાં રોકાણ કરવા સામે ચેતવણી આપી છે અને કહ્યું છે કે, આવા સાધનો તેના નિયમનકારી માળખાની બહાર આવે છે અને તેમાં નોંધપાત્ર જોખમો શામેલ છે. સત્તાવાર સૂચનામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 'સેબીના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક ડિજિટલ/ઓનલાઈન પ્લેટફોર્મ રોકાણકારોને 'ડિજિટલ ગોલ્ડ/ઈ-ગોલ્ડ પ્રોડક્ટ્સ'માં રોકાણ કરવાની ઓફર કરી રહ્યા છે. ડિજિટલ ગોલ્ડનું માર્કેટિંગ ભૌતિક સોનામાં રોકાણના વિકલ્પ તરીકે કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં એવી માહિતી આપવામાં આવે છે કે આવા ડિજિટલ ગોલ્ડ પ્રોડક્ટ્સ સેબી દ્વારા નિયંત્રિત ગોલ્ડ પ્રોડક્ટ્સથી અલગ છે કારણ કે, તે ન તો સિક્યોરિટીઝ તરીકે સૂચિત છે કે ન તો કોમોડિટી ડેરિવેટિઝ તરીકે નિયંત્રિત છે. તેઓ સંપૂર્ણપણે SEBIના કાર્યક્ષેત્રની બહાર કાર્ય કરે છે. આવા ડિજિટલ ગોલ્ડ પ્રોડક્ટ્સ રોકાણકારો માટે નોંધપાત્ર જોખમો લાવી શકે છે અને રોકાણકારોને કાઉન્ટરપાર્ટી અને ઓપરેશનલ જોખમોનો સામનો કરી શકે છે,'. સોના અને સોના સંબંધિત સાધનોમાં રોકાણ અંગે, સેબીએ વિવિધ નિયંત્રિત ગોલ્ડ પ્રોડક્ટ્સને સક્ષમ બનાવ્યા છે. આ એક્સચેન્જ-ટ્રેડેડ કોમોડિટી ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ઓફર કરાયેલ ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETFs) અને સ્ટોક એક્સચેન્જ પર ટ્રેડેબલ ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ્સ (EGRs) છે. આ SEBI-નિયમિત સોનાના ઉત્પાદનોમાં રોકાણ SEBI-રજિસ્ટર્ડ મધ્યસ્થી દ્વારા કરી શકાય છે અને SEBI દ્વારા નિર્ધારિત નિયમનકારી માળખા દ્વારા સંચાલિત થાય છે. સેબીએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે નિયમનકારી સિક્યોરિટીઝ પર લાગુ રોકાણકારોની સુરક્ષા પદ્ધતિઓ આવી અનિયંત્રિત ડિજિટલ ગોલ્ડ યોજનાઓ સુધી વિસ્તરશે નહીં.

### મુંબઈમાં સંબંધોને લજવતી ઘટના : પેટમાં દુખાવાની ફરિયાદ બાદ સગીરા ગર્ભવતી હોવાનું ખુલ્યું, પાડોશી રિટાયર્ડ આર્મી જવાનની ધરપકડ

(એજન્સી) મુંબઈ, તા.૧૦

મુંબઈના ચેમ્બુર વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ૧૫ વર્ષની સગીર બાળકી પર જાતીય અત્યાચાર કરવાના આરોપમાં મુંબઈ પોલીસે ૫૯ વર્ષીય રિટાયર્ડ આર્મી જવાનની ધરપકડ કરી છે. આ હૃદયદ્રાવક ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે પીડિતાએ પેટમાં સતત અને તીવ્ર દુખાવાની ફરિયાદ કરતાં તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં ડોક્ટરોએ તે ગર્ભવતી હોવાનું નિદાન કર્યું.

#### કઈ રીતે ફૂટ્યો ભાંડો ?

પોલીસના જણાવ્યા અનુસાર, આ સમગ્ર મામલો સપ્તાહના અંતમાં અણધારી રીતે સામે આવ્યો. પીડિતાએ પેટમાં દુખાવાની ફરિયાદ કરતાં તેને સાયન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તબીબી તપાસ દરમિયાન, ડોક્ટરોએ પીડિતાની માતાને જણાવ્યું કે, તેમની દીકરી લગભગ બે મહિનાની ગર્ભવતી છે. આ સાંભળીને માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.૩૭ વર્ષીય માતા, જે ચેમ્બુરમાં હાઉસકીપિંગનું કામ કરે છે, તેમણે ઘરે આવીને પોતાની દીકરીને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરી. ધમકીઓ અને ડર હેઠળ જીવી રહેલી કિશોરીએ આખરે પોતાની સાથે થયેલા અત્યાચારની દર્દનાક કહાણી વર્ણવી. તેણે જણાવ્યું કે, તેની જ બિલ્ડિંગમાં રહેતા એક રિટાયર્ડ આર્મી 'અંકલ' દ્વારા તેની સાથે આ ઘૃણાસ્પદ કૃત્ય કરવામાં આવ્યું હતું.

# વાઈટકોલર આતંકનો ચહેરો : કેમિકલના જથ્થા અને રાઈફલો સાથે ચાર દિવસમાં ચાર ડોક્ટરની ધરપકડ

## દિલ્હી નજીક ૩૬૦ કિલો બોમ્બ બનાવી શકાય તેવું રસાયણ જપ્ત, મહિલા ડોક્ટરની કારમાંથી રાઈફલ મળી

(એજન્સી) શ્રીનગર, તા.૧૦

જમ્મુ અને કાશ્મીર પોલીસે સોમવારે જૈશ-એ-મોહમ્મદ (JeM) અને અંસાર ગઝવત-ઉલ-હિંદ (AGuH) સંગઠનોના આંતર-રાજ્ય આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરીને અને બે ડૉક્ટરો સહિત સાત લોકોની ધરપકડ કરીને આતંકવાદ વિરૂદ્ધ મોટી સફળતા મળી હોવાનો દાવો કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, ૨,૯૦૦ કિલો IED બનાવવાની સામગ્રી જપ્ત કરવામાં આવી છે. પોલીસ પ્રવક્તાએ આતંકવાદ વિરોધી કાર્યવાહીની વિગતો આપતા જણાવ્યું હતું કે ૧૯ ઓક્ટોબરના રોજ, શ્રીનગરની બહારના નૌગામના બનપોરામાં વિવિધ સ્થળોએ JeMના અનેક પોસ્ટરો ચોંટાડવામાં આવ્યા હતા, જેમાં પોલીસ અને સુરક્ષા દળોને ધમકી આપવામાં




**જમ્મુ અને કાશ્મીર પોલીસે ધરપકડ કરાયેલા ડોક્ટરના ખુલાસાના આધારે ફરીદાબાદમાંથી ૩૬૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ અને એક એસોલ્ટ રાઈફલ જપ્ત કરી છે, પોલીસના જણાવ્યા અનુસાર તપાસમાં પાકિસ્તાન અને અન્ય દેશોમાંથી કાર્યરત વિદેશી હેન્ડલર્સ સાથે સંપર્કમાં રહેલા કટ્ટરપંથી વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ સંડોવાયેલા 'વ્હાઈટ-કોલર ટેરર ઈકોસિસ્ટમ'નો ખુલાસો થયો છે જમ્મુ અને કાશ્મીર પોલીસે તપાસ દરમિયાન મોટી માત્રામાં IED બનાવવાની સામગ્રી અને દારૂગોળો જપ્ત કર્યો છે**

આવી હતી. તે મુજબ, શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી હતી અને તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તપાસમાં એક 'વ્હાઈટ-કોલર ટેરર ઈકોસિસ્ટમ'નો ખુલાસો થયો છે જેમાં કટ્ટરપંથી વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ પાકિસ્તાન અને અન્ય દેશોમાંથી કાર્યરત વિદેશી હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતા. આ જૂથ શિક્ષણ, સંકલન, ભંડોળ અને લોજિસ્ટિક્સ માટે એન્ક્રિપ્ટેડ ચેનલોનો ઉપયોગ કરી રહ્યું હતું. સામાજિક અને સખાવતી કાર્યોના આડમાં વ્યાવસાયિક અને શૈક્ષણિક નેટવર્ક દ્વારા ભંડોળ એકત્ર કરવામાં આવતું હતું. આરોપીઓ કટ્ટરપંથીકરણ માટે વ્યક્તિઓને ઓળખવામાં, તેમને આતંકવાદી રેંકમાં લાવવા અને ભરતી વાયર, રિમોટ કંટ્રોલ, ટાઈમર અને મેટલ શીટનો સમાવેશ થાય છે અને તે જપ્ત કરવામાં આવી છે. ભંડોળ અંગે નાણાકીય તપાસ ચાલુ છે, અને તમામ જોડાણો શોધી કાઢવામાં આવી રહ્યા છે અને ઝડપથી ઉકેલવામાં આવી રહ્યા છે. ડૉ. મુજાહિલ શકીલ ધૌજમાં અલ-ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતા હતા. આ દરમિયાન, સોમવારે મીડિયાને સંબોધતા, ફરીદાબાદ પોલીસ કમિશનર સતેન્દર કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર પોલીસ અને હરિયાણા પોલીસ વચ્ચેના સંયુક્ત ઓપરેશન દરમિયાન ફરીદાબાદમાં એક યુનિવર્સિટીમાં કામ કરતા એક ડૉક્ટરની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે એમોનિયમ નાઈટ્રેટ હોવાની શંકાસ્પદ ૩૬૦ કિલો જ્વલનશીલ પદાર્થ જપ્ત કર્યો હતો. છે. સંયુક્ત પોલીસ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. ગુપ્તાએ જણાવ્યું હતું કે ફરીદાબાદ અને જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુક્ત ટીમે શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદને સમર્થન આપતા પોસ્ટરો લગાવવાના આરોપમાં કાશ્મીરી ડૉક્ટરની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ ડૉક્ટર મુજમ્મીલ શકીલ તરીકે થઈ છે, જે એક ડૉક્ટર છે. શકીલ ફરીદાબાદના ધૌજમાં અલ-ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતો હતો અને ત્યાં પોતાનો સામાન રાખવા માટે ભાડે એક રૂમ લીધો હતો. ફરીદાબાદ કમિશનર સતેન્દર કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે પોલીસે જણાવ્યું હતું કે શકીલ શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદને સમર્થન આપતા પોસ્ટરો લગાવવાના

**શસ્ત્રો, રાઈસીન અને એમોનિયમ નાઈટ્રેટ જેવા રસાયણો સહિતનો જથ્થો આતંકવાદી પ્રવૃત્તિઓ માટે એકઠો કરવા બદલ ચાર ડોક્ટર ઝડપાયા છે અને આંતરરાષ્ટ્રીય આતંકી સંગઠનો દ્વારા કેવી રીતે શિક્ષિત વ્યવસાયીઓને અંતિમવાદી બનાવવામાં આવી રહ્યા છે તેનો એક ભયજનક પ્રવાહ જોવા મળી રહ્યો છે**

કરવામાં, ભંડોળ એકત્ર કરવામાં, લોજિસ્ટિક્સ ગોઠવવામાં અને IED તૈયાર કરવા માટે શસ્ત્રો, દારૂગોળો અને સામગ્રી મેળવવામાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે. આ તપાસ દરમિયાન, પોલીસે સાત વ્યક્તિઓની ધરપકડ કરી છે, જેમાં આરીફ નિસાર ડાર ઉર્ફે સાહિલ, રહેવાસી નૌગામ, શ્રીનગર, યાસીર-ઉલ-અશરફ, રહેવાસી નૌગામ, પોલીસે ફરીદાબાદના ધૌજ ગામમાં ભાડાના રહેઠાણમાંથી એક એસોલ્ટ રાઈફલ, એક પિસ્તોલ, દારૂગોળાનો મોટો જથ્થો, વોકી-ટોકી સેટ અને ઈલેક્ટ્રિક વાયરિંગ પણ જપ્ત કર્યા હતા. રવિવારે અલ ફલાહ હોસ્પિટલ નજીક પોલીસે જોડાયેલા ઘરમાંથી રસાયણો જપ્ત કર્યા બાદ મેડિકલ કોલેજમાં કાર્યરત ડૉક્ટર મુઝમ્મિલ શકીલની ધરપકડ કરવામાં સંબંધમાં પણ વોન્ટેડ હતો. અધિકારીઓએ કહ્યું કે, ફરીદાબાદમાં એક મસ્જિદના ઈમામ (મુખ્ય મૌલવી), જે ઇતિહાસ તરીકે ઓળખાય છે, જે મુઝમ્મિલ સાથે નિયમિત સંપર્કમાં હતો, તેની પણ તપાસ ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. કથિત નેટવર્કનો ભાગ હોવાના શંકાસ્પદ અન્ય ડૉક્ટર માટે ફરીદાબાદ અને તેની આસપાસ

## વાઈટકોલર આતંકી નેટવર્ક પોલીસે લખનૌથી મહિલા તબીબની ધરપકડ કરી અને એમની કારમાંથી AK-47 કબજે કરી

શ્રીનગર, મકસૂદ અહમદ ડાર ઉર્ફે શાહિદ, રહેવાસી નૌગામ, શ્રીનગર, મૌલવી ઈરફાન અહમદ (મસ્જિદના ઈમામ), રહેવાસી વાકુરા, ગંદરબલ, ડૉ. મુઝમ્મિલ અહમદ ગની ઉર્ફે મુસૈબ, રહેવાસી કોઈલ, પુલવામા, ડૉ. અદીલ, રહેવાસી વાનપોરા, કુલગામ સામેલ છે. પોલીસ પ્રવક્તાના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન વધુ વ્યક્તિઓની ભૂમિકા સામે આવી છે, અને તેમને શોધવા અને પકડવાના પ્રયાસો ચાલુ છે. આ ચાલુ તપાસ દરમિયાન, જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા શ્રીનગર, અનંતનાગ, ગંદરબલ અને શોપિયામાં અનેક સ્થળોએ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તેવી જ રીતે, હરિયાણા પોલીસ સાથે સંકલનમાં અને સહારનપુરમાં યુપી પોલીસ સાથે સંકલન કરીને ફરીદાબાદમાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, તપાસમાં અત્યાર સુધીમાં ગુનાહિત દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, શસ્ત્રો, દારૂગોળો અને IED બનાવવાની સામગ્રી મળી આવી છે. ૨,૯૦૦ કિલો IED બનાવવાની સામગ્રી - જેમાં વિસ્ફોટકો, રસાયણો, રીએજન્ટ્સ, જ્વલનશીલ સામગ્રી, ઈલેક્ટ્રોનિક સર્કિટ, બેટરી, આવી હતી. તે જ હોસ્પિટલમાં કામ કરતી એક મહિલા ડૉક્ટરની કારમાંથી ક્રીમ કોક એસોલ્ટ રાઈફલ પણ મળી આવી હતી. તેણીને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવી છે. આરોપીનું નામ ડૉ. મુજાહિલ શકીલ છે. તેની ધરપકડ બાદ મળેલી વધુ ગુપ્ત માહિતીના આધારે, રવિવારે દરોડા પાડવામાં આવ્યા હતા, જે દરમિયાન આઠ મોટા અને ચાર નાના સુટકેસ અને એક ડોલમાંથી ૩૬૦ કિલો જ્વલનશીલ પદાર્થ - (સંભવતઃ એમોનિયમ નાઈટ્રેટ) - જપ્ત કરવામાં આવ્યો હતો. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે તે RDX નથી. તેમણે કહ્યું કે, "આતંકવાદી પ્રવૃત્તિઓમાં વપરાતી ઘણી અન્ય સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે, જેમાં ૨૦ ટાઈમર, બેટરીવાળા ચાર ટાઈમર, ૫ કિલો હેવી મેટલ, ૨૪ રિમોટ કંટ્રોલ, એક વોકી-ટોકી સેટ, ઈલેક્ટ્રિક વાયરિંગ, બેટરી અને અન્ય પ્રતિબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે. જપ્ત કરાયેલા હથિયારોમાં ત્રણ મેગેઝિન અને ૮૩ જીવંત રાઉન્ડ સાથે એક કેરોમ કોક એસોલ્ટ રાઈફલ, આઠ જીવંત રાઉન્ડ સાથે એક પિસ્તોલ, બે વધારાના મેગેઝિન અને બે ખાલી કારતૂસનો સમાવેશ થાય હાલમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા એજન્સીઓ હવે ઉત્તરી રાજ્યોની ખાનગી હોસ્પિટલોમાં કામ કરતા જમ્મુ અને કાશ્મીરના અન્ય તબીબી વ્યાવસાયિકોની તપાસ કરી રહી છે. સૂત્રો અનુસાર, મૂળ જમ્મુ અને કાશ્મીરના શકીલ, ફરીદાબાદના ધૌજ ગામમાં લગભગ ત્રણ મહિનાથી એક મકાનમાં ભાડે રહેતો હતો. જપ્ત કરાયેલી સામગ્રીનો ઉપયોગ ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો (IED) બનાવવા માટે કરવામાં આવ્યો હોવાની શંકા છે. આ જ આતંકવાદી નેટવર્ક સાથે જોડાયેલા અન્ય આરોપી ડૉ. આદિલ અહમદ રાથેરની ધરપકડ બાદ, ૩૦ ઓક્ટોબરના રોજ શકીલને જમ્મુ અને કાશ્મીર પોલીસે કસ્ટડીમાં લીધો હતો. સતત પૂછપરછ બાદ, શકીલને રવિવારે ફરીદાબાદ પાછો લાવવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, છુપાયેલી સામગ્રીને પુનઃપ્રાપ્ત કરવા માટે સવારે તપાસ શરૂ કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી વસ્તુઓ ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવી છે, અને ગુપ્તચર એજન્સીઓ નેટવર્કના ભંડોળના સ્ત્રોતો અને સંભવિત સરહદ પારના જોડાણોની તપાસ કરી રહી છે.

# મુંબઈનું આ દંપતી જેમને કોઈ MBA કે રેસ્ટોરાંનો અનુભવ નથી, તેઓ ઢોંસા વેચીને મહિને ૧ કરોડ રૂપિયા કમાય છે; વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ તેમના ચાહકો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

મુંબઈની એક વ્યસ્ત શેરીમાં જ્યાં ફૂડ સ્ટોલ ધ્યાન ખેંચવા માટે સ્પર્ધા કરે છે અને ઓફિસમાં ટ્રેનો અને ડેડલાઈન વચ્ચે ભીડ જામે છે, ત્યાં એક નાના ઢોંસા સ્ટોલ પર એક સ્વપ્ન સાકાર થયું અને પછી તેને મહિને ૧ કરોડ રૂપિયાની સફળતામાં ફેરવી દીધું. આ ધમાકેદાર વસ્તુ પાછળ એક દંપતી હતું જેની પાસે કોઈ બિઝનેસ ડિગ્રી નહોતી, કોઈ રોકાણકાર નહોતા અને કોઈ રેસ્ટોરાં બેકગ્રાઉન્ડ નહોતું, ફક્ત એક રેસીપી હતી જેનો સ્વાદ ઘર જેવો હતો અને તેમનું જીવન બદલી શકે તેવી મજબૂત માન્યતા હતી. શહેરમાં એક સમયે તેમના મનપસંદ દાવણગેરે-શૈલીના ઢોંસા શોધવા માટે સંઘર્ષ કરી રહેલા મુંબઈના આ દંપતીએ એક ફૂડ બ્રાન્ડ બનાવી છે જે હવે દર મહિને લગભગ ૧ કરોડ રૂપિયા કમાય છે. MBA, રેસ્ટોરાં બેકગ્રાઉન્ડ કે રોકાણકાર ભંડોળ વિના, અખિલ ઐયર અને શ્રિયા નારાયણે તેમની સારી કમાણી કરતી નોકરી છોડી દીધી અને એક નાનું ડોસા કાફે ખોલ્યું જે વાયરલ સફળતાની વાર્તા બની ગયું છે. લગ્ન પછી તરત જ, આ જોડી મુંબઈ ગઈ અને ઘરે તેમને ગમતા માખણવાળા, ક્રિસ્પી ઢોંસાનો સ્વાદ યાદ કરવા લાગી. આખા શહેરમાં શોધખોળ કરવા છતાં, તેમને બેંગ્લુરૂ-શૈલીના અધિકૃત સ્વાદ જેવું કંઈ મળ્યું નહીં. તે નિરાશા વળાંક બની, નિરાશ થવાને બદલે, તેઓએ તેને જાતે બનાવવાનું નક્કી કર્યું. કોઈ પણ આતિથ્ય અનુભવ કે ઔપચારિક તાલીમ વિના, આ દંપતીએ મહિનાઓ સુધી તેમના ખીરું અને ચટણીને સંપૂર્ણ બનાવવામાં વિતાવ્યા. કર્ણાટકથી ભારે કાસ્ટ-લોખંડના તવાઓ મંગાવવામાં આવ્યા હતા જેથી તેઓ જે ક્રિસ્પી ટેક્સચરનો આનંદ માણીને મોટા થયા હતા તે જ સુનિશ્ચિત કરી શકાય. લાંબા સમય સુધી અજમાયશ અને ભૂલ પછી, તેઓએ બેને નામનું ૧૨ બેઠકનું કાફે ખોલ્યું, જે ફક્ત ફેન્સી પ્લેટિંગ અથવા ફ્યુઝન ટ્વિસ્ટ વિના સરળ, તાજા ઢોંસા પર ધ્યાન કેન્દ્રિત કરતું હતું. મેનુ નાનું રહ્યું, ખોરાક વાસ્તવિક રહ્યો અને ગ્રાહકો લાઈનમાં ઉભા રહ્યા. ઓફિસ જનારાઓ, વિદ્યાર્થીઓ અને ખોરાક પ્રેમીઓ સ્થળ પર ઉમટી પડ્યા, નાના કાઉન્ટરને



એક ધમાકેદાર સ્થળમાં ફેરવી દીધું. આજે, કાફે દરરોજ લગભગ ૮૦૦ ઢોંસા બનાવે છે, જેની કિંમત ૨૫૦-૩૦૦ રૂપિયા છે અને માસિક કમાણી ૧ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. સેલિબ્રિટીઓએ પણ ધ્યાન ખેંચ્યું. ૨૦૨૪માં, વિરાટ કોહલી અને અનુષ્કા શર્માએ ઘટાડો કર્યો, જેનાથી કાફેની લોકપ્રિયતામાં વધારો થયો. આ વેગ પર સવાર થઈને, આ દંપતીએ બાંદ્રામાં તેમના પ્રથમ સ્થાનની સફળતા પછી જુહુમાં બીજું આઉટલેટ ખોલ્યું. ક્રિકેટર રોહિત શર્મા અને તેની પત્નીએ પણ કાફેની મુલાકાત લીધી. ઘણા મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો માટે, આ દંપતીની સફર એ વાતનો પુરાવો બની ગઈ છે કે હિંમત અને સુસંગતતા ઔપચારિક લાયકાત અને મોટી મૂડી કરતાં વધુ સારી હોઈ શકે છે. સ્થાપકો કહે છે કે તેમની સફળતા એક સરળ માન્યતાથી આવી છે, ઘરના સ્વાદ પ્રત્યે સાચા રહો અને ગ્રાહકો પાછા આવશે. તેમની વાર્તા ભારતભરના નાના વ્યવસાય માલિકોને પ્રેરણા આપે છે જેઓ જુસ્સાને નફામાં ફેરવવાની આશા રાખે છે.

# બિહાર ચૂંટણી માટે રાજ્યમાં ભાજપ શાસિત રાજ્યોમાંથી ૨૦૮ પોલીસ કંપનીઓ આવી છે તો વિપક્ષી રાજ્યોમાંથી શા માટે નહીં : તેજસ્વી યાદવનો પ્રશ્ન

## તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો છે કે, બિહાર ચૂંટણીમાં સુરક્ષા દળોની તૈનાતી પક્ષપાતી છે, તેમના મતે ભાજપ શાસિત રાજ્યોમાંથી ૨૦૮ પોલીસ કંપનીઓ મોકલવામાં આવી હતી, જ્યારે વિપક્ષી રાજ્યોને અવગણવામાં આવ્યા છે, ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર કેમ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ?

(એજન્સી) તા.૧૦

રાજદ નેતા તેજસ્વી યાદવે બિહાર ચૂંટણીની સુરક્ષા અને દેખરેખ પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તેમણે સોમવારે એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, બિહારમાં ચૂંટણી સુરક્ષા અને દેખરેખ માટે ભાજપ શાસિત રાજ્યોમાંથી ૨૦૮ પોલીસ કંપનીઓ લાવવામાં આવી હતી, પરંતુ બિન-ભાજપ શાસિત રાજ્યોમાંથી એક પણ કર્મચારી લાવવામાં આવ્યો નથી. તેમણે પ્રશ્ન કર્યો કે આ પોલીસ કંપનીઓ ઝારખંડ અને પશ્ચિમ બંગાળ જેવા પાડોશી રાજ્યોમાંથી કેમ લાવવામાં આવી નથી અને કર્ણાટક કે તમિલનાડુમાંથી કેમ નહીં.



રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને બિહાર વિધાનસભા ચૂંટણી અંગે ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા. તેમણે પોલીસ દળોની તૈનાતી, મતદાનના આંકડામાં વિલંબ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીઓની ટીકા કરી છે. તેજસ્વીએ દાવો કર્યો કે, આ ચૂંટણી પક્ષપાતી થઈ રહી છે અને ભાજપ ભ્રષ્ટાચારને અવગણી રહ્યું છે.

**પોલીસ તૈનાતી પર પ્રશ્નો :**

તજસ્વી યાદવે કહ્યું કે, ભાજપ શાસિત રાજ્યોમાંથી ૨૦૮ પોલીસ કંપનીઓ બિહાર આવી છે. ૪૦ કંપનીઓ ઉત્તરપ્રદેશની, ૨૭ ગુજરાતની, ૨૩ મધ્યપ્રદેશની, ૧૫ આસામની, ૨૫ મહારાષ્ટ્રની, ૧૫ છત્તીસગઢની, ૧૦ રાજસ્થાનની, મિઝોરમ અને હરિયાણાની ૮-૮, નાગાલેન્ડની ૧૫, મેઘાલયની ૭, ગોવાની ૬, ત્રિપુરાની ૫ અને ઉત્તરાખંડની ૪ કંપનીઓ છે. આ બિહાર ચૂંટણી દરમિયાન સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

તેમણે પૂછ્યું કે, 'બંગાળ, કર્ણાટક કે તમિલનાડુથી પોલીસ કેમ બોલાવવામાં આવી ન હતી ? ઝારખંડ નજીકમાં છે, ત્યાંથી કેમ નહીં ?' તેમણે આરોપ લગાવ્યો કે, આ પગલું ચૂંટણીમાં દખલગીરી અને પક્ષપાત દર્શાવે છે. તેજસ્વીએ પૂછ્યું કે, શું આ વિરોધ પક્ષોને દબાવવાનો આયોજિત પ્રયાસ છે ?

જો પોલીસ કંપનીઓ ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશથી આવી રહી છે, તો ઝારખંડ અને પશ્ચિમ બંગાળથી કેમ નહીં ? તેઓ મેઘાલય, ત્રિપુરા, નાગાલેન્ડથી આવી રહ્યા છે, પરંતુ... તમિલનાડુ, કર્ણાટક, કેરળથી કેમ નહીં ?

તેમણે કહ્યું કે, ૨૪૩ વિધાનસભા મતવિસ્તારોમાં ૬૮ ટકા પોલીસ નિરીક્ષકો ભાજપ શાસિત રાજ્યોના છે. અગાઉ આ બધા લોકો CAPF (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ)ના હતા. તેથી જ અમિત શાહ આવ્યા છે. તેઓ અહીં કેમ પડાવ નાખી રહ્યા છે ? શું દેશમાં બીજું કંઈ કરવાનું નથી ? જ્યાં પણ ચૂંટણી હોય ત્યાં બેઈમાની હોય છે. તેઓ પૈસા, શક્તિ, છેતરપિંડીનો ઉપયોગ કરે છે. અમિત શાહ બિહારનું વસાહતીકરણ કરવા માંગે છે; બહારના લોકો કબજો કરવા માંગે છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન અંગે તેજસ્વીએ કહ્યું કે, 'મતદાનનો પહેલો તબક્કો ૬ નવેમ્બરે થયો હતો. આજે ૧૦ નવેમ્બર છે. ચાર દિવસ પછી પણ કેટલા પુરૂષો અને કેટલા મહિલાઓએ મતદાન કર્યું તેનો ડેટા જાહેર કરવામાં આવ્યો નથી. અગાઉ તે જ દિવસે મેન્યુઅલી જાહેર કરવામાં આવતો હતો. હવે ડેટા કેમ છૂપાવવામાં આવી રહ્યો છે ?' તેમણે આરોપ લગાવ્યો કે, ૧૧ નવેમ્બરની ચૂંટણી પહેલા મતદારોને મતદાન ટકાવારી વિશે માહિતી આપવામાં આવી રહી નથી.

ચૂંટણી પંચ પર હુમલો કરતા તેજસ્વીએ કહ્યું કે, ભાજપ પાપ કરે છે અને ચૂંટણી પંચ તેને ઢાંકે છે. ચૂંટણી પંચ મૃત થઈ ગયું છે અને એક સાધન બની ગયું છે. તેમણે પારદર્શિતા જાળવવા માટે મતદાનના ડેટા તાત્કાલિક જાહેર કરવાની માંગ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી રેલીઓ પર નિશાન સાધતા તેજસ્વીએ કહ્યું કે, વડાપ્રધાન મોદી પોતાની રેલીઓમાં કેવા પ્રકારના ગીતો ગાઈ રહ્યા છે ? મને ખબર નથી કે તેઓ આ દિવસોમાં કઈ વેબ સિરીઝ જોઈ રહ્યા છે. તેમને આટલો ખાલી સમય કેવી રીતે મળે છે ? મોદીને બિહારમાં સમ્રાટ ચૌધરી, દિલીપ જયસ્વાલ અને મંગલ પાંડે જેવા ભાજપના નેતાઓનો ભ્રષ્ટાચાર દેખાતો નથી.

તેજસ્વીએ કટાક્ષમાં પૂછ્યું કે, મોદીએ કુખ્યાત ગુનેગારો સાથે સ્ટેજ શેર કર્યું છે. શું વડાપ્રધાન હુલ્લાસ પાંડે, મનોરમા દેવી, આનંદ મોહન, સુનીલ પાંડે અને અનંત સિંહને સંત માને છે ? તેમણે દાવો કર્યો કે, ભાજપ ગુનેગારોને બચાવી રહી છે જ્યારે આરજેડી સ્વચ્છ રાજકારણની વાત કરે છે.

**બિહારને નં.૧ બનાવવાનું વચન :**

ભવિષ્યની યોજનાઓ વિશે તેજસ્વી યાદવે દાવો કર્યો કે, જો મહાગઠબંધન સરકાર રચાય છે, તો ૧૪ નવેમ્બર પછી બિહાર દેશનું નં.૧ રાજ્ય બનશે. ખાદ્ય આધારિત એકમો, શિક્ષણ, આરોગ્યસંભાળ, રોજગાર અને સિંચાઈ માટે યોગ્ય વ્યવસ્થા, સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલો, શૈક્ષણિક શહેરો અને આઈટી હબ બનાવવામાં આવશે. કોઈ બિહારી બીજા શહેરમાં જશે નહીં. તેમણે કહ્યું કે, આરજેડી સરકાર બિહારને આત્મનિર્ભર અને વિકસિત બનાવશે, જ્યાં યુવાનોને સ્થાનિક સ્તરે અનેક તકો મળશે.

બે તબક્કાની બિહાર વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો ૬ નવેમ્બરના રોજ પૂર્ણ થયો હતો અને બીજો તબક્કો ૧૧ નવેમ્બરના રોજ યોજાશે. મતગણતરી ૧૪ નવેમ્બરના રોજ થશે.

# ભાજપ મને જેલમાં મોકલી શકે છે કે મારૂં ગળું કાપી શકે છે પરંતુ એસઆઈઆર કવાયત તત્કાળ અટકાવવી જોઈએ : મમતા બેનરજી

## મુખ્યમંત્રીએ કહ્યું કે, જે રીતે નોટ બદલવાનું પગલું નોટબંધી હતું એ રીતે એસઆઈઆર 'વોટબંધી' છે

(એજન્સી) કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યમાં ચાલી રહેલી મતદારયાદી ખાસ સઘન રિવિઝન કવાયતને 'વોટબંધી' ગણાવી હતી અને એ તાત્કાલિક અટકાવી દેવા ચૂંટણી પંચને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે બરાબર ચૂંટણીઓ પહેલા આવી કવાયત કરવાની ઉતાવળ હું સમજી શકતી નથી.

સીલીગુડીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે મતદારયાદી રિવિઝનના નામે ભાજપ પ્રેરિત કેન્દ્ર સરકાર લોકોની હેરાનગતિ



કરી રહી છે. જે રીતે નોટો બદલવાનું પગલું નોટબંધી હતું એવી રીતે એસઆઈઆરની કવાયત હકીકતે 'વોટબંધી' છે. આ બધા પગલાં સુપર કટોકટીકાળ જેવા છે. મને આવી ઉતાવળ સમજાતી નથી એટલે ચૂંટણી પંચે તાત્કાલિક આ કવાયત અટકાવી દેવી જોઈએ. બે કે ત્રણ મહિનામાં મતદારયાદીઓમાં સુધારા થઈ શકે જ નહીં પરંતુ બળજબરીથી કવાયત કરવામાં આવી રહી છે.

તેમણે પડકાર કર્યો હતો કે કવાયત સામે બોલવા બદલ ભાજપ મને જેલમાં નાંખી શકે છે યા મારૂં ગળું પણ કાપી શકે છે પણ લોકોના મતદાનના અધિકારો ઉપર તરાપ ન મારો.

# મેંગ્લુરૂથી લઈને ભારતના ટોચના દાનવીરોમાં સૌથી નાની વયના મહિલા બનવા સુધીની શબાના ફૈઝલની સફળતાની વાર્તા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

મૂળ મેંગ્લુરૂની શબાના ફૈઝલ, ભારતના સૌથી પ્રેરણાદાયી પરોપકારીઓમાંના એક તરીકે ઉભરી આવી છે, જેમણે તાજેતરમાં એડલગિવ હુરૂન ઈન્ડિયાફિલાન્થ્રોપી લિસ્ટ ૨૦૨૫માં ટોચના ૧૦માં સૌથી નાની ઉંમરની મહિલા તરીકે ઓળખ મેળવી છે. નાના શહેરમાં ઉછેરથી વૈશ્વિક સાહસનું સહ-નેતૃત્વ અને અસરકારક સામાજિક પહેલ ચલાવવા સુધીની તેમની સફર મહત્ત્વાકાંક્ષા, સ્થિતિસ્થાપકતા અને સામાજિક વિકાસ માટે સમર્પણનું મિશ્રણ દર્શાવે છે. ૫૩ વર્ષની ઉંમરે, તેમણે ફૈઝલ અને શબાના ફાઉન્ડેશન દ્વારા ૪૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. શબાનાના કાર્યએ તેમને ભારતના પરોપકારી ક્ષેત્રમાં કેટલીક સૌથી પ્રભાવશાળી મહિલાઓની સાથે મૂક્યા છે, જેમાં રોહિણી નીલેકણી, કિરણ મઝુમદાર-શો અને બીના શાહનો સમાવેશ થાય છે. એડલગિવ ફાઉન્ડેશને, હુરુન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી, તાજેતરમાં એડલગિવ હુરુન ઈન્ડિયા પરોપકારી યાદી ૨૦૨૫ની ૧૨મી આવૃત્તિ બહાર પાડી. આ યાદી ભારતના સૌથી ઉદાર વ્યક્તિઓ અને પરિવારોની ઉજવણી કરે છે, જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૯૧ પરોપકારીઓએ કુલ ૧૦,૩૮૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે, જે યોગદાનમાં ૮૫% વૃદ્ધિ દર્શાવે છે. શિક્ષણ ટોચના કારણ તરીકે આગળ રહ્યું છે, ૧૦૭ દાતાઓ તરફથી ૪,૧૬૬ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા છે. શબાના ફૈઝલ સૌથી ઉદાર મહિલાઓમાં ૧૦મા ક્રમે છે, તેમના ૪૦ કરોડ રૂપિયાના દાન (પરિવાર દ્વારા પરોપકાર), તેણી માત્ર એક અગ્રણી પરોપકારી જ નહીં પરંતુ દાન



આપતી ભારતની ટોચની ૧૦ મહિલાઓમાં સૌથી નાની પણ છે. યૂરસ્ટોરી અનુસાર, મેંગ્લોરમાં જન્મેલી અને ઉછરેલી, શબાનાએ સેન્ટ એગ્નેસ કોલેજમાંથી મનોવિજ્ઞાનમાં ડિગ્રી મેળવી અને બાદમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ડિઝાઈન, દુબઈમાંથી ફેશન ડિઝાઈન અને મર્ચેન્ડાઈઝિંગમાં ડિપ્લોમા પૂર્ણ કર્યો. તેણીએ સ્ટીલ મિલો અને ડેટા એન્ટ્રી સહિતના પુરુષ-પ્રભુત્વ ધરાવતા ઉદ્યોગોમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી, જેનાથી સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનક્ષમતાનો પાયો સ્થાપિત થયો. મીત્રા હોસ્પિટલની વેબસાઈટ, જે શબાનાને તેના ડિરેક્ટર તરીકે ઉલ્લેખ કરે છે, તે મુજબ, તેણીની ઉદ્યોગસાહસિક યાત્રા ૧૯૯૫માં વિશેષતા અને લક્ઝરી ઉત્પાદનોના રિટેલર તરીકે શરૂ થઈ હતી. બાદમાં તેણી તેના પતિ, ફૈઝલ ઇ. કોટ્ટીકોલોન સાથે અમીરાત ટેક્નો કાસ્ટિંગ (ETC)ના સંચાલનમાં જોડાઈ, જ્યાં તેણીએ માનવ સંસાધન અને વહીવટી કામગીરીનું નિરીક્ષણ કર્યું, કંપનીની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી. હાલમાં, શબાના KEF હોલ્ડિંગ્સના વાઈસ ચેરપર્સન તરીકે સેવા આપે છે, જે સિંગાપોર સ્થિત એક કૌટુંબિક સાહસ છે જે માળખાગત સુવિધાઓ, શિક્ષણ, કૃષિ, ધાતુઓ અને રોકાણોમાં રસ ધરાવે છે. KEF હોલ્ડિંગ્સ ઓફ-સાઈટ બાંધકામ ટેક્નોલોજી અને ઉકેલોનો લાભ લે છે, નવીન અભિગમો સાથે વૈશ્વિક બજારોને અસર કરે છે. તેણીએ ૨૦૦૭માં ગિવિંગ ટુ ક્રિએટ ઈમ્પેક્ટના વિઝન સાથે ફૈઝલ અને શબાના ફાઉન્ડેશનની સહ-સ્થાપના કરી. આ ફાઉન્ડેશન શિક્ષણ, યુવા વિકાસ, આરોગ્યસંભાળ, સમુદાય આઉટરીચ, પુનર્જીવિત વિકાસ, માનવતાવાદી સહાય અને કલામાં ટકાઉ પહેલ કરે છે, જે લાંબા ગાળાના સામાજિક પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શબાના ચાર બાળકોની માતા છે-સોફિયા, સારાહ, ઝકરિયા અને ઝરિના, પરંતુ વ્યવસાય અને પરોપકારમાં સક્રિય ભૂમિકા જાળવી રાખી છે. તેમનું કાર્ય તેણીને ભારતના સૌથી પ્રભાવશાળી મહિલા પરોપકારીઓમાં સ્થાન આપે છે, જે દર્શાવે છે કે વ્યાવસાયિક નેતૃત્વ અને પાછા આપવાની પ્રતિબદ્ધતા વ્યાપક સામાજિક પ્રભાવ બનાવવા માટે કેવી રીતે સાથે રહી શકે છે. એડલગિવ હુરુન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ ૨૦૨૫ દર્શાવે છે કે ટોચના ૨૫ દાતાઓએ માત્ર પાંચ વર્ષમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું યોગદાન આપ્યું છે, જે દરરોજ સરેરાશ ૪૬ કરોડ રૂપિયા છે. કુલ દાનના ૨૮% સાથે મુંબઈ પરોપકારી યોગદાનમાં આગળ છે, ત્યારબાદ નવી દિલ્હી અને બેંગ્લુરૂ આવે છે.

### ૩ સુવર્ણ, ૭ રજત અને ૩ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા

# ગુજરાત વાડો કરાટે ચેમ્પિયનશીપમાં ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ખેલાડીઓ ઝળક્યા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૦

તાજેતરમાં રોજ ગુજરાત વાડો કરાટે ચમ્પિયનશીપ-૨૦૨૫ સ્પર્ધાનું આયોજન વડોદરા મુકામે થયું હતું, જેમાં અમરેલી જિલ્લામાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભાના સ્કૂલના કરાટે ગેમના ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે સુવર્ણ, રજત અને કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર રાજ્યમાંથી ટેલન્ટેડ કરાટે ખેલાડીઓની વચ્ચે અમરેલી ટીમની આ સિદ્ધિ પ્રસંશાસ્પને પાત્ર છે. જેમાં (૧) કરેણા ઉરવી (૨) ચોહાણ શ્રેયા (૩) પરમાર દેવરાજ-સુવર્ણ પદક મેળવેલ, (૧) જાદવ સારદા (૨) કરંગીયા બંશી (૩)



(તસવીર :- માજીદખાન પઠાણ, અમરેલી)

ઝાલા મહેક (૪) સોલંકી વાંદાના (૫) સવાલિયા વૃષ્ટિ (૬) ગમારા હાર્દિક (૭) બારૈયા પરી-રજત પદક મેળવેલ, તેમજ (૧) પરમાર પહેક (૨) દવે દિશા (૩) ગોલાની ઉર્વીશા-કાંસ્ય પદક-કાંસ્ય પદક મેળવી સિદ્ધીઓ પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ રોશન કરેલ છે ત્યારે આ સિદ્ધિ સંસ્થાના ખેલ પ્રણાલી અને નિયમિત કઠિન પ્રશિક્ષણનું શ્રેષ્ઠ પરિણામ છે. કોચના માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ કરાટે ખેલાડીઓ તેમજ કોચ વિકુશભાઈ ભેડાને શુભેચ્છા પાઠવી હતી.

# માંગરોળ એમ.એમ.ઈ. ડબલ્યુ હાઈસ્કૂલ તાલુકા કબડ્ડી ચેમ્પિયન

### ચોથી વખત ચેમ્પિયન બનનાર એમ.એમ.ઈ.ડબલ્યુ હાઈસ્કૂલ માંગરોળનું જિલ્લાકક્ષાએ નેતૃત્વ કરશે

માંગરોળ, તા.૧૦

માંગરોળ તાલુકામાં તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ અંતર્ગત અંડર ૧૭ કબડી સ્પર્ધાનું આયોજન જેથખમ સીમ શાળામાં કરવામાં આવ્યું હતું. જેમાં માંગરોળ તાલુકા માંથી ૧૭ જેટલી ટીમોએ ભાગ લીધેલ. તેમાં એમ.એમ.ઈ. ડબલ્યુ. હાઈસ્કૂલે સતત ચોથા વર્ષે પણ ભવ્ય વિજય મેળવી ચોથી વખત તાલુકા ચેમ્પિયન બની અને હવે પછી માંગરોળ તાલુકાનું જિલ્લા કક્ષાએ નેતૃત્વ કરશે. તે બદલ શાળાના નિયામકક્ષી રાબિયા બેન અને આચાર્ય હારૂન ભાઈ જેઠવા અને સ્ટાફે તમામ ખેલાડીઓ અને તેમના કોચ ગરીબા ઐયુબને શુભેચ્છા આપી હતી.

# બોડેલી : નર્મદા મુખ્ય કેનાલની સાઈડની ઢાળનું તૂટેલું આરસીસી લેયર ક્યારે રિપેર થશે



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૧૦

બોડેલી તાલુકાના મોરખલા ગામે નર્મદા મુખ્ય કેનાલની સાઈડની ઢાળનું આર.સી.સી લેયર ઘણા સમયથી તૂટી ગયું છે તંત્ર રિપેરિંગની આળસને લઈ મોટી હોનારત સર્જવાનો ભય લોકોને સતાવે છે.

બોડેલી પાસેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં મોરખલા ગામ પાસે નર્મદા મુખ્ય કેનાલમાં ઢાળનું આર.સી.સી લેયર ઘણી જગ્યા તૂટીને માટીનું ધોવાણ થતા ગાબડું દેખાય છે થોડા સમય પહેલા આ આર.સી.સી લેયરનું સમારકામ થયું હતું પરંતુ તકલાદી કામને લઈ ફરી આર.સી.સી લેયર તૂટી માટી ધોવાણ થયું છે અબજો રૂપિયાના ખર્ચે આ નર્મદા કેનાલ બનાવી અસંખ્ય ગામોને પાણી પૂરૂં પાડે છે પરંતુ તંત્રની બેદરકારીને લઈ કેનાલ અસ્તિત્વ પર જોખમ દેખાઈ સેવાઈ રહ્યું છે.

# કોડીનાર સહિત ગીર સોમનાથમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ : ખેડૂતોમાં ખુશીની લહેર

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લામાં આજથી સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ વર્ષે સરકારે માર્કેટ ભાવ કરતાં ટેકાનો ભાવ ઊંચો જાહેર કરતાં ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખરીદી શરૂ થતાં જ કોડીનાર ખાતે ૫૦ જેટલા ખેડૂતો મગફળી લઈને વેચવા માટે પહોંચ્યા હતા, જ્યાં તેમને ટેકાના ભાવનો ફાયદો મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી સરકારના ટેકાના ભાવે મગફળી વેચવામાં ખેડૂતોની જોઈએ કેટલો ઉત્સાહ નહોતો, પરંતુ આ વર્ષે સરકારે બજાર કરતાં ટેકાનો ભાવ વધુ જાહેર કર્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં ત્રણ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. કોડીનાર ખરીદ વેચાણ સંઘ સંચાલિત કેન્દ્ર પર પ્રારંભિક તબક્કે ૧૦ ખેડૂતોને મગફળી સાથે બોલાવવામાં આવ્યા હતા, જેનું ઉદ્‌ઘાટન કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી અને કોડીનાર તાલુકાના સહકારી આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. ખુલ્લી બજારમાં રૂા.૮૦૦થી રૂા.૧૨૦૦ના ભાવ સામે સરકારનો ટેકાનો ભાવ રૂા.૧૪૫૨ જાહેર થતાં



(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)

ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂા.૪૦૦થી રૂા.૫૦૦નો ચોક્કસ ફાયદો થઈ રહ્યો છે. ત્યારે સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, તાલાળા, કોડીનાર, સૂત્રાપાડા અને ઉના-ગીર ગઢડા સહિત કુલ ૧૧ કેન્દ્રો પર ૪૯,૧૪૮ જેટલા ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જિલ્લામાં અંદાજે ૯૦ હજાર હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર થયું છે, તેની સરખામણીએ ૪૯ હજાર ખેડૂતોનું રજિસ્ટ્રેશન પાછલા વર્ષોની તુલનામાં ઘણું સારું માનવામાં આવે છે. ખેડૂતો માંગ પણ કરી રહ્યા છે કે સરકાર ૧ હેક્ટર દીઠ ૨૫૦૦ કિલો મગફળીની ખરીદી કરી રહી છે. ખેડૂતોની માંગ છે કે, જો સરકાર હેક્ટર દીઠ ખરીદીની મર્યાદામાં વધારો કરે તો ખેડૂતોને વધુ લાભ મળી શકે. કારણ કે, વધેલી મગફળી ખેડૂતોને છૂટકે ખુલ્લા બજારમાં ઓછા ભાવે વેચવી પડે છે, જેથી આ મર્યાદા વધારવાથી તેમને ચોક્કસપણે ફાયદો થશે. આજે કોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘ સંચાલિત સરકારી મગફળી ખરીદી કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે કોડીનાર ખરીદ વેચાણ સંક પ્રમુખ દિલીપભાઈ મોરી, ઉપપ્રમુખ એભાભાઈ રામ, કોડીનાર માર્કેટિંગ યાર્ડ ચેરમેન સુભાષભાઈ ડોડીયા, કોડીનાર તાલુકા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ જીતુભાઈ બારડ, સોરઠ કારડીયા રાજપૂત સમાજ ઉપપ્રમુખ ભગુભાઈ પરમાર, ખરીદ વેચાણ મેનેજર કેતનભાઈ ગોહિલ તેમજ ગુજકોમાસોલ અધિકારી રાહુલભાઈ સહિત તાલુકાભરના સહકારી અગ્રણીઓ આગેવાનો અને ખેડૂતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તો કે ખરીદ વેચાણ સંઘ દ્વારા સર્વેને વિશ્વાસ આપતા જણાવ્યું હતું કે રજિસ્ટ્રેશન કરાવેલ તમામ ખેડૂતોની મગફળી ૬૦થી ૭૦ દિવસની અંદર ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરી સરકારમાં જમા કરાવી દેવાશે.

# કોંગ્રેસની ખેડૂત આક્રોશ યાત્રા સાયલા પહોંચી ખેડૂતોનું બાકી દેવું માફ કરવાની માંગ

(સંવાદદાતા દ્વારા)

વઢવાણ, તા.૧૦

કોંગ્રેસની "ખેડૂત આક્રોશ યાત્રા" આજે સાયલા તાલુકામાં પહોંચી હતી. સોમનાથથી શરૂ થયેલી આ યાત્રા નોલી, દેવગઢ અને સુદામડા જેવા ગામોમાંથી પસાર થઈ હતી. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોના હિત માટે સરકાર સામે અવાજ ઉઠાવવાનો છે. યાત્રા દરમિયાન, કોંગ્રેસના નેતાઓએ રાજ્ય અને કેન્દ્ર સરકારો સમક્ષ ખેડૂતોનું બાકી દેવું સંપૂર્ણપણે માફ કરવાની માંગ કરી હતી. આ ઉપરાંત, તેમણે દરેક પાકની ન્યૂનતમ આધારભૂત ભાવ (MSP) પર ખરીદી કરવાની કાયદેસર ખાતરી આપવાની પણ અપીલ કરી હતી.

આ યાત્રામાં ગુજરાત પ્રદેશના પૂર્વ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજ્યગુરૂ, પૂર્વ કેન્દ્રીય પ્રધાન ભરતસિંહ સોલંકી, લાલજીભાઈ દેસાઈ,



(તસવીર : ફારૂક ચૌહાણ, વઢવાણ)

ગોપાલભાઈ મકવાણા, કલ્પનાબેન ધોરીયા, ચેતનભાઈ ખાચર અને ગુણવંતભાઈ પંડ્યા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક કોંગ્રેસ કાર્યકરો અને મોટી સંખ્યામાં ખેડૂતો પણ આ રેલીમાં જોડાયા હતા. નેતાઓએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતો છેલ્લા ઘણા વર્ષોથી કુદરતી આફતો અને પાકના ઓછા ભાવને કારણે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, સરકારની જવાબદારી છે કે તે ખેડૂતોને ન્યાય આપે. કોંગ્રેસે વચન આપ્યું હતું કે જો તેમની સરકાર સત્તામાં આવશે, તો ખેડૂતોનું દેવું માફ કરવામાં આવશે અને MSPની કાયદેસર ગેરંટી આપવામાં આવશે. આ યાત્રાને ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. કોંગ્રેસે જણાવ્યું હતું કે ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે સરકારને જાગૃત કરવા માટે રાજ્યભરમાં આવી વધુ યાત્રાઓનું આયોજન કરવામાં આવશે.

# જામનગરમાં યુવાનનું પૈસાની લેતી દેતીના મામલે પાઈપ મારી માથું ફોડી નાખ્યું

જામનગર, તા.૧૦

જામનગરમાં ધરાર નગર વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા યાસીન સિદ્દીકભાઈ ગંઢાર નામના ૩૩ વર્ષના યુવાને પોતાના ઉપર માથાના ભાગે લોખંડનો પાઈપ ફટકારી માથું ફોડી નાખવા અંગે તેમજ પગમાં પણ લોખંડના પાઈપના પ્રહાર કરી ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે ઇન્દ્રિષ આલા, મોઈન આલા, અને રાજા આલા નામના ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

ઈજાગ્રસ્ત યુવાનને લોહી નિતરતી હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાન યાસીન સિદ્દીક કે જે આરોપીના પરિચિત એવા સમીર પાસે ૨૨ હજાર રૂપિયા માંગતો હોય જેની ઉઘરાણી કરવા જતાં ત્રણેય આરોપીઓએ મારમાર્યો હતો અને ફરીથી ઉઘરાણી કરવા આવશે, તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી જેથી પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસ હાલ ત્રણેય આરોપીઓને શોધી રહી છે.

# સુરતના વેપારીને એકાઉન્ટન્ટે રૂા.૩.૫૫ કરોડનો ચૂનો ચોપડ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

શહેરના રિંગરોડ, જે.ડી. ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલા શ્રી શ્યામ સિલ્ક મિલ્સ નામની પેઢીના માલીકને તેના એકાઉન્ટન્ટે ૩.૫૫ કરોડનો ચૂનો ચોપડ્યો, એમ્બ્રાઈડરીનું જોબવર્ક કરતા બે કારખાનેદારો સાથે મળી એકાઉન્ટન્ટે જોબવર્કની મજુરીના હિસાબમાં બોગસ એન્ટ્રીઓ કરી વધારે મજુરી બતાવી રોકડા ૨૨.૩૩ લાખ ઉસેડી લેવાની સાથે જોબવર્ક માટે આપેલી સાડીનો જથ્થો સગેવગે કરી બારોબાર માર્કેટમાં અન્ય વ્યકિતને સસ્તામાં વેચાણ કર્યા હોવાની ફરિયાદ પોલીસ મથકમા નોંધાય છે.

મૂળ રાજસ્થાન, સીકરના વતની હાલ સુરતમાં રહેતા ૩૩ વર્ષીય મનીષકુમાર સજ્જનકુમાર અગ્રવાલ રિંગરોડ જે.ડી.ટેક્સટાઈલ માર્કેટમાં શ્રી શ્યામ સિલ્ક મિલ્સ નામની દુકાન ધરાવે છે. તેમની દુકાનમાં એકાઉન્ટન્ટ તરીકે સુમિત ઉર્ફે સમ્રાટ શીવજી ગુપ્તા નોકરી કરતો હતો. મનીષકુમારને વર્ષો જૂના એકાઉન્ટન્ટ સુમિત ગુપ્તા ઉપર આંધળો વિશ્વાસ રાખવાનું ભારે પડ્યું છે. સુમિતે વિશ્વાસનો દૂર ઉપયોગ કરી એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૫ સુધીમાં તેના શેઠ મનીષકુમારને રૂપિયા ૩,૫૫,૫૪,૭૬૦નો ચુનો ચોપડ્યો હતો. સુમિતે જગન્નાથ જોબવર્કના કર્તાહર્તા દિલીપકુમાર મોચીરામ (રહે, જગન્નાથનગર બમરોલી રોડ ગોવાલક પાંડેસરા) અને અક્ષર હેન્ડ એમ્બ્રોઈડરી તથા સિદ્ધેશ્વર ક્રિએશનના કર્તાહર્તા અશ્વિન કલ્યાણ સાવલીયા (રહે, લક્ષ્મીનગર, સરથાણ) સાથે મળી ગુનાને અંજામ આપ્યો હતો. સુમિતે આ બંને જણાને જોબવર્ક માટે અપાતા માલની ક્વોન્ટીટીમાં એકાઉન્ટમાં ફેરફાર કરી પાછળથી ખોટા અને ઉપજાવેલા એકાઉન્ટ બનાવી ખરેખર જોબવર્ક કરતા વધારે માલનું જોબવર્ક થયા અંગે હિસાબમાં એન્ટ્રી બતાવી તેના આધાર દિલીપ અને અશ્વિનને જોબવર્કની મજુરી કરતા વધારે જોબવર્કના મજુરે પેટે રૂપિયા ૨૮,૩૩,૫૯૫ આપ્યા હતા. તેમજ જોબવર્ક માટે આપેલ સાડી નંગ-૮૦, ૫૯૧૧ જેની કિંમત રૂપિયા ૩,૨૭,૨૧,૧૮૫ થાય છે. જે સાડીનો માલ બારોબાર માર્કેટમાં સસ્તામાં વેચી નાંખ્યો હતો. આ રીતે એકાઉન્ટન્ટ સુમિત અને બંને કારખાનેદારોએ કુલ રૂપીયા ૩,૫૫,૫૪,૭૯૦નો ચુનો ચોપડ્યો હતો. પેઢીને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડયા બાદ સુમિત ઘર છોડી ભાગી ગયો હતો. બીજી બાજુ મનિષભાઈએ હિસાબ કરતા કરોડો રૂપિયાની ચોરી થયા હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે સલાબતપુરા પોલીસે મનીષકુમારની ફરિયાદ લઈ એકાઉન્ટન્ટ સુમીત સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# જામનગર માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ : પ્રથમ દિવસે માત્ર પાંચ ખેડૂતો જ આવ્યા

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૧૦

સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવ્યા પછી તેનો પ્રારંભ થયો છે. આજે પ્રથમ દિવસે માત્ર પાંચ ખેડૂતો જ આવ્યા હતા.

જામનગર જિલ્લામાં હાપા માર્કેટિંગ યાર્ડ સહિત કુલ ૧૨ કેન્દ્રો પર આજથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હાપા માર્કેટ યાર્ડમાં આજે ચેરમેન મુકુંદ સભાયાએ ખરીદીનો પ્રારંભ કરાવ્યો હતો એ સમયે યાર્ડના સભ્યો પણ ઊપસ્થિત રહ્યા હતા.જામનગર તાલુકામાં કુલ ૧૯,૦૦૦ ખેડૂતોની નોંધણી થવા પામી છે. દરેક ખેડૂત પાસેથી રૂા.૧,૪૫૨



(તસવીર : ઈસ્માઈલ શેખ, જામનગર)

રૂપિયા પ્રતિ મણના ભાવે ખરીદી કરવામાં આવશે અને દરેક ખેડૂત પાસેથી ૧૨૫ મણ મગફળીની ખરીદી થશે. આજે પ્રથમ દિવસે ૫૦ ખેડૂતોને મગફળી ટેકાના ભાવે ખરીદી કરવા માટે બોલાવવામાં આવ્યા હતા પરંતુ માત્ર પાંચ ખેડૂતો જે આવ્યા હતા. હવે સોમવારે પણ ૫૦ ખેડૂતોને એસ.એમ.એસ કરીની બોલાવવામાં આવશે. જામનગર તાલુકામાં નોંધાયેલ ૧૯,૦૦૦ ખેડૂતો માટે બે સેન્ટર શરૂ કરવામાં આવનાર છે. જેમાં એક હાપા માર્કેટ યાર્ડમાં આજથી શરૂ થયું છે અને બીજું સેન્ટર આગામી સમયમાં ઠેબા ચોકડી નજીક શરૂ કરવામાં આવનાર છે. હાલ આગામી ૭૦ દિવસ સુધી ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા માટે મંજૂરી અપાઈ છે.

# રાજુલામાં નર્સની નોકરી અપાવી દેવાના બહાને ૧૪.૯૦ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૦

રાજુલામાં પુત્રીને સ્ટાફ નર્સની નોકરી અપાવવાના બહાને રૂા.૧૪.૯૦ લાખ પડાવી લઈ છેતરપિંડી વિશ્વાસઘાત કરતા યુવતીના પિતાએ ચાર શખ્સો સામે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજુલામાં વેરાઈ રોડ ઉપર રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા બાલુભાઈ માલજીભાઈ ગોહિલની પુત્રી દર્શના એ નર્સિંગનો અભ્યાસ કરેલ હોય અને તેને નોકરી અપાવવાના બહાને અશોકભાઈ મકવાણા રહેવાસી કાટીકડા તાલુકો મહુવા વાળાએ બાલુભાઈને જણાવેલ કે તમારી છોકરીને હું નોકરી અપાવી દઈશ જેથી અશોકભાઈ એ શૈલેષભાઈ વિનુભાઈ શીયાળ નામના શખ્સ સાથે મુલાકાત કરાવી વિશ્વાસમાં લઈ આ શૈલેષભાઈ વિનુભાઈ શિયાળ તેમજ તેમજ શક્તિસિંહ સરવૈયા રહેવાસી બંને એ રાજુલા આવી બાલુભાઈની પુત્રી દર્શનાને નોકરી અપાવવાનો વિશ્વાસ આપી વિશાલભાઈ નામના યુવકને ૧૪ લાખ ૯૦ હજારનો આંગડિયું કરાવ્યું હતું. આ ઉપરોક્ત ચારેય લોકોએ ગેરકાયદેસર મંડળી રચી છેતરપિંડી કરી નોકરીની લાલચ આપી વિશ્વાસઘાત કરતા નોકરી નહીં અપાવી રૂપિયા ૧૪.૯૦ લાખ પડાવી લઈ છેતરપિંડી કરતા બાલુભાઈ માલજીભાઈ ગોહિલ એ રાજુલા પોલીસમાં ઉપરોક્ત શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

# પૂણામાં વ્યાજખોરે વિધવાનું મકાન પચાવી પાડી શારીરિક અડપલાં કર્યા

### વિધવાએ વ્યાજે લીધેલા નાણાં વ્યાજ સહિત ચૂકવી આપ્યા હોવા છતાંયે વ્યાજખોરોએ વધુ પૈસાની માંગણી કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

કોસાડ વિસ્તારમાં રહેતી ૩૭ વર્ષીય વિધવાએ વ્યાજે લીધેલા નાણાં વ્યાજ સહિત ચુકવી આપ્યા હોવા છતાંયે વ્યાજખોરોએ વધુ પૈસાની માંગણી કરી છેડતી કરી હતી. વ્યાજખોરો તેની અભદ્ર માંગણી નહી સંતોષાતા વિધવાનું મકાન પચાવી પાડી દીકરા સહિત જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કોસાડ ડી-માર્ટ પાસે રહેતા ૩૭ વર્ષીય વિધવાએ એપ્રિલ ૨૦૨૩માં રાણા ભગા ભમ્મર પાસેથી ૨૨ લાખ ૨ ટકાના વ્યાજે લીધા હતા. જેની સામે વિધવાએ સિક્યુરીટી પેટે તેમનું પૂણાગામ ગુરુકુપા સોસાયટીમાં આવેલુ મકાન નામ ઉપર કરાવી લીધુ હતું. વિધવાએ વ્યાજખોર રાણા આહિરને માર્ચ ૨૦૨૫ સુધી દર મહિને રોકડથી તેમજ ઓનલાઈથી વ્યાજ ચુકવી આપતા હતા. ત્યારબાદ તેમની પાસે પૈસાની સગવડ નહી થતા વ્યાજ ચુકવી શકતા ન હતા. જેથી રામા તેમના ઘરે જઈ વ્યાજની રકમની ઉઘરાણી કરતા વિધવાએ તેની પાસે વ્યાજ આપવા સમયની માંગણી કરતા ઘર ખાલી કરવાની તેમજ દીકરા સાથે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ એક દિવસ વિધવા ઘરે એકલા હતા તે વખતે રાણા આહિર તેમના ઘરે પહોંચી જઈ શારીરીક અડપલા કર્યા હતા અને અભદ્ર માંગણી કરી હતી. જોકે વિધવા તેમના તાબે નહી થતા જાનથી મારી નાંખવાની ધમકી આપી મકાન પચાવી પાડ્યું હતું. પોલીસે વિધવાની ફરિયાદ લઈ વ્યાજખોર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# કાપોદ્રાના મકાનમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતાં અફરાતફરી

### આગ લાગી હોવાનું ભાન થતાં ઘરમાં હાજર સભ્યો સમય સૂચકતા વાપરી નીચે દોડી આવતા આબાદ બચાવ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

કાપોદ્રા લક્ષ્મણનગર પાસે દીનદયાલનગરમાં આવેલા એક મકાનના પહેલા માળે રૂમમાં રાત્રે ટીવીમાં શોર્ટ સર્કિટ થતા આગ ફાટી નીકળી હતી. જોત જોતામાં આખા રૂમમાં આગ પ્રસરી ગઈ હતી. ત્યારે રૂમની અંદર પરિવારના સભ્યો સમય સૂચકતા વાપરી સહીસલામત બહાર નીકળી ગયા હતા. જ્યારે ઘટનાને પગલે સ્થળ અફરાતફરી મચી ગઈ હતી. આ અંગે ફાયરને જાણ કરતા બે ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો.

કાપોદ્રા લક્ષમણનગર પાસેદીનદયાલનગરમાં પહેલા માળે ૧૦ બાય ૧૦ના રૂમમાં પરિવારના ત્રણથી ચાર સભ્યો રહેતા હતા. આ દરમિયાન રાત્રે રૂમમાં ટીવી અથવા ફ્રીજનમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી ગઈ હતી. જોત જોતામાં આગ ઝડપથી આખી રૂમની અંદર પ્રસરી ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થળ પર હાજર લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી. આ ઘટના અંગે ફાયરને જાણ કરવામાં આવતા કાપોદ્રા અને પુણા ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ત્યારબાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂમાં લીધી હતી. પરિવારના સભ્યો સમયસર સુરક્ષિત બહાર નીકળી ગયા હતા, જોકે તે ફાયર દ્વારા કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા સિલિન્ડરને બહાર કાઢી લેવામાં આવ્યું હતું. અર્ધો કલાકમાં આગને કન્ટ્રોલમાં કરી લેવામાં આવી હતી. આગને કારણે ટીવી, ફ્રીજ અને ઘર વખરી બળી ગઈ હતી.

# સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં સફાઈ કામદારની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરનાર પકડાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

રિંગ રોડ, સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં સાફ સફાઈનું કામ કરતા યુવકની સાથે સફાઈ કામ કરતા યુવકે તેની ભાઈની ફિયાન્સી સાથે વાત કરતો હોવાથી શંકા રાખી ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી. જેથી આખરે પોલીસે આરોપીની ધરપકડ કરી છે.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ડિંડોલી, સી.આર.પાટીલ રોડ, સુમન કેશવ આવાસમાં રહેતા સરદાર ઉર્ફે ચટ્ટા દેવીદાર ચૌહાણ રિંગરોડ સ્થિત સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં સફાઈનું કામ કરે છે. આ દરમિયાન ગઈકાલે રવિવારે સાડા નવેક વાગ્યાના આરસામાં માર્કેટના પાર્કિંગ પ્રોજેક્ટની બાજુમાં ગેટ પાસે તેની સાથે સફાઈનું કામ કરતા મુકેશ મધુકર સકટ (રહે, મહાદેવનગર ડિંડોલી)એ પેટના ભાગે ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી. મૃતક સરદાર આરોપીના ભાઈની ફિયાન્સી સાથે વાત કરતો હતો. જેની શંકા રાખી હત્યા કરી હતી. આ બનાવ અંગે પોલીસે મૃતક સરદાર ચૌહાણના ભત્રીજા વિનોદ બુધાભાઈ ચૌહાણની ફરિયાદ લઈ મુકેશ સકટ સમે હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સુરતમાં વેપારીએ સગીરાની છેડતી કરતા ધરપકડ

સુરત, તા.૧૦

સુરતના રૂસ્તમપુરામાં અકબર શહીદના ટેકરામાં રહેતો ઈમરાનખાન કાદિરખાન પઠાણ ઘર પાસે જ લેડીઝ કપડાની દુકાન ધરાવે છે. તેમની દુકાન પાસે જ અન્ય વેપારીની પણ લેડીઝ કપડાની દુકાન છે. જે વેપારીની ૧૬ વર્ષની દીકરી પણ અવારનવાર દુકાન પર બેસવા માટે આવતી હતી ત્યારે ઈમરાનખાન પઠાણે તેમના પર નજર બગાડી હતી. ઈમરાનખાન વેપારીની દુકાને મળવાના બહાને આવી તેમની દીકરીના વખાણ કરી શારીરિક અડપલા કરતો હતો. એટલું જ નહી પોતાની દુકાનમાં બેસીને કિશોરીને બિભસ્ત ઈશારાઓ કરી હેરાન પરેશાન કરતો હતો. જેથી આખરે કિશોરીએ સઘળી હકીકત પિતાને જણાવી હતી. પિતાએ દીકરીને સાથે લઈ અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈમરાનખાન પઠાણ સામે છેડતીનો ગુનો નોંધી મોડી રાત્રે તેની ધરપકડ કરી છે.

# ટંકારીઆમાં મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત મીટિંગ યોજાઈ

(સંવાદદાતા દ્વારા)
ટંકારીઆ, તા.૧૦

હાલમાં ભારતના ૧૨ રાજ્યોમાં એસ.આઈ.આર.ની કામગીરી ચાલી રહી છે. એસ.આઈ.આર. અંતર્ગત ગણતરી ફોર્મ ભરવા માટે લોકો જાગૃત થાય અને જાગૃત નાગરિક તરીકે ભવિષ્યમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે એ માટે એક માર્ગદર્શન મીટિંગ ટંકારીઆના દારૂલ ઉલૂમ હોલમાં યોજાઈ હતી. આ માર્ગદર્શન મીટિંગમાં ગામના બી.એલ.ઓ. અને ઉસ્માન સુતરિયાએ હાજર રહેલા ભાઈ બહેનોને ગણતરી ફોર્મ કેવી રીતે ભરવું તે માટેની વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં ભરૂચ તાલુકા મામલતદાર મિસ્ત્રી તથા ભરૂચ જિલ્લા પુરવઠા અધિકારી અને ૧૫૧-વાગરા મતવિસ્તારના ચૂંટણી નિરીક્ષક ગામીત ખાસ હાજર રહી ખૂબ ઉપયોગી માહિતી હાજરજનોને આપી જાગૃત નાગરિક તરીકે પોતે અને પોતાના કુટુંબીજનો તથા સગા સંબંધીઓને આ ફોર્મ વહેલી તકે ભરવા તાકીદ કરી હતી. ત્યારબાદ બી.એલ.ઓ. અને અન્ય હાજરજનોના પ્રશ્નોના


(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

સચોટ જવાબો ઉપસ્થિત અધિકારીઓ દ્વારા આપી મહત્ત્વનું માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તેમણે ગામના સરપંચ, ઉપસરપંચની આગેવાનીમાં જાગૃત આગેવાનો દ્વારા ગામમાં એસ.આઈ.આર. સંબંધિત ચાલી રહેલ જાગૃતિ અભિયાન અને માર્ગદર્શન કાર્યક્રમ અંગે સંતોષ વ્યક્ત કરી ભરપૂર પ્રસંશા કરી હતી. ઉપસ્થિત અધિકારીઓએ ગામે-ગામ બધાના સહયોગ સાથે આ પ્રમાણેની કાર્યવાહી થાય તેવી હાકલ કરી હતી. આ પ્રસંગે ડે. સરપંચ સફવાન ભુતા, માજી સરપંચ ઝાકીર ઉમતા, એસ.આઈ.આર. અંતર્ગત સેક્ટર ઓફિસર તરીકેની ફરજ બજાવનાર ઉસ્માન સુતરિયા, ઈલ્યાસ દેગમાસ્ટર, સાબિર લાલન, સઈદસાહેબ બાપુજી, નાસીરહુસૈન લોટિયા, પત્રકાર મુસ્તાક દૌલા, યુનુસ ભાઈ તથા ગામના આગેવાનો અને નવયુવાનોએ હાજર રહી પધારેલા અધિકારીઓ સાથે વિચારવિમર્શ કરી કેટલીક રજૂઆતો કરી હતી.

### રૂા.૧.૩૭ કરોડના વિદેશી દારૂ પ્રકરણમાં બેદરકારી ભારે પડી

# કઠલાલ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.બી. ભગોરાને સસ્પેન્ડ કરાયા

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૦

કઠલાલ પોલીસ સ્ટેશનની હદમાં તાજેતરમાં પકડાયેલા મોટા પ્રમાણમાં વિદેશી દારૂના જથ્થાના પ્રકરણમાં આખરે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યમાં કડક દારૂબંધીના કાયદાની અમલવારી વચ્ચે લાખો-કરોડો રૂપિયાના દારૂનો જથ્થો પકડાતા સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા હતા. આ બેદરકારી બદલ કઠલાલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) એમ.બી. ભગોરાને ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે કઠલાલ તાલુકાના ગાડવેલ ગામ નજીક દરોડો પાડીને એક કરોડ સાડત્રીસ લાખ રૂપિયા (રૂા.૧.૩૭ કરોડ)થી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું, તે દરમિયાન પોલીસે ત્રણ આરોપીઓની અટકાયત કરી હતી અને સાત જેટલાં વાહનો પણ જપ્ત કર્યા હતા. સમગ્ર મુદ્દામાલની કિંમત અંદાજે રૂા.૧.૮૩ કરોડથી વધુ થવા જાય છે. આટલો મોટો દારૂનો જથ્થો પોલીસ સ્ટેશનની હદમાં પકડાયા બાદ, દારૂની હેરાફેરી અટકાવવામાં નિષ્ફળ રહેવા અને પોતાના વિસ્તારમાં ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે પૂરતું ધ્યાન ન આપવા બદલ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ભગોરા સામે પગલાં લેવામાં આવ્યા છે. તેમની બેદરકારીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવાયા છે. પોલીસ વિભાગમાં આ બનાવથી સન્નાટો વ્યાપી ગયો છે.

# હિંમતનગર પરબડા ગ્રામ પંચાયતમાં મંજૂરી વિના ગેરકાયદેસર મકાનના બાંધકામોનો રાફડો

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૦

હિંમતનગર પરબડા ગ્રામપંચાયતના સર્વે નંબર ૨૭૬ તેમજ આસપાસના વિસ્તારોમાં કેટલાક ઠેકેદારો છેલ્લા ત્રણ ચાર વર્ષથી સતત ગેરકાયદેસર બાંધકામ કરી રહ્યા હોવાને કારણે સ્થાનિક રહીશ મુનાફખાન પઠાણએ પંચાયત, ટીડીઓ, ડીડીઓ મામલતદાર, કલેક્ટર તેમજ હુડાની ઑફિસે અરજીઓ કરી છે, આ અરજી અનુસંધાને હુડા લાગુ પડે આશરે ચાર વર્ષ વીતી ગયા છે બાંધકામની રજાચિઠ્ઠી મળતી નથી છતાં અહીંના કેટલાક કોન્ટ્રાક્ટરો કે જેમના પાસે. નિયમ મુજબના કોન્ટ્રાક્ટરો હોવા અંગેના પરવાના પણ નથી છતાં બાંધકામના વ્યવસાયમાં લાગી નિયમોની અનદેખી કરી એકજ પ્લોટ ઉપર બે, ત્રણ કે તેથી વધુ મકાનો તાણી દેતા હોય છે, એક પ્લોટ કે જે ૧૨૮૦ ફુટ ૧૬૩૮ ફુટ કે ત્રણ હઝારથી પાંચ હઝાર ફૂટના પ્લોટ માં કાયદેસર બાંધકામ ફક્ત ૧૦૮૦ ફુટ હોવા છતાં બે, ત્રણ પાંચ જેટલાં મકાનો પૂરે પુરૂ


(તસવીર : વારીસ સૈયદ, હિંમતનગર)

બાંધકામ કરી દઈ નિયમ વિરૂદ્ધ બાંધકામ કરી દેતા દેતા હોય છે, સેટ બેક એરિયા કે જેને બીજી ભાષામાં માર્જિન કહે છે નિયમ મુજબ તે પણ છોડવામાં આવતો નથી અને પૂરે પૂરૂ બાંધકામ કરી દેવામાં આવતું હોય છે. હિંમતનગર તાલુકામાં હુડા લાગુ પડે આશરે ચાર વર્ષ વીતી ગયા છતાં સતત વગર મંજૂરીથી જૂની તારીખોમાં ડુપ્લીકેટ રજા ચિઠ્ઠી બનાવી બોગસ બાંધકામનું રેકેટ સુનિયોજન પ્રમાણે ચાલતું હોય એવું પ્રથમ દૃષ્ટિએ સાફ દેખાઈ આવે છે, પંચાયતને અરજદારોએ લેખિત તથા મૌખિક અરજીઓ આપવા છતાં પંચાયત નતમસ્તક હોય તેવું લાગી રહ્યું છે, પરબડા પંચાયતના જવાબદાર અધિકારીઓ પણ ગેરકાયદેસર બાંધકામ કરતા શખ્સોથી પરેશાન હોય અને તેમની જોડે તેનો કોઈ નિચોડના હોય તેવું લાગી રહ્યું છે કેમ કે આ ઠેકેદાર કે બિલ્ડરને નોટિસ આપવા છતાં તેઓ નોટિસને ઘોળીને પી જાય છે, નિયમ મુજબથી વિરૂદ્ધ વધુ બાંધકામ વાળું મકાન ખરીદનાર ગ્રાહક ભવિષ્યમાં કાયદાના સંઘર્ષમાં આવે અને આ અનિયમિત બાંધકામને કારણે બુલડોઝર એક્શન થાય તો બિલ્ડર કે ઠેકેદારનું કાંઈ જાય નહીં. આ નુકસાન ગ્રાહકે વેઠવાનું આવે.

# પાલેજ જિલ્લા પંચાયતમાં નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પાલેજ, તા.૧૦

પાલેજ જૈન સંઘ વાડી ખાતે વાગરા વિધાનસભા ક્ષેત્રમાં પાલેજ જિલ્લા પંચાયતનું વિશેષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ ધારા સભ્ય અરૂણસિંહ રાણાની અધ્યક્ષતામાં યોજાયો, જેમાં પાલેજના સ્થાનિક ગામજનો સાથે આ પ્રસંગે વિસ્તારના વિકાસ માટેના નવા યોજનાઓ અને ભવિષ્યની દિશા વિશે વ્યાપક ચર્ચા થઈ, જેથી ગામવાસીઓને વધુ સારી સુવિધાઓ પૂરી પાડી તેમજ આજુ બાજુ ગામોમાં મજબૂત સંપર્ક બને એ વિશે વિશેષ ભાર મુક્યો આ કાર્યક્રમમાં અરૂણસિંહ રાણાએ મંતવ્યમાં જણાવ્યું હતું કે, પાલેજ જિલ્લા પંચાયતનું આ સ્નેહમિલન નવા વર્ષમાં નવી ઉર્જા અને એકતા લાવવાનું પ્રતીક છે. વાગરા વિધાનસભા ક્ષેત્રમાં ખેતી, શિક્ષણ અને આરોગ્ય જેવા ક્ષેત્રોમાં અમે વધુ પ્રયાસો કર્યા છે જેથી ગ્રામીણ વિસ્તારોનો વિકાસ ઝડપી બને તેઓએ તાજા વર્ષમાં




પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ જેમ કે રસ્તા સુધારણા, પાણી પુરવઠા અને ગ્રામીણ વીજળી વિસ્તારણાની વાત કરી અને આગામી સમયમાં નરેન્દ્ર મોદીની નેતૃત્ત્વ હેઠળ દરેક યોજનાઓનો લાભ મળશે તેમજ હર ઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી અપનાવીએ એવો સંકલ્પ કરાયો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અરૂણસિંહ રાણા જિલ્લા ભાજપા પ્રમુખ પ્રકાશ મોદી જગદીશ ભાઈ પારેખ સહસંયોજક પ્રદેશ દિવ્યજીત સિંહ ચુડાસમા ઉપપ્રમુખ જિલ્લા ભાજપ જયરાજ સિંહ પરમાર પ્રમુખ ભરૂચ તાલુકા ભાજપ જયદેવ પટેલ ભાજપ જિલ્લા લઘુમતી સેલનાં પ્રમુખ ગુલામ પટેલ સેગવા/મહામંત્રી જિલ્લા પંચાયત સદસ્ય મલંગખાં પઠાણ તેમજ ઇ.સરપંચ પાલેજ સબ્બીર પઠાણ અને તાલુકા પંચાયત સદસ્યો અનસોયા બેન તેમજ સલમાબેન જોલી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પાલેજ સરપંચ સબ્બીર પઠાણ તેમજ ટીમ દ્વારા કાર્યકમ સફળતા પૂર્વક પાર પાડ્યો હતો. અંતમાં જિલ્લા સદસ્ય મલંગખાં પઠાણે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખેડા જિલ્લામાં મગફળી અને સોયાબીનના ટેકાના ભાવની ખરીદી પ્રક્રિયાનો પ્રારંભ

## મગફળીનો ટેકાનો ભાવ રૂા.૭૨૬૩ પ્રતિ ક્વિન્ટલ અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂા.૫૩૮૨ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરાયો

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૦

ખેડા જિલ્લામાં એપીએમસી, કપડવંજમાં મગફળી, સોયાબીન, મગ અને અડદના પાકની ટેકાના ભાવની ખરીદી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ખેડા જિલ્લામાં મગફળી પાક માટે ૪૦૨૨ ખેડૂતો દ્વારા તથા સોયાબીન પાક માટે ૧૬૨ ખેડૂતો દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. નોંધાયેલ ખેડૂતોને અગ્રતાક્રમ પ્રમાણે ખરીદ કેન્દ્ર દ્વારા મેસેજ દ્વારા આગોતરી જાણ કરીને ખરીદી માટે બોલાવવામાં આવે છે. સરકાર દ્વારા મગફળીનો ટેકાનો ભાવ રૂા.૭૨૬૩ પ્રતિ ક્વિન્ટલ અને સોયાબીનનો ટેકાનો ભાવ રૂા.૫૩૮૨ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે.

જિલ્લા ખેતીવાડીની ટીમ દ્વારા મગફળીના ખરીદ કેન્દ્રની પ્રક્રિયા માટેની જરૂરી ચકાસણી કરવામાં આવી. આજના પ્રારંભિક દિવસે કપડવંજ ખાતે યોજાયેલી ખરીદી પ્રક્રિયામાં કપડવંજ ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા, એપીએમસી કપડવંજના ચેરમેન ધવલભાઈ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, કપડવંજ તથા જિલ્લા ખરીદ વેચાણ સંઘ, ખેડાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઓપરેશન પરાક્રમ અંતર્ગત

# ડભોઈ પોલીસે ૫.૩૯ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)
ડભોઈ, તા.૧૦

ડભોઇ પોલીસ સ્ટેશનના પી.આઈ કે.જે. ઝાલાને બાતમી હકિકત મળેલ કે, ક્રેટા ગાડી નં GJ-17-BH-૧૦૦૦મા એક ઈસમ દારૂ ભરી છોટાઉદેપુર તરફથી સંખેડા વઢવાણા થઈ ડભોઈ તરફ આવનાર છે. "જે હકિકત આધારે પોલીસની એક ટીમ ડભોઈ આઈ.ટી.આઈ. ત્રણ રસ્તા પાસે ગાડીની વોચમાં હતા. તે દરમ્યાન ઉપરોક્ત વર્ણનવાળી કાળા કલરની હ્યુંડાઈ કંપનીની ક્રેટા ગાડી વઢવાણા ગામ તરફના રોડ ઉપર આવતી જણાતા તેને રોડ ઉપર રોકવા ખાનગી વાહનોની આડાશ કરતા ગાડીનો ચાલક દૂરથી પોલીસ સ્ટાફના માણસોને જોઈ જતા ક્રેટા ગાડી પલટાવી ખેતરના રસ્તા પર પોતાની ગાડી મૂકી તેનો ચાલક નાસી છૂટ્યો હતો. જે બાદ ક્રેટા ગાડીમાં તપાસ કરતા દારૂની કાચના ક્વાર્ટરની પેટીઓ, તથા બિયરના ટીનની પેટીઓ મળી કુલ ૬૩૪ નંગ જેની કિંમત ૫,૩૯,૪૧૪ તથા હૂંડાઈ ગાડી કિંમત ૭૦,૦૦૦૦ મળી કુલ ૧૩,૩૯,૪૧૪ના મુદ્દામાલ પકડી પાડવામાં આવ્યો હતો. સાથે જ ગાડીમાંથી ભાગી છૂટેલા ચાલક વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને શોધી કાઢવા આગળની તપાસ હાથ ધરેલ છે.

# વડોદરામાં રસ્તા વચ્ચે બેઠેલી ગાય સાથે અથડાતાં બાઈક સવારનું મોત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

વડોદરામાં મોડીરાતે ઘરે જતો બાઈક ચાલક રસ્તા વચ્ચે બેઠેલી ગાય સાથે અથડાતા ફંગોળાઈને પડયો હતો. ડિવાઈડર સાથે તેનું માથું અફળાતા સ્થળ પર જ તેનું મોત થયું હતું. ન્યૂ સમા રોડ મંગલ દર્શન સોસાયટીમાં રહેતો સંદિપ સત્યેન્દ્રસિંહ નેગી ગત મોડીરાતે નિઝામપુરા મહેસાણા નગર ગરબા ગ્રાઉન્ડની સામેથી બાઈક લઈને ઘરે જતો હતો. તે દરમિયાન રાજુ ટાયર નામની દુકાનની સામે રોડ પર બેઠેલી ગાય તેને નહીં દેખાતા તે ધડાકાભેર ગાય સાથે અથડાતા ફંગોળાઈને ડિવાઈડર સાથે અથડાયો હતો. તેને માથામાં ગંભીર ઈજા થતા તેનું સ્થળ પર જ મોત થયું હતું. જે અંગે ફતેગંજ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે અન્ય એક બનાવમાં માંજલપુરમાં રહેતો ભાવિન પટેલ નામનો યુવક ગઈકાલે બૂલેટ લઈને સોમા તળાવ ચાર રસ્તા નજીકથી પસાર થતો હતો. તે દરમિયાન રસ્તા વચ્ચે ગાય આવી જતા તે રોડ પર ફંગોળાઈને પડયો હતો. તેને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

# વડોદરા મ્યુ. કોર્પોરેશન દ્વારા ૧૩ સ્થળોએ પે એન્ડ પાર્કની સુવિધા ઊભી કરવાનું આયોજન

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

મ્યુ. કોર્પોરેશન દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં પાર્કિંગની વધતી સમસ્યાને ધ્યાનમાં રાખીને ૧૩ સ્થળોએ પે એન્ડ પાર્કસ સુવિધા માટે વાર્ષિક ઈજારો આપવા હરાજી પ્રક્રિયા હાથ ધરાઈ છે.મ્યુ. કોર્પોરેશન હસ્તકની ખુલ્લી જગ્યા, ફૂટપાથ અને બ્રિજ નીચેની જગ્યાઓને વાર્ષિક ઈજારામાં આપવા માટે રસ ધરાવતા ઈજારદારોને તા.૨૪ નવેમ્બર સુધી જમીન મિલકત શાખા (કોમર્શિયલ)માં અરજી મોકલવાની રહેશે. પે એન્ડ પાર્કની સુવિધા માટે નક્કી કરાયેલા ૧૩ સ્થળોમાં સમા-સાવલી રોડ, તરસાલી ગુરૂદ્વારા પાસે, છાણી ફલાય ઓવરબ્રિજ નીચે, ન્યુ લહેરીપુરા રોડ, ગોલ્ડન ચોકડી અને દુમાડ ચોકડી પાસેના ફૂટપાથ, ફતેગંજ અને હિરનગર બ્રિજ નીચે, વડીવાડી પાણીની ટાંકી નજીક, તાંદળજા વિસ્તાર, સમા તળાવ, સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સામે અને હરણી લેકઝોન ફૂટપાથનો સમાવેશ થાય છે.

### અરજદારો-કર્મચારીઓમાં ફફડાટ

# પાલનપુરમાં જી.પં. કચેરીનો સ્લેબ તૂટી પડ્યો, સદ્નસીબે જાનહાનિ ટળી



(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૧૦

બનાસકાંઠા જિલ્લા પંચાયતની વર્ષો જૂની જિલ્લા પંચાયતની જર્જરિત બિલ્ડીંગનો સ્લેબ તૂટી પડતા ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જો કે, સદનસીબે જાનહાની ટળી હતી.બનાસકાંઠા જિલ્લા પંચાયતના બીજા માળેથી આજે છજા પરનો સ્લેબ ધરાશાહી થયો હતો. જિલ્લા પંચાયત કચેરીના ચાલુ કામકાજ દરમિયાન સ્લેબ ધરાશાઇ થતા અરજદારો સહિત કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જો કે, સદનસીબે કોઈની અવર-જવર ન હોવાને કારણે જાનહાની ટળી હતી. ૪૦ વર્ષ જૂની જિલ્લા પંચાયતની બિલ્ડીંગમાં અગાઉ પણ બે વખત સ્લેબ તૂટી પડવાના બનાવો બની ચુક્યા છે. ત્યારે તંત્રએ લૂલો બચાવ કરતા કચેરીનું સ્થળાંતર કરી નવી બિલ્ડીંગ બનાવવમાં આવશે તેવો દાવો કર્યો હતો.

જો કે, જર્જરીત હાલત માં રહેલી જિલ્લા પંચાયતના બિલ્ડીંગને લઈને તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. ત્યારે કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને અરજદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# મોડાસા : સહયોગ ચોકડી નજીક ખાડાનું સમારકામ કરવા જવાબદાર તંત્રની એકબીજાને ખો

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૦

મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં વિકાસના કામોમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાનું જગજાહેર છે રોડના કામોમાં હલકી કક્ષાનું મટીરિયલ વાપરવામાં આવતું હોવાની સાથે અનેક વાર કાગળ પર રોડ અને સ્થળ પર રોડની સ્થિતિ વચ્ચે તફાવત હોવા છતાં કોન્ટ્રાક્ટરને બિલની ચુકવણી કરી દેવામાં આવતી હોવાની બૂમો ઉઠી રહી છે રોડ નિર્માણ પછી રોડની સાઈડમાં પૂરણ કરવામાં પણ ઘોર બેદરકારી દાખવામાં આવી રહી છે રોડ ગેરંટી પિરિયડ પહેલા તૂટી જવાની ઘટનાઓ સામાન્ય બની છે અધિકારીઓ એસી ઓફિસમાં બેઠા-બેઠા રોડનું કામકાજ ટેન્ડર પ્રમાણે થતું હોવાનું મોનિટરિંગ કરી બિલ ચૂકવણી સમયે રોડની ગુણવત્તાની યોગ્ય ચકાસણી કર્યા વગર ટકાવારીના મદમાં બિલ ચૂકવી દેવામાં આવી રહ્યા છે.મોડાસા શહેરના માલપુર રોડ પર સહયોગ ચોકડી નજીક મેઘરજ રોડ પર જવાના સર્વિસ રોડ પર છેલ્લા કેટલાય સમયથી મસમોટો ખાડો પડ્યો છે જવાબદાર તંત્ર દ્વારા ખાડાનું સમારકામ અગમ્ય કારણોસર અધુરા છોડી દીધા પછી તંત્રએ જાણે હાથ અદ્ધર કરી લેતા ખાડાના પગલે રોડ પરથી પસાર થતાં વાહનચાલકો જાણે મોતના ખાડા નજીકથી પસાર થતાં હોવાનો અહેસાસ અનુભવી રહ્યા હતા. આ અંગે પત્રકારોનો એક જાગૃત નાગરિકે સંપર્ક કરી ખાડો છેલ્લા કેટલાક મહિનાથી પૂરવામાં આવતો ન હોવાથી વાહન ચાલકોમાં ભય પ્રવર્તી રહ્યો હોવાનું જણાવતા આ અંગે સમાચાર પ્રસિદ્ધ કરતા GSRDCના અધિકારીઓ જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરી રોડ પર પડેલા ખાડા અંગેની બેદરકારી ઢાંકવાનો પ્રયત્ન કર્યો હોવાનું જાગૃત નાગરિકે જણાવ્યું હતું. જોકે ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં જવાબદાર તંત્ર હરકતમાં આવ્યું હોવાની સાથે ખાડો પુરાવા કામગીરી હાથધરી હતી.

જાગૃત વાહનચાલકોના જણાવ્યા અનુસાર, રોડ પર પડેલો ખાડો કોનો એની હુંસાતુંસીમાં પડ્યા વગર જવાબદાર તંત્ર દ્વારા ઝડપી ખાડાનું સમારકામ હાથ ધરવામાં આવેની તાતી જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું અને આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જાણ કરવા અંગે તજવીજ હાથધરી છે.

# વડોદરાના કોયલી ગામે સાગર પ્લાઝા કોમ્પ્લેક્સમાં ભીષણ આગ : મેડિકલ સ્ટોર ખાક

## વહેલી સવારે લાગેલી આગથી આસપાસના વેપારીઓમાં ભારે દહેશત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

વડોદરા નજીક કોયલી ગામમાં સોમવારે વહેલી સવારે ભીષણ આગની ઘટના સામે આવી હતી. ગોવર્ધન પ્રોવિઝન સ્ટોર સામે, કોયલી ત્રણ રસ્તા નજીક આવેલા સાગર પ્લાઝા કોમ્પ્લેક્સના મેડિકલ સ્ટોરમાં આગ લાગતા લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો. માહિતી મળતાં જ છાણી ફાયર સ્ટેશનમાંથી ફાયર જવાનો તાત્કાલિક કોયલી ગામ ખાતે રવાના થયા હતા. ફાયર બ્રિગેડના દળે સ્થળ પર પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા માટે ભારે પ્રયાસ હાથ ધર્યા હતા. કલાકોની જહેમત બાદ આખરે ફાયરકર્મીઓને આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. સ્થળ પરથી મળતી માહિતી અનુસાર, આગ એટલી વિકરાળ હતી કે મેડિકલ સ્ટોર સંપૂર્ણપણે ખાખ થઈ ગયો હતો. આગના તીવ્રતાને કારણે આજુબાજુની દુકાનોમાં પણ આગની લપેટ ફંટાય તેવા સંજોગો સર્જાયા હતા. જેના પગલે નજીકમાં આવેલા વેપારીઓ તેમજ સ્થાનિક લોકો ઘટના સ્થળે ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. જોકે સમયસર ફાયર બ્રિગેડની કાર્યવાહીથી આગ વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. આગના ચોક્કસ કારણો હાલ જાણી શકાયાં નથી. પ્રાથમિક અનુમાન મુજબ ઈલેક્ટ્રિક શૉર્ટસર્કિટ અથવા ગેસ લીકેજ જેવી શક્યતાઓ સામે આવી રહી છે. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મેડિકલ સ્ટોરમાં રહેલ દવાઓ અને સામગ્રી થઈ લાખો રૂપિયાનું નુકસાન થયાનું અંદાજ લગાવવામાં આવી રહ્યું છે. ફાયર વિભાગે આગ કાબુમાં લીધા બાદ સ્થળનું સર્વેક્ષણ હાથ ધર્યું છે અને આખી ઘટનાસંબંધિત વધુ તપાસ શરૂ કરી છે.

### અંકોડિયા ગામના ખેડૂતો દ્વારા રજૂઆત કરાઈ

# વડોદરા : બિનખેતી પરવાનગી ફાઈલોમાં વિલંબ સામે આક્રોશ, ૧૦૦થી વધુ કિસ્સા લાંબા સમયથી પડતર

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

વડોદરા શહેરથી લાગતા અંકોડિયા ગામના ખેડૂતો આજે જિલ્લા કલેક્ટર કચેરીએ બિનખેતી પરવાનગી તથા હેતુફેરની ફાઈલોમાં થતાં વિલંબની સામે રજૂઆત કરવા માટે આવ્યા હતા. ખેડૂતો ગુજરાત ખેડૂત હિતરક્ષક સમિતિના નેતૃત્વમાં મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ પહોંચ્યા અને મહેસૂલી વિભાગ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ખેડૂતોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૫, ૬૫એ, ૬૫બી અને ૬૭એ હેઠળ દાખલ થયેલી અરજીઓમાં મહિનાઓ વીતી ગયાં છતાં નિકાલ કરવામાં આવતો નથી. નિયમ મુજબ બિનખેતી પરવાનગી માટેની અરજી ત્રણ મહિનામાં મંજૂર કે નામંજૂર કરવાની હોય છે, છતાં જિલ્લા કલેક્ટર કચેરીમાં હાલ ૧૦૦થી વધુ ફાઈલો પડતર હોવાનું જણાય છે.

ખેડૂત અગ્રણીઓએ જણાવ્યું હતું કે, 'સરકાર ત્વરિત નીતિ અપનાવી ખેડૂતોને રાહત આપવા માગી રહી છે, તેમ છતાં વડોદરા જિલ્લામાં જમીન સંબંધિત બિનખેતીની ફાઈલો લાંબા સમયથી અટકાવી રાખવામાં આવી છે. આ કાર્યવાહીથી ખેડૂતોની યોજનાઓ રૂંધાઈ રહી છે.' તેમણે આક્ષેપ કર્યો કે, મહેસૂલી વિભાગના કર્મચારીઓ ઈરાદાપૂર્વક ફાઈલોમાં વિલંબ કરી રહ્યા છે.

ખેડૂતો દ્વારા હેતુફેરના કેસોમાં કન્વર્ઝન ટેક્સ ભરાય પછી સર્ટિફિકેટ જાહેર કરવાની પ્રક્રિયા ઝડપથી હાથ ધરાય તેવી પણ


(તસવીર : અતિક શેખ, વડોદરા)

માગણી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, વિલંબિત પ્રક્રિયા કારણે ખેડૂતોએ રોકાયેલા નાણાં અને યોજનાઓ બંને નુકસાનમાં જઈ રહી છે.રજૂઆત દરમિયાન ખેડૂતોએ ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ મુજબની દરેક કાર્યવાહી સમયસર અને પારદર્શક રીતે થાય તે માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ખેડૂતોની રજૂઆત બાદ કલેક્ટર કચેરીના અધિકારીઓએ મામલો તાત્કાલિક તપાસી યોગ્ય નિકાલ કરવા વિશ્વાસ આપ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# વડોદરામાં રેલવેના ઈલેક્ટ્રિશિયનનો ગળેફાંસો ખાઈને આપઘાત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

વડોદરા રેલવેમાં ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા યુવકે ગઈકાલે રાતે ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. આપઘાતનું કારણ જાણવા માટે બાપોદ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આજવા રોડ સયાજી ટાઉનશિપની સામે ગોકુલધામ ટાઉનશિપમાં રહેતો ૩૬ વર્ષનો વિકાસકુમાર કનુભાઈ ગણાવા રેલવે નવાયાર્ડમાં ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતો હતો. હાલમાં તેની પત્ની પિયર ગઈ હતી. પત્નીએ કોલ કરતા વિકાસકુમારે કોલ રિસિવ કર્યા નહતા. જેથી, પત્નીએ તેમના ભાઈને જાણ કરતા ભાઈએ ઘરે તપાસ કરવા ગયો હતો. તેણે દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ, વિકાસકુમારે દરવાજો ખોલ્યો નહતો. જેથી, દરવાજો તોડતા તે ગળા ફાંસો ખાધેલી હાલતમાં હતો. રસોડાની છત પર લાગેલા હુક પર કપડા સૂકવવાની દોરી વડે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે અંગે પોલીસને જાણ કરવામાં આવતા બાપોદ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મહેશભાઈએ સ્થળ પર જઈને તપાસ કરી હતી. પોલીસને કોઈ અંતિમ ચિઠ્ઠી મળી આવી નહતી. આપઘાતનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

### પાલનપુર ફરતે બાયપાસનું ભૂત ફરી ધૂણ્યું

# જમીન સંપાદનમાં પૂરતા ભાવ ન મળતા ખેડૂતોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૧૦

પાલનપુરના ફરતે બનતા બાયપાસ રોડનું ભૂત ફરી ધૂણ્યું છે. પાલનપુર તાલુકાના ખોડલા ગામના ખેડૂતોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં અપૂરતા વળતર અને વધુ પડતા જમીન સંપાદન સામે વિરોધ વ્યક્ત કરતા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.

પાલનપુર શહેરના હાઈવે સર્કલ પર ટ્રાફિકની વિકટ સમસ્યાને લઈને સરકાર દ્વારા બાયપાસ મંજૂર કરાયો છે. જેમાં જમીન સંપાદનમાં ક્યાંક ૬૦ મીટર તો ક્યાંક ૧૦૦ મીટર જમીન સંપાદન કરાતા તંત્રની



ભેદભાવભરી નીતિ સામે ખેડૂતોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે. વધુ પડતી જમીન સંપાદન અને પાણીના ભાવે જમીન સંપાદન કરી નજીવું વળતર મળતા ખોડલા ગામના ખેડૂતો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ રાજકીય નેતાઓ અને તંત્ર સામે વિરોધ જતાવતા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ન્યાય નહીં મળે તો ખોડલા ગામ સહિત ૧૫ ગામના લોકો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની છત્તીસગઢના મુખ્યમંત્રીએ લીધી મુલાકાત

# છત્તીસગઢમાં રોકાણકારોને આકર્ષવા રાજ્યના ઉદ્યોગકારો સાથે કરશે બેઠક

## ઈન્ડસ્ટ્રીયલ પોલિસી તથા વાઈબ્રન્ટ સમિટની વિગતો મેળવી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ ગાંધીનગરમાં લીધી હતી. તેઓ એકતાનગરમાં હાલ ચાલી રહેલા ભારત પર્વમાં ૧૦મી એ રાત્રે થનારી છત્તીસગઢ રાજ્યની વિવિધ સાંસ્કૃતિ પ્રસ્તુતિના કલાકારોને પ્રોત્સાહિત કરવા ગુજરાત આવ્યા છે. આગામી સમયમાં છત્તીસગઢમાં યોજાનારી રહેલી છત્તીસગઢ ઈન્વેસ્ટર્સ કનેક્ટમાં ગુજરાતના રોકાણકારોને પ્રેરિત કરવા છત્તીસગઢના મુખ્યમંત્રી મંગળવારે અમદાવાદમાં તેમની સાથે બેઠક પણ યોજવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ કાર્યક્રમો પૂર્વે તેઓ મળ્યા હતા અને ગુજરાતે વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટનું સ્થાન મેળવ્યું છે તે વિશે જાણવામાં ઊંડો રસ દાખવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છત્તીસગઢના મુખ્યમંત્રીને આ વર્ષે રિજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સના પ્રયોગ દ્વારા ગુજરાતના જિલ્લાઓમાં ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહિત કરીને વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલના ઉદ્દેશ સાથે વર્લ્ડ માર્કેટ આપવાના અભિગમથી માહિતગાર કર્યા હતા.

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ ગુજરાતની ઈન્ડસ્ટ્રીયલ પોલિસીની વિસ્તૃત જાણકારી માટે ઉદ્યોગ અગ્ર સચિવ સહિતના વરિષ્ઠ સચિવો સાથે બેઠક પણ યોજી હતી. એટલું જ નહીં, ગુજરાતમાં પબ્લિક ડિલિવરી સર્વિસીસ સિસ્ટમ અને જનહિત યોજનાઓના ટ્રાન્સપેરન્ટ તથા રિયલ ટાઈમ મોનિટરિંગ માટે વિકસાવવામાં આવેલા સીએમ ડેશબોર્ડની ગતિવિધિ અંગેની જાણકારી માટે વિષ્ણુ દેવ સાંઈએ સી.એમ. ડેશબોર્ડની પણ મુલાકાત લઈ જાણકારી મેળવી પ્રભાવિત થયા હતા. ગુજરાતની આવી પહેલોને છત્તીસગઢમાં પણ શરૂ કરવામાં પણ તેમણે રુચિ દર્શાવી હતી. આ મુલાકાત વેળાએ મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, સચિવ ડો. વિક્રમ પાંડે, ઈન્ડેક્સ 'બી'ના મેનેજિંગ ડાયરેક્ટર કેયુર સંપત તથા સી.એમ. ડેશબોર્ડના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

# છેલ્લા પાંચ વર્ષમાં આર્બિટ્રેશનના તમામ ૬૧ કેસોમાં મ્યુ.કોર્પો.ની હાર

## લીગલ કમિટીમાં ઉઠયો પ્રશ્ન : મ્યુ. કોર્પો.ની કાનૂની શાખા નિષ્ફળ કેમ ?

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લીગલ કમિટીની બેઠકમાં ખુલાસો થયો કે, છેલ્લા પાંચ વર્ષમાં ૩.૨૫ કરોડની રકમ આર્બિટ્રેટર તથા વકીલોને ચૂકવવા છતાં આર્બિટ્રેશનની કાર્યવાહીના તમામ ૬૧ કેસોમાં મ્યુ.કોર્પો.ને હારનો સામનો કરવો પડયો છે. જે મ્યુ. કોર્પો. માટે શરમજનક વાત છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લીગલ કમિટીમાં કામ નં.૧ કે જે આર્બિટ્રેશનના કેસો બાબતનો રિપોર્ટ્સ. કમિટીમાં રજૂ કરવા બાબતનું કામ છે. તે કામની ફાઈલમાં જણાવ્યા મુજબ અમદાવાદ મ્યુ. કોર્પો. દ્વારા વિવિધ કોન્ટ્રાક્ટરો દ્વારા આર્બિટ્રેશનની કાર્યવાહી કરવા માટેના કેસ ચાલતા હોય છે તેની સુનાવણી આર્બિટ્રેટરની હાજરીમાં બંને પક્ષકારો સાથે રાખી કરવાની હોય છે આર્બિટ્રેટર દ્વાર બંને પક્ષનો મામલો હલ કરવાનો હોય છે તેમ છતાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૧ કેસ આર્બિટ્રેશન માટે મુકવામાં આવ્યા હતા તે તમામ કેસોમા નવાઈજનક રીતે મ્યુ. કોર્પો.ની હાર થઈ છે. આપણી પાસે સુપ્રીમ કોર્ટના ૪ વકીલો હાઈકોર્ટના ૧૯ વકીલો સિટી સિવિલ કોર્ટના ૧૧ વકીલો તેમજ અન્ય નિષ્ણાત વકીલોની ફોજ હોવા છતાં આર્બિટ્રેશનના તમામ ૬૧ જેટલા કેસોમાં મ્યુ.કોર્પો.ની હાર થઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં મ્યુ.કોર્પો. દ્વારા આર્બિટ્રેશનના કેસો માટે વિવિધ વકીલોને રૂ. ૧.૯૦ કરોડ તથા આર્બિટ્રેટરોને ૧.૬૫ કરોડ મળી કુલ રૂ.૩.૨૫ કરોડની ફી ચૂકવેલ છે તેમ છતાં હારનો સામનો કરવો પડયો છે. જે મ્યુ. કોર્પો. માટે શરમજનક બાબત છે. જેથી મ્યુ. કોર્પો.ની શાખ તળીયે જવા બેઠી હોય તેવી લાગણી અનુભવાય છે. જેને કારણે મ્યુ.કોર્પો.ને આર્બિટ્રેટ આપેલ એવોર્ડ મુજબ રૂ.૧૦૧.૨૪ કરોડની માતબર રકમ ચુકવવાની મ્યુ. કોર્પો.ને ફરજ પડેલ જેને કારણે મ્યુ. કોર્પો. ઉપર આર્થિક ભારણ વધે છે અને વિકાસ કાર્યોમાં વિલંબ પણ થવા પામે છે. જેનો બોજ સામાન્ય પ્રજાજન ઉપર આવેછે. મ્યુ. કોર્પો.ની તમામ ૬૧ કેસોમાં હાર થાય જેને કારણે મ્યુ. કોર્પો.ની લીગલ ખાતાની કામગીરી ખાડે ગયેલ છે તે સ્પષ્ટ થાય છે. આ બાબતે તપાસ કરી જે જવાબદાર હોય તેની સામે પગલાં ભરવા કોંગ્રેસ પક્ષના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું છે.

વન વિભાગને માહિતી મળતા તરત તપાસ હાથ ધરી હતી

# સિંહ સદનના નામે નકલી વેબસાઈટથી ઓનલાઈન બુકિંગના બહાને છેતરપિંડી

## આબેહૂબ નકલી વેબસાઈટ બનાવી પ્રવાસીઓને ઠગવાનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજ્યના પ્રસિદ્ધ 'સિંહ સદન' માટે નકલી વેબસાઈટ બનાવી, પ્રવાસીઓ પાસેથી ઓનલાઈન બુકિંગના બહાને રૂપિયા પડાવી લેતા ચીટર તત્વો સામે વન વિભાગ સક્રિય બન્યો છે. ચીટિંગનો ભોગ બનનારાની સંખ્યા વધે એ પહેલા જ વન વિભાગ સમયસર પગલાં લઈ સાયબર સેલ સહાયથી આ ફેક વેબસાઈટ ડિલીટ કરાવીને એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યા હતા. વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે માહિતી આપતાં જણાવ્યું કે, સિંહ સદન માટે ઓનલાઈન બુકિંગની સુવિધા ઉપલબ્ધ નથી અને વન વિભાગની કોઈ સત્તાવાર વેબસાઈટ દ્વારા બુકિંગ થતું નથી. છતાં કેટલાક લોકોએ સિંહ સદનના નામે આબેહૂબ નકલી વેબસાઈટ બનાવી પ્રવાસીઓને ઠગવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ ચિટિંગની માહિતી વન વિભાગને ૩૧ ઓક્ટોબરના રોજ મળી હતી. તે બાદ વિભાગ દ્વારા તપાસ શરૂ કરી હતી. આ ફેક વેબસાઈટની લિંક દ્વારા મળેલા ડેટા અને ટેકનિકલ વિગતો આધારે ચીટર તત્વો હરિયાણાના મેવાસ અને ધોલપુર વિસ્તારના હોવાના પ્રમાણ મળ્યા હતા. વન વિભાગે પહેલાં ભોગ બનનારાઓનો સંપર્ક સાધી તેમને ફરિયાદ નોંધાવવા માટે રજૂઆત કરી હતી પરંતુ ઘણાં લોકોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

તપાસ દરમિયાન ચીટિંગમાં વપરાયેલ મોબાઈલ નંબર બંધ હોવાથી વન વિભાગે તે નંબર પર રેગ્યુલર ટ્રેકિંગ રાખી હતી. કેટલાક દિવસ પછી નંબર ચાલુ થતા વન વિભાગના અધિકારીએ 'ગ્રાહક' બની બુકિંગ કરવા સંપર્ક કર્યો હતો. ચીટરે માહિતી માટે ચૂકવણી માંગી હતી અને જ્યારે અધિકારીએ નિર્ધારિત રકમ ટ્રાન્સફર કરી ત્યારે ચીટરે રિસીપ્ટ મોકલી હતી. આ બાદ વન વિભાગે તાત્કાલિક સાયબર સેલમાં ફરિયાદ દાખલ કરી હતી. સાયબર સેલ દ્વારા ફરિયાદ નોંધતા સાથે જ સંબંધિત ડોમેન ડિલીટ કરાવી અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં આ ફેક વેબસાઈટ વિદેશી સર્વર પર હોસ્ટ હોવાના સંકેત મળ્યા છે. તેમજ આ નેટવર્ક અન્ય ટુરિસ્ટ સ્પોટ અને વન્ય જીવન સંબંધિત સ્થળોના નામે પણ સમાન રીતે લોકોને ઠગવાનો પ્રયાસ કરતું હોય એવા આધાર પણ મળ્યા છે. અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે જનતાને ચેતવણી આપી કે, "સિંહ સદન અથવા કોઈ વન્ય વિસ્તાર માટે બુકિંગ માત્ર સત્તાવાર વન વિભાગના કાર્યાલય દ્વારા જ થાય છે. કોઈપણ અજાણી વેબસાઈટ દ્વારા ચુકવણી ન કરવી. એમ ફેક લિંક્સ દૂર કરવા માટે ગૂગલ અને સાયબર સેલ સાથે સંપર્કમાં છીએ.

બેફામ ડ્રાઈવિંગનો વધુ એક કિસ્સો

# ઓઢવ રિંગ રોડ પર હિટ એન્ડ રનમાં યુવકનું મોત, એક ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ શહેરના માર્ગો પર બેફામ ડ્રાઈવિંગનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ઓઢવ રિંગ રોડ બ્રિજ નીચે રવિવારે મોડી રાત્રે એક અજાણ્યા પૂરપાટ ઝડપે આવતા વાહને ટુ-વ્હીલરને ટક્કર મારતા ૪૫ વર્ષીય ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઓઢવ ટ્રાફિક પોલીસના જણાવ્યા અનુસાર આ દુઃખદ ઘટના રવિવાર રાત્રે આશરે ૧૧:૪૫ વાગ્યે બની હતી. મૃતકની ઓળખ ગોવિંદ પરમાર (ઉં. ૪૫) તરીકે થઈ છે, જેઓ શૈલેષ પરમાર સાથે ટુ-વ્હીલર પર સવાર હતા. જ્યારે તેઓ ઓઢવ રિંગ રોડ ઈન્ટરસેકશન બ્રિજ નીચેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક અજાણ્યા વાહને પાછળથી તેમના ટુ-વ્હીલરને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે બંને સવાર ટુ-વ્હીલર પરથી ફંગોળાઈ ગયા હતા. ગોવિંદ પરમારને ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. જ્યારે શૈલેષ પરમારને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે અકસ્માત સર્જનાર વાહન ચાલક અંધારાનો લાભ ઉઠાવી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. મૃતકના દેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે.

આ મામલે મૃતકના સંબંધી અને ઓઢવના રહેવાસી મહેશભાઈ પરમાર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મોટર વ્હીકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

એક વરિષ્ઠ ટ્રાફિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ હિટ એન્ડ રન કેસમાં વાહનની ઓળખ કરવા માટે આસપાસના વિસ્તારના તેમજ નજીકના ટોલ પોઈન્ટના સીસીટીવી ફૂટેજ મેળવવામાં આવી રહ્યા છે. ટ્રાફિક પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું છે અને આ જીવલેણ અકસ્માત માટે જવાબદાર વાહન અને ચાલકને શોધવા માટે સઘન તપાસ હાથ ધરી છે.'

# અજમેર દરગાહ કમિટીની રચના કરવાનો દિલ્હી હાઈકોર્ટનો હુકમ

અમદાવાદ, તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે ત્રણ મહિનામાં અજમેર દરગાહ કમિટીની રચના કરવાનો હુકમ કર્યો છે. કાયદા પ્રમાણે અજમેર દરગાહનો વહીવટ કરનાર ૯ સભ્યોની કમિટી છેલ્લા ૩ વર્ષથી અસ્તિત્વમાં નથી તેને લઈને કરાયેલી અરજી પર આ નિર્દેશ જારી કરાયો છે. અરજદાર મેરાજ સૈયદની અરજી મંજૂર કરી કેન્દ્ર સરકારને દિલ્હી હાઈકોર્ટે હુકમ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અજમેર દરગાહનું તેમજ ઉર્સનો વહીવટ કરવા ૧૯૫૫માં કેન્દ્ર સરકારે 'ખ્વાજા ગરીબ નવાઝ અજમેર દરગાહ' કાયદો પસાર કરેલ જે અનુસાર અજમેર દરગાહનું સંચાલન નાજીમ કરશે અને તે ૯ સભ્યની કમિટીની સૂચના મુજબના ઠરાવોનો અમલ કરવામાં આવશે. આ કમિટી સમગ્ર દરગાહનું સંચાલન કરતી આવી છે ત્યારે છેલ્લા ત્રણેક વર્ષથી અગાઉની કમિટીની મુદ્દત પૂર્ણ થયા બાદ હજુ સુધી નવી કમિટીની રચના કરવામાં આવી નથી. જેને લઈને હાઈકોર્ટ સમક્ષ આ સમગ્ર મામલો પહોંચ્યો હતો.

# રાજકોટમાં બેફામ BMWએ ટુ-વ્હીલરને ટક્કર મારતાં ૨૦ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીનું મોત

રાજકોટ, તા.૧૦

પોલીસે અકસ્માત માટે સ્થાનિક ઉદ્યોગપતિના પુત્ર BMW ડ્રાઈવરની ધરપકડ કરી છે. ગુજરાતના રાજકોટ શહેરમાં સોમવારે વહેલી સવારે એક ઝડપી મ્સ્ઉ એ તેના ટુ-વ્હીલરને ટક્કર મારીને લગભગ ૨૦૦ ફૂટ સુધી ખેંચી જતાં ૨૦ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીનું મોત થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. રાજકોટ (તાલુકા) પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે કાલાવડ રોડ પર રાત્રે લગભગ ૨ વાગ્યે થયેલા અકસ્માત માટે પોલીસે સ્થાનિક ઉદ્યોગપતિના પુત્ર BMW ડ્રાઈવરની ધરપકડ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અભિષેક નાથાણીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને ટક્કરથી વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. 'એસયુવી રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહેલા ટુ-વ્હીલરને ટક્કર મારી અને લગભગ ૨૦૦ ફૂટ સુધી ખેંચાઈ ગઈ. અકસ્માત એટલો બધો હતો કે વાહનનો આગળનો ભાગ તૂટી ગયો હતો અને પીડિતનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું,' સબ-ઈન્સ્પેક્ટર પીજે પરમારે જણાવ્યું. ડ્રાઈવર, આત્માન પટેલ (૨૬) સુરક્ષિત રીતે ભાગી ગયો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું. અકસ્માત સીસીટીવીમાં કેદ થયો હતો, અને તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# જોધપુરમાં આનંદ નિકેતન સ્કૂલ બસને અકસ્માત-બસ ડિવાઈડર પર ચઢી

## બાઈક ચાલક વચ્ચે આવતાં અકસ્માત થયો, બસમાં સવાર ૫ બાળકોનો બચાવ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરના જોધપુર વિસ્તારમાં આનંદ નિકેતન સ્કૂલની બસને અકસ્માત નડ્યો હતો. સ્કૂલ છુટ્યા બાદ બાળકોને ઘરે મુકવા જઈ રહી હતી ત્યારે જોધપુર વિસ્તારમાં બાઈક ચાલક વચ્ચે આવી જતા તેને બચાવવા જતા બસના ચાલકે કાબુ ગુમાવ્યો હતો. જેના પગલે સ્કૂલ બસ રસ્તાની વચ્ચેના ડિવાઈડર પર ચઢી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, આનંદ નિકેતન સ્કૂલ છુટ્યા બાદ સ્કૂલ બસમાં બેસીને વિદ્યાર્થીઓ ઘરે જઈ રહ્યા હતા. આ વખતે એક બસ જોધપુર વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી ત્યારે રસ્તામાં એક બાઈક ચાલક વચ્ચે આવી ગયો હતો. આ વખતે સ્કૂલ બસના ચાલકે બાઈક ચાલકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, જેના પગલે બસના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેથી બસ રસ્તાની વચ્ચે આવેલા ડિવાઈડર પર ચઢી ગઈ હતી. અકસ્માત થયો તે વખતે બસમાં પાંચ જેટલા વિદ્યાર્થીઓ બેસેલા હતા. જો કે, અકસ્માતમાં વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ઈજા થઈ ન હતી. જેથી સ્થાનિકોએ બાળકોને સ્કૂલ બસમાંથી હેમખેમ નીચે ઉતાર્યા હતા. ત્યારબાદ સ્કૂલની બીજી બસ ત્યાં આવી પહોંચતા આ વિદ્યાર્થીઓને અન્ય બસમાં બેસાડીને ઘર તરફ રવાના કરવામાં આવ્યા હતા.

ઠગ દંપતી સામે વધુ એક ફરિયાદ

# જુહાપુરા : ગુજરાત હાઉસીંગ બોર્ડમાં મકાન અને દુકાન અપાવવાના નામે રૂા.૨.૧૦ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

જુહાપુરા વિસ્તારમાં રહેતા ઠગ દંપતીએ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ઉંચી ઓળખાણ હોવાનું કહીને મકાન અને દુકાનનો સોદો કરીને રૂા. ૨.૧૦ લાખ મેળવીને ખોટી રસીદો આપી હતી.જોકે પોલીસે થોડા દિવસ અગાઉ જ આરોપીની ધરપકડ કરી હતી પરંતુ આરોપીઓની ધરપકડ બાદ વધુ એક ફરિયાદ નોંધાઈ છે.આરોપીઓએ અગાઉ પણ ૧૦ લોકો સાથે રૂા. ૨૧.૮૦ લાખની છેતરપિંડી કરી હતી. જમાલપુરમાં રહેતા આયશાબીબી કુરેશી ઘરકામ કરે છે અને તેમની બે દીકરીઓ સાથે રહે છે.આયશાબીબી તેમની મોટી દીકરી રેહાનાના ઘરે ગયા હતા ત્યારે જાણવા મળ્યું હતું કે તમારા જમાઈના નામની દુકાનમાં કામ કરતા અનવર અને તેની પત્ની શાહીનબાનુ ઓળખાણથી અંબર ટાવર પાસેના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં સરકારી મકાન અને દુકાન લઈ આપે છે.જેથી આયશાબીબીએ બંનેનો સંપર્ક કર્યો હતો અને સ્કીમમાં મકાન અને દુકાન માટે રૂા. ૧,૨૦,૦૦૦ અને ૬૦,૦૦૦ આપ્યા હતા.એટલું જ નહીં તેમની દીકરીએ પણ દુકાન અને મકાન માટે ડિપોઝિટ પેટે પૈસા આપ્યા હતા.આમ કુલ ૨.૧૦ લાખ રૂપિયા આપ્યા હતા જેની સામે અનવરે તેમને રસીદ પણ આપી હતી. આયશાબીબીએ મકાન કે દુકાન લેવા સંપર્ક કર્યો ત્યારે અનવર અને શાહીનનો સંપર્ક પણ થઈ શકતો નહોતો અને તેમના ઘરે ગયા ત્યારે ઘરને પણ તાળું મારેલું હતું.આયશાબીબીને જાણવા મળ્યું કે આ પતિ પત્નીએ અગાઉ અનેક લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે.અનવરના દીકરા અને દીકરીએ પણ આયશાબીબીને કહ્યું હતું કે, મારા માતા પિતા વિશે પૂછશો તો ખોટા કેસમાં ફસાવી દઈશ અને હાથ પગ ભંગાવી દઈશ તેવી ધમકી આપી હતી જેથી આ આયશાબીબીએ શાહીનાબાનું, અનવર, અયાન અને મિસ્બાહ વિરુદ્ધ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ઝઘડાની અદાવત રાખી પિતા-પુત્રએ યુવક પર ફરીથી હુમલો કર્યો

## પિતા-પુત્ર સામે ફરિયાદ બાદ પતિ-પત્ની સામે પણ ક્રોસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

શહેરના એરપોર્ટ વિસ્તારમાં અગાઉના ઝઘડાની અદાવતમાં યુવક પર મરચાવાળુ પાણી નાખી ફટકાર્યો હતો. આ મામલે પિતા-પુત્ર સામે યુવકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામે પક્ષે પણ પતિ-પત્ની સામે ક્રોસ ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે તપાસ હાથ ધરી છે. સરદારનગર વિસ્તારમાં રહેતો વિકાસ દિલીપભાઈ વાઘડીયા ભદ્રેશ્વર ખાતે ટી સ્ટોલ ચલાવે છે. ગઈકાલે ટી સ્ટોલ બંધ કરી એક્ટિવા પર બેઠો હતો. ત્યારે ત્યાં મુકેશ ઉર્ફે ટેક્સી કિશનભાઈ મારવાડી આવ્યો હતો. તા.૨૧ જુલાઈના રોજ મુકેશ સાથે વિકાસનો ઝઘડો થયો હતો તેની અદાવતના કારણે બંને વચ્ચે માથાકુટ ચાલી રહી હતી. મુકેશે આવતાની સાથે પોતાના હાથમાં રહેલ મરચું મિક્સ કરેલ પાણી વિકાસ પર નાંખ્યું હતું. ત્યારબાદ મુકેશ અને તેની સાથે આવેલ તેના પિતા કિશનભાઈ પણ વિકાસને મારવા લાગ્યા હતા. આ સમયે બૂમાબૂમ થતાં આસપાસના લોકો આવી ગયા હતા અને વિકાસને છોડાવ્યો હતો. આ મામલે પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ અંગે વિકાસે મુકેશ અને તેના પિતા કિશનભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ કિશનભાઈએ પણ વિકાસ અને તેની પત્ની તેજલ સામે મારા મારી સહિતની કલમ હેઠળ ક્રોસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ચૂંટણીપંચની આ પહેલ પર ૧૦,૨૦૪ નાગરિકોએ મદદ મેળવી

# મતદારોને SIR અંગે મૂંઝવતા પ્રશ્નો વગેરે માટે "બુક અ કોલ વીથ BLO"

## મતદાર 'ECINET' વેબસાઈટ પર જઈ BLO સાથે કોલ બુક કરી શકે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓકટોબરથી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા દરમિયાન ફોર્મ ભરવા સહિતની વિગતોની લોકોમાં ઊઠી રહેલા સવાલો વચ્ચે ચૂંટણીપંચ દ્વારા મતદારોને સરળ સમજ માટે વધુ પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ SIR પ્રક્રિયામાં મતદારને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન સર્જાય તથા ગેરસમજ ઊભી ન થાય તે માટે ભારતના ચૂંટણી પંચે ટેક્નોલોજીનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરીને વિવિધ પહેલોને અમલમાં મૂકી છે. આ પહેલો પૈકીની એક પહેલ અટલે 'બુક અ કોલ વિથ BLO'. આ સુવિધા એટલે મતદારોને SIR વિષયક મૂંઝવતા કોઈપણ પ્રશ્નનો ઘરે બેઠા જવાબ મેળવવાનો સૌથી સરળ માર્ગ. રાજ્યનો પાત્રતા ધરાવતો કોઈ મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતો મતદાર મતદારયાદીમાં સામેલ ન રહે તેવા ધ્યેય સાથે હાલ, રાજ્યભરમાં બુથ લેવલ ઓફિસર્સ (BLO) ખૂબ જહેમત ઉઠાવી ઘરે-ઘરે પહોંચીને ગણતરી ફોર્મ (એન્યુમરેશન ફોર્મ)નું વિતરણ કરી નાગરિકોને આ ફોર્મ ભરવામાં મદદરૂપ બની રહ્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાં મતદારોને 'બુક અ કોલ વિથ BLO' સુવિધા પણ ખૂબ મદદરૂપ સાબિત થઈ રહી છે. તા.૧૦.૧૧.૨૦૨૫ સુધીમાં ગુજરાતના ખૂણે-ખૂણેથી કુલ ૧૦,૨૦૪ નાગરિકોએ 'ecinet' વેબસાઈટ પર જઈને આ સુવિધાનો લાભ મેળવ્યો છે. જે પૈકી ૬,૨૩૯ નાગરિકોનો બુથ લેવલ ઓફિસર દ્વારા માત્ર ૪૮ કલાકના ટૂંકાગાળામાં સંપર્ક કરીને માર્ગદર્શન આપ્યું છે.

બુક અ કોલ વિથ BLO સાથે જોડાવવા સૌથી પહેલા ecinet.eci.gov.in પર જઈ હોમ પેજ પર દેખાતા બુક અ કોલ વિથ BLO વિકલ્પ પર ક્લિક કરવાનું રહેશે. તે બાદ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર/EPIC નંબર નાંખી, OTP મેળવો. ત્યારબાદ પોર્ટલ પર નોંધાયેલી તમારી વિગતો દર્શાવવામાં આવશે. અંતે "બુક અ કોલ વીથ BLO" પર ક્લિક કરી કન્ફોર્મ કરવાનું રહેશે.

આ ઉપરાંત એન્યુમરેશન ફોર્મ પર બુથ લેવલ ઓફિસરનો નંબર આપવામાં આવ્યો છે. જેના પર સંપર્ક કરીને મતદાર માર્ગદર્શન મેળવી શકે છે. તેમ વધુમાં જણાવાયું છે.

મોર્ડન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ-મલ્ટી લેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને મળશે સરળ એકસેસ

# આગામી જનગણના તદ્દન ડિજિટલ રીતે થશે; અદ્યતન વેબ સાઈટ લોન્ચ કરાઈ

## ૨૦૨૭ની જનગણના અગાઉ પ્રિ-ટેસ્ટ માટે ૨૬૦ બ્લોક પસંદ કરાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં જનગણના-સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ https://gujarat.census.gov.in/નું લોન્ચિંગ કર્યું હતું. ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવની જનગણના નિયામક કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટમાં મોર્ડન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ અને મલ્ટીલેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને સરળ એક્સેસ મળશે. એટલે કે આગામી જનગણના હવે એકદમ અદ્યતન ડિજિટલ થશે તેમ મનાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેબસાઈટનું લોન્ચિંગ કરતા કહ્યું કે, જનકલ્યાણની દરેક યોજનાઓના અસરકારક અમલ અને આયોજનથી સંતુલિત વિકાસનો જે ધ્યેય રાખ્યો છે તે જનગણનાથી જનકલ્યાણની ટેગ લાઈનને સુસંગત છે. નવી વેબસાઈટ લોન્ચિંગથી એને વધુ બળ મળશે. મુખ્યમંત્રીએ આ વખતે દેશની આગામી જનગણના ૨૦૨૭ અંતર્ગત પ્રથમ વખત મોબાઈલ એપ્લિકેશન દ્વારા સંપૂર્ણપણે ડિજિટલ રીતે હાથ ધરવામાં આવી રહી છે તેની સરાહના કરતા કહ્યું હતું કે, નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પ્રથમ વખત, સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે. રાજ્યના જનગણના નિયામક સુજલ મયાત્રાએ આ વેબસાઈટની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, આગામી ૨૦૨૭ની જનગણના માટે રિહર્સલ હાથ ધરવામાં આવ્યું છે અને વિવિધ મોબાઈલ એપ્સનો ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ જનગણના ૨૦૨૭ના પ્રિ-ટેસ્ટ માટે ગુજરાતના સુરત મહાનગરપાલિકાના ૧૩૩ બ્લોક, દાહોદના દેવગઢબારિયા તાલુકાના ૨૬ ગામોના ૭૦ બ્લોક અને મોરબીના ટંકારા તાલુકાના ૨૫ ગામોના ૬૦ બ્લોક પસંદ કરવામાં આવ્યા છે. આ પસંદ કરાયેલા વિસ્તારોમાં જે પ્રિસ્ટેસ કામગીરી ૧૦ થી ૩૦ નવેમ્બર હાથ ધરવાની છે તેની જાણકારી પણ જનગણના નિયામકે આપી હતી. આ વેબસાઈટ લોન્ચિંગ અવસરે મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# BLOને અપાતા વોરંટના વિરોધમાં ૧૫મીએ ચૂંટણી અધિકારીઓને આવેદન સુપરત કરાશે

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠકમાં શિક્ષકોમાં ભય ફેલાવતી વોરંટ પ્રથા રદ કરવા ઠરાવ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

BLOની કામગીરીમાં શિક્ષકોમાં ભય ફેલાવતી વોરંટ પ્રથા રદ કરવા માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્ય કારોબારી બેઠકમાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં ગાંધીનગર ખાતે મહાસંઘની કારોબારી બેઠકમાં ૧૫ નવેમ્બરના રોજ પ્રત્યેક વિધાનસભા દીઠ મુખ્ય ચૂંટણી અધિકારી તથા મુખ્યમંત્રીને સંબોધીને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગના જિલ્લા કારોબારી અને રાજ્ય કારોબારીના હોદ્દેદારોની બેઠક ગાંધીનગરના ચન્દ્રાલા સી.કે પટેલ સંકુલ મુકામે યોજાઈ હતી. જેમાં શિક્ષકોના વિવિધ પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોમાં હાલમાં ચાલી રહેલી SIRની કામગીરીમાં BLO તરીકે કામ કરતા શિક્ષકોને પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં BLOની કામગીરીમાં શાળા સમય દરમિયાન છૂટ અને તાલુકાના અધિકારીઓ દ્વારા થતું દબાણ દૂર થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, બદલી નિયમોમાં સુધારો કરી શિક્ષકોને બીજી વાર જિલ્લાફેર બદલીનો લાભ આપવા, CRC-BRCનો કુલિંગ પીરીયડ રદ કરવા તેમજ BRC-CRCને સેલ્ફી પાડી હાજરી પૂરવાનો વિરોધ કરવામાં આવ્યો હતો. ધોરણ-૧થી ૫ના બીએડ થયેલા શિક્ષકોને બ્રીજ કોર્સમાંથી મુક્તિ આપવા, એક વખત BLOની કામગીરી કરેલી હોય તેવા શિક્ષકોને ફરીથી આ પ્રકારની કામગીરીનો ઓર્ડર ન આપવા, BLOને ચૂંટણી કામગીરીનો ઓર્ડર ચૂંટણી કાર્ડના આધારે નહીં પરંતુ પોતાની નોકરી કરતા શાળાના ગામમાં આપવા માટેના પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રશ્નો પણ બેઠકમાં રજૂ થયા હતા.

આપના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ચૈતર વસાવાનું સ્ફોટક નિવેદન

# હું જંગલનો વાઘ છું, સર્કસનો વાઘ નથી, ક્યારેય ભાજપમાં નહીં જોડાઉ

## તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપનો તમામમાં સફાયો થઈ જશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા તરીકે ઉભરી આવેલા ધારાસભ્ય ચૈતર વસાવાએ મોટું નિવેદન આપતા કહ્યું કે, ભાજપ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ડેડિયાપાડા લાવી રહ્યું છે. ભાજપ તેમને મેં સ્થાપિત કરેલી પ્રતિમાને માળા ચઢાવવા માટે મજબૂર કરી રહી છે. બધા મારા પર ભાજપમાં જોડાવા માટે દબાણ કરી રહ્યા છે પરંતુ હું ખુલ્લા જંગલમાં ફરતો વાઘ છું. હું મુક્તપણે ફરૂં છું. હું સર્કસનો વાઘ બનવા માંગતો નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત પહેલા, આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા છે. ચૈતર વસાવાએ કહ્યું કે, ભાજપ ખોટા કેસ દાખલ કરીને તેમનું સ્થાન નીચે લાવવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ હું કહી દઉં કે, હું જંગલનો વાઘ છું. હું સર્કસનો વાઘ નહીં બની શકું. હું ક્યારેય ભાજપમાં નહીં જોડાઉં. બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પીએમ મોદી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા વિધાનસભા મતવિસ્તારની મુલાકાત લેવાના છે અને ચૈતર વસાવા ડેડિયાપાડાના ધારાસભ્ય છે. ત્યારે તે પહેલા ચૈતર વસાવાનું સ્ફોટક નિવેદન સામે આવ્યું છે. ધારાસભ્ય ચૈતર વસાવા જેલમાંથી છૂટ્યા બાદ સતત સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યાં છે. ત્યારે ગઈકાલે ચૈતર વસાવાએ દાહોદમાં બીજી સભા સંબોધી હતી. આમ આદમી પાર્ટીના નેતા ચૈતર વસાવાએ છોટાઉદેપુર જિલ્લાને નિશાન બનાવીને રાજકીય ગઢમાં મોટું ગાબડું પાડ્યું છે. દાવો કરાયો છે કે, કવાંટ તાલુકાના આથાડુંગરી ગામે આયોજિત સભામાં ભાજપના ૫૦૦૦ અને કોંગ્રેસના ૩૦૦૦ જેટલા કાર્યકરો અને હોદ્દેદારો બંને પાર્ટીઓ છોડીને આપમાં સામેલ થઈ ગયા હતા. વસાવાએ એમ પણ કહ્યું કે, મને ભાજપમાં જોડવા માટે અનેક નેતાઓ દબાણ કરી રહ્યા છે પરંતુ તેઓ મને ભાજપમાં જોડવાનો ટાર્ગેટ રાખતા હોય તો મારો પણ ટાર્ગેટ છે કે, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત ચૂંટણી પહેલા ભાજપના એક લાખ કાર્યકરોને આપમા જોડીશ. ચૈતર વસાવાએ કહ્યું કે, ભાજપ તેમના પર પાર્ટીમાં જોડાવા માટે દબાણ કરી રહી છે. વસાવાએ દાવો કર્યો હતો કે, આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપનો તમામ વિસ્તારોમાં સફાયો થઈ જશે.

# જોર્ડન, સીરિયા અને તુર્કી ઐતિહાસિક હિજાઝ રેલવેને ફરી શરૂ કરવાની યોજના સાથે આગળ વધી રહ્યા છે

(એજન્સી) તા.૧૦

જોર્ડન, સીરિયા અને તુર્કી ઐતિહાસિક હિજાઝ રેલવેને પુનઃસ્થાપિત કરવા માટે સંયુક્ત પહેલ પર આગળ વધી રહ્યા છે, જે વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષ અને સરહદ બંધ થવાથી ખોરવાયેલા પ્રાદેશિક પરિવહન અને વેપાર નેટવર્કને ફરીથી બનાવવાના પ્રયાસોના ભાગરૂપે ત્રણેય દેશોને જોડતા વિભાગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. અમ્માન અને દમાસ્કસમાં શ્રેણીબદ્ધ બેઠકો પછી આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી અને મધ્ય પૂર્વના સૌથી મહત્ત્વપૂર્ણ પરિવહન માર્ગોમાંથી એકને પુનર્જીવિત કરવા માટે દાયકાઓમાં આ પહેલો ગંભીર પ્રયાસ છે. ત્રણેય દેશોના અધિકારીઓ પરિવહન માળખાગત સુવિધાઓ અને ક્ષતિગ્રસ્ત રેલવે લાઇનોના પુનઃસ્થાપન પર સહયોગને આવરી લેતા સમજૂતી પત્રનો મુસદ્દો તૈયાર કરવા માટે પ્રારંભિક શરતો પર સંમત થયા છે. ઓટ્ટોમન સુલતાન અબ્દુલહમીદ બીજાના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવેલ



અને ૧૯૦૮માં ઉદ્ઘાટન કરાયેલ, હેજાઝ રેલવે એક સમયે ઇસ્તંબુલથી દમાસ્કસ અને અમ્માન થઈને મદીના સુધી વિસ્તરેલી હતી. તે મુસ્લિમ યાત્રાળુઓની સેવા કરવા અને ઓટ્ટોમન સામ્રાજ્યમાં વહીવટી સંબંધોને મજબૂત બનાવવા માટે બનાવવામાં આવી હતી. આ રેલવેએ નાટકીય રીતે દમાસ્કસ-મદીના મુસાફરીને ચાલીસ દિવસથી ઘટાડીને માત્ર પાંચ દિવસ કરી દીધી, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ અને ત્યારબાદના સંઘર્ષો દરમિયાન ભારે નુકસાનને કારણે તે બિનઉપયોગી બની ગઈ. આજે, ત્રણેય રાષ્ટ્રો તેના પુનરુત્થાનને પ્રાદેશિક જોડાણ પુનઃસ્થાપિત કરવા, વેપારને વેગ આપવા અને યુદ્ધ પછીના પુનર્નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રતીકાત્મક અને વ્યૂહાત્મક બંને રીતે જુએ છે.

# ભારત અને સઉદી અરેબિયા વચ્ચે દ્વિપક્ષીય હજ કરાર પર હસ્તાક્ષર; ૨૦૨૬ની હજયાત્રા માટે ભારતનો ક્વોટા નક્કી કરવામાં આવ્યો

**ભારત માટેનો ક્વોટા ૧,૭૫,૦૨૫ કરવામાં આવ્યો છે**

(એજન્સી) તા.૧૦

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જેદ્દાહમાં દ્વિપક્ષીય હજ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં ૨૦૨૬માં હજયાત્રા માટે ભારત માટે દેશનો ક્વોટા ૧૭૫,૦૨૫ થયો છે તેની પુષ્ટિ કરવામાં આવી છે. રિજિજુએ ૭થી ૯ નવેમ્બર સુધી સઉદી અરેબિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી અને તેમણે રવિવારે જેદ્દાહમાં સઉદી હજ અને ઉમરાહ મંત્રી, તૌફિક બિન ફૌઝાન અલ રબિયા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન, બંને મંત્રીઓએ હજ તૈયારીઓની સમીક્ષા કરી, સંકલન અને લોજિસ્ટિકલ સપોર્ટ વધારવાના પગલાંની ચર્ચા કરી અને ભારતીય યાત્રાળુઓ માટે યાત્રા પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત કરવા માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાને પુષ્ટિ કરી હતી.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, આ ચર્ચાઓ સરળ અને આરામદાયક યાત્રાળુ અનુભવ સુનિશ્ચિત કરવા માટે સુવિધાઓ, પરિવહન, રહેઠાણ અને આરોગ્ય સેવાઓમાં સુધારો કરવા પર કેન્દ્રિત હતી. આ બેઠક બાદ, બંને પક્ષોએ જેદ્દાહમાં હજ-૨૦૨૬ માટે ભારત અને સઉદી અરેબિયા વચ્ચે દ્વિપક્ષીય હજ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત માટે દેશના ક્વોટાની પુષ્ટિ ૧,૭૫,૦૨૫ની કરવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન, રિજિજુએ હજ-૨૦૨૬ માટેની ચાલી રહેલી તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે રિયાધમાં ભારતીય દૂતાવાસ અને જેદ્દાહ, ભારતના કોન્સ્યુલેટ જનરલના અધિકારીઓ સાથે આંતરિક સમીક્ષા બેઠક પણ યોજી હતી. ભારતીય યાત્રાળુઓના કલ્યાણ અને આરામની ખાતરી કરવા માટે સઉદી અધિકારીઓ સાથે ગાઢ સંકલનમાં મિશન અને કોન્સ્યુલેટ ટીમો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની તેમણે પ્રશંસા કરી હતી. મંત્રીએ યાત્રાળુઓ માટે ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ અને સુવિધાઓની પ્રત્યક્ષ સમજ મેળવવા માટે જેદ્દાહ અને તૈફમાં મુખ્ય હજ અને ઉમરાહ-સંબંધિત સ્થળોની ક્ષેત્રીય મુલાકાત પણ લીધી હતી, જેમાં ટર્મિનલ ૧ અને જેદ્દાહમાં હરામૈન સ્ટેશનનો સમાવેશ થાય છે. તેમણે જેદ્દાહ અને તૈફમાં ભારતીય



ડાયસ્પોરાના કેટલાક સભ્યો સાથે પણ વાતચીત કરી હતી.

રિજિજુએ X પર જણાવ્યું કે, “ભારત-સઉદી અરેબિયા સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું. સઉદી અરેબિયા રાજ્યના હજ અને ઉમરાહ મંત્રી મહામહિમ ડૉ. તૌફિક બિન ફૌઝાન અલ-રબિયા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી અને દ્વિપક્ષીય હજ કરાર પર હસ્તાક્ષર કર્યા. ૨૦૨૬ માટે ભારતીય યાત્રાળુઓ માટે ૧,૭૫,૦૨૫નો હજ ક્વોટા સુરક્ષિત કરવામાં આવ્યો છે. હજ ૨૦૨૬ પરની અમારી ચર્ચાઓએ બંને દેશોની સહિયારી પ્રતિબદ્ધતાની પુષ્ટિ આપી કે તેઓ બધા હજ યાત્રાળુઓ માટે સલામત, સરળ અને આધ્યાત્મિક રીતે પરિપૂર્ણ યાત્રા સુનિશ્ચિત કરી શકે. આ મુલાકાત ભારત અને સઉદી અરેબિયા રાજ્ય વચ્ચે ગાઢ ભાગીદારીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે બંને દેશોની વિવિધ ક્ષેત્રોમાં, ખાસ કરીને સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને સમુદાય કલ્યાણમાં સહયોગ વધારવાની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ મુલાકાત, મિત્રતા, પરસ્પર આદર અને સહયોગની ભાવનાને વધુ મજબૂત બનાવી છે જે યાત્રાળુઓના કલ્યાણ અને દ્વિપક્ષીય સંબંધોને વ્યાપક મજબૂત બનાવવા માટે સકારાત્મક યોગદાન આપે છે. રિજિજુ સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું જેમાં અધિક સચિવ (અખાતી) અસીમ આર. મહાજન અને લઘુમતી બાબતોના મંત્રાલયના સંયુક્ત સચિવ (હજ) રામસિંહનો સમાવેશ થતો હતો. આ મુલાકાત સાઉદી હજ અને ઉમરાહ મંત્રીના આમંત્રણ પર આયોજિત કરવામાં આવી હતી.

# દક્ષિણ ગાઝામાં ન ફૂટેલા ઇઝરાયેલી દારૂગોળાથી બાળકનું મોત

(એજન્સી) તા.૧૦

શનિવારે મીડિયા અહેવાલોમાં જણાવાયું કે ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલી સેના દ્વારા છોડવામાં આવેલા બોમ્બથી એક પેલેસ્ટીની બાળકનું મોત થયું છે. સત્તાવાર પેલેસ્ટીની સમાચાર એજન્સી WAFAએ સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે વિસ્ફોટ દક્ષિણ શહેર ખાન યુનુસમાં થયો હતો. ગાઝા પર હુમલા દરમિયાન ઇઝરાયેલી સેના દ્વારા ઉપયોગમાં લેવાતા ન વપરાયેલા શસ્ત્રો પેલેસ્ટીનીઓ માટે ગંભીર ખતરો છે. યુદ્ધવિરામથી સક્રિય દુશ્મનાવટ બંધ થઈ ગઈ હોવા છતાં, ઇઝરાયેલી સેના દ્વારા છોડવામાં આવેલા યુદ્ધના અવશેષો હજુ પણ જીવ લઈ રહ્યા છે. પેલેસ્ટીની સરકારના આંકડા અનુસાર, ગાઝામાં ૨૦,૦૦૦ ન ફૂટેલા શેલ અને રોકેટ પથરાયેલા છે અને તેમને સાફ કરવામાં ૨૦થી ૩૦ વર્ષ લાગી શકે છે. અધિકારીઓએ એમ પણ જણાવ્યું કે ખાણકામ માટેના સાધનોને પ્રવેશવાની



મંજૂરી આપવામાં આવી નથી. ગાઝા, જે હવે ખુલ્લી લેન્ડમાઇન જેવું લાગે છે, તે બાળકો માટે ખાસ ખતરો છે, જે સૌથી સંવેદનશીલ સમુહ છે, કારણ કે તેઓ ઘણીવાર દારૂગોળો દ્વારા ઊભા થતા ઘાતક જોખમોથી અજાણ હોય છે.

# સેના દ્વારા બળાત્કારનો વીડિયો લીક થયા પછી અટકાયત વચ્ચે ઇઝરાયેલી સેનાના પૂર્વ ફરિયાદી આત્મહત્યાના ભયમાં

(એજન્સી) તા.૧૦

ઇઝરાયેલી મીડિયા અનુસાર, રવિવારે સવારે એક પૂર્વ ઇઝરાયેલી લશ્કરી ફરિયાદીને શંકાસ્પદ આત્મહત્યાના પ્રયાસ બાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. કાનના જાહેર પ્રસારણકર્તાએ જણાવ્યું કે યિફાટ ટોમર-યેરુશાલ્મીના પરિવાર દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ પેરામેડિક્સ તેમના ઘરે પહોંચ્યા હતા. ઇઝરાયેલની ચેનલ ૧૧ અનુસાર, ટોમર-યેરુશાલ્મીએ મોટી માત્રામાં ઊંઘની ગોળીઓ ખાઈ લીધી હતી. પૂર્વ સૈન્ય કાનૂની વડા, જે તબીબો પહોંચ્યા ત્યારે ભાનમાં હતા, તેમને બાદમાં વધુ સારવાર માટે તેલ અવીવની ઇચિલોવ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કુખ્યાત સદે તેઇમાન સુવિધામાં ઇઝરાયેલી સૈનિકો દ્વારા પેલેસ્ટીની અટકાયતી પર બળાત્કાર કરવાના ફૂટેજ લીક થયા બાદ ટોમર-યેરુશાલ્મી



હાલમાં દસ દિવસની નજરકેદ ભોગવી રહ્યા છે. સોમવારે યેરુશાલ્મીની ધરપકડ કરવામાં આવી હતી અને ન્યાયમાં અવરોધ, છેતરપિંડી, વિશ્વાસઘાત અને પદના દુરુપયોગ સહિત અનેક આરોપો મૂકવામાં આવ્યા હતા. કાનના અહેવાલ મુજબ, કોર્ટે શુક્રવારે યેરુશાલ્મીને નજરકેદમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. તેમને પેલેસ્ટીની કેદી પર બળાત્કારમાં સામેલ અન્ય લોકોનો સંપર્ક કરવાથી પણ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. ટોમર-યેરુશાલ્મી ગયા અઠવાડિયે ઘણા કલાકો સુધી ગાયબ રહ્યા હતા અને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની આશંકા હતી. પૂર્વ ફરિયાદીને બાદમાં સદે બેઈમાન લીક કેસમાં મળી આવ્યા હતા અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૪માં જાતીય શોષણના ફૂટેજ લીક થવાને મંજૂરી આપ્યા બાદ ટોમર-યેરુશાલ્મીએ ગયા શુક્રવારે રાજીનામું આપ્યું હતું. આ લીકને કારણે પાંચ સૈનિકો સામે ફોજદારી આરોપો લાગ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો, જેમાં આરોપી સૈનિકોનો બચાવ કરવા માટે લશ્કરી સુવિધાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કરતા ઇઝરાયેલીઓ દ્વારા રમખાણોનો સમાવેશ થાય છે.

# કબજાવાળા વેસ્ટ બેંકમાં પૂર્વ જેરૂસલેમમાં ગેરકાયદેસર ઇઝરાયેલી વસાહતીઓ દ્વારા ૮ પેલેસ્ટીની ઘાયલ થયા

(એજન્સી) તા.૧૦

રવિવારે કબજાવાળા વેસ્ટ બેંકમા અને પૂર્વ જેરૂસલેમમાં ગેરકાયદેસર ઇઝરાયેલી વસાહતીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં આઠ પેલેસ્ટીની ઘાયલ થયા છે. બેદુઈન અધિકાર સમૂહ અલ-બૈદર અનુસાર, ગેરકાયદેસર ઇઝરાયેલી વસાહતીઓએ કબજાવાળા પૂર્વ જેરૂસલેમની ઉત્તરે આવેલા અલ-અરરા બેદુઈન સમુદાય પર પથ્થરો અને લાકડીઓથી હુમલો કર્યો, જેમાં સાત પેલેસ્ટીનીઓને વિવિધ અંશે ઇજા પહોંચી. વસાહતીઓએ કન્ટેનર ઘરો સળગાવી દીધા અને રહેવાસીઓને ભૌતિક નુકસાન પહોંચાડ્યું. સંગઠને ચેતવણી આપી કે ‘આ ઉલ્લંઘનો ચાલુ રહેવાથી લોકોની સ્થિરતા અને તેમની જમીન પર તેમની હાજરીને સીધો ખતરો છે અને બળજબરીથી વિસ્થાપનનો માર્ગ મોકળો થાય છે.’ સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે દક્ષિણ વેસ્ટ બેંકના હેબ્રોનની દક્ષિણે આવેલા ઉમ્મ અલ-ખૈર ગામમાં, વસાહતીઓના બીજા સમુહે સવારે પેલેસ્ટીનીઓ પર હુમલો કર્યો જ્યારે તેઓ તેમની જમીન પર કામ કરી રહ્યા હતા. એક યુવાન પેલેસ્ટીનીને ચહેરા અને માથામાં ઇજાઓ થયા બાદ તબીબી



સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પેલેસ્ટીની આંકડાઓ અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩થી કબજાવાળા વેસ્ટ બેંક પર ઇઝરાયેલી હુમલાઓમાં વધારો થયો છે, જેમાં ૧,૦૬૯થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા અને ૧૦,૩૦૦ અન્ય ઘાયલ થયા. વસાહતીકરણ અને દિવાલના પ્રતિકાર પરના સત્તાવાર કમિશન અનુસાર, ઇઝરાયેલી સેના અને ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સે ફક્ત ઓક્ટોબર મહિનામાં વેસ્ટ બેંકમાં પેલેસ્ટીનીઓ, તેમના ઘરો, મિલકત અને આજીવિકાના સ્ત્રોતો પર ૭૬૬ હુમલા કર્યા હતા. ગયા જુલાઈમાં એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે ઇઝરાયેલના પેલેસ્ટીની પ્રદેશ પરના કબજાને ગેરકાયદેસર જાહેર કર્યો હતો અને વેસ્ટ બેંક અને પૂર્વ જેરૂસલેમમાં તમામ વસાહતોને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

# ઇઝરાયેલમાં જર્મન શસ્ત્રોની નિકાસનો વિરોધ કરવા માટે હેમ્બર્ગમાં કાર્યકરોએ રેલવે ટ્રેક પર પોતાને સાંકળથી બાંધ્યા

(એજન્સી) તા.૧૦

જર્મનીના હેમ્બર્ગ બંદર પર કાર્યકરોના એક સમૂહે સરકાર દ્વારા ઇઝરાયેલમાં શસ્ત્રોની નિકાસનો વિરોધ કરવા અને ગાઝામાં નાગરિકોની વેદના તરફ ધ્યાન દોરવા માટે પોતાને રેલવે પાટા પર બાંધી દીધા હતા. શુક્રવારે, લગભગ ૪૦ પ્રદર્શનકારીઓએ યુરોગેટ અને બુરચાર્ડકાઈ કન્ટેનર ટર્મિનલ વચ્ચેની રેલ લાઇનને અવરોધિત કરી હતી. સમૂહે ઘણા કલાકો સુધી પાટા પર કબ્જો જમાવ્યો હતો, જેના કારણે કાર્ગો પરિવહન ખોરવાઈ ગયું હતું. કાર્યકર્તા સમૂહના પ્રવક્તા જુલે ફિંકે જણાવ્યું કે તેઓ પેલેસ્ટીન સાથે એકતા દર્શાવવા માટે નાગરિક કાનૂનભંગમાં ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું કે, ‘એ સ્પષ્ટ છે કે ઇઝરાયેલી સરકાર લાંબા સમયથી પેલેસ્ટીનમાં યુદ્ધ ગુનાઓ કરી રહી છે. આ નરસંહાર છે અને જર્મન સરકાર આમાં સક્રિય રીતે ભાગીદાર છે. જર્મની તેના બંદરો દ્વારા ઇઝરાયેલને શસ્ત્રોની નિકાસ કરવાનું ચાલુ રાખે છે. હેમ્બર્ગના લોકો તેમના બંદરને શસ્ત્રોના શિપમેન્ટ માટે કેમ ઉપયોગ કરવાની મંજૂરી આપે છે ?.’ સલામતીની ચિંતાઓને




કારણે, વિરોધ દરમિયાન પાટા ઉપરની ૧૫,૦૦૦-વોલ્ટ પાવર લાઇન બંધ કરી દેવામાં આવી હતી. કેટલાક બંદર કામદારોએ વિરોધને ટેકો આપ્યો. પોલીસ અધિકારીઓએ પ્રદર્શનનો અંત લાવતા કામદારોને એક પછી એક પાટા પરથી દૂર કર્યા.

# પેલેસ્ટીનીઓએ ઇઝરાયેલી અટકાયતના ‘બ્લેક હોલ’નું વર્ણન કર્યું

(એજન્સી) તા.૧૦

મહિનાઓ સુધી પોતાના વકીલનો સંપર્ક ન કરી શક્યા પછી, હવે મુક્ત થયેલા પેલેસ્ટીની કેદી શેડી અબુ સેઇડોએ જણાવ્યું કે ગાઝા યુદ્ધ દરમિયાન ઇઝરાયેલી જેલમાં રાખવામાં આવતાં તે સમયનો ખ્યાલ ગુમાવી બેઠો હતો. ૩૫ વર્ષીય પેલેસ્ટીની નિવાસીની માર્ચ ૨૦૨૪માં ધરપકડ કરવામાં આવી હતી, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા ઇઝરાયેલ પર હુમલો કરવામાં આવ્યો હતો જેના પાંચ મહિના પછી. ફોટોજર્નાલિસ્ટ અબુ સેઇડોએ જણાવ્યું કે ગાઝા શહેરની અલ-શિફા હોસ્પિટલમાં કામ કરતી વખતે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને સાઇડ તેઈમન જેલમાં રાખવામાં આવ્યા હતા, જે યુદ્ધ દરમિયાન ગાઝાવાસીઓને રાખવામાં આવતી ઇઝરાયેલી લશ્કરી સુવિધા હતી. તેમની ધરપકડ સમયે, અલ-શિફા કમ્પાઉન્ડ યુદ્ધના કેન્દ્રમાં હતું, જ્યાં માનવતાવાદી સંગઠનોએ ઇઝરાયેલ પર માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો, જ્યારે ઇઝરાયેલે હમાસ પર તેનો અને અન્ય નાગરિક સુવિધાઓનો કમાન્ડ સેન્ટર તરીકે ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. અબુ સેઇડોને ઇઝરાયેલના ‘ગેરકાયદેસર લડાયક’ કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા, જે ‘પ્રતિકૂળ દળો’ના શંકાસ્પદ સભ્યોને મહિનાઓ સુધી આરોપ વિના અટકાયતમાં રાખવાની મંજૂરી આપે છે. અબુ સેદોએ જણાવ્યું કે તેમને વારંવાર ઇઝરાયેલી દાવાઓનો સામનો કરવો પડ્યો કે ‘તેઓએ અમારા બાળકો, અમારી સ્ત્રીઓને મારી નાખ્યા અને અમારા ઘરો પર બોમ્બમારો કર્યો.’ તેમણે જણાવ્યું કે તેથી, જ્યારે મેં (મારા બાળકોને) જોયા, ત્યારે તે ખૂબ જ આઘાતજનક હતું. ૧૦ ઓક્ટોબરથી અમલમાં આવેલા યુદ્ધવિરામમાં, લગભગ ૨,૦૦૦ પેલેસ્ટીની કેદીઓના બદલામાં હમાસ દ્વારા ૨૦ જીવંત બંધકોને ઇઝરાયેલ પરત કરવામાં આવ્યા. તેમણે



જણાવ્યું કે કલ્પના કરો, સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધીના ૧૦૦ દિવસ, તમારા ઘૂંટણ પર, હાથકડી પહેરેલા, આંખો પર પાટા બાંધેલા, બોલવાની મનાઈ. તમને સમય ખબર નથી, તમે તમને દિવસ ખબર નથી, તમને ખબર નથી કે તમે ક્યાં છો. ત્યારબાદ તેમને ઇઝરાયેલના કબજવાળા વેસ્ટ બેંકમાં આવેલી ઓફેર લશ્કરી જેલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં પરિસ્થિતિઓ ‘કલ્પનાની બહાર’ હતી. તેમની કેદ દરમિયાન, અબુ સેયદો તેમના વકીલ સાથે ફક્ત બે વાર વાત કરી શક્યા. તેમણે જણાવ્યું કે તેમના પર કોઈ આરોપ મૂકવામાં આવ્યો નથી અને તેમની અટકાયત કોઈપણ સમજૂતી વિના ‘આપમેળે લંબાવવામાં આવી’. ઇઝરાયેલી સૈન્યએ તેમના કેસ પર ટિપ્પણી કરવાનો ઇન્કાર કર્યો. જેલ સેવા કહે છે કે બધા કેદીઓને ‘કાનૂની પ્રક્રિયાઓ અનુસાર રાખવામાં આવે છે અને તબીબી સંભાળ અને પર્યાપ્ત રહેવાની પરિસ્થિતિઓ સહિત તેમના અધિકારોનો આદર કરવામાં આવે છે.’

# હમાસ સાથેના નાજુક યુદ્ધવિરામ વચ્ચે ઇઝરાયેલી હુમલાઓ અને તોડફોડ ચાલુ

(એજન્સી) તા.૧૦

ગાઝા પર આકાશ ધુમાડા અને દુઃખથી ઘેરાયેલું છે કારણ કે ઇઝરાયેલી હવાઈ હુમલાઓ યુદ્ધગ્રસ્ત પેલેસ્ટીની પ્રદેશ પર ચાલુ છે, જ્યારે સશસ્ત્ર સમૂહ ઇસ્લામિક જિહાદે હમાસ સાથેના નાજુક યુદ્ધવિરામ કરાર અનુસાર એક મૃતક બંદીવાનનો મૃતદેહ સોંપ્યો છે. આ પગલું માનવ નુકસાનની ભયાનક યાદ અપાવે છે અને ક્રોસફાયરમાં ફસાયેલા નાગરિકો દ્વારા સહન કરવામાં આવતી સતત વેદનાને રેખાંકિત કરે છે. દરમિયાન, આંતરરાષ્ટ્રીય કાનૂની મોરચે એક નાટકીય વળાંક આવ્યો છે. તુર્કીના વકીલોએ ઇઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ અને ૩૬ અન્ય અધિકારીઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યા છે, જેમાં તેમના પર ગાઝામાં ‘નરસંહાર’ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ અભૂતપૂર્વ પગલું લાંબા સમયથી વૈશ્વિક ટીકા ખેંચતા સંઘર્ષમાં એક નવી જટિલતા ઉમેરે છે. ગામડાંઓ અને નગરો હિંસાના ભારણ હેઠળ કચડાઈ ગયા હતા, જેનાથી કબજા અને સંઘર્ષના દબાણનો સામનો કરી રહેલા પરિવારોની



વેદનામાં વધારો થયો હતો. ઓક્ટોબર ૨૦૨૩થી, ગાઝામાં ઇઝરાયેલના લશ્કરી અભિયાનમાં ઓછામાં ઓછા ૬૮,૮૭૫ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧,૭૦,૬૭૯ ઘાયલ થયા છે. એક દુઃખદ ઘટનામાં, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસના નેતૃત્વ હેઠળના હુમલાઓમાં ૧,૧૩૯ ઇઝરાયેલીઓ મૃત્યુ પામ્યા અને લગભગ ૨૦૦ લોકોને પકડવામાં આવ્યા, જેનાથી આ પ્રદેશમાં બદલો લેવાની હિંસાના ચક્રને વધુ મજબૂત બનાવવામાં આવ્યું. જેમ જેમ માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બને છે, તેમ તેમ વિશ્વ ચિંતા સાથે જોઈ રહ્યું છે, આશા રાખે છે કે એક નાજુક યુદ્ધવિરામ જળવાઈ રહેશે, જ્યારે ગાઝા, વેસ્ટ બેંક અને તેનાથી આગળ શોક અને અવજ્ઞાના પોકાર ગુંજી રહ્યા છે. મૃત્યુઆંકમાં વધારો, સતત હવાઈ હુમલાઓ અને આંતરરાષ્ટ્રીય કાનૂની દાવપેચ એ સ્પષ્ટપણે યાદ અપાવે છે કે આ પ્રદેશમાં શાંતિ એક અપ્રમાણિક અને નાજુક સ્વપ્ન છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# અમેરિકા જેવા વિકસીત રાષ્ટ્રો ગરીબ દેશોને ઈ-કચરાના ઉકરડામાં ફેરવી રહ્યા છે

અમેરિકા જેવા રાષ્ટ્રો પોતાના પૈસા, શકિત અને શસ્ત્રોના જોરે દુનિયાના વિકાસશીલ અને ગરીબ દેશો પર દાયકાઓથી જુલ્મી અન્યાય કરતાં આવ્યા છે. ગરીબ દેશોની મજબૂરી-લાચારીનો ગેરલાભ ઉઠાવવાનો તેમનો ઈતિહાસ રહ્યો છે અને આ વાસ્તવિકતા આજે પણ યથાવત છે. બસ તેમના જુલ્મી સ્વાર્થની રીતરસમો બદલાતી રહે છે. હાલમાં આ વિકસીત પશ્ચિમી રાષ્ટ્રો એશિયાના ગરીબ કે વિકાસ માટે મથી રહેલા દેશોને ઈ-વેસ્ટ એટલે કે નકામા ઈલેક્ટ્રોનિક સાધનોના કચરાના ઉકરડામાં ફેરવી રહ્યા છે.

દુનિયાના શ્રીમંત રાષ્ટ્રો પોતાના દેશની સ્વચ્છતા અને પર્યાવરણીય સંરક્ષણ પ્રત્યે ચિંતિત હોય તેવું લાગે છે, પરંતુ તેઓ ગરીબ દેશોને કચરાના ઢગલા જેવા ગણે છે. જો કોઈ દેશ સામાન્ય કચરાથી લઈને ઈ-કચરા સુધીના કચરાના સંચયને અટકાવે અને વધુ સારી સ્વચ્છતા અને રિસાયક્લિંગની ખાતરી કરે તો તે સ્વાભાવિક છે. જો કે, ઘણા શ્રીમંત રાષ્ટ્રો પોતાનો કચરો વિકાસશીલ અથવા ગરીબ દેશોમાં નિકાલ માટે કેમ મોકલે છે તે સમજવું મુશ્કેલ છે આ સંદર્ભમાં લાંબા સમયથી પ્રશ્નો ઊભા થયા છે અને એવું પણ જોવામાં આવ્યું છે કે વિકસીત દેશોમાંથી વિકાસશીલ દેશોમાં મોકલવામાં આવતા કચરાના જથ્થાના ગંભીર પરિણામો આવશે. સંબંધિત સરકારોએ આને રોકવા માટે તમામ સ્તરે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. જો કે, આ સમસ્યાની ગંભીરતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે, ઘણા દેશોના સખત વિરોધ છતાં શ્રીમંત રાષ્ટ્રો તેમનો ઈ-કચરો વિકાસશીલ દેશોમાં મોકલવાનું ચાલુ રાખે છે.

આ સંદર્ભમાં પર્યાવરણીય દેખરેખ સંસ્થા બેસલ એક્શન નેટવર્ક (BAN)એ પોતાના એક અહેવાલમાં જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા લાખો ટન કાઢી નાખવામાં આવેલ નકામી ઈલેક્ટ્રોનિક સામગ્રી અન્ય દેશોમાં મોકલવામાં આવી રહી છે, જેમાંથી મોટાભાગના દક્ષિણપૂર્વ એશિયાના વિકાસશીલ દેશો છે. વધુ ચિંતાજનક વાત એ છે કે જે દેશોમાં આ ખતરનાક ઈ-કચરો મોકલવામાં આવી રહ્યો છે તે દેશો તેનો સુરક્ષિત રીતે નિકાલ કરવા માટે સક્ષમ જ નથી. આ ખતરનાક કચરો જે દેશોમાં મોકલવામાં આવી રહ્યો છે ત્યાંના વાતાવરણ પર કેટલી હદ સુધી ખરાબ અસર કરશે અને સામાન્ય લોકોના જીવન પર તેની કેટલી વિનાશક અસર પડશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. BAN રિપોર્ટ મુજબ બે વર્ષની તપાસમાં જાણવા મળ્યું છે કે ઓછામાં ઓછી દસ અમેરિકન આ કંપનીઓ એશિયન અને પશ્ચિમ એશિયાઈ દેશોમાં વપરાયેલો ઈલેક્ટ્રોનિક્સ સામાન મોકલી રહી હતી. ઈલેક્ટ્રોનિક કચરામાં ફોન અને કોમ્પ્યુટર જેવા ફેંકી દેવામાં આવેલા ખરાબ ઉપકરણોનો સમાવેશ થાય છે, જેમાં સીસું, કેડેમિયમ અને પારો જેવી કિંમતી સામગ્રીથી લઈને ઝેરી ધાતુઓ સુધી બધું જ હોય છે.

ઉલ્લેખનીય છે કે, બેસલ કન્વેન્શન હેઠળ ફક્ત રિસાયકલ કરી શકાય તેવા અને ફરીથી વાપરી શકાય તેવા અને બિન-ઝેરી અથવા પર્યાવરણને નુકસાનકારક કચરાને એક દેશથી બીજા દેશમાં પરિવહન કરવાની મંજૂરી છે. ઈલેક્ટ્રોનિક માલની દુનિયામાં કેટલી ઝડપથી નવા ઉપકરણો ઉભરી રહ્યા છે તે બધાં જ જાણે છે. નવા-નવા સાધનો શોધાતા ટૂંકા સમયમાં મોટી સંખ્યામાં જૂના ઉપકરણો કચરામાં ફેરવાઈ જાય છે. આ જ કારણ છે કે ઈ-કચરો વૈશ્વિક સ્તરે પાંચ ગણો ઝડપથી વધી રહ્યો છે.

આ કચરો જે દેશોમાં મોકલવામાં આવે છે તે દેશોના પાણી, જમીન અને હવા પર ઊંડી અને પ્રતિકૂળ અસર કરે છે, જે પર્યાવરણને ગંભીર અસર કરે છે. આ પ્રદૂષણ પછી તેના સંપર્કમાં આવતી કોઈપણ વસ્તીના સ્વાસ્થ્ય માટે જાતજાતના જોખમો ઉભા કરે છે. પ્રશ્ન એ છે કે, સંસાધનો અને સુવિધાઓના વપરાશ સાથે ફરજિયાત રિસાયક્લિંગ સુનિશ્ચિત કરવાને બદલે સમૃદ્ધ અને વિકસીત દેશોએ ગરીબ અને વિકાસશીલ દેશોને તેમના જોખમી ઈ-કચરા માટેના સ્થળો કેમ બનાવ્યા ? જો આ સમસ્યાનો સમયસર કોઈ નક્કર ઉકેલ ન મળે તો આ 'ધરબાયેલી સુનામી' ખૂબ જ ખતરનાક પરિણામો લાવી શકે છે.

# અદૃશ્ય હુમલાઓ : આંકડાઓની આડમાં દબાયેલ મહિલાઓ અને બાળકોનું રૂદન

**આંકડાઓ સાવ ગોઠવાયેલા લાગે છે, પણ તેમની પાછળ અસંખ્ય તૂટેલી કહાનીઓ છુપાયેલી છે. આ લેખ એ આંકડાઓને ફરીથી હકીકતના ચહેરા સાથે જોડે છે**

જ્યારે NCRBનો ૨૦૨૩નો અહેવાલ બહાર આવ્યો, ત્યારે ઘણા અખબારોએ હેડલાઇન આપી કે મહિલાઓ વિરૂદ્ધ ગુનાઓમાં થોડો વધારો થયો છે અથવા બાળકો વિરૂદ્ધ ગુનામાં ૯.૨ ટકા વધારો થયો છે.

આ શબ્દોમાં ''થોડો'' અને ''ફક્ત ૯%'' જેવા શબ્દો વપરાતા હોવાથી લોકોમાં એવું લાગ્યું કે, પરિસ્થિતિ ખાસ ખરાબ નથી. પરંતુ આ નાનો વધારો પણ હજારો વધુ મહિલાઓ અને બાળકોના દુઃખ અને સંઘર્ષનું પ્રતિનિધિત્વ કરે છે.

જેઓ હિંસાનો શિકાર બને છે, તેમના માટે આ ફક્ત આંકડા નથી, પરંતુ જીવન અને મૌન વચ્ચેનો તફાવત છે. આંકડાઓની પાછળ હિંસાની વાસ્તવિક કહાની છુપાયેલી છે. NCRB દર વર્ષે થતો થોડો ફેરફાર બતાવે છે, પરંતુ હકીકતમાં ક્રૂરતા, ભય અને ન્યાય ન મળવાનો માહોલ સતત વધી રહ્યો છે. અહેવાલ તટસ્થ રીતે લખાય છે, પરંતુ તે સરકારની બેદરકારી અને સમાજમાં ચાલતી હિંસાને ફક્ત આંકડાઓમાં ફેરવી દે છે.

NCRB ૨૦૨૩ મુજબ, દેશમાં મહિલાઓ વિરૂદ્ધ ૪.૭૧ લાખ ગુનાઓ નોંધાયા, જે પાછલા વર્ષની તુલનાએ આશરે ત્રણ ટકા વધુ છે. મહિલાઓ પર સૌથી વધુ ગુનો પતિ અથવા સાસરિયાઓ દ્વારા કરાતી ક્રૂરતા હેઠળ નોંધાયો છે, જે કુલ મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓના ૩૧ ટકા જેટલા છે. બળાત્કારના ૩૨,૦૩૨ કેસ નોંધાયા, જે ૨૦૨૨ જેટલાં જ છે. મહિલાની માનહાનિના ઈરાદાથી થતા હુમલાઓમાં લગભગ ૨૦ ટકા વધારો થયો છે.

બાળકોની બાબતમાં સ્થિતિ વધુ ખરાબ છે. POCSO કાયદા હેઠળ ગુનાઓમાં ૯.૨ ટકા વધારો થયો છે અને કુલ ૧.૭ લાખથી વધુ કેસ નોંધાયા છે.

જૂન ૨૦૨૩માં મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં એક દુઃખદ ઘટના બની. ૨૬ વર્ષની પરિણીત રીના જોશી ઝાકીર હુસૈન નામના વ્યક્તિના સતત ત્રાસથી ત્રસ્ત થઈ એસિડ પી લઈ મૃત્યુ પામી. રીનાના પતિએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, ઝાકીર લાંબા સમયથી તેને હેરાન કરતો હતો, લગ્ન તોડીને ઈસ્લામ ધર્મ સ્વીકારવા અને તેની સાથે લગ્ન કરવા દબાણ કરતો હતો.

રીના અને તેના પતિએ અનેક વખત પોલીસને ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ પગલું ભરાયું નહોતું. ૧૦ જૂને રીનાનું મોત થયું, અને મૃત્યુ પહેલાં તેણીએ ઝાકીરનું નામ સ્પષ્ટ કર્યું હતું.

ઝાકીરને આત્મહત્યા માટે ઉશ્કેરણી, પીછો કરવો અને મધ્યપ્રદેશ ધર્મ સ્વતંત્રતા કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી. આ ઘટનાથી મહિલાઓના સંગઠનો અને સ્થાનિક લોકોએ વિરોધ કર્યો અને પોલીસની બેદરકારી માટે જવાબદારી લેવાની માંગ કરી.

આ કેસ બતાવે છે કે, જ્યારે તંત્ર દૈનિક ઉત્પીડન સામે આંખ મીંચે છે, ત્યારે એ જ ઉત્પીડન જીવલેણ હિંસામાં ફેરવાય છે. કાયદો મોટાભાગે ત્યારે જ હરકત કરે છે જ્યારે કોઈનું મૃત્યુ થાય છે, પરંતુ NCRBના આંકડાઓમાં તેને ફક્ત આત્મહત્યા માટે ઉશ્કેરણી તરીકે નોંધવામાં આવે છે, જેથી પાછળ છુપાયેલા લિંગ અને ધર્મના કારણોને અવગણવામાં આવે છે.

પહેલી નજરે જોવામાં આવે તો આ નાના ટકાવારીનો વધારો એવું દર્શાવે છે કે સ્થિતિ સ્થિર છે, જાણે કંઈ ખાસ બદલાયું નથી. પરંતુ આ નાનો વધારો હકીકતમાં મોટી સમસ્યાને ઢાંકી દે છે-એટલે કે, લિંગ આધારિત ન્યાયમાં કોઈ સાચો સુધારો થયો નથી. ત્રણ ટકાનો વધારો સાંભળવામાં નાનો લાગે છે, પણ તે ૧૪,૦૦૦થી વધુ મહિલાઓ દ્વારા હિંસા સામે ફરિયાદ નોંધાવવાનું પ્રતિનિધિત્વ કરે છે.

ભારતમાં તો આપણે જાણીએ છીએ કે દસમાંથી ફક્ત એક જ હિંસાનો કેસ પોલીસમાં નોંધાય છે. NFHS-5 સર્વે મુજબ પણ મોટાભાગના ગુના અહેવાલિત જ નથી થતા. આથી NCRBના આંકડાઓ ફક્ત તે ગુનાઓ બતાવે છે, જે નોંધાયા છે, પરંતુ તેની પાછળ હજારો એવા કેસો છે જે કદી જાહેર થતા નથી.આ રીતે જોવામાં આવે તો આ અહેવાલ એ હિંસાની એક નાની ઝલક છે, જ્યારે અસલ સ્થિતિ ઘણી ગંભીર છે.

કારણ કે, NCRBનો અહેવાલ ફક્ત FIR પર આધારિત છે, એટલે હકીકત અધૂરી દેખાય છે.

સમાજમાં એવો તર્ક બનાવવામાં આવ્યો છે કે જો કોઈ ફરિયાદ નોંધાય નહીં, તો સમસ્યા જ નથી.

મીડિયાનો ભાગ પણ આ ભ્રમને આગળ ધપાવે છે. જ્યારે સમાચારપત્રો ''માત્ર થોડો વધારો'' લખે છે, ત્યારે તેઓ અજાણતા કે જાણતા રાજ્યના નિયંત્રણવાળા વલણને મજબૂત કરે છે, જાણે કે લિંગ હિંસા કોઈ આંકડાકીય મુદ્દો હોય, સામાજિક સમસ્યા નહીં. આ રીતે દેખાતી ''સ્થિરતા'' હકીકતમાં ઉદાસીનતા છે, જે સમાજ અને તંત્ર બંનેમાં છે.




**ઓળખ વિનાનો ડેટા: આંકડાઓ કેવી રીતે સંવેદનશીલતા છુપાવે છે**

જો NCRBના આંકડાઓ સમયની સાથેની સ્થિતિને સપાટ કરી દે છે, તો તેની શ્રેણીઓ લોકોની અલગ-અલગ ઓળખને સપાટ કરી દે છે.મહિલાઓ વિરૂદ્ધના બધા ગુનાઓને એક જ મોટી કેટેગરીમાં રાખવામાં આવ્યા છે, જેમાં જાતિ, ધર્મ, વર્ગ કે, અપંગતા મુજબ કોઈ અલગ ગણતરી નથી. ૨૦૨૩ના અહેવાલમાં ક્યાંય એ સ્પષ્ટ નથી કે આ બાબતો પણ હિંસા અને ન્યાય સુધી પહોંચ પર અસર કરે છે.

એક માત્ર અપવાદ એ છે કે, ''અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ સામેના ગુનાઓ''ને અલગ બતાવવામાં આવ્યા છે, પણ આ રીતે બતાવવાથી આંતરછેદ હિંસાને અલગ પ્રશ્ન તરીકે રજૂ કરવામાં આવે છે, લિંગ હિંસાથી જોડાયેલ ભાગ તરીકે નહીં.

આ રીતે રજૂઆત હકીકતમાં ''ભેદભાવભરી હિંસા''ને છુપાવે છે, જેને નારીવાદી વિચારકો વારંવાર રેખાંકિત કરતા આવ્યા છે. દલિત મહિલા પર બળાત્કાર, આદિવાસી છોકરીની તસ્કરી અથવા અપંગ મહિલા પર હુમલો એક માત્ર ગુનો નથી, પરંતુ અનેક ઓળખના અથડામણનો પરિણામ છે.

૨૦૨૦નો હાથરસ કેસ એનું તાજું ઉદાહરણ છે-એક દલિત યુવતી પર બળાત્કાર થયો, તેની વાત દબાવી દેવામાં આવી અને તેના શરીરને બાળી નાખવામાં આવ્યું. પરંતુ NCRBના અહેવાલની રચના એવી છે કે, આવા ભેદભાવના પેટર્ન ફરીથી આંકડામાં દેખાય જ નહીં.

આ સાથે એક બીજી ખામી એ છે કે, NCRB ફક્ત ''સ્ત્રી'' અને ''પુરૂષ'' એમ બે જ લિંગના ડેટા રાખે છે.

તેના કારણે LGBT સમુદાયના લોકો, ટ્રાન્સ મહિલાઓ, લિંગ અનુરૂપ ન હોય તેવા લોકો અને જાતીય હિંસાના બચી ગયેલા લોકો અહેવાલમાંથી સંપૂર્ણપણે અદૃશ્ય થઈ જાય છે. ફક્ત લિંગ અનુરૂપ લોકોની ગણતરી કરવી ''તટસ્થતા''ના નામે ફરીથી અન્યાયને જાળવી રાખે છે. NCRBના આંકડાઓમાં જે દેખાતું નથી, તે પણ એક પ્રકારની ગણતરી છે-અદૃશ્યતા અહીં ન્યાયના અભાવનું નવું રૂપ બને છે.

**પશ્ચિમ બંગાળમાં એસિડ હિંસા અને રોજિંદી ક્રૂરતા**

ભારતમાં લિંગ આધારિત હિંસામાં એસિડ હુમલો સૌથી ભયાનક પ્રકારોમાંનો એક છે. પશ્ચિમ બંગાળમાં આવા હુમલાની સંખ્યા સૌથી વધુ છે. ૨૦૨૩માં ભારતમાં થયેલા તમામ એસિડ હુમલાઓમાંનો પાંચમો ભાગ અહીં નોંધાયો હતો. મોટા ભાગે પીડિતાઓ યુવતીઓ છે, જેમને સ્વતંત્ર રીતે જીવવા, નિર્ણય લેવાની અથવા વિરોધ કરવાની સજા તરીકે નિશાન બનાવવામાં આવી છે.

દરેક આંકડાની પાછળ એક જીવંત કહાની છે. બચી ગયેલી સ્ત્રીઓ કહે છે કે તેમને બર્ન યુનિટ વગરની હોસ્પિટલો વચ્ચે દોડાવામાં આવે છે, કોર્ટ કેસની સુનાવણી માટે વર્ષો સુધી રાહ જોવી પડે છે, અને પોલીસ તપાસને ગંભીરતાથી લેતી નથી. ઉત્તર ૨૪ પરગણાના ''હિન્દુ'' અહેવાલ મુજબ, ઘણા બચી ગયેલા લોકોને હુમલા પછી દસ વર્ષ વીતી ગયા છતાં પણ સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલ રૂા.૩ લાખનું વળતર મળ્યું નથી. ઘણા લોકો આર્થિક મુશ્કેલીઓમાં ફસાઈ જાય છે.

NCRBના રિપોર્ટમાં એસિડ હુમલાઓને ''ગંભીર ઈજા'' તરીકે દર્શાવવામાં આવે છે. આ શબ્દો હિંસાના વાસ્તવિક સ્ત્રીવિરોધી સ્વરૂપને છુપાવે છે. રાજ્ય સરકારો આ રીતે પોતાની જવાબદારીથી બચી જાય છે. પશ્ચિમ બંગાળમાં એસિડ સર્વાઈવર્સ ફાઉન્ડેશન ઈન્ડિયા (ASFI) જેવી સંસ્થાઓ કહે છે કે પોલીસ ઘણીવાર ભારતીય દંડ સંહિતા હેઠળની યોગ્ય કલમો (326A, 326B) હેઠળ કેસ નોંધતી નથી, જેથી ગુનાની સંખ્યા ઓછી દેખાય. પછી NCRB એ જ ઘટાડેલા આંકડા પ્રકાશિત કરે છે, જેના કારણે સત્ય છુપાઈ જાય છે.

૧૬ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ જલપાઈગુડીના જમીનદાર પારા વિસ્તારમાં જયંત રોય નામના ૩૫ વર્ષના વ્યક્તિએ પોતાની ૨૨ વર્ષની પાડોશી યુવતી પર એસિડ ફેંક્યો, કારણ કે તે તેની વાતો સ્વીકારતી નહોતી. યુવતીના ચહેરા અને શરીર પર ગંભીર દાઝ પડ્યા. તેને ઉત્તર બંગાળ મેડિકલ કોલેજમાં ખસેડવામાં આવી, જ્યાં ડૉક્ટરોએ જણાવ્યું કે, તેણીને થર્ડ-ડિગ્રી કેમિકલ બર્ન થયા છે.

જયંત રોય લાંબા સમયથી તેણીને ત્રાસ આપતો હતો. યુવતીના પરિવારએ બે વખત પોલીસને ફરિયાદ કરી, પરંતુ પોલીસએ તેને ''વ્યક્તિગત ઝઘડો'' કહીને અવગણ્યો. બાદમાં લોકોના દબાણ પછી પોલીસએ રોયની ધરપકડ કરી અને IPCની કલમ 326A, ૩૪૧ અને ૩૫૪ હેઠળ કેસ નોંધ્યો. ફાસ્ટ-ટ્રેક અદાલતે ફેબ્રુઆરી ૨૦૨૪માં તેને ૧૫ વર્ષની સખત સજા અને રૂા.૩ લાખનો દંડ ફટકાર્યો.

આ કેસ માત્ર દોષિત ઠરાવા માટે નહીં, પરંતુ એ બતાવવા માટે પણ મહત્વનો છે કે કેટલાં કેસ કાયદાકીય રીતે યોગ્ય રીતે નોંધાતા જ નથી. ધ હિન્દુના અહેવાલ પ્રમાણે, ૨૦૨૩માં પશ્ચિમ બંગાળમાં ૧૬ એસિડ હુમલા નોંધાયા હતા, પરંતુ સ્થાનિક એનજીઓનું કહેવું છે કે, ખોટી રીતે વર્ગીકરણ અને પાછી ખેંચાયેલી ફરિયાદોને ગણીએ તો આ સંખ્યા બમણી હોઈ શકે છે.

**માળખાકીય અહેવાલોની અછત અને હાંસિયાનું રાજકારણ**

ભારતની ન્યાય પ્રણાલી એવી રીતે રચાયેલી છે કે, જાતિ આધારિત હિંસાના મોટા ભાગના કેસ ક્યારેય ખુલ્લામાં આવતાં જ નથી. એફઆઈઆર નોંધાય કે નહીં તે પોલીસ પર નિર્ભર છે, કાર્યવાહી રાજકીય ઈચ્છા પર આધાર રાખે છે, દોષિત ઠરાવવાનો દર કોર્ટની ઝડપ પર ટકે છે, અને આખી પ્રક્રિયા પીડિતાની સહનશક્તિ પર ટકી રહે છે. ગરીબ અને સમાજના હાંસિયે આવેલી મહિલાઓ માટે આ પ્રણાલી અત્યંત અન્યાયકારી સાબિત થાય છે.

૨૦૨૩ના NCRBના આંકડા બતાવે છે કે, ૧.૩ લાખથી વધુ બળાત્કારના કેસ અને ૨ લાખથી વધુ ઘરેલુ હિંસાના કેસ હજુ પણ પેન્ડિંગ છે. સરેરાશ રીતે, એક કેસ પૂરો થવામાં પાંચ વર્ષથી વધારે સમય લાગી જાય છે. વન-સ્ટોપ સેન્ટર (OSC), જે પીડિતાઓને સહાય આપવા માટે બનાવાયા છે, ઘણા રાજ્યોમાં પુરતા ભંડોળના અભાવે યોગ્ય રીતે કામ કરતા નથી. ઘણી જગ્યાએ તો આવા સેન્ટર એક ડઝનથી પણ ઓછા છે. NCRB આ ખામી પર કોઈ વિગત આપતું નથી; તે ફક્ત કેસોની સંખ્યા ગણાવે છે, કારણો નહીં.

ડિજિટલ દુનિયામાં પણ મહિલાઓ પર હિંસાના નવા સ્વરૂપો ઉભા થયા છે. ઓનલાઈન પીછો કરવો, સંમતિ વિના ફોટા કે વીડિયો શેર કરવો, બ્લેકમેલ કરવો જેવા ગુનાઓ ઝડપથી વધી રહ્યા છે. પરંતુ મુંબઈની RTI માહિતી મુજબ, આવા ગુનાઓમાંથી થોડા જ એફઆઈઆર સુધી પહોંચે છે. ખાસ કરીને મહિલા પત્રકારો અને કાર્યકરો પર થતી સાયબર હેરેસમેન્ટ સામાન્ય બની ગઈ છે, પણ તેને 'માનહાનિ' કે 'અશ્લીલતા' જેવા ગુનામાં ગણાવી દેવામાં આવે છે. પરિણામે, NCRBના લિંગ આધારિત હિંસાના આંકડામાં આ ગુનાઓ દેખાતા જ નથી.

આ રીતે હિંસાના કેસો ઓછા બતાવવાનો આ ઢાંચાકીય ધોરણ કોઈ ભૂલ નથી, પરંતુ એક જ્ઞાનપૂર્વકની નીતિ છે. સત્તાવાર આંકડા ઓછા રાખીને સરકાર બતાવે છે કે તેની યોજનાઓ-જેમ કે, ''બેટી બચાવો, બેટી પઢાવો'' અથવા ''નિર્ભયા ફંડ''-સફળ થઈ રહી છે. પરંતુ વાસ્તવમાં, હિંસાનું ચક્ર યથાવત રહે છે, ફક્ત શાંતિપૂર્ણ વહીવટી રીતે ઢકાઈ જાય છે.

**આંતરછેદ અને ગણતરીનો અભાવ**

મોબ લિંચિંગ, ઓનર કિલિંગ અને હેટ ક્રાઇમ જેવા કેસોને NCRB દ્વારા અલગ રીતે ન ગણાતા, મહિલાઓ સામેની હિંસા કેટલી રીતે અન્ય પ્રકારની હિંસાથી જોડાયેલી છે તે સમજવું વધુ મુશ્કેલ બને છે. ઉદાહરણ તરીકે, જો કોઈ મહિલા આંતરધાર્મિક અથવા આંતરજાતિ સંબંધમાં હોય અને તેના પર હિંસા થાય, તો આવા કેસોને ''હત્યા'' કે ''અપહરણ'' તરીકે નોંધવામાં આવે છે. ૨૦૧૭માં આવી હિંસાનો અલગથી રેકોર્ડ રાખવો બંધ કરવાનો નિર્ણય એ બતાવે છે કે રાજ્ય કેવી રીતે અસલ સમસ્યાને છુપાવી દે છે.

આ રીતે જ મહિલાઓ સામેની વધુ ખુલ્લી અને જાહેર હિંસા ખાસ કરીને પત્રકારો, વિરોધ પ્રદર્શનકારો કે સમાજમાં અવાજ ઉઠાવનારાઓ પર પણ નોંધવામાં આવતી નથી. ૨૦૨૩ના IFEI પ્રેસ ફ્રીડમ રિપોર્ટ મુજબ, મહિલા પત્રકારો સામે ઉત્પીડન, અવરોધ અને ધમકીઓના ૨૨૬ કેસ નોંધાયા છે, ખાસ કરીને તેઓએ ધાર્મિક કે લિંગ આધારિત મુદ્દાઓ કવર કર્યા હતા ત્યારે. છતાં NCRBના ''રાજ્ય વિરૂદ્ધ ગુનાઓ'' અથવા ''જાહેર શાંતિને અસર કરનારા ગુનાઓ'' વિભાગોમાં આવા કેસોનો ઉલ્લેખ જ નથી.

ડિજિટલ દુનિયામાં પણ મહિલાઓના અવાજને દબાવવા માટે અનેક રીતે હિંસા થાય છે. ખેડૂતોના આંદોલન દરમિયાન કે મણિપુરમાં થયેલી ઘટનાઓમાં, સાયબર પ્રતિબંધો અને ઇન્ટરનેટ બંધ થવાને કારણે મહિલાઓ ઓનલાઈન સહાય અને સુરક્ષા સાધનોથી દૂર થઈ ગઈ હતી. આ પણ એક પ્રકારની અદૃશ્ય હિંસા છે, જે NCRBના કોઈ રેકોર્ડમાં દેખાતી નથી.

અંતે વાત એ છે કે જે ગુનાનો આરોપ લગાવી શકાતો નથી, તે ગણાય નહીં-અને જે ગણાય નહીં, તે રાજ્યની નજરમાં અસ્તિત્વ જ ધરાવતું નથી.

**ગુનાને પ્રણાલીગત રીતે છુપાવવાની કિંમત**

NCRBનો ૨૦૨૩નો અહેવાલ પણ તેના પહેલાંના અહેવાલો જેવી જ રીતે ફક્ત આંકડાનો રેકોર્ડ નથી, તે અસ્વીકાર અને ઉદાસીનતાની કહાની છે. હિંસાને ''સીમાંત'' અથવા ''નાનો વધારો'' કહીને, તે સતત ચાલતી એક ગંભીર સામાજિક સમસ્યાને ફક્ત આંકડાકીય ફેરફાર તરીકે બતાવે છે. જ્યારે જાતિ, ગરીબી અને લિંગ વચ્ચેના સંબંધોને અવગણવામાં આવે છે, ત્યારે આ હિંસાની સાચી જડ દેખાતી જ નથી. અને કેટલીક હિંસાને ગણતરીમાંથી બહાર રાખીને, NCRB જાણે દેશને શાંતિપૂર્ણ બતાવવાનો નાટક કરે છે.

જાતિ આધારિત હિંસામાં ૩%નો વધારો ''નાનો'' ગણાવવો એ હાંસિયે ધકેલાયેલા સમુદાયોની પીડાને અવગણવા જેવું છે. દરેક આંકડો એક વ્યક્તિનું જીવન દર્શાવે છે, જે ભય, શરમ અને સિસ્ટમની ઉદાસીનતાથી ઝઝૂમી રહ્યો છે. NCRB જે બતાવે છે તે પણ પસંદગીથી બતાવે છે-ફક્ત એટલું જ જેનો સામનો કરવો રાજ્યને અનુકૂળ હોય.

જ્યારે આંકડા હકીકતને છુપાવવા લાગે, ત્યારે ગણતરી પોતે જ અન્યાયમાં ભાગીદાર બને છે. ભારતમાં જાતિ આધારિત હિંસાની વાસ્તવિકતા સમજવી હોય, તો ફક્ત આંકડાઓમાં નહીં, પરંતુ બચી ગયેલા લોકોની કહાનીઓમાં, તેમના મૌનમાં અને સિસ્ટમની ભૂલોમાં જોવું પડશે. કારણ કે, જેને રાજ્ય ''નાનો મુદ્દો'' કહીને સીમિત કરે છે, તે જ હકીકતમાં સૌથી મોટું અને સતત જોવા મળતી સમસ્યા છે.

**(સૌ.: સબરંગઈન્ડિયા.ઈન)**

### સેંકડો લોકોનાં મોતની આશંકા

# મલેશિયા કોસ્ટ નજીક રોહિંગ્યા પ્રવાસીઓને લઈ જતી બોટ ડૂબી

**આ શરણાર્થીઓ પહેલા મ્યાનમારના રખાઈન પ્રાંતમાંથી લગભગ ૩૦૦ લોકો સાથે એક મોટા જહાજમાં રવાના થયા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

મ્યાનમારથી સારી જિંદગીની આશામાં નીકળેલા રોહિંગ્યા શરણાર્થીઓ માટે દરિયો ફરી એકવાર કબ્રસ્તાન બન્યો છે. થાઈલેન્ડ-મલેશિયા સરહદ પાસે લગભગ ૧૦૦ રોહિંગ્યા પ્રવાસીઓને લઈ જઈ રહેલી એક બોટ ડૂબી ગઈ છે. મલેશિયન મેરીટાઇમ એજન્સીએ રવિવારે માહિતી આપી કે આ દુર્ઘટનામાં ૭ લોકોના શબ મળી આવ્યા છે, જ્યારે ૧૩ લોકોને બચાવી લેવાયા છે. બોટમાં સવાર અન્ય ૮૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે. મલેશિયાની સરકારી મીડિયા અનુસાર, આ શરણાર્થીઓ પહેલા મ્યાનમારના રખાઈન પ્રાંતમાંથી લગભગ ૩૦૦ લોકો સાથે એક મોટા જહાજમાં રવાના થયા હતા પરંતુ મલેશિયાની સરહદ નજીક પકડાઈ જવાથી બચવા માટે, તેમને ત્રણ નાની બોટમાં વહેંચી દેવામાં આવ્યા, જેમાં પ્રત્યેકમાં લગભગ ૧૦૦ લોકો સવાર હતા. આ ત્રણમાંથી એક બોટ દુર્ઘટનાનો ભોગ બની હતી. ચિંતાની વાત એ છે કે અન્ય બે બોટ, જેમાં લગભગ ૨૦૦ રોહિંગ્યા સવાર હતા, તે પણ લાપતા છે અને તેમની સ્થિતિ વિશે કોઈ માહિતી નથી. બચાવ દળ લંગકાવી દ્વીપ પાસે દરિયામાં તેમની શોધખોળ કરી રહ્યું છે. મ્યાનમારમાં હિંસા અને બાંગ્લાદેશના શિબિરોમાં બદતર પરિસ્થિતિથી કંટાળીને, રોહિંગ્યા સમુદાયના લોકો નિયમિતપણે મલેશિયા પહોંચવા માટે આવા જોખમી દરિયાઈ માર્ગો અપનાવે છે. સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સી ના આંકડા અનુસાર, આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બરની શરૂઆત સુધીમાં ૫,૧૦૦થી વધુ રોહિંગ્યાઓએ મ્યાનમાર અને બાંગ્લાદેશ છોડીને દરિયાઈ મુસાફરી કરી છે, જેમાંથી લગભગ ૬૦૦ લોકો કાં તો મૃત્યુ પામ્યા છે અથવા લાપતા છે.રોહિંગ્યા બંગાળી મૂળના મુસ્લિમ છે જેઓ સદીઓથી મ્યાનમારના રખાઈન પ્રાંતમાં રહે છે. તેઓ પોતાને મ્યાનમારના મૂળ નિવાસી માને છે, પરંતુ મ્યાનમારની સૈન્ય સરકાર તેમને ઘૂસણખોર ગણે છે. ૧૯૮૨ના નાગરિકતા કાયદા હેઠળ તેમને નાગરિકતાથી વંચિત રાખવામાં આવ્યા છે, જેના પરિણામે તેઓ રાષ્ટ્રવિહીન છે. તેમની પાસે પાસપોર્ટ, મતદાનનો અધિકાર, શિક્ષણ કે આરોગ્ય જેવી મૂળભૂત સુવિધાઓ પણ નથી. ૨૦૧૭માં મ્યાનમાર સેનાની ક્રૂર કાર્યવાહી બાદ, લગભગ ૧૩ લાખ રોહિંગ્યાઓએ પાડોશી દેશ બાંગ્લાદેશના શરણાર્થી શિબિરોમાં આશરો લીધો છે, જ્યાં તેઓ અત્યંત દયનીય સ્થિતિમાં જીવી રહ્યા છે.

# 'શું અમારાં બાળકોને શ્વાસ લેવાનો પણ અધિકાર નથી ?' : ઈન્ડિયા ગેટ પર પ્રદૂષણ વિરોધ પ્રદર્શન દરમિયાન બાળકોની અટકાયત કરવામાં આવતાં માતા-પિતા અને દિલ્હી પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી

**આ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે માતા-પિતા પોલીસ કોન્સ્ટેબલને પૂછે છે કે, ''શું તમે બાળકોની ધરપકડ કરશો ? જેનો કોન્સ્ટેબલ જવાબ આપે છે કે, શું તમે બાળકોને વિરોધ કરવા સાથે લાવશો ?**

રવિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં બગડતી હવાની ગુણવત્તા સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન માતા-પિતા અને દિલ્હી પોલીસ કોન્સ્ટેબલ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી હતું. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે કોન્સ્ટેબલ માસ્ક પહેરીને વિરોધ પ્રદર્શનમાં જોડાતા બે બાળકોને અટકાયતમાં લેવાનો પ્રયાસ કરે છે તે પછી દલીલ શરૂ થાય છે. આ વીડિયામાં બતાવવામાં આવ્યું છે કે માતા-પિતા પોલીસ કોન્સ્ટેબલને પૂછે છે કે, ''શું તમે બાળકોને ધરપકડ કરશો ? જેનો કોન્સ્ટેબલ જવાબ આપે છે કે, શું તમે બાળકોને વિરોધ કરવા સાથે લાવશો ? ત્યારબાદ દલીલ વધી ગઈ અને માતા-પિતાએ કહ્યું કે, ''શું તેને શ્વાસ લેવાનો અધિકાર નથી?''. આ વીડિયો પર્યાવરણ કાર્યકર્તા ''વિમલેંદુ ઝા'' દ્વારા તેમના X એકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો છે. વીડિયોમાં દેખાય છે કે કોન્સ્ટેબલ બાળકોને ધરપકડ કરવાનો પ્રયાસ કરે છે, જોકે, તેમના માતા-પિતા તેમને કડક રીતે પકડી રાખે છે અને પોલીસને તેમને લઈ જવા દેતા નથી અને તેનો સામનો કરે છે. આ વીડિયો એક દર્શકે રેકોર્ડ કર્યો હતો અને આ વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં બગડતી હવાની ગુણવત્તા સામે વિરોધ કરવા માટે હજારો માતા-પિતા અને પર્યાવરણ કાર્યકર્તાઓ ઈન્ડિયા ગેટ પર એકઠા થયા હતા. આ વિરોધ પ્રદર્શનમાં માતા અને પિતા સાથે ઘણા બાળકો પણ સામેલ થયા હતા. પ્રદર્શનકારીઓએ નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા મળે તે માટે સરકાર પાસેથી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી. દિલ્હીમાં વધતા વાયુ પ્રદૂષણને કારણે બાળકો સૌથી વધુ પ્રભાવિત થયા હોવાના અહેવાલો છે. તે તેમના ફેફસાંને અસર કરી રહ્યું છે અને તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. પ્રદર્શનકારીઓ આરોપ લગાવી રહ્યા છે કે દિલ્હી સરકાર નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા સહિત મૂળભૂત અધિકાર પૂરો પાડવામાં નિષ્ફળ ગઈ છે.

**હદીસ બોધ**

સાચું બોલો, ભલે પછી તેના કારણે નુકસાન થતું હોય. (હદીસ બોધ)

**બોધ વચન**

પૈસા એના માલિકના ચારિત્ર્ય મુજબ સારી કે ખરાબ અસર પાડે છે. - એરિસ્ટોટલ

**આજની આરસી**

૧૧ નવેમ્બર મંગળવાર ૨૦૨૫
૧૯ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૭
કારતક વદ સાતમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૨૯
ખત્મે ઝવાલ ૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૭

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# ISLનું અસ્તિત્વ સંકટમાં, શું ક્રિકેટનું 'મહાન' BCCI હવે ભારતીય ફૂટબોલને બચાવશે ?

નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં ગલીઓમાં ફૂટબોલના ગીતો ગવાય છે, પરંતુ સ્ટેડિયમમાં ક્રિકેટના બેટનો અવાજ ગુંજે છે. આ વાસ્તવિકતા વચ્ચે, ભારતીય ફૂટબોલ ફરી એકવાર આશા અને નિરાશા વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) દ્વારા ઈન્ડિયન સુપર લીગ (ISL) માટે ૧૬ ઓક્ટોબરે બહાર પાડવામાં આવેલું ટેન્ડર સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે - તેના માટે એક પણ બોલી લાગી નથી. આ ઘટનાએ ભારતીય ફૂટબોલના ભવિષ્ય પર ગંભીર પ્રશ્નાર્થ સર્જ્યો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે ડિફેન્ડિંગ ચેમ્પિયન મોહન બાગાન સુપર જાયન્ટે સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી તેની પ્રથમ-ટીમની તમામ કામગીરી સ્થગિત કરી દીધી છે. આ સંકટ વચ્ચે, કોલકાતાના ફૂટબોલ જગતમાંથી એક અનોખી માંગ ઉઠી છે : BCCI પાસે ફૂટબોલને બચાવવાની ગુહાર.

**'જો BCCI મદદ કરે, તો ફૂટબોલ આગળ વધી શકે છે'**

ઈસ્ટ બંગાળના વરિષ્ઠ અધિકારી દેબબ્રત સરકારે એક ભાવૂક અપીલ કરતાં કહ્યું, 'ભારતીય ફૂટબોલ આ રીતે અટકી શકે નહીં. જો BCCI ઓછામાં ઓછા ચાર-પાંચ વર્ષ માટે આ રમતને સ્પોન્સર કરે, તો મોટો ફરક પડી શકે છે. તેમના માટે ૧૦૦-૧૫૦ કરોડ રૂપિયા કોઈ મોટી રકમ નથી. જો તેઓ જવાબદારી લે, તો ભારતીય ફૂટબોલ વધુ સારી રીતે આગળ વધી શકે છે.'

આ માંગ ભલે ભાવનાત્મક લાગે, પરંતુ તે એક કડવી વાસ્તવિકતા દર્શાવે છે : ભારતીય ફૂટબોલનો ગ્લેમરસ પ્રયોગ હવે નિષ્ફળતાની આરે છે.






**ચમક પાછળની તિરાડો : ISL મોડેલ કેમ નિષ્ફળ ગયું ?**

૨૦૧૪માં જ્યારે ISL લોન્ચ કરવામાં આવી, ત્યારે તેણે ક્રાંતિના વચનો આપ્યા હતા. બોલિવૂડ માલિકો, આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ અને આતશબાજી સાથે, તે IPLને ટક્કર આપવા તૈયાર લાગતું હતું. પરંતુ સમય જતાં સ્પષ્ટ થયું કે ફૂટબોલ માત્ર ગ્લેમર પર જીવી શકતું નથી. પડદા પાછળ, મોટાભાગની ક્લબો દર વર્ષે કરોડોનું નુકસાન કરી રહી હતી. યુવા અકાદમીઓ માત્ર કાગળ પર હતી અને તાત્કાલિક સફળતાની લાલસામાં રોકાણકારો અને ઉત્સાહ બંને ખલાસ થઈ ગયા. પરિણામે જ્યારે નવા રોકાણકારો માટે દરવાજા ખોલવામાં આવ્યા, ત્યારે કોઈએ રસ દાખવ્યો નહીં.

**ફૂટબોલ માટે ક્રિકેટનો સફળ 'બ્લુપ્રિન્ટ'**

અહીં જ ક્રિકેટની વાત આવે છે. BCCIએ રમતને આત્મનિર્ભર ઈકોસિસ્ટમમાં ફેરવવામાં નિપુણતા મેળવી છે. કેન્દ્રીયકૃત મીડિયા ડીલ્સ, પારદર્શક આવકની વહેંચણી અને રણજી ટ્રોફીથી લઈને IPL સુધીના દરેક સ્તરે સતત રોકાણને કારણે એક મજબૂત માળખું ઊભું થયું છે. IPL એટલા માટે સફળ છે કારણ કે દરેક ટીમને આવકની ખાતરી હોય છે. તેની સરખામણીમાં ફૂટબોલ ક્લબો ખાનગી રોકાણ અને વેરવિખેર સ્પોન્સરશિપ પર નિર્ભર છે. ત્યાં ભંડોળનો કોઈ કેન્દ્રીય પૂલ નથી, માત્ર ટકી રહેવા માટે સતત સંઘર્ષ છે.

**બચાવ નહીં, સુધારાની જરૂર**

દેબબ્રત સરકારનું સૂચન ગમે તેટલું આકર્ષક લાગે, પરંતુ BCCI સીધું ફૂટબોલને સ્પોન્સર કરે તેવી શક્યતા નહિવત્ છે. બંને સંસ્થાઓના ઉદ્દેશ્યો અને પ્રાથમિકતાઓ અલગ છે. પરંતુ એક વાસ્તવિક ઉકેલ છે : ફૂટબોલે મદદની રાહ જોવાને બદલે ક્રિકેટના મોડેલમાંથી શીખવું જોઈએ.

આનો અર્થ છે :

આવકને વહેંચવી, વિભાજિત નહીં.

ક્લબોને લાંબા ગાળાના રોકાણ માટે નાણાકીય સુરક્ષાની ખાતરી આપવી.

પારદર્શક મીડિયા-રાઈટ્સ મોડેલ બનાવવું.

ગ્રાસરૂટ રોકાણને પુરસ્કાર આપવો, માત્ર મોટા ખેલાડીઓને નહીં. ISLનું સંકટ એ ભારતીય ફૂટબોલ માટે એક 'વેક-અપ કોલ' છે. તેને BCCIના ચેકની જરૂર નથી, તેને BCCIની સ્પષ્ટતા અને બ્લુપ્રિન્ટની જરૂર છે. ભારતીય ફૂટબોલે હવે મદદ માંગવાનું બંધ કરીને સુધારાની માંગ શરૂ કરવી પડશે.

# ૧૩ વર્ષની સજા, દીકરી વર્લ્ડ ચેમ્પિયન બનતા જ માફ ! સસ્પેન્ડેડ પોલીસ પિતાને ક્રાંતિ ગૌડની જીતે અપાવ્યો ન્યાય

નવી દિલ્હી/ભોપાલ, તા.૧૦

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ICC વનડે વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે, પરંતુ આ જીત ટીમના એક યુવા ખેલાડી માટે માત્ર ટ્રોફી જ નહીં, પરંતુ પરિવાર માટે ૧૩ વર્ષ જૂનો ન્યાય લઈને આવી છે. ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ૨૨ વર્ષીય ઝડપી બોલર ક્રાંતિ ગૌડની જીતે તેના સસ્પેન્ડેડ પોલીસ કોન્સ્ટેબલ પિતા માટે મુક્તિના દરવાજા ખોલી દીધા છે. વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ ક્રાંતિ જ્યારે પોતાના વતન મધ્યપ્રદેશના છિંદવાડા પહોંચી, ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે માત્ર દીકરીનું સન્માન જ ન કર્યું, પરંતુ એક એવી જાહેરાત કરી જેણે ક્રાંતિની ખુશી બમણી કરી દીધી. મુખ્યમંત્રીએ ૧૩ વર્ષથી સસ્પેન્ડ ચાલી રહેલા ક્રાંતિના પિતા મુન્ના લાલ ગૌડને ફરીથી નોકરી પર પુનઃસ્થાપિત કરવાનું આશ્વાસન આપ્યું છે.



**પિતાની ૧૩ વર્ષની સજા અને પરિવારનો સંઘર્ષ :** ક્રાંતિના પિતા મુન્ના લાલ ગૌડ મધ્યપ્રદેશ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. વર્ષ ૨૦૧૨માં, ચૂંટણી ડ્યુટી દરમિયાન કોઈક મામલે તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ગૌડ પરિવારને સમાજમાં ભારે અપમાન અને આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો. પિતાની નોકરી છૂટી જતાં, ૮ ભાઈ-બહેનોના આ મોટા પરિવારની જવાબદારી ક્રાંતિના મોટા ભાઈ પર આવી પડી, જેણે બસ કંડક્ટર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવ્યું.

**લોકોના મેણા-ટોણા વચ્ચે ક્રાંતિનો સંઘર્ષ :** આવા કપરા સંજોગોમાં ક્રાંતિ માટે ક્રિકેટમાં કારકિર્દી બનાવવી અત્યંત મુશ્કેલ હતી. તે શરૂઆતમાં છોકરાઓ સાથે ક્રિકેટ રમતી હતી, જેના કારણે લોકો તેની મજાક ઉડાવતા હતા. પરંતુ ક્રાંતિએ ક્યારેય લોકોની વાતો પર ધ્યાન ન આપ્યું અને પોતાનું સમગ્ર ધ્યાન રમત પર કેન્દ્રીત કર્યું. આ સખત મહેનત અને સંઘર્ષનું જ પરિણામ છે કે આજે તેણે આટલી મોટી સફળતા મેળવી છે.

**વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન :** મહિલા વનડે વર્લ્ડ કપમાં ક્રાંતિ ગૌડનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. તેણે ટીમ ઈન્ડિયા માટે કુલ ૮ મેચોમાં ૯ વિકેટ ઝડપી હતી. ગ્રુપ સ્ટેજમાં પાકિસ્તાન સામેના દમદાર પ્રદર્શન બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' પણ જાહેર કરવામાં આવી હતી. આજે તેની એક જીતે માત્ર દેશનું જ નહીં, પરંતુ પોતાના પરિવારનું પણ ભાગ્ય બદલી નાખ્યું છે.

# સંજુ સેમસન સાથે અદલા-બદલીની ચર્ચાઓ જોર પકડતાં રવીન્દ્ર જાડેજાની ઇન્સ્ટાગ્રામ પ્રોફાઇલ ગાયબ થઈ ગઈ

તા.૧૦

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની આગામી સીઝન માટે મીની ઓક્શન ૧૫ ડિસેમ્બરે થવાની શક્યતા છે. ઓક્શન પહેલા તમામ ૧૦ ટીમોએ પોત-પોતાની રિટેન્શન લિસ્ટ ૧૫ નવેમ્બર સુધીમાં આપવાની રહેશે. આ વચ્ચે સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને લઈને ચર્ચાએ વેગ પકડ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) IPL ૨૦૨૬ પહેલા જાડેજાની સાથે-સાથે સેમ કરણને રાજસ્થાન રોયલ્સ (RR)ના કેપ્ટન સંજુ સેમસનના બદલે ટ્રેડ કરી શકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ (RR) વચ્ચે સંભવિત ટ્રેડ ડીલની ચર્ચા ચાલી રહી છે. આ વચ્ચે સોમવારે રવીન્દ્ર જાડેજાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ અચાનક ગાયબ થઈ ગયું છે, જેના કારણે સોશિયલ મીડિયા પર અટકળો શરૂ થઈ ગઈ. જાડેજાનું ઓફિશિયલ યુઝરનેમ 'royalnavghan' હવે ઈન્સ્ટાગ્રામ પર દેખાય નથી રહ્યું, જેનાથી ફેન્સ પરેશાન છે. રવીન્દ્ર જાડેજાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની પ્રોફાઈલ લિંક પણ બ્રોકન દેખાય નથી રહી. જો કે, એ સ્પષ્ટ નથી કે જાડેજાએ ખુદ પોતાનું એકાઉન્ટ ડિએક્ટિવેટ કર્યું છે કે કોઈ અન્ય ટેકનિકલ કારણ છે, પરંતુ તેના IPL કરિયરને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, રવીન્દ્ર જાડેજાની પ્રથમ IPL ટીમ રાજસ્થાન રોયલ્સ રહી છે. રવીન્દ્ર જાડેજા ૨૦૦૮માં માત્ર ૧૯ વર્ષની ઉંમરે રાજસ્થાન રોયલ્સ માટે રમ્યો હતો. રાજસ્થાને શરૂઆતની સીઝનમાં પોતાનું પ્રથમ ટાઈટલ પણ જીત્યું હતું. ત્યાર બાદથી આ ટીમ ચેમ્પિયન નથી બની શકી. ૨૦૧૦માં જાડેજાને કરારના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જાડેજા ૨૦૧૨માં ચેન્નાઈ સુપર કિંગ્સમાં જોડાયો. ચેન્નાઈ સુપર કિંગ્સ દ્વારા જીતવામાં આવેલા પાંચ IPL ટાઈટલમાંથી ત્રણમાં રવીન્દ્ર જાડેજાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વર્ષ ૨૦૨૨માં તેને ટીમની કેપ્ટનશીપ પણ સોંપવામાં આવી હતી, પરંતુ ખરાબ પ્રદર્શનના કારણે તેણે ચાલુ સિઝનમાં જ આ ભૂમિકા છોડી દીધી હતી. ડાબોડી ઓલરાઉન્ડર જાડેજાને IPL ૨૦૨૫ માટે CSKએ ૧૮ કરોડમાં રિટેન કર્યો હતો. ૩૬ વર્ષીય રવીન્દ્ર જાડેજા અત્યાર સુધીમાં IPLમાં ૨૫૪ મેચ રમી ચૂક્યો છે, જેમાં તેણે ૩,૨૬૦ રન બનાવ્યા છે અને ૧૭૦ વિકેટ ખેરવી છે. તે CSKનો બીજા ક્રમનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર (૧૫૨) છે. CSK માટે સૌથી વધુ ૧૫૪ વિકેટ ડ્વેન બ્રાવોએ ઝડપી છે. ૨૦૨૩ની IPL ફાઈનલમાં જાડેજાએ અંતિમ ઓવરમાં શાનદાર પ્રદર્શન કરીને પોતાની ટીમને જીત અપાવી હતી.



### ટુર્નામેન્ટમાં કુવૈત, યુએઈ અને નેપાળ સામે ભારતીય ટીમનો પરાજય

# હોંગકોંગ સિક્સિસ ટુર્નામેન્ટમાંથી ટીમ ઈન્ડિયા બહાર થઈ

### ગ્રુપ સીમાં ભારતને પોતાની પ્રથમ મેચમાં કુવૈત સામે ૨૭ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો




હોંગકોંગ, તા.૧૦

હોંગકોંગમાં રમાઈ રહેલી હોંગકોંગ સિક્સિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફેવરિટ ગણાતી ભારતીય ક્રિકેટ ટીમ નોક-આઉટ રાઉન્ડમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને તેનું અભિયાન સમાપ્ત થઈ ગયું હતું. આ ટુર્નામેન્ટમાં ૬-૬ ઓવરની મેચ હોય છે અને બંને ટીમમાં છ-છ ખેલાડીઓ રમે છે. ભારતીય ટીમમાં દિનેશ કાર્તિક, રોબિન ઉથપ્પા, પ્રિયાંક પંચાલ, અભિમન્યુ મિથુન, સ્ટુઅર્ટ બિન્ની, શાહબાઝ નદીમ જેવા ખેલાડીઓ હોવા છતાં તેને કુવૈત, યુએઈ અને નેપાળ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાની ટીમ સામે પણ ભારતે બે રને વિજય નોંધાવ્યો હતો અને મેચનું પરિણામ ડકવર્થ લૂઈસ સિસ્ટમને આધારે આવ્યું હતું.ગ્રૂપ-સીમાં ભારતને પોતાની પ્રથમ મેચમાં કુવૈત સામે ૨૭ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટીમ કુવૈતના બેટર્સને નિયંત્રણમાં રાખી શક્યા ન હતા. કુવૈત માટે યાસિન પટેલે ૧૪ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા જેની મદદથી ટીમે છ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૬ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૫.૪ ઓવરમાં છ વિકેટે ૭૯ રન જ નોંધાવી શકી હતી. કુવૈત સામે મળેલા પરાજયના થોડા કલાકો બાદ ભારતીય ટીમને વધુ એક ઝાટકો લાગ્યો હતો અને UAE સામે ચાર વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. અભિમન્યુ મિથનના ૫૦ અને દિનેશ કાર્તિકના ૪૨ રનની મદદથી ભારતે ત્રણ વિકેટે ૧૦૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો પરંતુ UAEએ ૫.૫ ઓવરમાં બે વિકેટના નુકસાને ૧૧૧ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી.ઉપરા-ઉપરી બે પરાજય બાદ ભારતની ત્રીજી મેચ નેપાળ સામે હતી જેમાં ભારતને ૯૨ રનના જંગી અંતરથી પરાજય મળ્યો હતો. નેપાળે તોફાની બેટિંગ કરતા છ ઓવરમાં વિના વિકેટે ૧૩૭ રન ખડકી દીધા હતા. જેમાં વિકેટકીપર કેપ્ટન સંદીપ જોરાએ પાંચ સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૧૨ બોલમાં અણનમ ૪૭ રન ફટકાર્યા હતા. જ્યારે રાશિદ ખાને ૧૭ બોલમાં ૫૫ રન ફટકાર્યા હતા જેમાં તેણે ચાર ચોગ્ગા અને છ સિક્સર ફટકારી હતી. રાશિદ ખાન રિટાયર્ડ હર્ટ થયો હતો. તેના સ્થાને બેટિંગમાં આવેલા લોકેશ બામે સાત બોલમાં ૩૧ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જેની સામે ભારતીય ટીમ ત્રણ ઓવરમાં છ વિકેટે ૪૫ રન જ નોંધાવી શકી હતી.

### સફળતા માટે અને રમતમાં ટકી રહેવા માટે આત્મવિશ્વાસ દાખવવો મહત્ત્વનો છે

# સંઘર્ષમાંથી બહાર આવવા માટે આકરી મહેનત કરી હતી : શેફાલી

ચંદીગઢ, તા.૧૦

ભારતની વિમેન્સ વન-ડે વર્લ્ડ ચેમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની ઓપનર શેફાલી વર્મા છેલ્લા કેટલાક સમયથી ફોર્મમાં ન હતી અને ટીમમાં ટકી રહેવા માટે આકરી મહેનત કરી રહી હતી પરંતુ તેને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. ખુદ શેફાલીએ કબૂલ્યું હતું કે છેલ્લા એક વર્ષથી પુનરાગમન કરવા માટે તેને આકરી મહેનત કરવી પડી હતી. ગયા સપ્તાહે સાઉથ આફ્રિકા સામેની ફાઈનલમાં બાવન રનના શાનદાર વિજય સાથે ભારતે વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું. ફાઈનલમાં શેફાલી વર્માએ શાનદાર બેટિંગ કરીને ૮૭ રન ફટકાર્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી. જોકે શેફાલીને વર્લ્ડ કપની મુખ્ય ટીમમાં સામેલ કરાઈ ન હતી પરંતુ પ્રતિકા રાવલ ઘાયલ થતાં તેને સ્થાને શેફાલીને ટીમમાં રમવાની તક મળી હતી અને આ તક ઝડપીને તેણે શાનદાર પુનરાગમન કર્યુ હતુ. તેણે જણાવ્યું હતું કે છેલ્લા વર્ષમાં ઘણા સંઘર્ષોનો સામનો કર્યો છે અને પોતાની રમત સુધારવા માટે "અત્યંત સખત" મહેનત કરી છે જેને પરિણામે ઐતિહાસિક વર્લ્ડ કપનો મહિમા થયો છે.સાઉથ આફ્રિકા સામેની ફાઈનલ માત્ર ભારત માટે જ નહીં પરંતુ શેફાલી વર્મા માટે પણ યાદગાર બની રહી હતી કેમ કે તેણે ૮૭ રન ફટકારવા ઉપરાંત ૩૬ રન આપીને હરીફ ટીમની બે મહત્વની વિકેટ ખેરવી હતી. રવિવારે એક કાર્યક્રમમાં શેફાલીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમયે તેણે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે છેલ્લું એક વર્ષ મારા માટે અત્યંત કપરું રહ્યું હતું. મારે ઘણા સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો પરંતુ મેં આકરી મહેનત જારી રાખી હતી અને મારા પ્રયાસોનું ભગવાને મને ફળ આપ્યું હતું.ઓસ્ટ્રેલિયા જેવી જાયન્ટ ટીમ સામેની સેમિફાઈનલના આગલા દિવસે જ શેફાલીને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવી હતી. જોકે હરિયાણાની આ બેટર સેમિફાઈનલમાં ખાસ નોંધપાત્ર રમત દાખવી શકી ન હતી. આ અંગે શેફાલીએ જણાવ્યું હતું કે સેમિફાઈનલ અગાઉ હું ટીમ સાથે જોડાઈ ત્યારે હું ટીમને વર્લ્ડ કપમાં વિજય અપાવવામાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ હતી. ફાઈનલ હંમેશાં મોટું મંચ બની રહેતી હોય છે. સામાન્ય રીતે હું શરૂઆતમાં નર્વસ હતી પરંતુ મેં મારી જાતને કહ્યું હતું કે શાંત રહેવાનું છે અને ધીરજ રાખવાની છે. મેં મારી અંગત અને ટીમની રણનીતિ પર ફોકસ કર્યુ હતું. કદાચ આ જ કારણે હું બેટિંગ અને બોલિંગ બંનેમાં સારી રમત દાખવી શકી હતી.શેફાલી તેના હોમટાઉન રોહતકમાં પરત ફરી ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમયે તેણે યુવાન છોકરીઓને પોતાની જાત પર ભરોસો રાખવાની અપીલ કરી હતી. તેણે કહ્યું હતું કે છોકરીઓએ કોઈ પણ ક્ષેત્રમાં જાય ત્યાં આત્મવિશ્વાસ દાખવવો જરૂરી છે. તેઓ જે પણ ક્ષેત્ર પસંદ કરે ત્યાં તેમણે આકરી મહેનત કરવાની રહેશે અને પોતાની જાત પર ભરોસો રાખશે તો તેમને જોઈતું પરિણામ મળી રહેશે.ભારતના મહાન ક્રિકેટર સચિન તેંડુલકરને પોતાનો આદર્શ માનતી શેફાલીએ તેની કારકિર્દીના વિકાસ અને સ્વપ્ન સાકાર કરવા માટે પોતાના પરિવારનો આભાર માન્યો હતો અને તેમના સહકારથી જ આ કક્ષાએ પહોંચી હોવાનું કબૂલ્યું હતું.



**ગયા સપ્તાહે સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં બાવન રનના શાનદાર વિજય સાથે ભારતે વર્લ્ડ ટાઇટલ જીત્યું હતું**

# બ્રોડકાસ્ટર દ્વારા ટ્રમ્પના ભાષણનું અયોગ્ય સંપાદન કરવાની ટીકા બાદ BBCના વડાઓનું રાજીનામું

### બીબીસીએ જણાવ્યું હતું કે ડિરેક્ટર-જનરલ ટિમ ડેવી અને ન્યૂઝ સીઈઓ ડેબોરાહ ટર્નેસ બંનેએ કોર્પોરેશન છોડવાનો નિર્ણય લીધો હતો

(એજન્સી) લંડન, તા.૧૦

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ભાષણને સંસ્થા દ્વારા સંપાદિત કરવાની રીતની ટીકા બાદ બીબીસીના વડા અને બ્રિટિશ બ્રોડકાસ્ટરના ટોચના ન્યૂઝ એક્ઝિક્યુટિવ બંનેએ રવિવારે રાજીનામું આપ્યું. બીબીસીએ જણાવ્યું હતું કે ડિરેક્ટર-જનરલ ટિમ ડેવી અને ન્યૂઝ સીઈઓ ડેબોરાહ ટર્નેસ બંનેએ કોર્પોરેશન છોડવાનો નિર્ણય લીધો હતો. બ્રિટનના જાહેર ભંડોળ પૂરૂં પાડતા રાષ્ટ્રીય પ્રસારણકર્તાની ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ટ્રમ્પ દ્વારા વોશિંગ્ટનમાં કેપિટોલ પર હુમલો કરવામાં આવ્યો તે પહેલાંના ભાષણને સંપાદિત કરવા બદલ ટીકા કરવામાં આવી છે. ટીકાકારોએ કહ્યું કે ગયા વર્ષે બીબીસી ડોક્યુમેન્ટરી માટે ભાષણનું સંપાદન કરવાની રીત ગેરમાર્ગે દોરનારી હતી અને તેમણે એક ભાગ કાપી નાખ્યો હતો જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ઈચ્છે છે કે સમર્થકો શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરે. ધ ડેઈલી ટેલિગ્રાફ દ્વારા શેર કરાયેલ બીબીસી "પેનોરમા" એપિસોડની ક્લિપમાં ટ્રમ્પના ભાષણના વિવિધ ભાગોને એક અવતરણમાં સંપાદિત કરવામાં આવ્યા છે. આ એપિસોડમાં, ટ્રમ્પ કહેતા બતાવવામાં આવ્યા છે : "અમે કેપિટોલ તરફ ચાલીને જઈ રહ્યા છીએ અને હું તમારી સાથે ત્યાં રહીશ અને અમે લડીશું. તે દિવસે ટ્રમ્પની ટિપ્પણીના વિડિઓ અને ટ્રાન્સક્રિપ્ટ અનુસાર, તેમણે કહ્યું હતું કે : "અમે કેપિટોલ તરફ ચાલીને જઈ રહ્યા છીએ અને અમે અમારા બહાદુર સેનેટરો, કોંગ્રેસમેન અને મહિલાઓને ખુશ કરવાના છીએ અને અમે કદાચ તેમાંના કેટલાક માટે આટલું બધું ખુશ થવાના નથી. તમે ક્યારેય અમારા દેશને નબળાઈમાં લઈ જશો નહીં. તમારે શક્તિ બતાવવી પડશે અને તમારે મજબૂત બનવું પડશે. અમે માગણી કરવા આવ્યા છીએ કે કોંગ્રેસ યોગ્ય કાર્ય કરે અને ફક્ત તે મતદારોની ગણતરી કરે જેમને કાયદેસર રીતે નિયુક્ત કરવામાં આવ્યા છે. હું જાણું છું કે અહીં દરેક વ્યક્તિ ટૂંક સમયમાં કેપિટોલ બિલ્ડિંગ તરફ કૂચ કરશે જેથી શાંતિપૂર્ણ અને દેશભક્તિથી તમારો અવાજ સંભળાય. લગભગ એક કલાક પછી, ટ્રમ્પે તેમના ભાષણના અંતમાં "અમે સખત રીતે લડીએ છીએ" વાક્યનો ઉપયોગ કર્યો, પરંતુ તેમાં કેપિટોલનો ઉલ્લેખ કર્યો ન હતો. સ્ટાફને લખેલા પત્રમાં, ડેવીએ કહ્યું કે પાંચ વર્ષ પછી નોકરી છોડી દેવાનો નિર્ણય "સંપૂર્ણપણે મારો છે."

# યુપીના મિરઝાપુરમાં દલિત શ્રમિકનું ધર્મ પરિવર્તનનો પ્રયાસ કરવા બદલ એક મહિલાની ધરપકડ

### યુપીના ગેરકાયદે ધર્મ પરિવર્તન કાયદા અનુસાર રાજગઢ પોલીસ સ્ટેશનમાં રમીલા નામની મહિલા સામે પોલીસે કેસ દાખલ કર્યો હતો

(એજન્સી) મિરઝાપુર, તા.૧૦

ઉત્તરપ્રદેશના મિરઝાપુરમાં એક દલિત શ્રમિકનું ધર્મ પરિવર્તન કરવાનો પ્રયાસ કરવા બદલ ૩૨ વર્ષીય મહિલા રમીલા સામે પોલીસે કેસ દાખલ કર્યો હતો. દલિત મજૂરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે આ મહિલાએ મને અવારનવાર નાણાં અને અન્ય લાલચ આપીને ખ્રિસ્તી ધર્મ અપનાવી લેવા માટે દબાણ કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપી મહિલા રમીલા સામે યુપીના ગેરકાનૂની ધર્મ પરિવર્તન કાયદા અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો છે અને શનિવારે તેની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં સ્થાનિક કોર્ટ સમક્ષ તેને રજૂ કરવામાં આવી હતી. અદાલતે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો તેમ રાજગઢ પોલીસે જણાવ્યું હતું. ધ્રુવ ચંદ્ર નામના દલિત શ્રમિક દ્વારા એવી ફરિયાદ કરવામાં આવી હતી કે આ મહિલા છેલ્લા ઘણા મહિનાથી પોતાને અવારનવાર મળવા આવતી હતી અને ધર્મ પરિવર્તન કરાવવાનો પ્રયાસ કરતી હતી. આરોપીના પતિએ પણ તેની પ્રવૃત્તિઓ સામે સખત વાંધો લીધો હતો અને તેના કારણે તેના પરિવારમાં પણ ઝઘડા ચાલુ થયા હતા. આરોપીના ગામથી આ મહિલા સાત કિલોમીટર દૂર રહે છે.

# મથુરા : દલિતોની જમીન પર માથાભારે લોકોનું અતિક્રમણ

(એજન્સી) નૌહઝીલ, તા.૧૦

શહેરના માનગઢી ગામના એક અનુસૂચિત જાતિના ખેડૂતે વડાપ્રધાનને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે માથાભારે લોકોએ તેમની જમીન પર અતિક્રમણ કર્યું છે. પીડિતનો આરોપ છે કે જિલ્લા મેજિસ્ટ્રેટ અને જાહેર સુનાવણી પોર્ટલને ફરિયાદ કરવા છતાં, તેમની ફરિયાદો હજુ સુધી સાંભળવામાં આવી નથી. માનગઢી ગામના રહેવાસી ખેડૂત સતપાલે વડાપ્રધાનને લખેલા પત્રમાં લખ્યું છે કે પાછલી સરકારે તેમના વડીલોને આશરે છ વિઘા જમીન ફાળવી હતી કારણ કે તેઓ ભૂમિહીન પરિવાર હતા. હાલમાં, જોગેન્દ્ર અને પ્રેમચંદ, જેઓ જન્મથી જ અપંગ છે, તેઓ જમીનના સહ-માલિક છે. જોકે, ગામના નામચીન માથાભારે લોકોએ તેમની આશરે દોઢ વિઘા જમીન પર અતિક્રમણ કર્યું છે. આ શક્તિશાળી લોકો તેમને સતત ધમકીઓ આપે છે. નાયબ તહસીલદાર રાકેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે આ મામલો વિચારણા હેઠળ છે અને કબજો પરત અપાવવા માટે પહેલાથી જ સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે.

# દલિત વસાહતમાં ૧૫ વર્ષથી હેન્ડપંપ બંધ : મરદાહ બ્લોકના ૨૦૦ લોકો દૂષિત પાણી પીવા માટે મજબૂર

(એજન્સી) તા.૧૦

ગાઝીપુર જિલ્લાના મરદાહ બ્લોક મુખ્યાલયમાં સ્થિત ગ્રામ પંચાયત મરદાહના વોર્ડ નંબર ૧ની દલિત વસાહતમાં એક ઈન્ડિયા માર્ક II હેન્ડપંપ છેલ્લા ૧૫ વર્ષથી ખરાબ છે. આનાથી આશરે ૨૦૦ લોકો સ્વચ્છ પીવાના પાણીથી વંચિત છે. આ હેન્ડપંપ ૧૫ પરિવારોને પાણી પૂરૂં પાડતો હતો, પરંતુ જાળવણીના અભાવે, તે બિનઉપયોગી બની ગયો છે. વસાહતમાં બીજો કોઈ મોટો હેન્ડપંપ નથી. સ્થાનિકોને હેન્ડપંપ નંબર ૪માંથી દૂષિત પાણી પીવાની ફરજ પડી રહી છે. ફરિયાદો છતાં કોઈ જવાબદાર અધિકારી કે જનપ્રતિનિધિએ આ સમસ્યાનું નિરાકરણ લાવ્યું નથી. ગ્રામ પંચાયત સભ્યો, ક્ષેત્ર પંચાયત સભ્યો, ગ્રામ પ્રધાનો, જિલ્લા પંચાયત સભ્યો, ધારાસભ્યો અને સાંસદો સહિત તમામ જનપ્રતિનિધિઓની જવાબદારી છે કે તેઓ તેમના વિસ્તારોમાં લોકોની મૂળભૂત સુવિધાઓ સુનિશ્ચિત કરે અને સમસ્યાઓનું નિરાકરણ લાવે. જો કે, આ મુદ્દાને દરેક સ્તરે અવગણવામાં આવી રહ્યો છે, જેના કારણે ગ્રામજનોને તેમના જીવનમાં અસુવિધા થઈ રહી છે. ઘણી સરકારો આવી અને ગઈ, પરંતુ આ દલિત વસાહતમાં ખરાબ હેન્ડપંપ તરફ કોઈનું ધ્યાન ગયું નથી. ગામલોકોને દૂષિત પીવાનું પાણી પીવાની ફરજ પડી રહી છે. લોકો કહે છે કે તમામ જવાબદાર અધિકારીઓની બેદરકારીને કારણે આ ભયાનક પરિસ્થિતિ યથાવત્ છે. જો બ્લોક મુખ્યાલયની નજીકના ગામની આ સ્થિતિ છે, તો અન્ય દૂરના ગામોની પરિસ્થિતિની કલ્પના કરી શકાય છે. બ્લોક વિકાસ અધિકારી અને સહાયક વિકાસ અધિકારીની કચેરીઓ ફક્ત એક કિલોમીટર દૂર આવેલી છે, છતાં તેઓએ આ સમસ્યા પ્રત્યે કોઈ ધ્યાન આપ્યું નથી.

# પૂર્વ બર્ધમાનમાં SIR ડ્રાઈવ દરમિયાન BLOનું મૃત્યુ, પરિવારે કામના દબાણને કારણે બ્રેઈન સ્ટ્રોકને જવાબદાર ઠેરવ્યો

## આંગણવાડી કાર્યકરમાંથી BLO બનેલી નમિતા હંસદા મતદાર ફોર્મ ડ્રાઈવ દરમિયાન પડી ગઈ; પરિવારનો આરોપ છે કે, વધુ પડતા કામને કારણે મૃત્યુ થયું

(એજન્સી) તા.૧૦

પૂર્વ બર્ધવાનમાં એક બૂથ-લેવલ ઓફિસર (BLO)નું કથિત રીતે ચાલુ મતદાર ગણતરી ડ્રાઈવ દરમિયાન સતત કામના દબાણને કારણે મગજના સ્ટ્રોકને કારણે મૃત્યુ થયું છે. મૃતક, નમિતા હંસદા તરીકે ઓળખાઈ રહી છે, તે આંગણવાડી કાર્યકર હતી અને તેને મેમારીના ચક બલરામપુરમાં બૂથ નંબર ૨૭૮ માટે BLO તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. શનિવારે રાત્રે ફરજ પર હતા, ત્યારે નમિતા મગજના સ્ટ્રોક આવ્યા પછી ફસડાઈ પડી હતી. તેને કાલના સબડિવિઝનલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કરી હતી. તેના પતિ, માધવ હંસદાએ આરોપ લગાવ્યો હતો કે, કામના ભારણને કારણે તે ભારે તણાવમાં હતી. તેમણે કહ્યું કે, 'દરરોજ, તેને વધુ ગણતરી ફોર્મ વિતરણ કરવાનું કહેવામાં આવી રહ્યું હતું. તે મોડી રાત સુધી ભારે દબાણ હેઠળ કામ કરતી હતી. શનિવારે કામ કરતી વખતે તે પડી ગઈ,'. અહેવાલો અનુસાર, જિલ્લા મેજિસ્ટ્રેટ આયેશા રાનીએ પુષ્ટિ આપી છે કે આ ઘટના અંગે રિપોર્ટ માંગવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, 'જે લોકો બીમાર છે તેમને BLO ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે. અમે આ બાબતની તપાસ




કરી રહ્યા છીએ,'. ચૂંટણી પંચ હાલમાં SIR-સંબંધિત ગણતરી ફોર્મના વિતરણનું નિરીક્ષણ કરી રહ્યું છે, જે પ્રક્રિયા ૪ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. ૨૦૦૨ની મતદાર યાદીના આધારે મતદાર માહિતી અપડેટ કરવા માટે BLOએ ઘરોની મુલાકાત લેવી જરૂરી છે. સુધારેલા ડેટાનું સંકલન ૯ ડિસેમ્બરના રોજ પ્રારંભિક ડ્રાફ્ટ મતદાર યાદી તરીકે કરવામાં આવશે અને પ્રકાશિત કરવામાં આવશે.

# ઉત્તરપ્રદેશના ચાર જિલ્લામાં લાઉડસ્પીકર પર મોટી કાર્યવાહી મંદિર-મસ્જિદમાંથી નિયમભંગ કરતા સ્પીકર હટાવાયા

(એજન્સી) નવી દિલ્હી/આઝમગઢ, તા.૧૦

ઉત્તરપ્રદેશના ચાર જિલ્લાઓ-ફિરોઝાબાદ, મુઝફ્ફરનગર, આઝમગઢ અને સંત કબીર નગરમાં પ્રશાસન દ્વારા ધ્વનિ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે એક મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ, કોર્ટ દ્વારા નિર્ધારિત ડેસિબલ મર્યાદાનું ઉલ્લંઘન કરતા અનેક લાઉડસ્પીકર મસ્જિદો અને મંદિરો પરથી હટાવવામાં આવ્યા છે. પ્રશાસનનું કહેવું છે કે આ કાર્યવાહીનો હેતુ કોઈ ધર્મને નિશાન બનાવવાનો નથી, પરંતુ કાયદાકીય મર્યાદામાં લાઉડસ્પીકરનો ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે. આઝમગઢમાં, રહેણાંક વિસ્તારો માટે સ્પષ્ટ સૂચનાઓ જારી કરવામાં આવી છે કે લાઉડસ્પીકરનો અવાજ દિવસ દરમિયાન ૫૫ ડેસિબલ અને રાત્રે ૪૫ ડેસિબલથી વધુ ન હોવો જોઈએ.

**જિલ્લાવાર કાર્યવાહીની વિગતો**

**આઝમગઢ:** વરિષ્ઠ પોલીસ અધિક્ષકના નિર્દેશ પર તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં લાઉડસ્પીકરનું નિરીક્ષણ કરવામાં આવ્યું.

**ફિરોઝાબાદ:** રામગઢ વિસ્તારમાં ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે ૮ લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા. એસપી સિટી રવિશંકર પ્રસાદે આ માહિતી આપી.

**મુઝફ્ફરનગર:** મસ્જિદો અને અન્ય ધાર્મિક સ્થળો પરથી ૧૫ લાઉડસ્પીકર દૂર કરવામાં આવ્યા.

**સંત કબીર નગર:** અહીં પણ નિયત ડેસિબલ મર્યાદાથી વધુ અવાજ કરતા મંદિરો અને મસ્જિદો બંને પરથી લાઉડસ્પીકર હટાવવામાં આવ્યા.

**શામલી:** મસ્જિદના લાઉડસ્પીકરનો અવાજ વધુ હોવાની સ્થાનિક લોકોની ફરિયાદ બાદ મૌલાના રફીક ખાન વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો.



**સમુદાયોનો સહકાર અને સમર્થન**

ખાસ વાત એ છે કે પ્રશાસનની આ કાર્યવાહીને સ્થાનિક લોકો અને ધાર્મિક નેતાઓનું સમર્થન મળી રહ્યું છે. આઝમગઢના ઈમામ અબ્દુલ વાહિદે કહ્યું, 'અમે અધિકારીઓને સંપૂર્ણ સહકાર આપીએ છીએ. અમારો હેતુ કોઈને પરેશાન કરવાનો નથી.' આઝમગઢની રહેવાસી આયેશા ખાને પણ કહ્યું, 'અમે મર્યાદાની જરૂરિયાતને સમજીએ છીએ. અહીંના મુસ્લિમો અન્યને ખલેલ પહોંચાડ્યા વિના તેમની ધાર્મિક પ્રથાઓ કરવા માંગે છે.' શામલીમાં જેમના પર કેસ થયો તે મૌલાના રફીક ખાને પણ સ્પષ્ટતા કરી, 'અમારો ઈરાદો હંમેશા શાંતિપૂર્ણ રીતે લોકોને નમાજ માટે બોલાવવાનો રહ્યો છે. અમે નિયમોનું પાલન કરવા માટે સંપૂર્ણ સહકાર આપવા તૈયાર છીએ.' આ અભિયાન ધાર્મિક સ્વતંત્રતા અને જાહેર શાંતિ વચ્ચે સંતુલન સ્થાપિત કરવાના વ્યાપક પ્રયાસને પ્રતિબિંબિત કરે છે, જેમાં પ્રશાસન તમામ સમુદાયો સાથે મળીને કામ કરી રહ્યું છે.

# શશિ થરૂરના વિચારો તેમના વ્યક્તિગત છે : કોંગ્રેસે અડવાણી અંગે તેમની ટિપ્પણીથી પોતાને દૂર કર્યા

## કોંગ્રેસે રવિવારે પાર્ટી સાંસદ શશિ થરૂરની તાજેતરની ટિપ્પણીઓથી પોતાને દૂર રાખ્યા છે, થરૂરે ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીનો બચાવ કર્યો હતો, કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે કે, તે તેમના વિચારો વ્યક્તિગત છે અને પક્ષના વલણને પ્રતિબિંબિત કરતા નથી

(એજન્સી) તા.૧૦

શશિ થરૂરે લાલકૃષ્ણ અડવાણીના રાજકીય વારસાનો બચાવ કર્યો છે, જે અંગે કોંગ્રેસે સ્પષ્ટપણે કહ્યું છે કે, આ સાંસદની ટિપ્પણીઓ વ્યક્તિગત હતી અને તેના સત્તાવાર વલણને પ્રતિબિંબિત કરતી નથી. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ જણાવ્યું હતું કે, હંમેશાની જેમ ડૉ.શશિ થરૂર પોતાના માટે બોલે છે અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તેમના તાજેતરના નિવેદનથી સ્પષ્ટપણે અલગ પડે છે અને તે કોંગ્રેસ માટે અનન્ય આવશ્યક લોકશાહી અને ઉદાર ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

પોતાના સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતા થરૂરે પૂર્વ નાયબ વડાપ્રધાનના રાજકીય વારસાનો બચાવ કર્યા પછી કોંગ્રેસની આ તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે. તિરૂવનંતપુરમના સાંસદે દલીલ કરી હતી કે, અડવાણીની જાહેર સેવાની લાંબી કારકિર્દીને એક જ ઘટના દ્વારા મૂલવવી જોઈએ નહીં. (આ ૧૯૯૦ની રથયાત્રાનો ઉલ્લેખ છે જે બાબરી મસ્જિદ ધ્વંસ સાથે વ્યાપકપણે જોડાયેલી છે).

થરૂરે અડવાણીને તેમના ૯૮મા જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી અને તેમને 'સાચા રાજકારણી' તરીકે વર્ણવ્યા અને જાહેર સેવા, નમ્રતા અને શિષ્ટાચાર પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

કોંગ્રેસના સાંસદ શશિ થરૂર ફરી એકવાર ભાજપના નેતા પર કરેલી તેમની ટિપ્પણી માટે વિવાદમાં આવ્યા છે. આ વખતે તેઓએ પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીના રાજકીય વારસાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, જવાહરલાલ નહેરૂ અને ઈન્દિરા ગાંધીની જેમ ભાજપના આ દિગ્ગજ નેતાની દાયકાઓની જાહેર સેવાનું મૂલ્યાંકન એક જ ઘટનાના આધારે ન કરવું જોઈએ. થરૂરે X પર લખ્યું કે, તેમની અનેક વર્ષોની સેવાને એક જ ઘટનામાં ભૂલી જવી એ અન્યાયી છે. જેમ નહેરૂજીની કારકિર્દીને ફક્ત ચીનના પરાજયથી વ્યાખ્યાયિત કરી શકાતી નથી અને ઈન્દિરા ગાંધીનું મૂલ્યાંકન માત્ર કટોકટીથી ન થાય તેવી જ રીતે અડવાણીજી પ્રત્યે



પણ ન્યાયીતા દાખવવી જોઈએ. જો કે, ભાજપના દિગ્ગજ નેતાની આ પ્રશંસા માટે અનેક વર્ગો તરફથી ટીકા થઈ હતી. સુપ્રીમ કોર્ટના વકીલ સંજય હેગડે એવા લોકોમાં સામેલ હતા જેમણે થરૂરના મૂલ્યાંકન પર સવાલ ઊઠાવતા કહ્યું હતું કે, 'આ દેશમાં 'નફરતના બીજ' છોડવા એ જાહેર સેવા નથી.' તેઓએ અડવાણી અને પૂર્વ વડાપ્રધાનો જવાહરલાલ નહેરૂ અને ઈન્દિરા ગાંધી વચ્ચે કરેલી સરખામણીનો જવાબ આપતા હેગડેએ લખ્યું હતું કે, 'રથયાત્રા એક એપિસોડ નહોતી' પરંતુ 'ભારતીય પ્રજાસત્તાકના મૂળ સિદ્ધાંતોને ઉલટાવી દેવા માટે એક લાંબી કૂચ હતી.' ૧૯૯૦માં સોમનાથથી શરૂ થયેલી અડવાણીની રથયાત્રાને ભારતીય રાજકારણમાં એક વળાંક તરીકે ગણવામાં આવે છે. ડિસેમ્બર ૧૯૯૨માં બાબરી મસ્જિદ ધ્વંસમાં પરિણમેલા સાંપ્રદાયિક તણાવ માટે તેને પાયો નાખવા તરીકે જોવામાં આવે છે. જો કે, થરૂર પોતાના નિવેદન પર અડગ રહ્યા પણ કોંગ્રેસ નેતૃત્વએ તરત જ સંકેત આપ્યો કે, આ તેમની ટિપ્પણીઓ વ્યક્તિગત રીતે કરવામાં આવી હતી અને તે પક્ષના વલણને પ્રતિબિંબિત કરતી નથી. આ પહેલી વાર નથી જ્યારે શશિ થરૂરના નિવેદનોએ તેમને કોંગ્રેસ નેતૃત્વ સાથે મતભેદ થયા હોય. તિરૂવનંતપુરમના સાંસદે રાજકીય અને નીતિગત મુદ્દાઓ પર તેમના સ્વતંત્ર વલણને કારણે વારંવાર આંતરિક અસ્વસ્થતા ઊભી કરી છે. આ વર્ષની શરૂઆતમાં થરૂરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા અને કેટલીક સરકારી પહેલોના જાહેર સમર્થનને કારણે તેમના પક્ષની અંદરથી જ તીવ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. જુલાઈમાં કેરળ કોંગ્રેસના નેતા કે. મુરલીધરને જાહેર કર્યું કે થરૂર હવે આપણામાંથી નથી અને જ્યાં સુધી તેઓ પોતાનું વલણ બદલતા નથી ત્યાં સુધી તેમને તિરૂવનંતપુરમમાં પાર્ટીના કાર્યક્રમોમાં આમંત્રિત કરવામાં આવશે નહીં. થરૂરે જવાબ આપ્યો હતો કે, તેમની પ્રથમ વફાદારી રાષ્ટ્ર પ્રત્યે છે. પક્ષો એ રાષ્ટ્રને વધુ સારૂં બનાવવાનું એક માધ્યમ છે. ઓપરેશન સિંદૂર માટે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા માટે કેન્દ્રના આમંત્રણને સ્વીકાર્યા પછી કેટલાક કોંગ્રેસી વર્તુળો તરફથી ટીકા થઈ હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ તે સમયે તેમના પર છૂપી રીતે કટાક્ષ કરતા કહ્યું, 'કોંગ્રેસ માટે તે દેશ પહેલા છે, પરંતુ કેટલાક લોકો માટે, મોદી પહેલા છે.' નવેમ્બરમાં થરૂરે પ્રોજેક્ટ સિન્ડિકેટમાં એક અભિપ્રાય લેખ દ્વારા તેમણે ભારતની વંશીય રાજકીય સંસ્કૃતિને 'લોકશાહી માટે ગંભીર ખતરો' ગણાવ્યો હતો. તેમણે લખ્યું હતું કે, જ્યારે રાજકીય સત્તા ક્ષમતા અથવા પાયાના જોડાણને બદલે વંશ દ્વારા નક્કી કરવામાં આવે છે, ત્યારે શાસનની ગુણવત્તાને નુકસાન થાય છે. નહેરૂ-ગાંધી પરિવારને વંશીય રાજકારણના સૌથી અગ્રણી ઉદાહરણ તરીકે ઉલ્લેખ કરતા થરૂરે લખ્યું હતું કે, જ્યારે પરિવારનો વારસો ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે ઊંડે સુધી જોડાયેલો હતો, ત્યારે તેણે એ વિચારને પણ મજબૂત બનાવ્યો હતો કે રાજકીય નેતૃત્વ જન્મસિદ્ધ અધિકાર હોઈ શકે છે.

આ લેખમાં પક્ષના નેતાઓ તરફથી વિરોધનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસના નેતા ઉદિત રાજે કહ્યું કે, વંશીય વલણો ભારતીય જીવનના તમામ ક્ષેત્રોમાં અસ્તિત્વમાં છે અને કહ્યું હતું કે, ડોક્ટરનો પુત્ર ડોક્ટર બને છે, ઉદ્યોગપતિનું બાળક વ્યવસાય ચાલુ રાખે છે અને રાજકારણ પણ તેમાં અપવાદ નથી.

અડવાણી અને નહેરૂને સમાન દર્શાવતી થરૂરની તાજેતરની ટિપ્પણીએ તેમને ફરી એકવાર કોંગ્રેસની સત્તાવાર લાઈનથી વિરોધાભાસમાં મૂકી દીધા છે.

# 'ટેરિફનો વિરોધ કરી રહેલા લોકો મૂર્ખ છે' : ટ્રમ્પે અમેરિકી નાગરિકો માટે ૨૦૦૦ ડોલરનું ડિવિડન્ડ જાહેર કર્યું

## અમેરિકી પ્રમુખ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન વિશ્વના દેશો પર લાગુ કરવામાં આવેલા ભારે વેરા અંગે અમેરિકી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે, એ પછી ટ્રમ્પના આવા નિવેદનો પ્રમુખ જેનો બચાવ કરે છે એવી એમની નીતિઓ અંગે ન્યાયતંત્ર દ્વારા થઈ રહેલી કાયદાકીય ચકાસણીને ઉજાગર કરે છે

(એજન્સી) તા.૧૦

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની આક્રમક ટેરિફ નીતિનો મજબૂત રીતે બચાવ કર્યો. તેમણે જાહેરાત કરી હતી કે ટેરિફમાંથી એકત્ર કરાયેલા નાણાં ટૂંક સમયમાં દરેક અમેરિકન નાગરિકને ઓછામાં ઓછા $2,000નું ડિવિડન્ડ આપશે. જો કે, ઉચ્ચ આવક ધરાવતા વ્યક્તિઓને બાકાત રાખવામાં આવશે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં ટેરિફ વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા, તેમને 'મૂર્ખ' ગણાવ્યા.

ટ્રમ્પે લખ્યું, 'ટેરિફનો વિરોધ કરનારાઓ મૂર્ખ છે ! આપણે હવે વિશ્વના સૌથી ધનિક અને સૌથી આદરણીય દેશ છીએ, જ્યાં ફુગાવો લગભગ શૂન્ય છે અને શેરબજાર રેકોર્ડ સ્તરે છે. ૪૦૧૦૦૦ના અત્યાર સુધીના ઉચ્ચ સ્તરે છે.' તેમણે દાવો કર્યો કે, ટેરિફ ટ્રિલિયન ડોલરની આવક પેદા કરી રહ્યા છે, જે $37 ટ્રિલિયન રાષ્ટ્રીય દેવાને ચૂકવવાનું શરૂ કરશે. વધુમાં દેશભરમાં રેકોર્ડ રોકાણ થઈ રહ્યું છે, અને દરેક જગ્યાએ ફેક્ટરીઓ બનાવવામાં આવી રહી છે.



રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું હતું કે, 'દરેક વ્યક્તિને ઓછામાં ઓછા $2,000નું ડિવિડન્ડ મળશે (ઉચ્ચ આવક ધરાવતા લોકો સિવાય !).' જો કે, તેમણે વિતરણ પ્રક્રિયા અથવા સમયરેખા વિશે કોઈ વિગતો આપી ન હતી. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે ઓગસ્ટમાં મીડિયાને જણાવ્યું હતું કે, ટેરિફ આવકનો મુખ્ય ઉદ્દેશ્ય $38.12 ટ્રિલિયન દેવું ચૂકવવાનો છે. આ જાહેરાત ત્યારે આવી છે જ્યારે સુપ્રીમ કોર્ટ ટ્રમ્પની ટેરિફ નીતિની કાનૂની માન્યતાની સમીક્ષા કરી રહી છે. કોર્ટના પડકારોનો આરોપ છે કે રાષ્ટ્રપતિએ મુખ્ય વેપારી ભાગીદારો પર વ્યાપક ટેરિફ લાદીને તેમની કારોબારી સત્તાનો દુરૂપયોગ કર્યો છે. ટ્રમ્પે કાનૂની ચકાસણીને ફગાવી દીધી છે અને દાવો કર્યો છે કે, ટેરિફ અમેરિકાને મજબૂત, શ્રીમંત અને મુક્ત બનાવી રહ્યા છે.

ટ્રમ્પે રેકોર્ડ શેરબજાર અને સ્થાનિક રોકાણ જેવી તેમની આર્થિક સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો છે. નિષ્ણાતો માને છે કે ટેરિફથી ૨૦૨૫ના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં સરકારને $195 બિલિયનની આવકનો ખર્ચ થઈ શકે છે, પરંતુ ડિવિડન્ડને સેંકડો અબજ ડોલરનો ખર્ચ થઈ શકે છે. કેટલાક વિશ્લેષકો ચેતવણી આપે છે કે તે ફુગાવાને વેગ આપી શકે છે અને વૈશ્વિક વેપાર યુદ્ધને વેગ આપી શકે છે.

ટ્રમ્પની નીતિ યુએસ અર્થતંત્રને મજબૂત બનાવવાનો દાવો કરે છે, પરંતુ વિરોધીઓ તેને જોખમી ગણાવી રહ્યા છે. આ લાભ ક્યારે અને કેવી રીતે સાકાર થશે તે જોવાનું બાકી છે.

# સહારનપુરમાં પીએમ આવાસ યોજના હેઠળ બનેલા ૮૦ ઘરો સહિત ૩૦૦ ઘરો પર ડિમોલિશનનું જોખમ તોળાઈ રહ્યું છે

## ઈન્દિરા કોલોનીમાં ૪૫ વર્ષથી વધુ સમયથી રહેતા પરિવારો જેમાં મોટાભાગે મુસ્લિમો છે, તેઓએ અધિકારીઓને ડિમોલિશન ન કરવા અપીલ કરી છે, વહીવટીતંત્રે તોડી પાડવા માટે ત્રણ દિવસની નોટિસ આપી છે

(એજન્સી) નવી દિલ્હી/સહારનપુર, તા.૧૦

ઉત્તરપ્રદેશના સહારનપુર શહેરમાં આવેલી ઈન્દિરા કોલોનીના રહેવાસીઓ ભયમાં જીવી રહ્યા છે કારણ કે સ્થાનિક વહીવટીતંત્રે શનિવારે તેમને તેમના ઘરો ખાલી કરવા અથવા બુલડોઝ કરવા માટે ત્રણ દિવસની નોટિસ આપી છે. લગભગ ૩૦૦ ઘરો, જેમાં મુખ્યત્વે મુસ્લિમો છે, તેઓ વિસ્થાપનના ભયનો સામનો કરી રહ્યા છે. જે લોકોને નોટિસ આપવામાં આવી છે તેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) હેઠળ બનેલા આશરે ૮૦ ઘરોનો સમાવેશ થાય છે. આ વિકાસથી સમુદાયમાં આઘાત છે, જેના કારણે ઘણા લોકો કાર્યવાહીની કાયદેસરતા અને તેમના ભવિષ્ય પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. રહેવાસીઓના મતે, ઈન્દિરા કોલોની ૪૫થી ૫૦ વર્ષથી અસ્તિત્વમાં છે અને મૂળ કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા દાયકાઓ પહેલા સ્થાપિત કરવામાં આવી હતી. આ પરિવારો પેઢીઓથી આ વિસ્તારમાં રહે છે, બાળકોનો ઉછેર કરે છે, સ્થાનિક કર ચૂકવે છે અને સહારનપુરના સામાજિક માળખામાં ફાળો આપે છે. હવે, ઉત્તરપ્રદેશ સિંચાઈ વિભાગ દ્વારા આ જમીન પર દાવો કરવામાં આવતા, રહેવાસીઓને તેમના ઘર અને આજીવિકા ગુમાવવાની શક્યતાનો સામનો કરવો પડે છે. કોલોનીના રહેવાસી મોહમ્મદ અકરમે કહ્યું કે, અમે આખી જિંદગી અહીં રહ્યા છીએ. હવે અચાનક, અમને કહેવામાં આવી રહ્યું છે કે અમારા ઘર ગેરકાયદેસર છે. અમારામાંથી ઘણાએ સરકારની સહાયથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આ ઘરો બનાવ્યા હતા. આ ઘરો ગેરકાયદેસર કેવી રીતે હોઈ શકે ? આ સમુદાય બુલડોઝર કાર્યવાહીને લીધે સતત ચિંતામાં છે. રહેવાસીઓ કહે છે કે તેમને ખાલી કરવા માટે માત્ર ત્રણ દિવસની નોટિસ મળી છે, તેઓ દલીલ કરે છે કે કોઈ કાનૂની ઉપાયો અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે ખૂબ જ ઓછો સમય છે. આ ત્રણ દિવસ પૂરતા નથી. અમારામાંથી કેટલાક પાસે બીજે ક્યાંય જવા માટે સ્થાન નથી. અમને કાનૂની મદદ મેળવવા માટે સમયની જરૂર છે. અમારા બાળકો અહીં અભ્યાસ કરે છે, અમારા પરિવારો અહીં રહે છે. સરકાર આટલા ઓછા સમયમાં અમારી પાસેથી જમીન ખાલી કરવાની કેવી રીતે અપેક્ષા રાખી શકે ? સ્થાનિક અહેવાલો અનુસાર, આ વસાહતમાં એવા પરિવારો રહે છે જે મોટાભાગે આર્થિક રીતે નબળા છે. ઘણા લોકોએ તેમના ઘરોનું નવીનીકરણ કરવા અને તેમને રહેવા યોગ્ય બનાવવા માટે તેમની બચતનું રોકાણ કર્યું છે, ખાસ કરીને PMAY હેઠળ, જેનો હેતુ આર્થિક રીતે વંચિત લોકોને સુરક્ષિત આવાસ પૂરું પાડવાનો છે. ત્રણ બાળકોના પિતા રાશિદ ખાને કહ્યું કે, મેં મારી લગભગ બધી બચત PMAY યોજના હેઠળ મારા ઘરને સુધારવા માટે ખર્ચી નાખી, છે. હવે તેઓ મને કહી રહ્યા છે કે મારું ઘર ગેરકાયદેસર છે. હું લાચાર છું. આ યોજના મારા જેવા લોકોને મદદ કરવા માટે હતી, અમને બેઘર કરવા માટે નહીં. સિંચાઈ વિભાગનો દાવો છે કે ઈન્દિરા કોલોની દ્વારા કબજે કરાયેલી જમીન વિભાગની છે અને રહેવાસીઓએ તેના પર ગેરકાયદેસર રીતે કબજો કર્યો છે. વિભાગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ જમીન હંમેશા સિંચાઈ વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ રહી છે. લોકોએ પરવાનગી વિના ઘરો બનાવ્યા છે. અમે યોગ્ય કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરી રહ્યા છીએ. જોકે, રહેવાસીઓની દલીલ છે કે



જો જમીન ખરેખર ગેરકાયદેસર હોત, તો વિભાગ દાયકાઓ પહેલા કાર્યવાહી કરી હોત. જો આ જમીન ગેરકાયદેસર હોત, તો વિભાગ ૪૫ વર્ષ સુધી ચૂપ કેમ રહ્યો ? અમારી પાસે દસ્તાવેજો, જૂની રસીદો અને રેકોર્ડ છે જે અમારી માલિકી અથવા ઓછામાં ઓછા લાંબા ગાળાના રહેઠાણને સાબિત કરે છે. અમને અચાનક ગેરકાયદેસર કબજેદારો કેવી રીતે ગણાવી શકાય ? સ્થાનિક સમુદાયના નેતાઓએ વહીવટીતંત્રના અભિગમ પર ચિંતા વ્યક્ત કરી છે અને તોડી પાડવાની માનવ કિંમત પર ભાર મૂક્યો છે. સમુદાયના નેતા સૈયદ હસન અલીએ જણાવ્યું હતું કે, 'આ પરિવારો પેઢીઓથી અહીં રહે છે. ત્રણ દિવસમાં તેમને બળજબરીથી બહાર કાઢવાથી ભારે મુશ્કેલીઓ ઊભી થશે. ઘણા દૈનિક વેતન મેળવનારા લોકો છે. ઘણાએ સરકારી આવાસ યોજનાઓ હેઠળ ઘરોમાં રોકાણ કર્યું છે. અમે અધિકારીઓને પુનર્વિચાર કરવા અને રહેવાસીઓને ન્યાયી સુનાવણીની મંજૂરી આપવા અપીલ કરીએ છીએ. રહેવાસીઓએ કાનૂની પ્રક્રિયા અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમની દલીલ છે કે કાનૂની આશ્રય માટે પૂરતો સમય આપ્યા વિના ઘરો તોડી પાડવાથી ન્યાય અને ન્યાયીપણાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થાય છે. અમને કોર્ટનો સંપર્ક કરવા માટે સમયની જરૂર છે. સ્થાનિક કાર્યકર્તા ફઝીલા બાનોએ જણાવ્યું હતું કે, આ પરિવારોને ટૂંક સમયમાં બહાર કાઢી શકાતા નથી. અહીં બાળકો, વૃદ્ધો અને મહિલાઓ રહે છે. વહીવટીતંત્રે તેમને કાયદેસર રીતે પોતાનો કેસ રજૂ કરવાની તક આપવી જોઈએ. જોકે, સિંચાઈ વિભાગે પોતાનો અભિપ્રાય જાળવી રાખ્યો છે અને કહ્યું છે કે જો રહેવાસીઓ સ્વેચ્છાએ ઘર ખાલી ન કરે તો ત્રણ દિવસ પછી તોડી પાડવાનું કામ ચાલુ રહેશે. અમે રહેવાસીઓની વિરૂદ્ધ નથી, પરંતુ જમીન સરકારની છે. કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરવું આવશ્યક છે. નોટિસો બજાવવામાં આવી છે અને લોકોને ખાલી કરવા માટે સમય આપવામાં આવ્યો છે. રહેવાસીઓએ ઉચ્ચ અધિકારીઓને સીધી અપીલ કરી છે અને તેમને બેઘર લોકોના સંકટને રોકવા માટે વિનંતી કરી છે. શબાના બેગમે કહ્યું કે, અમે વહીવટીતંત્રને અમારી દુર્દશા સમજવા વિનંતી કરીએ છીએ. અમે કાયદો તોડવાનો પ્રયાસ કરી રહ્યા નથી. અમે અહીં દાયકાઓથી રહીએ છીએ. જો કોઈ સમસ્યા હોય, તો તેને કાયદેસર રીતે ઉકેલ લાવવો જોઈએ, કૃપા કરીને અમને બેઘર ન બનાવો. ઉત્તરપ્રદેશમાં આવા જ ઘણા અન્ય કિસ્સાઓ નોંધાયા છે.

# પોલીસ ટ્રેનિંગમાં ગીતા પાઠ : મધ્યપ્રદેશમાં ૪,૦૦૦ તાલીમાર્થીઓ પાસે શ્લોક પઠન કરાવતા વિવાદ, બિનસાંપ્રદાયિકતા સામે સવાલ

(એજન્સી) ભોપાલ/નવી દિલ્હી, તા.૧૦

મધ્યપ્રદેશમાં પોલીસના તાલીમાર્થી કોન્સ્ટેબલો દ્વારા ભગવદ્ ગીતાના શ્લોકોનું પઠન કરતો એક વીડિયો ઓનલાઈન વાયરલ થયા બાદ વ્યાપક આક્રોશ અને રાજકીય વિવાદ ફાટી નીકળ્યો છે. હિન્દુ ધર્મના પવિત્ર માગશર મહિના દરમિયાન દરરોજ સાંજે આયોજિત આ પ્રવૃત્તિની વિરોધ પક્ષો અને નાગરિક સમાજના અવાજો દ્વારા સરકારી સંસ્થાઓમાં ધાર્મિક તટસ્થતાની હિમાયત કરતા તીખી ટીકા કરવામાં આવી છે.

**શું છે સમગ્ર મામલો ?** અહેવાલો અનુસાર, રાજ્યના આઠ તાલીમ કેન્દ્રોમાં લગભગ ૪,૦૦૦ નવા ભરતી થયેલા કોન્સ્ટેબલ આ કવાયતમાં ભાગ લઈ રહ્યા છે. તેમના વાદળી ગણવેશમાં સજ્જ, તાલીમાર્થીઓ એક સાથે ગીતા વાંચતા જોવા મળે છે, જેના કારણે સરકારી તાલીમ કાર્યક્રમમાં ધાર્મિક પ્રવૃત્તિઓના ઔચિત્ય પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. આ પહેલનો બચાવ કરતા, એડિશનલ ડાયરેક્ટર ઓફ પોલીસ, રાજા બાબુ સિંહે જણાવ્યું હતું કે, 'આ કવાયતનો હેતુ પોલીસ કર્મચારીઓને શિસ્તબદ્ધ અને સંતુલિત જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. ભગવદ્ ગીતાના શ્લોકોનું પઠન તેમની તાલીમ દરમિયાન માનસિક અને ભાવનાત્મક સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.'

**કોંગ્રેસ અને લઘુમતી સમુદાયોનો વિરોધ**

જોકે, કોંગ્રેસ પાર્ટીએ આ અંગે સખત વાંધો ઉઠાવ્યો છે. પક્ષના પ્રવક્તા ભૂપેન્દ્ર ગુપ્તાએ કહ્યું,




'પોલીસ તાલીમમાં ધાર્મિક પ્રથાઓ દાખલ કરવાનો સરકારનો નિર્ણય ખૂબ જ ચિંતાજનક છે. ભારત ધર્મની સ્વતંત્રતાની ગેરંટી આપે છે અને રાજ્યની સંસ્થાઓએ બિનસાંપ્રદાયિક રહેવું જોઈએ. પોલીસ તાલીમાર્થીઓ પર હિન્દુ ગ્રંથો લાદવાથી બંધારણ નબળું પડે છે અને લઘુમતી સમુદાયો અલગતા અનુભવે છે.' ભોપાલના સામાજિક કાર્યકર્તા ઈમરાન કુરેશીએ જણાવ્યું હતું કે, 'જ્યારે યુવાન મુસ્લિમો જાહેર સેવામાં જોડાય છે, ત્યારે તેમને અન્ય ધર્મની વિધિઓનું પાલન કરવા માટે મજબૂર ન કરવા જોઈએ. આવી પ્રથાઓ એવો સંદેશ આપે છે કે રાજ્યની નજરમાં અમારી માન્યતાઓ ગૌણ છે.'

**બંધારણીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન ?**

બંધારણીય કાયદાના વિદ્વાન ડૉ. આયેશા સિદ્દીકીએ સમજાવ્યું, 'રાજ્ય સંચાલિત સંસ્થાઓએ તટસ્થતા જાળવવી જોઈએ. શિસ્તના નામે પણ, ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી ફરજિયાત બનાવવાથી દરેક નાગરિકને ધર્મને ધ્યાનમાં લીધા વિના આપવામાં આવેલી બિનસાંપ્રદાયિક ભાવનાનું ઉલ્લંઘન થવાનું જોખમ રહેલું છે.' મધ્યપ્રદેશ સરકાર આગ્રહ કરી રહી છે કે આ પઠન ચારિત્ર્ય નિર્માણને પ્રોત્સાહન આપવા માટેની લાંબા સમયથી ચાલતી પરંપરા છે. જોકે, ટીકાકારો દલીલ કરે છે કે વિવિધતા ધરાવતા રાજ્યમાં હિન્દુ ગ્રંથો પર વારંવાર ધ્યાન કેન્દ્રિત કરવું એ લઘુમતીઓના વ્યવસ્થિત હાંસિયામાં ધકેલવા તરીકે જોઈ શકાય છે.

ડાયમંડ વર્કર યુનિયને કલેક્ટરને આવેદન પાઠવ્યું

# સુરતમાં ૨૬ હજારથી વધુ રત્નકલાકારોના બાળકોના શિક્ષણ સહાયના ફોર્મ મંજૂર કરવા રજૂઆત

## હીરા ઉદ્યોગ સાથે સંબંધ ન હોવા છતાં કેટલાકે યોજનાનો લાભ લીધો હોવાના આક્ષેપ : ગરીબ લોકોના શિક્ષણ ફીના ૨૬,૦૦૦ હજાર ફોર્મ માન્ય કરી અને બાળકોને શિક્ષણ ફી ચૂકવોની રજૂઆત કરાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

સુરત સહિત રાજયમાં હીરા ઉદ્યોગમાં કારમી મંદીને પગલે રત્નકલાકારોની આર્થિક હાલત દયનીય થઈ જવા પામી હતી. ભારે વિવાદ અને રત્નકલાકારોના સતત વધી રહેલા આપઘાતના કિસ્સાઓ વચ્ચે થોડા સમય પૂર્વે રાજ્ય સરકાર દ્વારા રત્નકલાકારોના બાળકો માટે શૈક્ષણિક સહાય અંગેની યોજના લાગુ કરવામાં આવી હતી. જેમાં ચોક્કસ નિયમો વચ્ચે સુરત શહેરમાંથી ૭૬ હજાર જેટલાં બેરોજગાર રત્નકલાકારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા હતા. આ પૈકી ૨૬ હજાર રત્નકલાકારોનાં ફોર્મ નામંજૂર કરવામાં આવતાં તેઓના બાળકો શૈક્ષણિક સહાયથી વંચિત રહેવા પામ્યા છે. આ સ્થિતિમાં આજરોજ ડાયમંડ વર્કર યુનિયન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવીને મુખ્યમંત્રી સમક્ષ રહેમરાહે નામંજૂર કરવામાં આવેલ ફોર્મ મંજૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

સુરતમાં હીરા ઉદ્યોગમાં છેલ્લા ઘણા સમયથી કારમી મંદીના સમયમાં બેરોજગાર બનેલાં રત્નકલાકારોના બાળકોના ભવિષ્યને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ખાનગી સ્કૂલોમાં અભ્યાસ કરતાં રત્નકલાકારોના બાળકોની શિક્ષણ ફી ભરવા માટેની યોજના લાગુ કરવામાં આવી હતી. સુરત શહેરમાંથી અંદાજે ૭૬ હજાર બેરોજગાર રત્નકલાકારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા હતા. તપાસને અંતે જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા ૨૬ હજાર જેટલો ફોર્મ નામંજૂર કરવામાં આવ્યા છે. જયારે ૫૦ હજાર રત્નકલાકારોના બાળકોની ફી સરકાર દ્વારા જમા કરાવી દેવામાં આવી છે. આ સ્થિતિમાં ડાયમંડ વર્કર યુનિયન દ્વારા આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સરકાર દ્વારા યોજના જાહેર કરી ત્યારે તેના પરિપત્રમાં જે બેરોજગારીની વ્યાખ્યા કરવામાં આવી હતી અને તેના નીતિ-નિયમો બનાવવામાં આવ્યા હતા. તે રત્નકલાકારો સમજી શકયા નહતા. આ સ્થિતિમાં બેરોજગારીની તારીખ લખવા સહિત નાની-મોટી ભૂલ થતાં અંદાજે ૨૬ હજાર ફોર્મ રદ્દ કરવામાં આવ્યા છે. નામંજૂર કરવામાં આવેલા ફોર્મ પૈકી ઘણાં નાના અને ગરીબ રત્નકલાકારોના બાળકો હાલમાં શિક્ષણ સહાય યોજનાથી વંચિત રહેતાં તેઓની સ્થિતિ કફોડી થવા પામી છે. બીજી તરફ યુનિયન દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, જે લોકો આર્થિક રીતે સદ્ધર છે અને હીરા ઉદ્યોગ સાથે કોઈ સંબંધ નથી તેવા લોકોને પણ યોજનાનો લાભ મળ્યો છે પરંતુ હકીકતમાં જે રત્નકલાકારો બેરોજગાર થયા છે તેમને આ યોજનાનો લાભ મળ્યો નથી. જેથી રાજ્ય સરકાર દ્વારા રહેમરાહે ૨૬ હજાર રત્નકલાકારોના ફોર્મ મંજૂર કરીને તેમના બાળકોને શિક્ષણ સહાયનું વિતરણ કરવા અંગે રજૂઆત કરવામાં આવી છે.

# પાલીતાણા માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા)

પાલિતાણા, તા.૧૦

પાલીતાણા માર્કેટીંગ યાર્ડ ખાતે સોમવારે સવારે પાલીતાણા પ્રાંત અધિકારી અંકીત પટેલના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે પાલીતાણા તાલુકાના કેન્દ્ર પર ૩૨૦૦ ખેડુતોએ મગફળી વેચવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે આ કેન્દ્ર પર દરોજ ૧૦૦ જેટલા ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે તેવું પાલીતાણા પ્રાંત અધિકારી અંકીત પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું અને આ મગફળી ખરીદીનો પ્રારંભ પ્રાંત અધિકારી અંકીત પટેલ દ્વારા મગફળી ખરીદી કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો ત્યારે પાલીતાણા માર્કેટીંગ યાર્ડ ખાતે ખેડૂતો પોતાની મગફળી લઈને યાર્ડ ખાતે પહોંચ્યા હતા મગફળી માટે પ્રતિ કિલન્ટલ રૂપિયા ૧૪૫૨ નો ટેકાનો ભાવ નક્કી કરવામાં



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

આવ્યો છે. આ અંગે પાલીતાણા પ્રાંત અધિકારી અંકીત પટેલે જણાવ્યું હતું કે પાલીતાણા કેન્દ્રની ખરીદીની તમામ કામગીરી 'ઈન્ડિયા' ગ્રો નામની એજેન્સિને સોંપવામાં આવી છે રજીસ્ટ્રેશન કરાવનાર ૩૨૦૦ ખેડૂતો પાસેથી ૧૪૫૨ના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવશે અને દરેક ખેડૂત માટે ૧૨૫ મણની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ ખરીદી તા.૧૦ નવેમ્બરથી શરૂ થઈને ૭૦ દિવસ સુધી ચાલશે અને પાલીતાણા પ્રાંત અધિકારી દ્વારા 'ઈન્ડિયા' ગ્રો એજન્સીને કડક સુચના આપી છે કે ખેડૂતોને કોઈપણ પ્રકારની હેરાનગતિ ન થાય તેની સંપૂર્ણ તાકેદારી રાખવામાં આવે સમયસર કામગીરી પુર્ણ થાય ખેડૂતોને SMS દ્વારા મગફળી લાવવાનો સમય જણાવવામાં આવે અને જે ખેડૂત સમયસર હાજર ન રહી શકે તેમને ફરી તક આપવામાં આવે જે ખેડૂતોને જાણ કર્યા છતાં હાજર ન હોય તેમને સપ્તાહના શનિવારના દિવસે ખરીદીમાં જોડી દેવામાં આવશે તેવું પ્રાંત અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું મગફળી ખરીદી કેન્દ્રના પ્રારંભમાં પાલીતાણા માર્કેટીંગ યાર્ડના હોદ્દેદારો અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલીતાણામાં ગટર સમસ્યા વકરી : વિપક્ષ નેતાની ચીફ ઓફિસર સમક્ષ તાત્કાલિક કાર્યવાહીની માંગ

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૧૦

પાલીતાણા શહેરમાં વકરી રહેલી ગટર ઊભરાવાની ગંભીર સમસ્યાને લઈને નગરપાલિકા વિપક્ષ નેતા કિરીટ સાગઠીયા દ્વારા ચીફ ઓફિસરને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. તેમણે તંત્રની બેદરકારીને કારણે શહેરમાં ઊભા થયેલા રોગચાળાના ગંભીર ભય અંગે તાત્કાલિક ધ્યાન દોર્યું હતું. વિપક્ષ નેતા કિરીટ સાગઠીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી ગટર ઊભરાવાની ફરિયાદોની સંખ્યા ૩૫૦થી વધુ સુધી પહોંચી ગઈ છે, જે નગરપાલિકા તંત્રની ગંભીર બેદરકારી દર્શાવતો આંકડો જોવા મળી રહ્યો છે તાજેતરના માવઠાના કારણે પરિસ્થિતિ વધુ વણસી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં ગટરો ઉભરાઈને ગંદુ પાણી લોકોના ઘરો સુધી પહોંચ્યું છે. રજૂઆતમાં ખાસ ઉલ્લેખ કરાયો હતો કે ખારો નદી ભરેલી હોવાથી ગટરનું પાણી શહેરમાં પાછું મારે છે, જેના પરિણામે સમગ્ર શહેરમાં અસહ્ય ગંદકી ફેલાઈ છે.ગંદા પાણીના કારણે શહેરમાં મોટા પાયે રોગચાળો ફેલાવવાનો મોટો ભય ઊભો થયો છે. બાળકો, મહિલાઓ અને વડીલોનું સ્વાસ્થ્ય ગંભીર જોખમમાં મુકાયું છે અને અનેક વિસ્તારોમાં માંદગીના કિસ્સાઓ જોવા મળી રહ્યા છે કિરીટ સાગઠીયાએ આક્ષેપ કર્યો કે અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર માત્ર કાગળ પર કામગીરી કરે છે અને સમસ્યાના કાયમી નિરાકરણ માટે કોઈ નક્કર યોજના બનાવતું નથી ત્યારે વિપક્ષ નેતા કિરીટ સાગઠીયાએ ચીફ ઓફિસરને સ્પષ્ટપણે જણાવ્યું છે કે, નગરપાલિકાનું વહીવટી તંત્ર આ ગંભીર સમસ્યાનું યુદ્ધના ધોરણે નિરાકરણ લાવે અને ગટરના કાયમી નિકાલ માટે યોગ્ય યોજના બનાવે અન્યથા જો આગામી સાત (૭) દિવસમાં આ બાબતે યોગ્ય કાર્યવાહી કરીને લોકોને પડતી હાલાકી દૂર કરવામાં નહીં આવે, તો શહેરના સ્થાનિક લોકો સાથે મળીને ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે, જેની સમગ્ર જવાબદારી તંત્રની રહેશે તેવી રજૂઆત વિપક્ષ નેતા દ્વારા ચીફ ઓફિસરને ગટરના પ્રશ્ન બાબતે કરવામાં આવી છે.

## મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૧૦

ગુજરાત સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) મતદાર યાદી સુધારણા ઝુંબેશ મંગળવારથી શરૂ થઈ છે. મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદન ખાતે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR)ના ગણતરી ફોર્મનું વિતરણ ૧૦૦ ટકા પૂર્ણ થાય, મતદારોનુ ૨૦૦૨ની મતદારયાદી સાથે મેપિંગ વધુને વધુ થાય તે માટે અસરકારક પ્રયત્નો સહિતના મતદારયાદીમાં સુધારણાની ઝૂંબેશના અલગ-અલગ તબક્કાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં મતદારોને આપવામાં આવેલા ગણતરી ફોર્મમાં તેમને મૂંઝવણ ઉભી થાય તો સત્વરે મુશ્કેલીઓ દૂર કરવા તથા સોશિયલ મીડિયાના અલગ-અલગ માધ્યમથી આ ઝૂંબેશને લગતી જાગૃતી આવે એવા પ્રયત્ન વેગવંતા બનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સુરત : એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે ફલેટમાં આગ : એક દાઝ્યો ઘરવખરીનો સામાન બળી ગયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

રામપુરાની લોખાત હોસ્પિટલની બાજુમાં આવેલા એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે ફ્લેટમાં આગ લાગી ગઈ હતી. જેને પગલે પરિવારમાં તેમજ આસપાસના રહીશોમાં ભય ફેલાતા સ્થળ પર ભાગદોડ મચી જવા પામી હતી. આગ ઓલવતી વખતે એક વ્યક્તિ સામાન્ય દાઝી ગઈ હતી. જયારે ઘટના અંગે જાણ કરવામાં આવતા ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનથી ફાયરબ્રિગેડના જવાનોનો કાફલો ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લીધી હતી.

રામપુરા લોખાત હોસ્પિટલની બાજુમાં આદિલ પેલેસ આવેલુ છે. દરમિયાન રાત્રે લગભગ ૧૧ વાગ્યે છઠ્ઠા માળે આવેલા એક ફલેટમાં આગ લાગી ગઈ હતી. જેને પગલે ફલેટમાં રહેતો પરિવાર તથા આજુબાજુના રહીશોમાં ભાગદોડ મચી ગઈ હતી. આ ઘટના અંગે જાણ કરવામાં આવતા ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનથી ફાયરબ્રિગેડના જવાનોનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો આગ પર કાબૂ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો. આગ પર કાબૂ મેળવતી વખતે એજાજ મલિક નામની વ્યક્તિ સામાન્ય દાઝી જતા તેમને ૧૦૮ એમ્બ્યુલેન્સ દ્વારા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું. ફ્રીઝમાં શોર્ટ સર્કિટ થવાતી આગ લાગી હતી. આગને કારણે ઘરમાં રહેલ ફ્રીઝ, ગાદલા, કપડાં સહિત ઘર વખરીનો સામાન બળી ગયું હતું. જો કે, ગણતરીની મિનિટોમાં જ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યું હતું, આ ઘટનામાં કોઈ જાનહાની નહીં થવા પામી હતી.

# ભાવનગર : નારી ગામના આધેડને છરી બતાવી લૂંટી લેવાયો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૦

ભાવનગરના નારી ગામના વતની અને હાલ નાસિક ખાતે રહેતા આધેડ પિતાના મૃત્યુનો કારણ જ પૂર્ણ કરી પોતાના ગામ નાસિક ઈકો કારમાં બેસીને જતા હતા તે દરમિયાન કારમાં સવાર પાંચ ઈસમોએ છરી બતાવી રોકડા રૂપિયા અને મોબાઈલ મળી રૂ.૭૦ હજારની લૂંટ ચલાવી કાર લઈને ફરાર થઈ ગયા હતા.આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ નારી ગામના વતની અને હાલ નાસિક ખાતે રહેતા ભનુભાઈ જાદવભાઈ સોલંકી પોતાના ગામ નારી ગામથી નાસિક જવા માટે એક ઈકો કારમાં સવાર થયા હતા. જે કારમાં પહેલેથી જ પાંચ ઈસમો બેઠા હતા. કારમાં બેસેલ પાંચ ઈસમોએ ગુનાહીત કાવતરૂં રચી ડ્રાઈવરની બાજુમાં બેઠેલ ઈસમે ભનુભાઈને સુરત સુધી લઈ જવાનુ જણાવી તેમને પાછળની શીટ પર બેસાડયા હતા. દરમિયાનમાં આંબલી ગામ નજીક આવેલ સર્કલ પાસે પહોંચતા ભનુભાઈની આજુબાજુમાં બેઠેલ બંને ઈસમોએ છરી બતાવી જે હોય તે કાઢી દે નહીતર છરી મારવામાં વાર લાગશે નહીં તેમ કહી તેમની પેન્ટના ખિસ્સામાં રહેલ રોકડ રૂ.૬૦,૦૦૦ તેમજ મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦ મળી કુલ કિ.રૂ.૭૦,૦૦૦ની લુંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાનુભાઈને ત્યાજ ઉતારી નાસી છૂટ્યા હતા. આ બનાવ સંદર્ભે ભનુભાઈએ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ધોલેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

૧૦ દુલ્હા-દુલ્હનો નિકાહના પાક બંધનમાં બંધાયા

# ભાવનગરના શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૭મો સમૂહશાદી સમારોહ યોજાયો



ભાવનગર, તા.૧૦

ભાવનગર શહેરના શાહગોરા ચેરિટેબલ ટ્રસ્ટ હઝરત સૈયદ સિરાજુદ્દીનબાપુ ચિશ્તી દ્વારા આયોજિત ૨૭મો સમૂહશાદી સમારોહ ભાવનગર શહેરની ઈમામવાડા મસ્જિદની પાસે આવેલ બ્રાહ્મણ જ્ઞાતિની વાડીમાં સમૂહશાદી સમારોહ યોજાયો હતો. આ સમૂહશાદીમાં ૧૦ દુલ્હા-દલ્હનો નિકાહના પાક બંધનમાં બંધાયા હતા. સંસ્થા દ્વારા દુલ્હનોને ઘરવખરીની ચીજવસ્તુઓ અર્પણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં આલીમ સાહેબો, સૈયદ સાદાતો, સમસ્ત મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ લાલભા ગોહિલ, ભાવ.મ્યુનિ. વિપક્ષના નેતા જીતુભાઈ સોલંકી, કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ વાઘાણી, પૂર્વ મેયર પારૂલબેન ત્રિવેદી, ઈકબાલભાઈ આરબ, રહીમભાઈ કુરેશી, રૂમીભાઈ શેખ, કાળુભાઈ બેલીમ, સાજીદ કાજી, અસ્લમ શેખ, આનંદભાઈ બારૈયા, ઈલ્યાસ મલેક, મહેન્દ્રસિંહ ગોહિલ, તૌસિફ પઠાણ, સુરેશભાઈ બારૈયા, ગીતાબેન પરમાર સહિતના આગેવાનો-કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા હઝરત સૈયદ સિરાજુદ્દીનબાપુ ચિશ્તી, અનવરખાન પઠાણ સહિતના આગેવાન કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી.

# પ્રભાસ પાટણમાં ડિમોલિશનની કામગીરી

## ગુડલક સર્કલની સામે કોલોની વિસ્તારમાં બુલડોઝર ફર્યું



પ્રભાસપાટણ, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ પ્રભાસ પાટણ ખાતે ગુડલક સર્કલની સામે આવેલ કોલોની વિસ્તારમાં સર્વે નંબર ૮૩૧ પૈકી એકની સરકારી જમીન પર ગેરકાયદે દબાણો દૂર કરવા માટે ૧૦ ટ્રેક્ટર અને ૭ જેસીબી મશીન સાથે ૧૧ જેટલા રહેણાંક મકાન અને દુકાનો ૧ દરગાહ શહીદ કરવામાં આવી હતી. આ ડિમોલિશનમાં મામલતદાર સહિત કેટલાક અધીકારીઓ. હાજર રહેલ અને ૧૦૦ જેટલી પોલીસ ઘટનાસ્થળે આવેલ એમાં ૨ પીઆઇ ૪ પીએસઆઈ તથા ડીવાય એસપી ખેંગાર તથા એસ પી જયદીપસિંહ જાડેજા તથા ક્રાઈમ બ્રાન્ચ તથા ટ્રાફિક પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે હાજર રહ્યા હતા.

# ધર્મગુરૂ હાસીમ અલ ગીલાની (યુ.કે.)ને આવકારવા કચ્છના મુસ્લિમ સમાજમાં અનેરો ઉત્સાહ

(સંવાદદાતા દ્વારા)

અંજાર, તા.૧૦

સુન્ની મુસ્લિમ સમાજના મઝહબી રહનુમા (ધર્મગુરૂ) સૈયદ હાસીમ અલ ગીલાની આગામી તા.૧૧/૧૧/૨૫ના ત્રણ દિવસના કચ્છના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમને આવકારવા સમગ્ર મુસ્લિમ સમાજમાં અનેરો ઉત્સાહ છે તેમની સાથે સૈયદ મઝહર અબ્બાસ બાવા કાદરી સૈયદ યાસીન બાપુ કાદરી તથા અન્ય ઈકબાલ મેમણ, વસીમ નવીવાલા, એજાજ મેમણ, બયતુલા ચિશ્તી પણ સાથે આવી રહ્યા છે. કચ્છના મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાએ સૈયદ મઝહર અબ્બાસ બાવાને વિનંતી કરેલ કે સૈયદ હાસીમ અલ ગીલાની સાહેબ કચ્છમાં પધારે અને મુફતીએ આઝમ કચ્છ સૈયદ હાજી અહમદશા બાવા (ર.અ.)ની મઝાર પર ચાદર પોશી તથા દુવા કરે અને તેમના પરિવાર સાથે મુલાકાત કરે જેનો લાભ તમામ કચ્છના મુસ્લિમ સમાજને મળે જે અનુસંધાને હઝરત સૈયદ હાસીમ સૈયદ અલ ગીલાની સાહેબના ખલીફા સૈયદ મઝહર અબ્બાસ બાવાએ દાવત આપી કચ્છ આવવા કહ્યું. જેથી આમંત્રણને સ્વીકારી સૈયદ હઝરત હાસીમ અલ ગીલાની સાહેબ કચ્છ આવી રહ્યા છે જેઓ તા.૧૧/૧૧/૨૫ના મુંબઈથી ભૂજ વિમાન માર્ગે આવશે અને તેમનો ત્રણ દિવસનું રોકાણ હોટેલ રેડિશન ખાતે ગાંધીધામ રહેશે તમામ ત્રણ દિવસ હાજી જુમા રાયમા યજમાન છે તેઓ તા.૧૨/૧૧/૨૫ના સાજે ૫ વાગે હઝરત મખદુમ ઈબ્રાહીમ બાવા તથા સૈયદ હાજી અહમદશા બાવાની મઝાર પર ચાદરપોશી કરી દુવા કરશે તથા મુફતીએ આઝમ કચ્છના પરિવાર સૈયદ અમીનશા બાવા તથા તેમના ભાઈઓ સાથે મુલાકાત કરશે આ બાબતે કચ્છના મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાએ



વધુ વિગતો આપતા જણાવેલ કે ૨૦૧૬માં દિલ્હી ખાતે સુફી કોન્ફરન્સમાં સૈયદ હાસીમ અલ ગીલાની ભારતના મહેમાન તરીકે આવ્યા હતા. જેમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી અને સુફીવાદ દ્વારા એકતા મોહબ્બત ભાઈચારો વફાદારીનો સંદેશ સમગ્ર ભારત અને વિશ્વને આપ્યો હતો. સૈયદ હાસીમ અલ ગીલાની હઝરત અબ્દુલ કાદીર જીલાની જેમને ઘણા લોકો મોટાપીર, ગૌષે પાક તરીકે પણ બોલાવે છે જેમનો કાદરી સીલસીલો છે જેમની મઝાર ઈરાકના બગદાદ ખાતે આવેલ છે અને ભારત સહિત દુનિયાભરના લોકો ઝિયારત માટે ઈરાક જતા હોય છે તેમના ૧૮મી પેઢીના વંશજ હાસીમ અલ ગીલાની છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના બુઝુર્ગ આલીમ અલ્લાહના વલી મુફતીએ આઝમ કચ્છ સૈયદ હાજી અહમદશા બાવા પણ કાદરી સીલસીલાના પીર છે અને સમગ્ર કચ્છમાં મુસ્લિમ સમાજ સાથે અન્ય સમાજમાં પણ જેમનું આદરપાત્ર સ્થાન છે અને તેવા બુઝુર્ગની મઝાર પર હાજરી આપશે તથા કચ્છના અન્ય સૈયદ સાદાત, આલીમો, આગેવાનો સાથે મુલાકાત લેશે સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા કચ્છના મુસ્લિમ અગ્રણીઓ હાજી જુમા રાયમા, સૈયદ અનવરશા બાવા, સૈયદ તાલીમ હુશેન, દાઉદ બોલીયા, મહમદ આગરીયા, આદમ પઢિયાર, હુશેન આગરિયા, રફીક બારા, દીનમહમદ રાયમા, હાજી, સાદીક રાયમા, રમજુ કુભાર, ફતેમામદ રાઉમા સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. આવનાર મહેમાન અરબી તથા અંગ્રેજી ભાષા જ જાણતા હોવાથી દુભાષિયા તરીકે હાજી જુમા રાયમાના પુત્ર હાજી શબીર રાયમા સતત તેમની સાથે રહેશે તા.૧૧/૧૧/૨૫ મંગળવારે તેમને ભૂજ એરપોર્ટ પર આવકારવા માટે સૈયદ મઝહર અબ્બાસ બાવા, સૈયદ અનુબાપુ, સૈયદ તાલીમ બાપુ, સલીમ જત (પ્રમુખ અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિ) હાજી જુમા રાયમા, દાઉદ બોલિયા, હુશેન આગરીયા, મહમદ આગરીયા સહિત યુસુફ સોનારા, અસલમ સમા, આદમ પઢિયાર, મહમદ જુણેજા, ઈબ્રાહીમ હાલેપોત્રા સહીત આગેવાનો સુન્ની ઉલેમા ફાઉન્ડેશનના મોલાના સીધીક રાયમા તથા તેમના કારોબારી સભ્યો સહિત હાજર રહેશે. સૈયદ હાસીમ અલ ગીલાની અંજાર ખાંતે નિર્માણાધીન H.R. હોસ્પિટલની સાઈટ પર મુલાકાત કરી દુવા કરશે તથા અન્ય વિવિધ આગેવાનોના ઘરે મુલાકાત કરશે, ભોજન લેશે વિવિધ સૈયદ સાદાત,આલીમો આગેવાનો તથા મિન્હાજુલ કુર્આન કચ્છની ટીમ સાથે પણ મુલાકાત કરશે. આ બાબતે અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હીતરક્ષક સમિતિના પ્રમુખ સલીમ જતે જણાવ્યું હતું કે, શેખ સૈયદ હાસીમ અલ ગીલાની કચ્છ પધારી રહ્યા છે ત્યારે સમગ્ર સુન્ની મુસ્લિમ સમાજ વતી આવકારૂં છું તથા તેમની રૂહાની ફૈઝનો લાભ સમગ્ર કચ્છના લોકોને મળશે ઈત્તેહાદુલ મુસ્લેમીન હિંદના અધ્યક્ષ મહમદ આગરિયાએ જણાવ્યું કે, સમગ્ર વિશ્વના સુન્ની સમાજના ધર્મગુરૂ આવતા હોય સમગ્ર કચ્છમાં અનેરો ઉત્સાહ છે. તેમને આવકારૂં છું તથા તેમના આગમન સુન્ની મુસ્લિમ સમાજ માટે એક ગર્વની વાત છે તેઓ તા.૧૪/૧૧/૨૫ના રોજ સવારે ભૂજથી વિમાન માર્ગે પરત મુંબઈ જશે તેવું મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાએ જણાવ્યું છે.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીને સમર્પિત 'રાઈડ ફોર યુનિટી' : ૧૫૦ સાયકલિસ્ટ્સે સ્ટેચ્યુ ઓફ યુનિટીના દર્શન કર્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૯માં શરૂ કરેલા 'ફિટ ઈન્ડિયા અભિયાન' અંતર્ગત એક અનોખી પહેલ કરવામાં આવી છે. ભારતના લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તેમને સમર્પિત કશ્મીર ટુ કન્યાકુમારી સાયક્લિંગ એક્સપેડિશન - અ રાઈડ ફોર યુનિટીનું આયોજન થયું છે. આ રાષ્ટ્રીય સ્તરની યાત્રાનો મુખ્ય હેતુ દેશની એકતા, અખંડિતતા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંદેશને દેશભરમાં ફેલાવવાનો છે.

આ અભિયાનમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૧૫૦ સાયકલિસ્ટ્સ ભાગ લઈ રહ્યા છે, જેઓ શ્રીનગરથી કન્યાકુમારી સુધીનું અંદાજિત ૪,૪૮૦ કિલોમીટરનું લાંબુ અંતર કાપશે. યાત્રા દરમિયાન આ રાઈડર્સે વિવિધ રાજ્યો અને શહેરોમાંથી પસાર થઈને લોકોમાં 'ફિટ ઈન્ડિયા મુવમેન્ટ' અને સ્વસ્થ જીવનશૈલી વિશે જાગૃતિ ફેલાવી છે.સાયકલિસ્ટ્સની આ ટુકડી ગોધરાથી ૧૪૫ કિલોમીટરની સફર પૂર્ણ કરીને સરદાર પટેલના ભવ્ય ધામ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે આવી પહોંચી હતી. અહીં નર્મદા જિલ્લા રમત વિકાસ અધિકારી અને વિવિધ રમત કોચ દ્વારા તેમનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા સાયકલિસ્ટ્સ ટીમને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિકૃતિ સ્મૃતિચિહ્ન રૂપે ભેટ આપવામાં આવી હતી. એકતા નગર પહોંચેલા રાઈડર્સે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા- સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી.


**નામ બદલેલ છે**

મારું નામ **પઠાણ અમનખાન અનવરખાનથી** બદલી **અમનખાન અનવરખાન પઠાણ** રાખેલ છે

દરીયાઈ પાર્ક, પાણીની ટાંકી પાસે, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા

**નામ બદલેલ છે**

મારું નામ **પઠાણ સુજાનખાન અનવરખાનથી** બદલી **સુજાનખાન અનવરખાન પઠાણ** રાખેલ છે.

દરીયાઈ પાર્ક, પાણીની ટાંકી પાસે, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા

**નામ બદલેલ છે**

મારું નામ **અશોક પૂન્જિરામ લિંબચીયાથી** બદલી **અશોકકુમાર પૂન્જિરામ લિંબચીયા** રાખેલ છે.

પુરૂષોત્તમનગર, હાજીપુર, હિંમતનગર, સાબરકાંઠા

**નામ બદલેલ છે.**

મારૂ જુનું નામ- **શેખ સજીલ શાઝીદ સુલેમાન** હતું જે બદલીને નવું નામ- **સજીર સાજીદ શેખ** રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

લી. **સજીર સાજીદ શેખ**
સરનામું:- બી-૧૦, સપના સોસાયટી, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**
Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
under Wakf Act, 1995 (Central Act - 43 of 95 )
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર
વેબસાઈટ : https://waqfboard.gujarat.gov.in/ E-mail :- ceogj@wakf.gov.in

વક્ફ/ક-૬૯/અ. યાદી/ ૦૦૯-સા.કા/જા.નં./૧૫૮૦૧/ /૨૦૨૫ તા.૦૪/૧૧/૨૦૨૫

**"અલીફ મસ્જિદ વકફ, વ.નં.-૦૦૯-સાબરકાંઠા"ના કામમાં સદર વકફનો વહીવટ સુવ્યવસ્થિત અને કાયદાકીય રીતે ચાલે તે હેતુથી વકફ અધિનિયમ (સુધારો-૨૦૧૩) ૧૯૯૫ની કલમ ૬૯ની સ્કીમ અરજ.**

**"અલીફ મસ્જિદ વકફ" વ.નં.-૦૦૯-સાબરકાંઠા**માં શ્રી ભટ્ટા **યાકુબભાઇ અબ્દુલભાઇ** તથા અન્ય ૧૦ (દસ) વ્યક્તિઓએ સદર સંસ્થાનો વહીવટ સુવ્યવસ્થિત અને કાયદાકીય રીતે ચાલે તે માટે વકફ અધિનિયમ (સુધારો-૨૦૧૩) ૧૯૯૫ની કલમ-૬૯ની સ્કીમ અરજી કરેલ છે. જેના પ્રથમ મુતવલ્લી/ટ્રસ્ટીઓ ૧.) ભટ્ટા યાકુબભાઈ અબ્દુલભાઈ ૨.) ખણુંસિઆ મોહમદસાદીક અબદુલરજાક ૩.) દાંત્રેલીયા અશરફભાઈ યુસુફભાઈ ૪.) વિજાપુરા રહમતુલ્લા સુલેમાનભાઈ ૫.) તાંબડીયા મોહમદઅશરફ હનીફભાઈ ૬.) ડોડીયા મુસ્તુફાભાઈ ઈસ્માઈલભાઈ ૭.) વિજાપુરા ઈબ્રાહિમભાઈ વલીભાઈ ૮.) ખણુંસીયા અકીલ મોહમદહનીફ ૯.) ખણુંશીયા આબીદઅલી મહમદભાઈ ૧૦.) બલોસુપરા અબ્દુલભાઈ ઈસ્માઈલભાઈ ૧૧.) ઢાપા રહમતુલ્લા શરીફભાઈનો સમાવેશ થાય છે.

**અનુગામી મુતવલ્લી/ ટ્રસ્ટીઓ નીમવાની રીત :-(૬) મુતવલ્લીઓની સંખ્યા અને નિમણૂકની રીત તથા મુદ્દતઃ- (એ) ટ્રસ્ટી મંડળમાં ઓછામાં ઓછા ૭ અને વધુમાં વધુ ૧૧ સભ્યો રહેશે. (બી) એહલે સુન્નત વલ જમાત ઇલોલ તળાવ અલીફ મસ્જિદ વિસ્તારના મહોલ્લા વાઇજ સભ્યોમાંથી ટ્રસ્ટી નક્કી કરવામાં આવશે. મુતવલ્લી અવસાન પામે અથવા સ્વૈચ્છિક રાજીનામું આપે અથવા વકફ અધિનિયમ જોગવાઇ વિરૂદ્ધ કામ કરે અથવા વકફ બોર્ડ દ્વારા દૂર કરવામાં આવે તો મહોલ્લાના લોકો સર્વાનુમતે નામ આપે તે નક્કી કરવામાં આવશે. એક મસ્જિદના ટ્રસ્ટી બીજી મસ્જિદના ટ્રસ્ટી તરીકે રહી શકશે નહી અને ઉપરોક્ત નિયમોના હિસાબે મુતવલ્લીઓની નિમણૂક કરવામાં આવશે. (સી) ચુંટાયેલા સભ્યોની મુદ્દત ૫ વર્ષની રહેશ. દર ૫ વર્ષે નવા ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવશે. (૭) મુતવલ્લીઓની લાયકાત-એહલે સુન્નત વલ જમાત ઇલોલ તળાવ અલીફ મસ્જિદ જમાતના મહોલ્લા વાઇઝ ટ્રસ્ટી નક્કી કરવામાં આવશે ૨૧ કે તેથી વધુ વયના વ્યક્તિને સદર વકફના મુતવલ્લી તરીકે નીમી શકાશે. કોલમ-૬(બી) મુજબ સામાન્ય સભા બોલાવી મુતવલ્લીઓની નિમણૂક કરવામાં આવશે.**

ઉકત જણાવ્યા મુજબની સ્કીમ અરજી વકફ અધિનિયમ(સુધારો-૨૦૧૩)૧૯૯૫ની કલમ-૬૯ અન્વયે સ્કીમ અરજી ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ, આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો દિન-૧૫માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં સોગંદનામાં પર આધાર પુરાવા સહિત રજૂ કરવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચન રજૂઆત સમય મર્યાદામાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીમાં ન મળે તો ઉકત જણાવેલ વકફની સ્કીમ અરજી ઉકત જણાવેલ વકફ રજિસ્ટરે નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

# બંધારણીય મૂલ્યોની જાળવણી માટે નાગરિકોએ જાગૃત થઈ પોતાનો અવાજ ઉઠાવવાની જરૂર છે : અશોક વાનખેડે

## પાલનપુરના લોકનિકેતન-રતનપુર ખાતે વર્તમાન રાજનીતિ, બંધારણ અને લોકશાહી મૂલ્યો પર વાર્તાલાપ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર,તા.૧૦

ગુજરાતની ચાર સંસ્થાઓ – બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ - પાલનપુર, સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ - પાલનપુર, યુવા જાગૃતિ અભિયાન અને લોક નિકેતન - રતનપુરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ લોકનિકેતન - રતનપુર ખાતે એક દિવસીય સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે ચંદીગઢના પત્રકાર અને 'ધ પ્રિન્સિપલ'ના એડિટર-ઈન-ચીફ અજય શુક્લ તથા વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અશોક વાનખેડે (દિલ્હી) જોડાયા હતા. આ કાર્યક્રમ બે બેઠકમાં યોજાયો હતો. પ્રથમ બેઠકમાં અજય શુક્લ દ્વારા વર્તમાન રાજનીતિ અને ઐતિહાસિક તથ્યો ઉપર પોતાની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં તેમણે ૧૮૫૭ની ક્રાંતિથી લઈને વર્તમાન સમય સુધીમાં બનેલા ઐતિહાસિક બનાવો અને તેમાં કોંગ્રેસ તથા તેના નેતાઓ – જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ, ગાંધીજી તથા બંધારણ નિર્માતા અને કાયદાશાસ્ત્રી ડૉ. ભીમરાવ આંબેડકરના યોગદાનને યાદ કર્યું હતું. ખાસ કરીને વર્તમાન સમયમાં ઐતિહાસિક તથ્યોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવે છે અને તેની પાછળ રહેલા સત્યને ઉજાગર કરવામાં નથી આવતું તે બાબતને ટાંકતાં તેમણે ગુજરાતમાં થયેલું નવનિર્માણ આંદોલન, જયપ્રકાશ નારાયણની ક્રાંતિ, તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા લગાવેલ કટોકટી, ભારત-પાકિસ્તાન તથા ભારત-ચીન સાથેના યુદ્ધો અને તેની પાછળ રહેલી સત્ય હકીકતો, સિક્કિમ તથા અરુણાચલ પ્રદેશ રાજ્ય બાબતના વિષયોને પણ વણી લીધા હતા.



આ બેઠકના અધ્યક્ષ ડૉ. હરિભાઈ દેસાઈએ પણ ડૉ. ભીમરાવ આંબેડકર અને સરદાર પટેલ વિશે પ્રવર્તતી ભ્રમણાઓ તથા તેની પાછળ રહેલા સત્યને ઉજાગર કરતી બાબતો ઉપર ભાર મૂકીને પોતાનું સંબોધન રજૂ કર્યું હતું. બીજી બેઠકમાં અશોક વાનખેડે દ્વારા બંધારણીય અને લોકશાહી મૂલ્યો ઉપર પોતાની વાત રજૂ કરવામાં આવી હતી. તેમણે આજે કારોબારી અને ન્યાયતંત્રમાં કઈ રીતે તેના મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે તે બાબત રજૂ કરી હતી. તેમણે બંધારણીય મૂલ્યોની જાળવણી માટે નાગરિકોએ જાગૃત થઈને પોતાનો અવાજ ઉઠાવવાની અને સંગઠિત થવાની જરૂર છે તે બાબત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આજે અવાજ ઉઠાવનાર લોકોને બંધ કરી દેવામાં આવે છે અથવા તેમની વિરુદ્ધ એફ.આઈ.આર. નવા-નવા કેસ પણ લગાવવામાં આવે છે; પણ આ સમય ચૂપ રહેવાનો નહીં, પણ કબીર, બુદ્ધ, નાનક કે ગાંધી બનવાનો છે અને જે સાચું છે તેને બે ધડક રજૂ કરવાનો છે એ બાબત પર ભાર મૂકતાં તેમણે સમાજમાં પ્રવર્તતા સામાજિક અને ધાર્મિક મૈત્રીભાવને પણ ટાંક્યો હતો અને કહ્યું હતું કે સમાજમાં આજે પણ માનવતા અને ભ્રાતૃભાવ જીવંત છે; આપણે આ વૈમનસ્યભર્યા માહોલમાં એ ભ્રાતૃભાવને વધુ મજબૂત કરવા માટે પણ આગળ આવવાની જરૂર છે. બેઠકના અધ્યક્ષ પ્રિન્સિપાલ અશ્વિન કારીઆ દ્વારા પણ આજે બંધારણીય મૂલ્યો અને લોકશાહી મૂલ્યો જીવંત રાખવા માટે શું કરી શકાય તે બાબત રજૂ કરવામાં આવી હતી. પ્રિ. કારીઆ એ રજૂઆત કરી હતી કે આજે બંધારણીય મૂલ્યોને સાચવવા માટે દરેક નાગરિકે જાગૃત થવાની જરૂર છે, તેને ઊંડેથી અભ્યાસમાં મૂકવાની જરૂર છે; જ્યાં જ્યાં લોકશાહી જોખમમાં મુકાય છે, મૂલ્યોનું હનન થાય છે ત્યાં ત્યાં એ બાબતે આંગળી ચીંધવાની પણ જરૂર છે. આ કાર્યક્રમના વિચાર, સંચાલન અને આયોજન પાછળ પ્રિ. અશ્વિન કારીઆ, ગિરીશ સુંઢિયા, વસંત યાદવ, હિદાયત પરમાર, તૃપ્તિબેન શેઠ, વિક્રમ વજીર, હરચંદ પરમાર, લવજીભાઈ મકવાણા, વિપુલ રાવલ અને અરવિંદ ગહેલોતનો સહયોગ રહ્યો હતો. કાર્યક્રમ માટે સ્થળ, મહેમાનો માટે રહેવા- નાસ્તા, ચા પાણી, જમવાની વગેરે સુવિધા માટે લોકનિકેતન-રતનપુર સંસ્થાના સંચાલક કિરણ ચાવડાનો સહયોગ મળ્યો હતો.

# ઝાલોદ : પ્રસૂતાને ૧૦૮ના કર્મચારીઓએ એમ્બ્યુલન્સમાં સફળતા પૂર્વક ડિલિવરી કરાવી

(સંવાદદાતા દ્વારા)દાહોદ, તા.૧૦

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દર્દી સહિત અકસ્માતનો ભોગ બનેલા તેમજ પ્રસુતા બહેનોના કટોકટી સમયે જીવન બચાવવા સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ આશીર્વાદ સમાન સાબીત થઈ રહી છે. જેના લીધે અનેક લોકોને જીવત દાન મળી રહ્યા છે અને ઉજડતા પરિવારોને બચાવી લેવાની કામગીરીના ભાગરૂપે ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા નિઃસ્વાર્થ પણે ૨૪ કલાક સેવા આપવામાં આવી રહી છે અને દર્દી અથવા સગર્ભા બહેનો માટે સ્વજન જેટલી સેવા ન કરી શકે તેનાથી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ કરતા આવેલ હોવાનું જોવા અને જાણવા મળે છે. તેવી જ રીતે ઝાલોદ તાલુકાના કદવાલ ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સના કર્મચારીઓએ ઉમદા કામગીરી કરી હોવાનું જાણવા મળે છે.મળેલી વિગતો મુજબ ઝાલોદ તાલુકાના સીમલીયા ગામના ખુર્દ ફળિયામાં રહેતા એક પ્રસુતા બેનને પ્રસુતિની અસહ્ય પ્રસવ પીડા ઉપાડતા૧૦૮ ઈમરજન્સીને કોલ પહોંચ્યો હતો. ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ તાત્કાલિક સીમલીયા ગામે પહોંચી પ્રસુતાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લેવામાં આવ્યા હતા. ૧૦૮ની સમયસરની સારવારથી સફળ પ્રસૂતિ થઈ હતી. હાલ પ્રસૂતા માતા અને નવજાત બંને બાળકો સ્વસ્થ હોવાનું જાણવા મળે છે.તા.૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ સાંજના સાડા ત્રણેક કલાકના અરસામા ઝાલોદ તાલુકા સીમલીયા ગામના અંતરિયાળ વિસ્તારમાં સગર્ભા મહિલાને પ્રસવની પીડા ઉપડતા કદવાલ લોકેશનની એમ્બ્યુલન્સ સેવાને ઈમરજન્સી કોલ મળ્યો હતો અને ગણતરીના સમયમાં ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ સ્થળ ઉપર પહોંચી ગયા હતા. ૩૦ વર્ષીય આ મહિલાની ચોથી પ્રસૂતિ હતી. પ્રસુતા મહિલાને પ્રસુતિની અસહ્ય પીડા ઉપડી રહી હતી. ત્યારે ૧૦૮ના કર્મચારીઓએ સ્થિતિને ધ્યાનમાં લેતાં પ્રસુતાને હોસ્પિટલ સુધી પહોંચાડવા મુશ્કેલી જણાઈ હતી. ત્યારે વધુ સમય પસાર થાય તો સગર્ભા તેમજ આવનાર બાળકના જીવને જોખમ ઉભું થઈ શકે તેમ હતું અને હોસ્પિટલ સુધી પહોંચવામાં સમય વેડફાય તો પ્રસૂતા સહિત આવનાર બાળકના જીવને જોખમ ઉભું થઈ શકે તેમ હતું. પરિસ્થિતિ વશ ઈમરજન્સી સેવાના કર્મચારી મેડિકલ ટેકનિશિયન મનહરસિહ રાણા તેમજ પાઈલોટ સતીષ ચંદણાએ રસ્તાની સાઈડ ઉપર એમ્બ્યુલન્સ ઊભી રાખીને એમ્બ્યુલન્સ માંજ માતાની સુરક્ષિત સફળ પ્રસૂતિ કરાવી હતી. માતાએ સ્વસ્થ ટ્વિન્સ પુત્રી અને પુત્રને જન્મ આપ્યો હતો. ૧૦૮ સેવાના સ્ટાફ બાળકને ઇ.આર.સી.પી ડો.યશની ઓનલાઈન સલાહ મુજબ મધર કેર અને યુટ્રીન મસાજ આપીને માતા અને બાળકને સલામત રીતે સી.એચ.સી લીમડી હોસ્પિટલમાં શિફ્ટ કર્યા હતા.

હાલમાં બન્ને બાળકો અને માતાની તબિયત સ્થિર અને સ્વસ્થ છે. તેમ ૧૦૮ ઈમરજન્સી સેવાના સુપર વાઈઝર ચેતન વનકર દ્વારા જાણવા મળ્યું છે.અને તેઓએ જણાવ્યું હતું કે, જ્યારે કોઈપણ ઈમરજન્સી જણાય તો તરત જ ૧૦૮ ઉપર કોલ કરવો જોઈએ. ખાસ કરીને સગર્ભા મહિલાની પ્રસૂતિ સમયે રાહ જોવાના બદલે તરત જ ૧૦૮ સેવાનો સંપર્ક કરો.જેથી માતા અને બાળક બંનેનો જીવ બચાવી શકાય. ૧૦૮ની સમય સૂચકતાના કારણે આજે સિમલયાની મહિલા અને બન્ને બાળકો સુરક્ષિત છે. ૧૦૮ સેવા હર હંમેશ લોકોની સહાય માટે તત્પર અને તૈયાર છે. આમ દાહોદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

# વડોદરાના એમજી રોડ પર જ્વેલર્સમાં ધોળા દહાડે ચોરી કરનાર તસ્કર કેમેરામાં કેદ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

વડોદરાના એમજી રોડ પર આવેલી ચકાભાઇ જ્વેલર્સની દુકાનમાં ગ્રાંહકનો સ્વાંગ રચીને ખરીદી કરવા માટે આવેલો ચોર મહિલા કર્મચારીની નજર ચૂકવીને રૂપિયા ૭૫ હજારના સોનાની વિટીની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. લવ પેટર્નની સોનાની વિટી બતાવો તેમ કહેતા મહિલા કર્મીએ ટ્રેમાં અલગ-અલગ ડિઝાઇનની વિટી જોવા માટે આપી હતી. પરંતુ ગઠિયાએ એક ૮.૫૪૦ ગ્રામની વિંટી ચોરી કરી હતી. પરંતુ આ ચોર દુકાનના સીસીટીવી કેમેરામાં કડારાઇ ગયો હતો. પોલીસે ફુટેજેના આધારે તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.વડોદરા શહેરના એમ.જી.રોડ અંબે માતાના મંદિર સામે ચકાભાઈ જ્વેલર્સ નામની દુકાનમાં તા.૯ નવેમ્બરના રોજ સવારના સાડા અગિયારથી બાર વાગ્યાના અરસામાં એક ગ્રાહક ખરીદ કરવા માટે આવ્યો હતો. ત્યારબાદ આ શખ્સે દુકાનમાં આવી ત્યાં કામ કરતા મહિલા કર્મચારીને અલગ-અલગ લવ પેટર્નની સોનાની વીંટી બતાવવા માટે કહ્યું હતું. જેથી મહિલા કર્મચારીએ જુદી-જુદી પેટર્નની સોનાની વિટી કાઢીને ટ્રેમાં બતાવી હતી. થોડીવાર સુધી સોનાની વિટીઓ જોયા બાદ આ શખ્સે તેને આમાંથી કોઇ પેટર્ન પસંદ નથી આવી તેમ કહીને દુકાનમાંથી નીકળી જતો રહ્યો હતો. ખરીદી નહી કરતા દુકાનમાં કામ કરતા સેલ્સ વુમને ટ્રેમાં મૂકેલી સોનાની વીંટીની ગણતરી કરી હતી. ત્યારે એક વીંટી ઓછી જણાઇ આવી હતી. જેથી મહિલા કર્મચારીએ તેના મેનેજરને વાત કરી હતી. અને તાત્કાલિક દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા ત્યારે ગ્રાહકનો સ્વાંગ રચીને આવેલો ચોર મહિલા કર્મચારીની નજર ચૂકવી ટ્રેમાં મુકેલી એક સોનાની વીંટીઓમાંથી રૂપિયા ૭૫ હજારની ૮.૫૪૦ ગ્રામની સોનાની વિટી ચોરી કરી લીધી હતી. જેથી હરણી વારસિયા રિંગ રોડ પર રહેતા મેનેજર જયરાજ રાજપૂતે સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજના આધારે ચોરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# ધોળકા ખાતે મહિલા કોંગ્રેસ દ્વારા સ્નેહ મિલન અને સભ્ય નોંધણી કાર્યક્રમ યોજાયો



ધોળકા, તા.૧૦

ધોળકા શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ હીનાબેન મકવાણા દ્વારા દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે આજરોજ ધોળકા ખાતે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ નિમિષાબેન મકવાણા અને ઉપપ્રમુખ ધર્મિષ્ઠાબેન ચૌહાણ તથા મઘીયા વિસ્તારની બહેનો હાજર રહ્યા હતા. સૌ પ્રથમ મહિલા કોંગ્રેસના ત્રણેય આગેવાનોનું ફુલહારથી સ્વાગત સન્માન ઉપસ્થિત બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહિલા કોંગ્રેસના આગેવાનો નિમિષાબેન મકવાણા, હંસાબેન મકવાણા અને ધર્મિષ્ઠાબેન ચૌહાણે પ્રાસંગિક પ્રવચનો કરી નૂતન વર્ષની શુભકામના પાઠવી હતી. સાથે સાથે મહિલા કોંગ્રેસ દ્વારા સભ્ય નોંધણી ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે બહેનોને આઈસક્રીમ ખવડાવી મોઢું મીઠુ કરાવ્યું હતું.

### દહેજની મેઘમણી કંપનીમાં થયેલ કામદારના મૃત્યુ અંગે

# ૨૮ કલાકની લડત બાદ કંપની દ્વારા રૂા.૩૨ લાખ વળતરની જાહેરાત કરી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૦

ભરૂચની એક કંપનીમાં કામદારના મોત બાદ હોબાળો થયો હતો. પરિવારે આક્ષેપ કર્યા હતા કે ગેસ લાગવાથી તેમનું મૃત્યું થયું છે અને ધરણા અને કંપનીના સંચાલકો સાથે ઘર્ષણ અને ૨૮ કલાકની લડત બાદ કંપનીએ રૂા.૩૨ લાખનું વળતર મહેર કર્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર યુવરાજસિંહ યાદવ નામનો નવયુવાન દહેજ મેઘમણી કંપનીમાં તારીખ ૮ ઓકટોબરના રોજ બીજી પાલીમાં રાબેતા મુજબ રોજગાર અર્થે ગયો હતો. વધુમાં પરિજનોએ જણાવ્યું હતું કે, આશરે બપોર ૪ વાગ્યે જાણવા મળ્યું હતું કે કંપનીમાં યુવરાજસિંહને ગેસ લાગવાથી એની હાલત ખૂબ ગંભીર થઈ હતી અને તે આશાસ્પદ યુવાન મૃત્યુ પામ્યો છે. જોકે જાણકારી મળતા પરિજનોએ આ બાબતે કંપની સંચાલકો સાથે વાત કરતા મેઘમણી કંપની જવાબદાર સંચાલકોએ ઉડાવ વાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, કંપનીમાં ગેસ લાગવાથી નહીં પરંતુ અચાનક ચક્કર આવ્યા બાદ તેનું મૃત્યું થયું છે. જોકે કંપનીના સંચાલકો દ્વારા ઉડાઉ જવાબ મળતા પરિવારને અજુકતુ લાગતા તેઓએ કંપની પર યોગ્ય તપાસ કરવામાં આવે અને પરિવારને યોગ્ય વળતર મળે એ માટે પરિવાર અને આગેવાનો ધ્વારા ખૂબ લાંબુ સંઘર્ષ ચાલ્યું હતું. પરિવાર અને પ્રિયજનોએ દીકરાની લાશ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં મૂકી રાખી કંપની ગેટ પર યોગ્ય વળતરની માગણી માટે ધરણા કર્યા હતા. ૨૮ કલાકની યોગ્ય લડત બાદ ૯ ઓકટોબર રાત્રે ૧૦ કલાકે કંપની સાથે અને પોલીસ સાથે ઘર્ષણ પછી રૂા.૩૨ લાખની લેખિત બાહેધરી કંપની સંચાલકો દ્વારા પરિવારને આપવામાં આવતા આંદોલન સમેટાયું હતું અને મૃતક યુવરાજસિંહ ના મૃતદેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

# ડીસાની આખોલ ચોકડી નજીક ગેરકાયદેસર દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર વિદેશી દારૂ ઘૂસાડવાના એક મોટા ષડયંત્રનો પોલીસે પર્દાફાશ કર્યો છે. મળતી બાતમીના આધારે એલસીબી પોલીસે કાર્યવાહી કરીને એક મહિન્દ્રા ટ્રકમાંથી રૂા.૧૦ લાખથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. આ દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા મુખ્ય આરોપી ડ્રાઈવર લિસમનરામ ડાલુરામ પદમારા-જાટ (રહે. રામદેરિયા ઈસરોલ, તા. ચૌહટન, જિ. બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર થવામાં સફળ રહ્યા છે.

આ અંગેની વિગતો જોતા આરોપી લિસમનરામ જાટ પોતાના કબજા ભોગવટાની મહિન્દ્રા ટ્રક નંબર GJ-13-AX-0828માં દારૂનો જથ્થો લઈને આવી રહ્યો હતો. પોલીસે ટ્રકની તપાસ કરતાં તેમાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી ગેરકાયદેસર અને વગર પાસ-પરમિટના ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ ૫૦૧૦ મળી આવી હતી, જેની કિંમત આશરે રૂા.૧૦,૧૨,૧૩૨/- તેમજ ટ્રક મળી કુલ રૂા.૨૫,૨૭,૧૩૨/-નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે તેમજ ફરાર અન્ય બે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે પોલીસે પકડાયેલા આરોપી લિસમનરામની પૂછપરછમાં આ ગુનાહિત પ્રવૃત્તિમાં અન્ય બે વ્યક્તિઓના નામ ખુલ્યા છે. પોલીસે તેમની પણ ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. જેમાં દારૂ ભરેલી ટ્રક આપનાર શ્રવણરામ બાબુરામ જાટ (ભાખર) (રહે. કેરાનાડા, તા. ચૌહટન, જિ. બાડમેર) દારૂના ધંધાના ભાગીદાર અને ટ્રક માલિક રમેશગીરી ઈશ્વરગીરી (રહે. બાડમેર)નો સમાવેશ થાય છે.

પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ટીમ બનાવી છે અને ટૂંક સમયમાં જ તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પોલીસે જણાવ્યું હતું.

# અકલાચાની કંપનીમાં મશીનમાં આવી જતાં યુવકના ટુકડે ટુકડા થઈ ગયા

નડિયાદ, તા.૧૦

મહેમદાવાદ તાલુકાના અકલાચા નજીક આવેલ શિકાગો બ્લોવર કંપનીમાં આજે મશીનમાં આવી જતાં યુવકનું કુરચે કુરચા ઉડી જતાં મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ મહેમદાવાદના અકલાચા ગામ ખાતે આવેલ શિકાગો બ્લોવર કંપનીમાં આજે બપોરના સમયે કામ ચાલુ હતું આ સમયે બોઈલર મશીન મહુધા તાલુકાના ધંધોડી ગામનો ૩૦ વર્ષની આસપાસનો યુવક નરેશ ખોડાભાઈ કામ કરતો હતો ત્યારે કોઈ રીતે બોઈલર મશીનમાં આવી ગયો હતો જેને લઈ શ્રમિક યુવકના શરીરના કુરચે કુરચા ઉડી જવાની સાથે શ્રમિક યુવકના શરીર ટુકડે ટુકડા અલગ થઈ ગયા હતા. અને ટુકડા બોઈલરથી ૫૦ ફૂટ સુધી ઉછળીને પડ્યા હતા દરમિયાન કંપનીમાં સાથે કામ કરતા શ્રમિકોનું કહેવું છે કે બોઈલરની હવાના



પ્રેસરથી અંદર ખેંચાઈ ગયો હતો.

દરમ્યાન જાણ થતાં મહેમદાવાદ પીઆઇ સહીત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો તપાસ હાથ ધરી છે. સાથે FSLની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને લાસ ના ટુકડા ભેગા કરી તપાસ હાથ ધરી છે આ વચ્ચે મૃતક શ્રમિક યુવક ના માતા પિતા અને પત્ની કંપની ખાતે દોડી આવ્યા હતા અને તેઓના હૈયા ફાટ રૂદનથી વાતાવરણ માં ગમગીની છવાઈ ગઈ હતી.

# દાહોદમાં બિરસા મુંડાની યાત્રાનું ભવ્ય સ્વાગત

(સંવાદદાતા દ્વારા)
દાહોદ, તા.૧૦

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે અંબાજીથી શરૂ થયેલ યાત્રા દાહોદ જિલ્લામાં પ્રવેશતા સુખસર, ઝાલોદ, લીમડી, દાહોદમાં યાત્રાનું ઠેર-ઠેર ઢોલ નગારા વગાડી પુષ્પો વચ્ચે ફટાકડા ફોડી ઉમળકા ભેર યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રામાં ગુજરાત સરકારના અન્ન નાગરિક અને પુરવઠા મંત્રી પી.સી બરંડા, કૃષિમંત્રી રમેશભાઈ કટારા,દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર, ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ ધરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર, ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, શૈલેશભાઈ ભાભોર, કનૈયાલાલ કિશોરી, યાત્રાના રૂટ ઈન્ચાર્જ અભિષેક મહિડા, જયદીપભાઈ રાઠોડ, દાહોદ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસવડા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે લોકોને સંબોધીને જણાવ્યું હતું કે દેશને આઝાદી અપાવવાનું કામ ભગવાન બિરસા મુંડા એ કર્યું છે. નાની ઉંમરમાં સમાજ માટે બલિદાન આપ્યું છે. ભગવાન બિરસા મુંડા આદિવાસી સમાજનું ગૌરવ છે. ભગવાન બિરસા મુંડા એ જળ, જંગલ અને જમીન આદિવાસીઓના અધિકારો અપાવવાનું કામ કર્યું હોવાનું જણાવી ગુજરાત સરકારની વિકાસલક્ષી યોજનાઓ સરકાર દ્વારા કરવામાં આવતા કામો દાહોદ જિલ્લામાં ૧૧ વર્ષમાં પોતાના દ્વારા ૪૬,૦૦૦ કરોડના વિકાસ કાર્યો કરવામાં આવ્યા હોવાનું જણાવી ભાજપની પડખે રહી દેશના વડાપ્રધાન હાથ મજબૂત કરવા અનુરોધ કર્યો હતો.

# યુવકને ઢોરમાર મારનાર રાવપુરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૦

વડોદરા રાજમહેલ રોડ પર આવેલા નવલખી મેદાનમાં યુગલ પાસે જઈને ડ્યુટી પર ન હોવા છતાં પોલીસ હોવાનો રોબ દેખાડી દાદાગીરી કરી યુવકને ઢોર મારમાર્યો હતો. આ ઘટનામાં પોલીસ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ ઘટના રવિવારે મોડી રાત્રે વડોદરા પોલીસ સ્ટેશનમાં આવી છે અને નવલખી ગ્રાઉન્ડમાં ૧૦ જેટલા પોલીસ કર્મીઓ અને ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ચેકિંગ કરાયું હતું. ઉપરાંત ઝોન ૨ હેઠળ આવતી વિવિધ અવાવરૂં જગ્યા પર પણ કોમ્બિંગ કરાયું હતું. એડિશનલ પોલીસ કમિશનર ડો. લીના પાટીલે જણાવ્યું હતું કે, હાલમાં નવલખી ગ્રાઉન્ડ વિસ્તારમાં ઝોન-૨, મંજીતા વણજારા તેમની ટીમ સાથે ૧૦૦થી વધુ ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓ અને ડી-સ્ટાફના કર્મચારીઓ, સર્વેલન્સના અધિકારી, કર્મચારીઓ સાથે ઝોન ૨ હેઠળ આવતી જગ્યાઓમાં ચેકિંગ હાથ ધરાયું છે. એકાંતમાં બેસીને અહીં કોઈ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ ન કરે તેને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર એકશનમા આવી ગયું હતું. પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા જ્યાં અંધારાવાળી જગ્યામાં ટોર્ચ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું અને સાથે વાહન ચેકિંગ હાથ ધરાયું હતું. ઉપરાંત વાહનચાલકોએ દારૂનો નશો કર્યો નથી તેના માટે બ્રેથ એનાલાઈઝર દ્વારા ચકાસવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ડભોઈ તાલુકાના કુઢેલા ગામના ૨૨ વર્ષીય યુવક તા.૬ નવેમ્બરના રોજ યુવકે નોકરી પર છુટ્યા બાદ રાત્રીના પોણા ૯ વાગ્યાના અરસામાં તેની મહિલા મિત્ર સાથે નવલખી ગ્રાઉન્ડમાં બેસીને વાતો કરી રહ્યો હતો. ત્યારે રાવપુરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિલેશ વનરાજ બારૈયા તેના બે ભાણિયા ભૌતિક ભીલ તથા ચતુર બારૈયા સાથે યુગલ પાસે પહોંચી ગયા હતા અને પોલીસવાળાએ યુવક પાસે ગાડીના લાઈસન્સ સહિતના ડોક્યુમેન્ટસની માગણી કરી હતી. પરંતુ યુવકની પોતાના ગાડી ન હોવાથી તેની પાસે કોઇ કાગળીયા ન હતા. જેથી પોલીસ કર્મચારી નિલેશ બારૈયા તેના બે ભાણિયાને મોકલી યુવક અને યુવતીને સમાધાન કરાવવાનું કહીને કૃત્રિમ તળાવ પાસે લઈ ગયો હતો. ત્યારબાદ યુવતી ભાગી ગઈ હતી. જો કે, યુવકને હેડ કોન્સ્ટેબલ સહિત ત્રિપુટી એ ઢોર મારમાર્યો હતો. જેમાં યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી હેડ કોન્સ્ટેબલ નિલેશ વનરાજ બારૈયા, ભૌતિક ભીલ તથા ચતુર બારૈયાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા છે જયારે બે યુવકને જામીન મુક્ત કર્યા છે.

# ડાકોર : અકસ્માતગ્રસ્ત ડાલામાંથી પોલીસને રૂા.૩૨.૯૪લાખનો દારૂ મળ્યો

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૧૦

ડાકોર પાસે ઉમરેઠ રોડ પર શેઢી નદીના પુલ પાસે ગઈકાલે રાત્રિના સમયે પોલીસે પીછો કરતા ચાલકની ગફલતને લઈ પલટી ખાઈ ગઈ એક ડાલા માંથી પોલીસને વિદેશી દારૂ પ્લાસ્ટીકના કૉટર નંગ ૧૦૫૬૦ કિંમત રૂપિયા ૩૨,૯૪,૭૨૦નો જથ્થો હાથ લાગ્યો છે જોકે અકસ્માત થતાં ચાલક ડાલામાંથી ઉતરી ફરાર થઈ ગયો હતો.મળતી માહિતી મુજબ ડાકોર પોલીસને ગઈકાલે રાત્રિના સમયે પેટ્રોલિંગ દરમ્યાન બાતમી મળી હતી કે વિદેશી દારૂનો જથ્થો ભરેલ પીક અપ ડાલુ નંબર GJ 15 AT 4267 ઉમરેઠ બાજુથી ડાકોર તરફ આવનાર છે જેના પગલે પોલીસ ટીમ ડાકોર નજીક ઉમરેઠ રોડ પર વોચમાં ગોઠવાઈ ગઈ હતી દરમિયાન બાતમી નંબરવાળું પીક અપ ડાલુ ત્યાં આવતા વોચમાં ઉભેલ પોલીસે અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ચાલકે ડાલુ થોભવાના સ્થાને રોડ પર ડાકોર તરફ પુરપાટ ભગાડ્યું હતું. જેથી વોચમાં ઉભેલ પોલીસે ડાલાનો પીછો શરૂ કર્યો હતો બાદમાં ડાલુ ડાકોર પાસે શેઢી નદીનો પુલ ઉતરી રોડની સાઈડમાં પલટી ખાઈ ગયું હતું તે સાથે ચાલક ડાલામાંથી ઊતરી અંધારામાં ફરાર થઈ ગયો હતો. પીછો કરતી પોલીસ ટીમ ત્યાં આવી પહોંચી હતી અને પોલીસ ટીમે જેસીબીની મદદથી પલટી ખાધેલ ડાલાને સીધું કરાવ્યું હતું અને પોલીસે ડાલાની તલાસી હાથ ધરી હતી.જેમાં પોલીસને ડાલામાંથી વિદેશી દારૂ પ્લાસ્ટીકના કૉટર નંગ ૧૦૫૬૦ કિંમત રૂપિયા ૩૨,૯૪,૭૨૦નો જથ્થો હાથ લાગ્યો હતો જેથી પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને ડાલુ મળી કુલ રૂપિયા ૩૫,૯૪,૭૨૦નો મુદ્દા માલ કબજે કર્યો હતો. ડાકોર પોલીસે આ અંગે ડાલાના ચાલક વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર અને વિદેશી દારૂનો જથ્થો મોકલનાર વિરૂદ્ધ દારૂબંધી ન ગુનો નોધી આરોપીઓની શોધ ખોળ હાથ ધરી છે.

**નામ બદલેલ છે**

મારું નામ **પઠાણ અમનખાન અનવરખાનથી** બદલી **અમનખાન અનવરખાન પઠાણ** રાખેલ છે

દરીયાઈ પાર્ક, પાણીની ટાંકી પાસે, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા

**નામ બદલેલ છે**

મારું નામ **પઠાણ સુજાનખાન અનવરખાનથી** બદલી **સુજાનખાન અનવરખાન પઠાણ** રાખેલ છે.

દરીયાઈ પાર્ક, પાણીની ટાંકી પાસે, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા

**નામ બદલેલ છે**

મારું નામ **અશોક પૂન્જિરામ લિંબચીયાથી** બદલી **અશોકકુમાર પૂન્જિરામ લિંબચીયા** રાખેલ છે.

પુરૂષોત્તમનગર, હાજીપુર, હિંમતનગર, સાબરકાંઠા

**નામ બદલેલ છે.**

મારૂ જુનું નામ- **શેખ સજીલ શાઝીદ સુલેમાન** હતું જે બદલીને નવું નામ- **સજીર સાજીદ શેખ** રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

લી. **સજીર સાજીદ શેખ**
સરનામું:- બી-૧૦, સપના સોસાયટી, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
under Wakf Act, 1995 (Central Act - 43 of 95 )

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર
વેબસાઈટ : https://waqfboard.gujarat.gov.in/ E-mail :- ceogj@wakf.gov.in

વકફ/ક-૬૯/અ. યાદી/ ૦૦૯-સા.કા/જા.નં./૧૫૮૦૧/ /૨૦૨૫ તા.૦૪/૧૧/૨૦૨૫

**"અલીફ મસ્જિદ વકફ, વ.નં.-૦૦૯-સાબરકાંઠા"ના કામમાં સદર વકફનો વહીવટ સુવ્યવસ્થિત અને કાયદાકીય રીતે ચાલે તે હેતુથી વકફ અધિનિયમ (સુધારો-૨૦૧૩) ૧૯૯૫ની કલમ ૬૯ની સ્કીમ અરજ.**

**"અલીફ મસ્જિદ વકફ" વ.નં.-૦૦૯-સાબરકાંઠા**માં શ્રી ભટ્ટા **યાકુબભાઇ અબ્દુલભાઇ** તથા અન્ય ૧૦ (દસ) વ્યક્તિઓએ સદર સંસ્થાનો વહીવટ સુવ્યવસ્થિત અને કાયદાકીય રીતે ચાલે તે માટે વકફ અધિનિયમ (સુધારો-૨૦૧૩) ૧૯૯૫ની કલમ-૬૯ની સ્કીમ અરજી કરેલ છે. જેના પ્રથમ મુતવલ્લી/ટ્રસ્ટીઓ ૧.) ભટ્ટા યાકુબભાઈ અબ્દુલભાઈ ૨.) ખણુંસિઆ મોહમદસાદીક અબદુલરજાક ૩.) દાંત્રેલીયા અશરફભાઈ યુસુફભાઈ ૪.) વિજાપુરા રહમતુલ્લા સુલેમાનભાઈ ૫.) તાંબડીયા મોહમદઅશરફ હનીફભાઈ ૬.) ડોડીયા મુસ્તુફાભાઈ ઈસ્માઈલભાઈ ૭.) વિજાપુરા ઈબ્રાહિમભાઈ વલીભાઈ ૮.) ખણુંસીયા અકીલ મોહમદહનીફ ૯.) ખણુંશીયા આબીદઅલી મહમદભાઈ ૧૦.) બલોસુપરા અબ્દુલભાઈ ઈસ્માઈલભાઈ ૧૧.) ઢાપા રહમતુલ્લા શરીફભાઈનો સમાવેશ થાય છે.

**અનુગામી મુતવલ્લી/ ટ્રસ્ટીઓ નીમવાની રીત :-(૬) મુતવલ્લીઓની સંખ્યા અને નિમણૂકની રીત તથા મુદ્દતઃ- (એ) ટ્રસ્ટી મંડળમાં ઓછામાં ઓછા ૭ અને વધુમાં વધુ ૧૧ સભ્યો રહેશે. (બી) એહલે સુન્નત વલ જમાત ઇલોલ તળાવ અલીફ મસ્જિદ વિસ્તારના મહોલ્લા વાઇજ સભ્યોમાંથી ટ્રસ્ટી નક્કી કરવામાં આવશે. મુતવલ્લી અવસાન પામે અથવા સ્વૈચ્છિક રાજીનામું આપે અથવા વકફ અધિનિયમ જોગવાઇ વિરૂદ્ધ કામ કરે અથવા વકફ બોર્ડ દ્વારા દૂર કરવામાં આવે તો મહોલ્લાના લોકો સર્વાનુમતે નામ આપે તે નક્કી કરવામાં આવશે. એક મસ્જિદના ટ્રસ્ટી બીજી મસ્જિદના ટ્રસ્ટી તરીકે રહી શકશે નહી અને ઉપરોક્ત નિયમોના હિસાબે મુતવલ્લીઓની નિમણૂક કરવામાં આવશે. (સી) ચુંટાયેલા સભ્યોની મુદ્દત ૫ વર્ષની રહેશ. દર ૫ વર્ષે નવા ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવશે. (૭) મુતવલ્લીઓની લાયકાત-એહલે સુન્નત વલ જમાત ઇલોલ તળાવ અલીફ મસ્જિદ જમાતના મહોલ્લા વાઇઝ ટ્રસ્ટી નક્કી કરવામાં આવશે ૨૧ કે તેથી વધુ વયના વ્યક્તિને સદર વકફના મુતવલ્લી તરીકે નીમી શકાશે. કોલમ-૬(બી) મુજબ સામાન્ય સભા બોલાવી મુતવલ્લીઓની નિમણૂક કરવામાં આવશે.**

ઉકત જણાવ્યા મુજબની સ્કીમ અરજી વકફ અધિનિયમ(સુધારો-૨૦૧૩)૧૯૯૫ની કલમ-૬૯ અન્વયે સ્કીમ અરજી ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ, આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો દિન-૧૫માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં સોગંદનામાં પર આધાર પુરાવા સહિત રજૂ કરવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચન રજૂઆત સમય મર્યાદામાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીમાં ન મળે તો ઉકત જણાવેલ વકફની સ્કીમ અરજી ઉકત જણાવેલ વકફ રજિસ્ટરે નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

# દિલ્હીમાં વિસ્ફોટ બાદ અમદાવાદમાં હાઈએલર્ટ






## અમદાવાદ, બનાસકાંઠા અને જૂનાગઢ સહિત તમામ શહેરોમાં ચેકિંગ

અમદાવાદ,તા.૧૦

દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટ બાદ અમદાવાદ સહિત રાજયના મોટા શહેરોમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં પોલીસ દ્વારા વાહનોનું ચેકિંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. જુહાપુરા અને પકવાન ચાર રસ્તા સહિત શહેરના અન્ય વિસ્તારોમાં પોલીસ દ્વારા વાહનોનું ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ વાહનોને રોકી ડેકી ખોલીને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

દિલ્હીમાં કાર વિસ્ફોટ બાદ ગુજરાત સહિત દેશના તમામ રાજ્યોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના અમદાવાદમાં પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં પોલીસ દ્વારા અલગ-અલગ જગ્યાએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ત્યાં એક-એક વાહનોને તપાસવામાં આવી રહ્યું છે. દરેક વ્યક્તિની પૂછપરછ તેમજ શંકાસ્પદ વાહનચાલકો ખાસ કરીને રીક્ષાચાલકો અને તેમના મુસાફરો તેમના સામાનને ચકાસવામાં આવી રહ્યું છે અને જુહાપુરા સહિત ભદ્રકાળી બજાર, લાલ દરવાજા, દરિયાપુર, શાહપુરમાં પોલીસ દ્વારા રોડ બ્લોક કરી તપાસ કરવામાં આવી રહી છે.

ગુજરાતના અમદાવાદ-ગાંધીનગર સહિત અન્ય શહેરોમાં પણ હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં પોલીસે સુરક્ષાનો કડક કવચ ઊભું કરી દીધું છે. ગુજરાત-રાજસ્થાનને જોડતી તમામ ચેકપોસ્ટો, ખાસ કરીને અમીરગઢ બોર્ડર પર સુરક્ષા બમણી કરી દેવામાં આવી છે, જ્યાં રાજસ્થાન અને દિલ્હી તરફથી આવતા દરેક વાહનની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. વિશ્વવિખ્યાત અંબાજી મંદિર પર પણ પોલીસનો વિશેષ બંદોબસ્ત ગોઠવાયો છે, જેથી દર્શનાર્થીઓને સંપૂર્ણ સુરક્ષા મળી રહે. જિલ્લા પોલીસવડાના આદેશથી તમામ ચેકપોસ્ટ પર ૨૪ કલાક સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવ્યું છે, જેથી કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ કે વાહન જિલ્લામાં પ્રવેશી ન શકે. સાથે જ જૂનાગઢ પોલીસ પુરી તાકાત સાથે એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે, જ્યાં પ્રવેશ કરતા દરેક વાહનની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. જિલ્લાના માંગરોળ બંદર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં પણ પોલીસનું વિશેષ ચેકિંગ ચાલુ છે. એસપી, ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પોતે મેદાનમાં ઉતરીને ચેકિંગમાં જોડાયા છે, જેથી કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત રહે. આ હાઈ એલર્ટને કારણે ગુજરાત સહિત તમામ રાજ્યોમાં પોલીસની હાજરી વધારી દેવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં પોલીસે સુરક્ષાનો કડક કવચ ઊભું કરી દીધું છે. ગુજરાત-રાજસ્થાનને જોડતી તમામ ચેકપોસ્ટો, ખાસ કરીને અમીરગઢ બોર્ડર પર સુરક્ષા બમણી કરી દેવામાં આવી છે, જ્યાં રાજસ્થાન અને દિલ્હી તરફથી આવતા દરેક વાહનની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. વિશ્વવિખ્યાત અંબાજી મંદિર પર પણ પોલીસનો વિશેષ બંદોબસ્ત ગોઠવાયો છે, જેથી દર્શનાર્થીઓને સંપૂર્ણ સુરક્ષા મળી રહે. જિલ્લા પોલીસ વડાના આદેશથી તમામ ચેકપોસ્ટ પર ૨૪ કલાક સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવ્યું છે, જેથી કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ કે વાહન જિલ્લામાં પ્રવેશી ન શકે.

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટની ઘટના બાદ જુનાગઢ પોલીસ પુરી તાકાત સાથે એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે, જ્યાં પ્રવેશ કરતા દરેક વાહનની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. જિલ્લાના માંગરોળ બંદર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં પણ પોલીસનું વિશેષ ચેકિંગ ચાલુ છે. એસપી, ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પોતે મેદાનમાં ઉતરીને ચેકિંગમાં જોડાયા છે, જેથી કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત રહે. આ હાઈ એલર્ટને કારણે શહેરમાં પોલીસની હાજરી વધારી દેવામાં આવી છે. દિલ્લીમાં કારમાં થયેલા બ્લાસ્ટ બાદ અમદાવાદ સહિત રાજયના મોટા શહેરોમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. પકવાન ચાર રસ્તા પર પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ વાહનોને રોકી ડેકી ખોલીને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં મજદૂર સંઘનું મહાસંમેલન મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓને આવેદન

## સરકારની આંખ નહીં ખુલે તો શ્રમિકોનો આક્રોશ પરાકાષ્ઠાએ જશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૦

ભારતીય મજદૂર સંઘ દ્વારા દત્તોપંત ઠેંગડીજીની ૧૦૬મી જન્મજયંતી નિમિત્તે રિવરફ્રન્ટ પર મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભારતીય મજદૂર સંઘ સાથે જોડાયેલાં ૧૬૧ યુનિયનો અને મહાસંઘના કાર્યકરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં છે. દરેક સંગઠન પોતાના પડતર પ્રશ્નોને લઈને મોટી સંખ્યામાં ભેગા થયા છે. આ પડતર માગણીઓને લઈને મોટી સંખ્યામાં ભેગા થઈને ભારતીય મજદૂર સંઘના કર્મચારીઓ સરકાર સામે દેખાવો કરશે. તમામ યુનિયનો પોતપોતાનાં સંગઠનો સાથે રિવરફ્રન્ટ પર પહોંચી રહ્યાં છે. નાની નાની રેલીસ્વરૂપે પોતાની માગણીઓને લઈને યુનિયન મહાસંમેલન માટે પહોંચી રહ્યાં છે. ભારતીય મજદૂર સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે ૧૪ પ્રકારના આવેદનપત્રો તૈયાર કરવામાં આવ્યા છે. સાંજે મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓને આવેદનપત્ર આપવામાં આવશે. જો સરકારની આંખ નહીં ખૂલે તો શ્રમિકોનો આક્રોશ પરાકાષ્ઠાએ જશે. ભારતીય મજદૂર સંઘના પ્રદેશ પ્રમુખ જીગ્નેશ મજમુદારે જણાવ્યું હતું કે, તા.૧૦ નવેમ્બરે રેલી કાઢી ગુજરાતમાં ભારતીય મજદૂર સંગ સાથે ૧૬૧ સંગઠનો જોડાયેલા છે. ભારતીય મજદૂર સંગઠન ગુજરાતમાં કામ કરતા શ્રમિકો સાથે જોડાયેલું છે. અસંગઠિત, સંગઠિત, ખાનગી, સરકારી, અર્ધસરકારી, સ્કીલ વર્કર, કોન્ટ્રાક્ટર કર્મચારી અને ફિક્સ પગારના કર્મચારીઓના એ બધા જ લોકોના પડતર પ્રશ્નોને લઈને મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જૂનાગઢના આશા વર્કર મેઘનાબેને જણાવ્યું હતું કે, અમે અમારા હક માટે અને સરકારને જાગૃત કરવા માટે ભેગા થયા છે. અમને કાયમી કર્મચારી બનાવવામાં આવે અને અમને અમારો હક પુરતો મળે તેવી અમારી માગ છે. અમને પૂરતું વળતર મળતું નથી. આશા બહેનોને કાયમી કર્મચારી બનાવવામાં આવે તેવી જ અમારી માંગ છે. શ્રમિકોના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા માંગ ઉઠવા પામી છે. જેમાં કોન્ટ્રેક્ટ પ્રથા દૂર કરવા, સમગ્ર રાજ્યમાં ESI યોજનાનો અમલ કરવા તથા જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની વિવિધ પડતર માગણીઓને અંગે આવેદન પત્રમાં રજૂઆત કરાઈ છે. ભારતીય મજદૂર સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, ભારતીય મજદૂર સંઘના વિવિધ સંગઠનોએ પડતર માગણીઓને લઈને સરકાર પાસે અનેક વખત રજૂઆત કરી છે પરંતુ પડતર માગણીઓનું નિરાકરણ ના આવતા શ્રદ્ધેય દત્તોપંત ઠેંગડીજીની ૧૦૬ની જન્મજયંતી નિમિત્તે શોષિત અને પીડિત કર્મચારીઓ એકઠા થયા છે. આંગણવાડી બહેનોનો હાઈકોર્ટમાં ચુકાદો આવ્યો છે કે, લઘુત્તમ વેતનના કર્મચારીઓને કાયમી કર્મચારી કરવામાં આવે, આશા વર્કરના પણ પોતાના પ્રશ્નો છે. જેથી ૧૪ પ્રકારના આવેદનપત્રો તૈયાર કરવામાં આવ્યા છે. સાંજે મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓને આવેદનપત્ર આપવામાં આવશે. જો સરકારની આંખ નહીં ખુલે તો શ્રમિકોનો આક્રોશ પરાકાષ્ઠાએ જશે. ભારતીય મજદૂર સંઘનું મહાસંમેલન શરૂ થઈ ગયું છે. એક બાદ એક યુનિનના લીડરો પોતાની પડતર માગણીઓ મહાસંમેલનમાં મૂકી રહ્યા છે. તમામ યુનિયનો પોતપોતાના કર્મચારીઓ સાથે રેલી સ્વરૂપે રિવરફ્રન્ટ પર પહોંચી રહ્યા છે.

### SIRની ચાલી રહેલી કામગીરીને લઈ ધારાસભ્ય ખેડાવાલા અને પૂર્વ MLA ગ્યાસુદીને આપ્યું આવેદન

# ચૂંટણી પંચની બેદરકારીને લઈ બે સ્થળે યાદીમાં નામ ધરાવતા મતદારોને રક્ષણ આપવા રજૂઆત

## એન્યુમરેશન ફોર્મ ભરવામાં મદદ કરવા BLOને સૂચના આપવા તથા રાજકીય દબાણ મુદે કાર્યવાહી કરવા માંગ

અમદાવાદ,તા.૧૦

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગાંધીનગર મુખ્ય નિર્વાચન અધિકારી અને રાજય મુખ્ય ચૂંટણી કમિશનરને રૂબરૂ મળી મૌખિક રજૂઆત કરવા સાથે મતગણતરી બાબતે વિસ્તૃત આવેદન આપ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચની બેદરકારી અને લાલિયાવાડીનો ભોગ અજાણે બે સ્થળે મતદારયાદીમાં નામ ધરાવતા નિર્દોષ મતદાતાઓને કાનૂની કાર્યવાહી સામે સંપૂર્ણ રક્ષણ મળી રહે માટે યોગ્ય તટસ્થ ચકાસણી કરી મતદાતાની સ્વેચ્છા અનુસાર એક સ્થળે નામ રાખવા ચોક્કસ આયોજન કરવું જોઈએ આ ઉપરાંત ઈલેક્શન કાર્ડને આધારકાર્ડ સાથે લીંક કરવામાં આવે જેનાથી મતદારયાદીમાં સંપૂર્ણપણે પારદર્શિતા લાવી શકાશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા SIR બાબતે રાજ્યના મતદાતાઓના નામ નોંધણી અંગે સચોટ માહિતી મળી રહે માટે તમામ સુપ્રસિદ્ધ અખબારો તેમજ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરી જનજાગૃતિ ઊભી કરવામાં આવે. રાજયના મતદારોમાં ગંભીર ફરિયાદ ઉઠવા પામી છે કે રાજકીય પક્ષના આગેવાનો ધાકધમકીથી BLO પાસેથી એન્યુમરેશન ફોર્મ બળજબરીપૂર્વક પોતાને સોંપી દેવાની માંગણી કરતા હોઈ તેમની માંગણી કે દબાણને વશ થયા વિના માત્ર ECIની ગાઈડ લાઈન મુજબ એન્યુમરેશન ફોર્મ ફરજિયાતપણે મતદાતાઓના ઘરે જઈ રૂબરૂમાં જવાબદાર વ્યક્તિને જ સોંપવામાં આવે. મતદારો દ્વારા મળેલ ફરિયાદ મુજબ BLO દ્વારા એન્યુમરેશન ફોર્મ આપવા દરમ્યાન ફોર્મ ભરવાની યોગ્ય માહિતી આપવામાં આવતી નથી તેમજ ૨૦૦૨ની યાદી ચકાસણી અંગેની માહિતી આપવામાં આવતી નથી માટે BLOને સૂચના આપવામાં આવે કે એન્યુમરેશન ફોર્મ ભરવા બાબત અંગેની તમામ માહિતી મતદારોને આપવામાં આવે. રાજ્યની મતદાર યાદીઓમાંથી ભૂતિયા, બોગસ, બબ્બે સ્થળે નામો ધરાવતા મતદારોને હટાવવા ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા - ECIએ ખાસ સઘન સુધારણા- SIR પ્રક્રિયા શરૂ કરી છે.BLOને જો કોઈ મતદાર ખોટી માહિતી આપશે, બબ્બે ઠેકાણે મતદાર તરીકે નોંધાયેલા રહેવા પ્રયાસ કરશે તો તેની સામે ફોજદારી ગુનો નોંધાઈ શકે છે અને એક વર્ષ સુધીની જેલ અથવા દંડ કે પછી આ બંને સજા થઈ શકે છે માટે BLO દ્વારા તટસ્થ ચકાસણી કર્યા બાદ જ મતદારની સ્વેચ્છાએ કોઈપણ એક સ્થળની મતદારયાદીમાં નામ નોધવાની કાર્યવાહી કરવામાં આવે. આ જોગવાઈ હોવાથી ખુબ જ સાવચેતી પૂર્વક SIRની પ્રક્રિયાને પૂર્ણ કરવા BLOને તાકીદ કરવામાં આવે. આ ઉપરાંત નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા BLOને રાજકીય દબાણ કરનારાઓની સામે સરકારી કામગીરીમાં દખલ કરવા અંગેનો ગુનો દાખલ કરવો જોઈએ. પરિણામે નિર્દોષ BLOને ECIની ગાઈડ લાઈન મુજબ કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપી શકાય. રાજયના અનેક સ્થળો સહિત અમદાવાદના કોટ વિસ્તારમાં મોટાપાયે રેસીડન્સમાંથી કોમર્શિયલ બાંધકામમાં તબદીલ થયા હોવા છતાં હાલ મૂળ સ્થળે પણ મતદારોના નામ હજી યથાવત છે એ જ રીતે સ્થળાંતર થવાના કારણે કેટલાક મતદારો અને નવા સ્થળે નામ યાદીમાં સામેલ કરાવી દીધા છે પરંતુ પંચની બેદરકારીને લીધે મૂળ સ્થળે નામ કમી કરાયેલ નથી તેવા અને રાજયમાં રોજગાર મેળવવા આવેલ બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા સહિત અન્ય રાજયોના પરપ્રાંતીયોએ મૂળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં રાજયની ઔદ્યોગિક વસાહતો, અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ વગેરે સ્થળે તેમના નામો યાદીમાં ચાલતા હોઈતે કમી કરવામાં આવે તેમ વધુમાં જણાવાયું છે.

### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે

# ભારતીય વિચાર મંચ દ્વારા વ્યાખ્યાનમાળા, પ્રદર્શની અને મલ્ટીમીડિયા શોનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ભારતીય વિચાર મંચ અને ભારત શોધ સંસ્થાન દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે ''સંઘની શતાબ્દી યાત્રા - નેતૃત્વની દિશા અને ભૂમિકા'' વિષય પર વિશેષ વ્યાખ્યાનમાળા, પ્રદર્શની તથા મલ્ટીમીડિયા શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા.૧૧થી ૧૪ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર, મેમનગર, અમદાવાદ ખાતે યોજાશે. કાર્યક્રમમાં પ્રદર્શની અને મલ્ટિમીડિયા શોનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા.૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે થશે. આ પ્રસંગે સંઘના વરિષ્ઠ વિચારકો, પ્રજ્ઞા પ્રવાહ અને ભારતીય વિચાર મંચના પ્રતિનિધિઓ તેમજ વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ અને સમાજના પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહેશે. વ્યાખ્યાનમાળામાં દેશના અગ્રણી વિચારકો અને સંઘના વરિષ્ઠ સહસરકાર્યવાહ ડૉ. કૃષ્ણગોપાલ, સી.આર. મુકુંદ, અતુલ લિમયે અને આલોક કુમાર દ્વારા સંઘના નેતૃત્વકર્તાઓ આદ્યસરસંઘચાલક ડૉ. હેડગેવારથી લઈને વર્તમાન સરસંઘચાલક મોહનરાવ ભાગવત સુધીના તમામના કાર્યકાળમાં સંઘની દિશા અને તેમની ભૂમિકા અંગેની ચર્ચા કરવામાં આવશે. જેથી સમાજના પ્રબુદ્ધજનો, શોધકર્તાઓ - અધ્યેતાઓ સંઘ અને તેના વિશેની માહિતી વિગતે સમજી શકે. આ પ્રસંગે ગુજરાતભરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, ઉદ્યોગકારો, મીડિયાના મિત્રો, શિક્ષણવિદો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ધારાશાસ્ત્રીઓ, ડૉક્ટર્સ જેવા પ્રોફેશનલ્સ અને રાજકીય - શાસકીય, ધાર્મિક - સાંપ્રદાયિક ક્ષેત્રના અનેક મહત્ત્વપૂર્ણ નામાંકિત વ્યક્તિવિશેષ ઉપસ્થિત રહેશે. સંઘના શતાબ્દીવર્ષ નિમિત્તે વિશેષ કાર્યક્રમ હોવાથી સંઘના પ્રાંત, ક્ષેત્ર અને અખિલ ભારતીય સ્તરના અનેક પદાધિકારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે.

## ગળેફાંસો ખાઈ યુવકનું આપઘાત

બલજીત ગંગારામ ઉર્ફે પ્રહલાદ વિશ્વકર્મા (ઉ.વ.૨૨, રહે. પહેલો માળ રૂમ નંબર-૨, વિસતનગર વિભાગ-૩ વાળીનાથ ચોક મેમનગર)એ અગમ્ય કારણસર તા.૮/૧૧/૨૦૨૫ રાત્રે ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડિયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

## બાથરૂમમાં ફુવારા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ યુવતીએ આત્મહત્યા કરી

કાજલ કોરી (ઉ.વ.૨૫, રહે. અનિલ વકીલની ચાલી, લાઈન નંબર-૬, રચના સ્કૂલ પાસે, પ્રેમનગર, મેમ્કો)એ અગમ્ય કારણસર તા.૯/૧૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમના ફુવારાની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

### જાહેર નોટિસ

**એ.એસ. રાવલ**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર મણીનગર,**
**મહેસુલ ભવન,લાલ દરવાજા, અમદાવાદની કોર્ટમાં**

નં.એમ.એ.જી/જન્મ મરણ પ્રમાણપત્ર/એસ.આર.નં.832/૨૦૨૫

વાદી :- **અફઝલ ફકરૂદીન ભીસ્તી**

હાલ રહે.શાહનગર નરસિંહના મંદિર પાસે, શાહઆલમ, અમદાવાદ.

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, અ.મ્યુ. કો. આરોગ્ય ભવન, એસ.ટી. પાસે, અમદાવાદ

જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની પેટા કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી/નોટિસ

આથી લાગતાં વળગતાં ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદાર શ્રી અફઝલ ફકરૂદીન ભીસ્તીનો જન્મ તા.૧૮/૧૨/૨૦૦૧ના રોજ મીલ્લતનગર, શાહઆલમ, મણીનગર, અમદાવાદ ખાતે થયેલ છે અને તેમના જન્મની જે તે વખતે કાયદાના નિયમોનું જ્ઞાન ન હોઈ ભૂલ અને અજ્ઞાનવશથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદરહું અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.૧૭/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૩.૩૦ કલાકે એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને સીટી મામલતદારશ્રી મણીનગર, એસ.બી.આઈ. બેંકની સામે, લાલ દરવાજા, અમદાવાદની કોર્ટમાં બિનચૂક હાજર રહેવું, જો તેમ કરવામાં કસૂર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોને નોંધ લેવી.

સિક્કો

સહી/-
(એ.એસ.રાવલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર
મણીનગર, અમદાવાદ

TENNECO
TENNECO CLEAN AIR INDIA LIMITED



Passenger Vehicles | Commercial Trucks | Off-Highway Vehicles

#1 AND #2 WITH 52% AND 44% MARKET SHARE IN SHOCK ABSORBERS AND STRUTS, AND ENGINE BEARINGS, RESPECTIVELY

#1 AND #2 WITH 57% AND 34% MARKET SHARE IN CLEAN AIR SOLUTIONS AND ENGINE BEARINGS, RESPECTIVELY

#1 WITH 68% MARKET SHARE IN CLEAN AIR SOLUTIONS

PERFORMANCE ENGINEERED FOR INDIA'S ROADS
THE TENNECO WAY

We are part of the Tenneco Group, a U.S. headquartered key global Tier-I automotive component supplier[1]. We manufacture highly engineered products—such as Clean Air Solutions, Powertrain Solutions and Advanced Ride Technologies for passenger, commercial and off-highway vehicles. And behind everything we do is *The Tenneco Way*.

**ROBUST R&D CAPABILITIES**
~5000 active patents and ~7500 active trademarks*

**MODULAR & STANDARDISED DESIGN**
Highest ROCE amongst peers^

**FOCUSED OPERATIONAL EFFICIENCIES**
Strong financial performance supported by growth and profitability

**CUSTOMER STICKINESS**
Long-standing Relationship (19.2 Years) with top 10 OEMS#

Clean Air Solutions | Powertrain Solutions | Advanced Ride Technologies

[1]Source: CRISIL Report | *Owned by Tenneco Group worldwide as of June 30, 2025 | ^We also maintained the highest ROCE and ROE among our peers in Fiscal 2025 | #Average length of relationships with our top 10 OEMs as of June 30, 2025

**Tenneco Clean Air India Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated November 05, 2025 with the RoC. The RHP is available on the website of the Company at www.tennecoindia.com, SEBI at www.sebi.gov.in, as well as on the websites of the BRLMs, i.e., JM Financial Limited, Citigroup Global Markets India Private Limited, Axis Capital Limited and HSBC Securities and Capital Markets (India) Private Limited at www.jmfl.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.axiscapital.co.in and www.business.hsbc.co.in, respectively and the websites of National Stock Exchange of India Limited and BSE Limited at www.nseindia.com and www.bseindia.com, respectively. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section titled "*Risk Factors*" on page 59 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) in the United States only to "qualified institutional buyers", as defined in Rule 144A under the U.S. Securities Act, in transactions exempt from the registration requirements of the U.S. Securities Act and (ii) outside the United States in "offshore transactions" as defined in, and in reliance on Regulation S under the U.S. Securities Act and in accordance with the applicable laws of the jurisdictions where such offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

# જીએસટીને સમર્થન આપવું એ મારી 'બહુ જ મોટી ભૂલ' હતી : મમતાએ એકરાર કર્યો અને રાજ્યના ફંડને અટકાવી રાખવાનો કેન્દ્ર પર આરોપ મૂક્યો

(એજન્સી) કોલકાતા, તા.૧૦

જાહેર ભાષણોમાં અસાધારણ કહેવાય એ રીતે અને પોતાની ચાર દાયકા લાંબી જાહેર જીવનની કારકિર્દીમાં પહેલીવાર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પોતાની એક મોટી ભૂલ જાહેરમાં કબૂલ કરી હતી.



સીલીગુડીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે હું માનું છું કે જીએસટી વેરા માળખું પાછું ખેંચી લેવું જોઈએ. આ વિચારને ટેકો આપનાર પહેલો જ રાજકીય પક્ષ અમારો હતો કેમ કે રાજ્યના પૂર્વ નાણાંમંત્રી અમિત મિત્રાએ મને એ વિશે ખાતરી કરાવી દીધી હતી પણ એ ભૂલ હતી અને ઘણી મોટી ભૂલ હતી. કેન્દ્ર સરકાર જીએસટીથી મળતાં તમામ નાણાં લઈ જાય છે. એ લોકો ફાલતું ખર્ચા જ કરી રહ્યા છે અને વેરામાંથી મળતું તમામ ફંડ ભાજપ શાસિત રાજ્યો તરફ મોકલી રહ્યા છે. હું માનું છું કે રાજ્યોની આવકને જે-તે રાજ્યોએ પાછી આપી દેવી જોઈએ.

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે હું માનું છું કે જીએસટી માળખું પાછું ખેંચી લેવું જોઈએ. એ વિચારને સમર્થન આપનાર સૌ પહેલો રાજકીય પક્ષ અમારો હતો, રાજ્યના પૂર્વ નાણાંમંત્રી અમિત મિત્રાએ મને ગળે ઘૂંટડો ઉતરાવી દીધો હતો પરંતુ કેન્દ્ર સરકાર જીએસટીથી મળતાં તમામ નાણાં લઈ જાય છે, હું માનું છું કે રાજ્યની આ વેરાની આવકનો હિસ્સો રાજ્યોને પાછો આપી દેવો જોઈએ**

તેમણે ઉમેર્યું કે સંરક્ષણ અને સરહદ સંચાલન સિવાય કેન્દ્ર ઉપર કોઈ બીજી મોટી નાણાકીય જવાબદારી હોતી નથી. બીજી બધી જવાબદારી રાજ્યો નિભાવતા હોય છે. આરોગ્ય વીમા કવચ મફત હોવા અંગેની જાહેર ખબરો મેં જોઈ પરંતુ એ તો બિલકુલ ખોટી વાત છે. અમારા રાજ્યમાં અમારે જીએસટીની આવકમાંથી એ માટે રૂા.૨૦,૦૦૦ કરોડ આપવા પડ્યા છે.

મુખ્યમંત્રી બન્યા ત્યારથી મમતાએ પ્રજાની કલ્યાણકારી યોજનાઓના ફંડ અટકાવીને કેન્દ્ર બંગાળ સાથે ઓરમાયું વર્તન કરતું હોવાનો આક્ષેપ કર્યો છે. તેઓ રાજ્યના વિકાસ તરફ કેન્દ્રની ઉદાસિનતા ઉજાગર કરતા રહ્યા છે. આજે પણ મમતાએ એવું જ કહ્યું કે મનરેગા માટેનું ફંડ બંગાળને અપાતું નથી. જીએસટી, રાજ્ય જીએસટીની આવકનો એકે એક રૂપિયો કેન્દ્ર પાસે જઈ રહ્યો છે. તેઓ અમારી પાસેથી જે નાણાં મેળવતા હોય એવા રાજ્યનો હિસ્સો પાછો આપી દેવાની એમની જવાબદારી બને છે. તેમણે બંગાળના નાણાં પહેલા આપી દેવા કેન્દ્રને અનુરોધ કર્યો હતો.

# ચૂંટણી પંચના અધિકારીઓ તેમની નિવૃત્તિ પછી પણ 'મત ચોરી' માટે જવાબદાર રહેશે : પ્રિયંકા ગાંધી વાડ્રાએ મોદી શાસનને બ્રિટિશ સામ્રાજ્યવાદ સાથે સરખાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસના મહાસચિવ શ્રીમતી પ્રિયંકા ગાંધી વાડ્રાએ રવિવારે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોને કડક અને સ્પષ્ટ ચેતવણી આપી હતી અને તેમને કહ્યું હતું કે, દેશના લોકો નિવૃત્તિ પછી પણ લોકશાહીને નબળી પાડવા બદલ તેમને જવાબદાર ઠેરવશે. બીજા અને અંતિમ તબક્કાની ચૂંટણીના પ્રચારના અંતિમ દિવસે બિહારના કડવા, પૂર્ણિયા અને બરાડીમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત જાહેર રેલીઓને સંબોધતા, શ્રીમતી વાડ્રાએ ચૂંટણી કમિશનરોને યાદ અપાવ્યું કે તેમના ભૂલ અને કમીશનના કાર્યો પર નજર રાખવામાં આવી રહી છે અને તેમની નિવૃત્તિ પછી પણ તેમને જવાબદાર ઠેરવવામાં આવશે. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા કરવામાં આવેલી 'મત ચોરી' માટે તેઓ સમાન રીતે જવાબદાર છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, દેશના લોકો ભાજપ અને તેના સાથી પક્ષોની સરકારોથી કંટાળી ગયા છે અને સંપૂર્ણપણે નિરાશ થઈ ગયા છે અને તેથી જ પાર્ટીએ ચૂંટણીલક્ષી ગેરરીતિઓનો આશરો લેવાનું શરૂ કર્યું છે. તેમણે ખાસ કરીને વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં મતદાર યાદીમાંથી ૬૫ લાખ મતદારોના નામ કાઢી નાખવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તેમના પ્રચાર ભાષણોમાં ઉપયોગમાં લેવામાં આવતી ભાષા માટે પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે, આવી ભાષા વડા પ્રધાનને શોભતી નથી. શ્રીમતી વાડ્રાએ દુઃખ વ્યક્ત કર્યું હતું કે, મોદી ભારતના વડાપ્રધાન પદની અપેક્ષિત ગરિમા જાળવી રહ્યા નથી. શ્રીમતી વાડ્રાએ મોદીના શાસનને બ્રિટિશ સામ્રાજ્યવાદ સાથે સરખાવીને કહ્યું હતું કે, તેઓ બ્રિટિશરો ભારતીયો સાથે જે રીતે વર્તે છે તેવી જ રીતે વર્તે છે. તેમણે કહ્યું કે, બિહારમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) સામે મહાગઠબંધનની લડાઈ બ્રિટિશ સામ્રાજ્ય સામે ભારતીયોના સંઘર્ષ જેવી જ હતી. કોંગ્રેસના મહાસચિવે રાજ્યની દુઃખદ સ્થિતિ માટે બિહારની NDA સરકારને જવાબદાર ઠેરવી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં તકોના અભાવે બિહારના યુવાનોને દેશના વિવિધ ભાગોમાં નોકરી શોધવાની ફરજ પડી છે. તેમણે નાના અને મધ્યમ વ્યવસાયોના પતન માટે નોટબંધી અને GSTના ખામીયુક્ત અમલીકરણને જવાબદાર ઠેરવ્યા, જેના કારણે યુવાનો માટે રોજગારની તકો ખોરવાઈ ગઈ છે. NDA સરકાર દ્વારા બિહારમાં ચૂંટણી પહેલા મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતા, શ્રીમતી વાડ્રાએ કહ્યું કે, ભાજપ તેમને લાંચ આપવાનો પ્રયાસ કરી રહી છે. મહિલાઓને પૈસા સ્વીકારવાનું કહેતા, તેમણે તેમને મતદાન કરતી વખતે ખૂબ કાળજી અને સાવધાની રાખવા વિનંતી કરી કારણ કે, તે તેમના પોતાના ભવિષ્યને અસર કરશે.



# યુપીની તમામ શાળા, કોલેજોમાં વંદે માતરમ ગાયન ફરજિયાત બનાવતો સીએમ યોગીનો આદેશ, યુપીના મુખ્યમંત્રીએ ચેતવણી આપી કે 'નવા ઝીણા' ઊભા થવા ન જોઈએ : દેશવ્યાપી વિવાદ જાગ્યો

(એજન્સી) લખનૌ, તા.૧૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોમવારે જાહેર કર્યું હતું કે રાજ્યની તમામ શાળાઓ અને કોલેજોમાં વંદે માતરમનું ગાયન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ગોરખપુરમાં એકતા યાત્રા અને વંદે માતરમના સામૂહિક ગાના કાર્યક્રમમાં બોલતા મુખ્યમંત્રીએ આ જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ પ્રેમ તથા આદર અને અહોભાવની લાગણીનું સિંચન કરવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે ઉપસ્થિત જનસમૂહ સમક્ષ બોલતા જણાયું હતું કે રાષ્ટ્રગીત વંદે માતરમ પ્રતિ આપણને સન્માન હોવું જોઈએ અને અમે ઉત્તર પ્રદેશની દરેક શાળા અને શિક્ષણ સંસ્થાઓમાં વંદે માતરમનું ગાયન ફરજિયાત કરવા જઈ રહ્યા છીએ. મુખ્યમંત્રી યોગીએ રાષ્ટ્રગીતનો વિરોધ કરી રહેલા લોકોની ટીકા કરતી વખતે મોહમ્મદ અલી ઝીણા અને મોહમ્મદ અલી જોહર ના નામોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે આ પ્રકારનો વિરોધ કરવાની



ઘટનાઓ દેશની એકતાને નબળી પાડે છે. યોગીએ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીના એક સાંસદે વંદે માતરમ ગીતનો વિરોધ કર્યો છે અને આ એ લોકો જ છે જે લોકો સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના કાર્યક્રમમાં હાજર રહેતા નથી અને ઝીણાનું સન્માન કરતા કાર્યક્રમોમાં બેશરમીથી હાજરી આપે છે. ભારતમાં હવે વધુ કોઈ ઝીણા પેદા ન થાય એ સુનિશ્ચિત કરવા તેમણે લોકોને અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે જો કોઈ પણ વ્યક્તિ દેશની એકતાને પડકાર કરશે તો આપણે આવા વિભાજક પરિબળોને ઊગતા જ ડામી દેવાના રહેશે. મુખ્યમંત્રી એ ઉમેર્યું કે, ૧૮૯૬થી ૧૯૨૨ સુધી કોંગ્રેસના દરેક સત્રમાં વંદે માતરમ ગીતનું ગાયન કરવામાં આવતું હતું પણ ૧૯૨૩માં મોહમ્મદ અલી જોહર કોંગ્રેસના પ્રમુખ બન્યા ત્યારે આ ગીત શરૂ થયું એટલે તરત જ તેઓ સભા સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા અને તેમાં ભાગ લેવાનો ઈન્કાર કર્યો હતો. ભાઈઓ અને બહેનો વંદે માતરમનો વિરોધ પણ ભારતના ભાગલાની કમનસીબ ઘટનાના કારણો પૈકીનો એક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વંદે માતરમ ગીતના ૧૫૦ વર્ષ પૂરા થયા તેના રાષ્ટ્રવ્યાપી ઉજવણીના કાર્યક્રમો શરૂ કર્યા પછીના દિવસોમાં યુપી સરકારે આ નિર્ણય લીધો છે. વંદે માતરમની ઉજવણી સાત નવેમ્બર ૨૦૨૪થી શરૂ થઈ છે અને ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે. આ ગીતને આઝાદી સંગ્રામ તથા દેશના ગૌરવ અને એકતાના પ્રતીક સમાન માનવામાં આવે છે જેની રચના સાતમી નવેમ્બર ૧૮૭૫ના રોજ વિખ્યાત બંગાળી કવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

# નિષ્ણાતોએ ભાગવતના સમાવેશી પ્રચારને વિરોધાભાસી ગણાવ્યો તેઓ કહે છે કે RSSનું મૂળ લઘુમતી વિરોધી વલણમાં રહેલું છે

**ભાગવત દ્વારા સમાવેશની ખાતરી છતાં, ઐતિહાસિક પુરાવા અને વિદ્વતાપૂર્ણ વિશ્લેષણ દર્શાવે છે કે, RSSના સ્થાપના સિદ્ધાંતો મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પ્રત્યે ઊંડી દુશ્મનાવટ દર્શાવે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતના એવા દાવા કે મુસ્લિમોનું આ સંગઠનમાં સ્વાગત છે, તેણે એક સઘન ચર્ચા જગાવી છે, જેમાં ઘણા લોકોએ તેમના શબ્દો અને ભગવા બ્રિગેડના ઐતિહાસિક વલણ વચ્ચે વિરોધાભાસ દર્શાવ્યો છે. નિષ્ણાતો અને ઐતિહાસિક પુરાવા સૂચવે છે કે આરએસએસના સ્થાપના સિદ્ધાંતો અને કાર્યો મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પ્રત્યે ઊંડી દુશ્મનાવટ દર્શાવે છે, જેનો હેતુ હિન્દુ રાષ્ટ્ર સ્થાપિત કરવાનો અને ભારતના ધર્મનિરપેક્ષ માળખાને નબળો પાડવાનો છે. રવિવારે બેંગલુરુમાં ભાગવતના નિવેદનને ઘણા લોકો આરએસએસની છબીને ફરીથી બ્રાન્ડ કરવાના પ્રયાસ તરીકે જુએ છે, પરંતુ ટીકાકારો દલીલ કરે છે કે તે સંગઠનની વિચારધારા સાથે સુસંગત નથી. આરએસએસ પર બળજબરીથી આત્મસાત કરવા અને અન્ય ધર્મોને બાકાત રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જે ભાગવતના સમાવેશીતાના દાવાઓનો વિરોધાભાસ કરે છે. આરએસએસના વડાએ કહ્યું કેઃ "જે લોકો આ ભૂમિને પોતાની માતૃભૂમિ માને છે તેઓ સંગઠનમાં જોડાઈ શકે છે. તેમણે વિગતવાર જણાવ્યું કે, "કોઈપણ બ્રાહ્મણ, શિવ, મુસ્લિમ કે ખ્રિસ્તીને આરએસએસમાંથી બહાર રાખવામાં આવ્યા નથી. ફક્ત હિન્દુઓ જ તેમાં જોડાઈ શકે છે, અને હિન્દુનો અર્થ એ છે કે જેઓ આ ભૂમિને પોતાની માતૃભૂમિ માને છે. વિવિધ સંપ્રદાયોના લોકો સંગઠનમાં આવી શકે છે, ફક્ત તેઓએ તેમની ઓળખ અલગ રાખવી જોઈએ."

લઘુમતી સમાવેશ અંગે ભાગવતે કહ્યું કે, "તમારા વ્યક્તિત્વનું સ્વાગત છે, પરંતુ જ્યારે તમે શાખામાં આવો છો, ત્યારે તમે ભારત માતાના પુત્ર તરીકે આવો છો, જે આ હિન્દુ સમાજનો સભ્ય છે. મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પણ શાખામાં હિન્દુ સમાજની વિવિધ જાતિના સભ્યો તરીકે જોડાય છે. અમે તેમને તેમની પૃષ્ઠભૂમિ વિશે પૂછતા નથી. અમે બધા ભારત માતાના પુત્ર છીએ, અને આરએસએસ દરેકને સમાન દ્રષ્ટિએ જુએ છે."

આઉટરીચ કાર્યક્રમો અને શિક્ષણ અંગે ભાગવતે દાવો કર્યો હતો કે, "પહેલાં, ચર્ચ જેવા ચોક્કસ સમુદાયો અને જૂથોને અલગ માનવામાં આવતા હતા. હવે આપણે તેમના સુધી પહોંચવા માટે ખાસ પ્રયાસો કરવા પડશે. પરંતુ આઉટરીચનો અર્થ એ નથી કે આપણે તેમના પર કંઈક લાદીએ અથવા કંઈક કરીએ. અમે કોઈ ચોક્કસ સમુદાય અથવા જાતિ માટે શાળાઓ ખોલતા નથી. RSS ફક્ત તેના મુખ્ય કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે માનવ વિકાસ છે. મુસ્લિમ વિસ્તારોમાં પણ વિદ્યા ભારતી દ્વારા સંચાલિત શિશુ મંદિરો છે." જોકે, વિદ્વાનો અને વિવેચકો આ દાવાઓનો તીવ્ર વિરોધ કરે છે. સામાજિક સંશોધક ડૉ. આયેશા સિદ્દીકીએ કહ્યું કે, RSS હંમેશા હિન્દુ રાષ્ટ્રવાદી વિચારધારામાં મૂળ ધરાવે છે. મુસ્લિમોનું સ્વાગત છે તે દાવો કરવો એ એક વ્યૂહરચના છે, વાસ્તવિક સમાવેશ નથી." તેમણે કહ્યું કે, મુસ્લિમો 'હિન્દુ સમાજના સભ્યો તરીકે' જોડાઈ શકે છે તે મોહન ભાગવતનું નિવેદન દર્શાવે છે કે સ્વીકૃતિ ત્યારે જ મળે છે જ્યારે મુસ્લિમો સંગઠનની હિન્દુ વિચારધારા અપનાવે. આ માળખા હેઠળ સાચી મુસ્લિમ ઓળખ અને ધાર્મિક સ્વતંત્રતા સાથે ચેડાં થાય છે.

સંગઠનને સંપૂર્ણ રીતે સમજવા માટે, તેના ઈતિહાસની તપાસ કરવી જરૂરી છે. આરએસએસની સ્થાપના ૧૯૨૫માં નાગપુરમાં ડૉ. કે. બી. હેડગેવાર દ્વારા હિન્દુ સમાજને એક અનન્ય સાંસ્કૃતિક અને ધાર્મિક રાષ્ટ્રમાં એક કરવાના ધ્યેય સાથે કરવામાં આવી હતી. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાથી દૂર રહીને વિનાયક દામોદર સાવરકર સહિતના અગ્રણી નેતાઓએ બ્રિટિશ અધિકારીઓની માફી માંગી હોવાનું કહેવાય છે.

સંગઠનનું લાંબા સમયથી ચાલતું મિશન ધર્મના આડમાં સમાજમાં વિખવાદ ફેલાવવાનું અને "હિન્દુ રાષ્ટ્ર"ના વિઝનને અનુસરવાનું રહ્યું છે. વિદ્વાનો નિર્દેશ કરે છે કે આરએસએસની મૂળભૂત વિચારધારા બહુવચનવાદનો વિરોધ છે. હેડગેવાર અને બાદમાં એમ. એસ. ગોલવલકરે સાંસ્કૃતિક એકરૂપતા અને હિન્દુ સભ્યતા સર્વોપરિતા પર રાષ્ટ્રવાદનો આધાર રાખ્યો હતો.

ગોલવલકરે ૧૯૩૯માં તેમના પુસ્તક "વી, ઓર અવર નેશનહૂડ ડિફાઈન્ડ"માં લખ્યું હતુંઃ "ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે અને અન્ય ધાર્મિક જૂથોનો દરજ્જો મહેમાનો જેવો છે." તેમણે સૂચના આપી હતી કે, "હિન્દુસ્તાનમાં વિદેશી જાતિઓએ હિન્દુ સંસ્કૃતિ અને ભાષા અપનાવવી જોઈએ, હિન્દુ ધર્મનો આદર કરવાનું શીખવું જોઈએ. હિન્દુ રાષ્ટ્રની મહાનતા સિવાય તેમના મનમાં બીજું કંઈ પ્રવેશવું જોઈએ નહીં અથવા તેઓએ દેશમાં હિન્દુ રાષ્ટ્રને આધીન રહેવું જોઈએ, અને તે પણ કંઈપણ માંગ્યા વિના. તેઓ કોઈપણ વિશેષ સારવાર માટે હકદાર ન હોવા જોઈએ, કોઈપણ વિશેષાધિકારો તો નહીં જ મળે. તેમના માટે બીજો કોઈ રસ્તો ન હોવો જોઈએ."



ગોલવલકરે નાઝી જર્મનીને "વંશીય શુદ્ધતા" જાળવવા માટે એક મોડેલ તરીકે કહ્યું હતું કે, "જર્મનીએ વંશીય શુદ્ધતા જાળવવા માટે સેમિટિક જાતિ, યહૂદીઓનો નાશ કરીને વિશ્વને ચોંકાવી દીધું. આ કૃત્ય વંશીય ગૌરવની અભિવ્યક્તિ છે. જર્મનીએ એ પણ સાબિત કર્યું છે કે વિવિધ જાતિઓ અને સંસ્કૃતિઓની ભેળસેળ થઈને એક રાષ્ટ્ર બનવું અશક્ય છે. આ આપણા માટે યાદ રાખવા અને લાભ લેવા માટેનો બોધપાઠ છે."

ટીકાકારો દલીલ કરે છે કે સંગઠનની ઐતિહાસિક વિચારધારા ભારતના ધર્મનિરપેક્ષ અને બહુવચનવાદી માળખાને નબળું પાડવાના હેતુથી સમકાલીન વ્યૂહરચનાઓ છે. લઘુમતી અભ્યાસના નિષ્ણાત પ્રોફેસર ઈમરાન ખાને નોંધ્યું હતું કે, "સ્વૈચ્છિક ભાગીદારીના દાવાઓ છતાં, વ્યવહારમાં RSS કાર્યક્રમો મુસ્લિમ અને ખ્રિસ્તી સહભાગીઓના હિન્દુકરણને પ્રોત્સાહન આપે છે. તેમના આઉટરીચ કાર્યક્રમો અને શૈક્ષણિક પહેલો વૈચારિક અનુરૂપતાને લાગુ કરતી વખતે પ્રતીકાત્મક રીતે લઘુમતીઓને સામેલ કરવા માટે છે."

ડૉ. સિદ્દીકીએ જણાવ્યું હતું કે, "વિદ્યા ભારતી જેવી RSS-સંલગ્ન શાળાઓ હિન્દુ અભ્યાસક્રમ પર કાર્ય કરે છે, જે મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે બિનસાંપ્રદાયિક અને ધાર્મિક શિક્ષણને પ્રતિબંધિત કરે છે. આ સમાવેશ શરતી છે, વાસ્તવિક નથી."

ઐતિહાસિક રીતે, RSS સાંપ્રદાયિક હિંસામાં રહ્યું છે, જેમાં ૧૯૯૨માં બાબરી મસ્જિદના શરમજનક શહીદી પછીના રમખાણોનો સમાવેશ થાય છે, અને તેના નેતાઓએ ઘણીવાર લઘુમતીઓ પ્રત્યે પ્રતિકૂળ વાતાવરણને ટેકો આપ્યો છે. RSSની રાજનીતિએ હંમેશા હિન્દુત્વના નામે લઘુમતીઓને નિશાન બનાવી છે. ડૉ. સિદ્દીકીએ કહ્યું કે "આઉટરીચ વિશેના નિવેદનો ઘણીવાર પ્રતીકાત્મક હોય છે જેનો મૂળ ઉદ્દેશ્ય હિન્દુ રાષ્ટ્રની સ્થાપના છે." ભાગવત ભારપૂર્વક કહે છે કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓનું સ્વાગત છે, ત્યારે નિષ્ણાતો દલીલ કરે છે કે RSSમાં સમાવેશ શરતી, પ્રતીકાત્મક અને વૈચારિક રીતે મર્યાદિત છે. મુસ્લિમોને જોડાવાની મંજૂરી આપી શકાય છે, પરંતુ એવી કડક વૈચારિક પરિસ્થિતિઓ હેઠળ જેમાં તેમને ભારત માતાના પુત્રો તરીકે ઓળખવાની જરૂર છે અને આ વાસ્તવિક સમાવેશ નથી.

ડૉ. સિદ્દીકીએ કહ્યું કે, ભારત એક વૈવિધ્યસભર દેશ છે જ્યાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ તેના સમાજના અભિન્ન ભાગો છે. આવી નીતિઓ સમાનતા અને ધાર્મિક સ્વતંત્રતાને નબળી પાડે છે. RSSની પહોંચ અને લઘુમતી નીતિઓ પરની ચર્ચાએ સતત તીવ્ર પ્રતિક્રિયાઓ ઉભી કરી છે, જે સંગઠનના વૈચારિક રીતે બાકાત રાખવાના લાંબા ઈતિહાસ, લઘુમતીઓને આત્મસાત કરવાના પ્રયાસો અને ભારતના ધર્મનિરપેક્ષ બંધારણને પડકારવાના પ્રયાસોને દર્શાવે છે.

# બેંગ્લુરૂ એરપોર્ટ પર નમાઝને પગલે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વિવાદ ભડકી ઊઠ્યો, આવી મંજૂરી કઈ રીતે અપાઈ એવો ભાજપનો સવાલ

**વાયરલ થયેલા વીડિયોમાં કેટલાક લોકો કેમ્પગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટર્મિનલ બેમાં નમાઝ પઢતાં દેખાય છે**

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૦

બેંગ્લુરૂ એરપોર્ટની ઈમારતમાં કેટલાક મુસ્લિમ મુસાફરોએ નમાઝ પઢી હતી એ સામે ભાજપે મોટો વિવાદ ઊભો કર્યો છે અને ઉચ્ચ સુરક્ષાવાળા વિસ્તારમાં કઈ રીતે આવી મંજૂરી આપવામાં આવી એ અંગે કર્ણાટક સરકારનો ખુલાસો પૂછ્યો છે. પ્રદેશ ભાજપના પ્રવક્તા વિજય પ્રસાદે ઈન્ટરનેશનલ એરપોર્ટની અંદર નમાઝ પઢવામાં આવી એ અંગે કોણે મંજૂરી આપી એ વિશે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને આઈટી મંત્રી પ્રિયાંક ખડગે પાસેથી સ્પષ્ટતા માંગી છે. ભાજપ પ્રવક્તાએ આ ઘટના કયા દિવસની છે તે કંઈ જણાવ્યું નથી. પરંતુ એરપોર્ટની ટર્મિનલ બેના સ્થળે કેટલાક મુસ્લિમોએ નમાઝ પઢી હોવાનો વીડિયો વાયરલ થયો હતો. ભાજપ પ્રવક્તાએ સવાલ કર્યો હતો કે, શું એ લોકોએ નમાઝ પઢતા પહેલા મંજૂરી લીધી હતી ? કેમ કે, આ ઉચ્ચ સુરક્ષાવાળો વિસ્તાર છે. જ્યારે આરએસએસ તરફથી પથ સંચાલન કરવામાં આવે છે ત્યારે તેને મંજૂરી લેવાની કેમ ફરજ પાડવામાં આવે છે અને પ્રતિબંધિત જાહેર સ્થળે આવી પ્રવૃત્તિઓ કેમ કરવા દેવામાં આવે છે ?



પ્રવક્તાએ પોસ્ટ મૂકી હતી કે આરએસએસને મંજૂરી લેવાની ફરજ પાડવામાં આવે છે અને સરકાર આવી પ્રવૃત્તિઓ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં થાય છે તેની સામે આડુ જોઈ જાય છે. શું આવા સંવેદનશીલ જાહેર સ્થળ પર આવી પ્રવૃત્તિથી સુરક્ષાને લગતો ગંભીર મુદ્દો ઊભો થતો નથી ?

ભાજપ પ્રવક્તાએ કહ્યું હતું કે, મેં મુખ્યમંત્રી સાથે તેમજ આઈટી મંત્રી સાથે પણ આ અંગે વાતચીત કરી હતી અને એમણે મંજૂરી આપી છે કે કેમ એ પૂછ્યું હતું. શું આવું ચલાવી લઈ શકાય અને આ બેવડા ધોરણ નથી ?

બેંગ્લુરૂ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની ટર્મિનલ બે ઉપર ભારે સુરક્ષા ગોઠવાયેલી હોય છે પરંતુ પોલીસ કે અન્ય કોઈ સુરક્ષા કરવી હોય એમને નમાઝ પઢતા અટકાવ્યા નહોતા. ભાજપ પ્રવક્તા કહે છે કે સરકારનું આ બેવડું ધોરણ છે અને એક સમાજના ચોક્કસ વર્ગની તુષ્ટિકરણ કરવાનો પ્રયાસ છે.

દેવગઢ બારીઆ પાલિકા પ્રમુખની ચૂંટણી યોજાઈ, ભાજપને મળ્યો ઝટકો

# ભાજપના હાથમાંથી અપક્ષોએ પાલિકા આંચકી લીધી

## ભાજપ શાસિત પાલિકા અપક્ષના હવાલે, પ્રમુખ પદે ભાજપમાંથી બળવો કરનાર નીલ સોની બન્યા પ્રમુખ

(સંવાદદાતા દ્વારા) દાહોદ, તા.૧૦

દેવગઢ બારીઆ નગરપાલિકાની ચૂંટણી સાત માસ અગાઉ યોજાઈ હતી. જેમાં ભાજપની બહુમતી થતા ભાજપ પાર્ટીના પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમાં ટૂંકા સમય ગાળામાં જ અપક્ષના સભ્યો સાથે ભાજપના બળવાખોર સભ્ય તેમજ કોંગ્રેસના સભ્યોએ સાથે મળી ભાજપના પ્રમુખ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મૂક્તા તે પસાર થઈ હતી ત્યાર પછી આજરોજ પ્રમુખની ફરીથી ચૂંટણી યોજાતા જેમાં ભાજપમાંથી બળવો કરનાર નીલ સોની પ્રમુખ બનતા ભાજપના હાથમાંથી નગરપાલિકા અપક્ષોએ આંચકી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ નગર પાલિકાની ચૂંટણી આઠ માસ અગાઉ યોજાઈ હતી. જેમાં પાલિકાની ૨૪ બેઠકોમાંથી ૧૩ ભાજપ ૮અપક્ષો તેમજ ત્રણ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારોની જીત થતા ભાજપ પક્ષના ૧૩ સભ્યોની બહુમતી હોવાથી સર્વ સંમતિથી ભાજપના ધર્મેશ કલાલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા ત્યાર પછી તેના સાત માસના ટૂંકા શાસનમાં આઠ અપક્ષ તેમજ કોંગ્રેસના બે સભ્યો મળી નગરના વિકાસના કામો જેવી બાબતોને લઈ અવિશ્વાસની દરખાસ્ત મુકવામાં આવી હતી જેમાં ભાજપમાં છ સભ્યોએ ભાજપનો છેડો ફાડી બળવો કરી અપક્ષો સાથે હાથ મિલાવી ભાજપની સામે પડતા અપક્ષ ભાજપના બળવાખોર તેમજ કોંગ્રેસ મળી કુલ ૧૬ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતા અવિશ્વાસની દરખાસ્ત પસાર થતા ધર્મેશ કલાલનુ પ્રમુખ પદે છીનવાઈ જતા ભાજપના બળવાખોર છ સભ્યોને ભાજપ દ્વારા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા અને છેલ્લા કેટલાક સમયથી હવે પછીના પ્રમુખ કોણ જેવી અનેક અટકળો એ એ જોર પકડ્યું હતું ત્યારે આ પ્રમુખની ચૂંટણીની તારીખ નક્કી થતા આજરોજ ચૂંટણી અધિકારી દેવગઢ બારિયા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં પ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સૌ પ્રથમ ભાજપમાંથી બળવો કરનાર છ સભ્ય સહિત આ પક્ષના આઠ તેમજ કોંગ્રેસના બે સભ્ય મળી કુલ ૧૬ સભ્યો નગરપાલિકા ખાતે આવી પહોંચ્યા હતા અને ત્યાર પછી ભાજપના સાથ અને કોંગ્રેસનો એક સભ્ય મળે કુલ આઠ સભ્ય નગરપાલિકા હોલ ખાતે આવી પહોંચતા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ૧૧ કલાકે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ પાર્ટી દ્વારા અવિશ્વાસની દરખાસ્ત પસાર થયેલ પ્રમુખ ધર્મેશ કલાલને પાર્ટીએ ફરીથી તેમના નામનું મેન્ડેટ આપ્યું હતું. જેને લઈ ધર્મેશ કલાલે પ્રમુખ ની ઉમેદવારી નોંધાવતા તેની સાથે મળી કુલ ૮ સભ્યોએ તેની ફેવરમાં મતદાન કર્યું હતું. જ્યારે અપક્ષમાંથી ભાજપમાંથી બળવો કરનાર નીલ સોની એ પ્રમુખ પદે ઉમેદવારી નોંધાવતા તેની તરફેણમાં સોળ સભ્યોએ મતદાન કરતા તેને પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા આમ ભાજપ સાથે પાલિકામાં ભાજપના જ બળવા ખોરોએ ભાજપના હાથમાંથી નગરપાલિકા આંચકી લીધી હોય તેમ જોવા મળ્યું ત્યારે વિજેતા થયેલા પ્રમુખ નીલ સોનીને ભાજપ પાર્ટીમાંથી બરતરફ કર્યા હોવા છતાં પણ તેઓએ પોતે ભાજપના ગુણ ગાતા જોવા મળ્યા હતા અને ભાજપની સાથે રહી વિકાસના કામો કરવાની વાત કરતા ભાજપ દ્વારા બળ તરફ કરાયેલા આ સભ્યોને ફરીથી પાર્ટીમાં લેશે કે પછી તેઓની સામે શિક્ષાત્મક પગલાં ભરશે. તે આવનારો સમય બનાવશે.



SIRની ચાલી રહેલી કામગીરીને લઈ ધારાસભ્ય ખેડાવાલા અને પૂર્વ MLA ગ્યાસુદ્દીને આપ્યું આવેદન

# ચૂંટણી પંચની બેદરકારીને લઈ બે સ્થળે યાદીમાં નામ ધરાવતા મતદારોને રક્ષણ આપવા રજૂઆત

## એન્યુમરેશન ફોર્મ ભરવામાં મદદ કરવા BLOને સૂચના આપવા તથા રાજકીય દબાણ મુદ્દે કાર્યવાહી કરવા માંગ

અમદાવાદ,તા.૧૦

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગાંધીનગર મુખ્ય નિર્વાચન અધિકારી અને રાજ્ય મુખ્ય ચૂંટણી કમિશનરને રૂબરૂ મળી મૌખિક રજૂઆત કરવા સાથે મતગણતરી બાબતે વિસ્તૃત આવેદન આપ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચની બેદરકારી અને લાલિયાવાડીનો ભોગ અજાણે બે સ્થળે મતદારયાદીમાં નામ ધરાવતા નિર્દોષ મતદાતાઓને કાનૂની કાર્યવાહી સામે સંપૂર્ણ રક્ષણ મળી રહે માટે યોગ્ય તટસ્થ ચકાસણી કરી મતદાતાની સ્વેચ્છા અનુસાર એક સ્થળે નામ રાખવા ચોક્કસ આયોજન કરવું જોઈએ આ ઉપરાંત ઈલેક્શન કાર્ડને આધારકાર્ડ સાથે લીંક કરવામાં આવે જેનાથી મતદારયાદીમાં સંપૂર્ણપણે પારદર્શિતા લાવી શકાશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા SIR બાબતે રાજ્યના મતદાતાઓના નામ નોંધણી અંગે સચોટ માહિતી મળી રહે માટે તમામ સુપ્રસિદ્ધ અખબારો તેમજ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરી જનજાગૃતિ ઊભી કરવામાં આવે. રાજ્યના મતદારોમાં ગંભીર ફરિયાદ ઉઠવા પામી છે કે રાજકીય પક્ષના આગેવાનો ધાકધમકીથી BLO પાસેથી એન્યુમરેશન ફોર્મ બળજબરીપૂર્વક પોતાને સોંપી દેવાની માંગણી કરતા હોઈ તેમની માંગણી કે દબાણને વશ થયા વિના માત્ર ECIની ગાઈડ લાઈન મુજબ એન્યુમરેશન ફોર્મ ફરજિયાતપણે મતદાતાઓના ઘરે જઈ રૂબરૂમાં જવાબદાર વ્યક્તિને જ સોંપવામાં આવે. મતદારો દ્વારા મળેલ ફરિયાદ મુજબ BLO દ્વારા એન્યુમરેશન ફોર્મ આપવા દરમ્યાન ફોર્મ ભરવાની યોગ્ય માહિતી આપવામાં આવતી નથી તેમજ ૨૦૦૨ની યાદી સંકળાયેલી અંગેની માહિતી આપવામાં આવતી નથી માટે BLOને સૂચના આપવામાં આવે કે એન્યુમરેશન ફોર્મ ભરવા બાબત અંગેની તમામ માહિતી મતદારોને આપવામાં આવે. રાજ્યની મતદાર યાદીઓમાંથી ભૂતિયા, બોગસ, બબ્બે સ્થળે નામો ધરાવતા મતદારોને હટાવવા ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા - ECIએ ખાસ સઘન સુધારણા- SIR પ્રક્રિયા શરૂ કરી છે.BLOને જો કોઈ મતદાર ખોટી માહિતી આપશે, બબ્બે ઠેકાણે મતદાર તરીકે નોંધાયેલા રહેવા પ્રયાસ કરશે તો તેની સામે ફોજદારી ગુનો નોંધાઈ શકે છે અને એક વર્ષ સુધીની જેલ અથવા દંડ કે પછી આ બંને સજા થઈ શકે છે માટે BLO દ્વારા તટસ્થ ચકાસણી કર્યા બાદ જ મતદારની સ્વેચ્છાએ કોઈપણ એક સ્થળની મતદારયાદીમાં નામ નોધવાની કાર્યવાહી કરવામાં આવે. આ જોગવાઈ હોવાથી ખુબ જ સાવચેતી પૂર્વક SIRની પ્રક્રિયાને પૂર્ણ કરવા BLOને તાકીદ કરવામાં આવે. આ ઉપરાંત નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા BLOને રાજકીય દબાણ કરનારાઓની સામે સરકારી કામગીરીમાં દખલ કરવા અંગેનો ગુનો દાખલ કરવો જોઈએ. પરિણામે નિર્દોષ BLOને ECIની ગાઈડ લાઈન મુજબ કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપી શકાય. રાજ્યના અનેક સ્થળો સહિત અમદાવાદના કોટ વિસ્તારમાં મોટાપાયે રેસીડન્સમાંથી કોમર્શિયલ બાંધકામમાં તબદીલ થયા હોવા છતાં હાલ મૂળ સ્થળે પણ મતદારોના નામ હજી યથાવત છે એ જ રીતે સ્થળાંતર થવાના કારણે કેટલાક મતદારો અને નવા સ્થળે નામ યાદીમાં સામેલ કરાવી દીધા છે પરંતુ પંચની બેદરકારીને લીધે મૂળ સ્થળે નામ કમી કરાયેલ નથી તેવા અને રાજ્યમાં રોજગાર મેળવવા આવેલ બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા સહિત અન્ય રાજ્યોના પરપ્રાંતીયોએ મૂળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં રાજ્યની ઔદ્યોગિક વસાહતો, અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ વગેરે સ્થળે તેમના નામો યાદીમાં ચાલતા હોઈને કમી કરવામાં આવે તેમ વધુમાં જણાવાયું છે.

# રાજકોટમાં બેફામ BMWએ ટુ-વ્હીલરને ટક્કર મારતાં ૨૦ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીનું મોત

રાજકોટ, તા.૧૦

પોલીસે અકસ્માત માટે સ્થાનિક ઉદ્યોગપતિના પુત્ર BMW ડ્રાઈવરની ધરપકડ કરી છે. ગુજરાતના રાજકોટ શહેરમાં સોમવારે વહેલી સવારે એક ઝડપી મ્સઉ એ તેના ટુ-વ્હીલરને ટક્કર મારીને લગભગ ૨૦૦ ફૂટ સુધી ખેંચી જતાં ૨૦ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીનું મોત થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

રાજકોટ (તાલુકા) પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે કાલાવડ રોડ પર રાત્રે લગભગ ૨ વાગ્યે થયેલા અકસ્માત માટે પોલીસે સ્થાનિક ઉદ્યોગપતિના પુત્ર BMW ડ્રાઈવરની ધરપકડ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અભિષેક નાથાણીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને ટક્કરથી વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. 'એસયુવી રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહેલા ટુ-વ્હીલરને ટક્કર મારી અને લગભગ ૨૦૦ ફૂટ સુધી ખેંચાઈ ગઈ. અકસ્માત એટલો બધો હતો કે વાહનનો આગળનો ભાગ તૂટી ગયો હતો અને પીડિતનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું,' સબ-ઈન્સ્પેક્ટર પીજે પરમારે જણાવ્યું. ડ્રાઈવર, આત્માન પટેલ (૨૬) સુરક્ષિત રીતે ભાગી ગયો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું. અકસ્માત સીસીટીવીમાં કેદ થયો હતો, અને તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# અજમેર દરગાહ કમિટી રચના કરવાનો દિલ્હી હાઈકોર્ટનો હુકમ

અમદાવાદ, તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે ત્રણ મહિનામાં અજમેર દરગાહ કમિટીની રચના કરવાનો હુકમ કર્યો છે. કાયદા પ્રમાણે અજમેર દરગાહનો વહીવટ કરનાર ૯ સભ્યોની કમિટી છેલ્લા ૩ વર્ષથી અસ્તિત્વમાં નથી તેને લઈને કરાયેલી અરજી પર આ નિર્દેશ જારી કરાયો છે. અરજદાર મેરાજ સૈયદની અરજી મંજૂર કરી કેન્દ્ર સરકારને દિલ્હી હાઈકોર્ટે હુકમ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અજમેર દરગાહનું તેમજ ઉર્સનો વહીવટ કરવા ૧૯૫૫માં કેન્દ્ર સરકારે 'ખ્વાજા ગરીબ નવાઝ અજમેર દરગાહ' કાયદો પસાર કરેલ જે અનુસાર અજમેર દરગાહનું સંચાલન નાજીમ કરશે અને તે ૯ સભ્યની કમિટીની સૂચના મુજબના ઠરાવોનો અમલ કરવામાં આવશે. આ કમિટી સમગ્ર દરગાહનું સંચાલન કરતી આવી છે ત્યારે છેલ્લા ત્રણેક વર્ષથી અગાઉની કમિટીની મુદત પૂર્ણ થયા બાદ હજુ સુધી નવી કમિટીની રચના કરવામાં આવી નથી. જેને લઈને હાઈકોર્ટ સમક્ષ આ સમગ્ર મામલો પહોંચ્યો હતો.

# બિહાર ચૂંટણી તબક્કો ૨ : મતદારયાદીમાં તમારૂં નામ હોય ત્યારે મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ વિના શું તમે મતદાન કરી શકો છો ?

## બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના બીજા તબક્કા માટે મતદાન ૧૧ નવેમ્બરના રોજ થશે, જેમાં ૧૨૨ મતવિસ્તારોને આવરી લેવામાં આવશે

(એજન્સી) પટના, તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના બીજા તબક્કામાં ૧૨૨ મતવિસ્તારોમાં મતદાન ૧૧ નવેમ્બર, મંગળવારના રોજ થશે. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થશે અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા મતવિસ્તારો છે. ૬ નવેમ્બરના રોજ ૧૨૧ બેઠકો પર મતદાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો હતો, જેમાં રેકોર્ડ મતદાન જોવા મળ્યું હતું, જે ૧૯૫૧ પછીના છેલ્લા સાત દાયકામાં સૌથી વધુ છે. બિહારની ચૂંટણી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે, ઘણા પાત્ર મતદારો - જેમની પાસે વિવિધ કારણોસર મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ નથી - તેઓ કદાચ વિચારી રહ્યા હશે કે શું તેઓ હજુ પણ તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે. ચાલો જાણીએ : કોઈપણ પાત્ર મતદાર જેનું નામ મતદાર યાદીમાં છે તે મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ વિના પણ મતદાન કરી શકે છે પણ તેઓએ ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મંજૂર કરાયેલ ઓળખ દસ્તાવેજોમાંથી એક રજૂ કરવું જોઈએ. જો કે, એકમાત્ર મુખ્ય આવશ્યકતા એ છે કે : મતદાન મથક પર મતદારનું નામ સત્તાવાર મતદાર યાદીમાં હોવું આવશ્યક છે.

**ECIની માર્ગદર્શિકા મુજબ સ્વીકાર્ય ઓળખ દસ્તાવેજો આ છે :** ૧. પાસપોર્ટ, ૨. ડ્રાઈવિંગ લાઈસન્સ, ૩. પાન કાર્ડ, ૪. આધાર કાર્ડ, ૫. સેવા ઓળખ કાર્ડ (સરકારી કર્મચારીઓ માટે), ૬. બેંક/ પોસ્ટ ઓફિસ દ્વારા જારી કરાયેલ ફોટોગ્રાફ સાથે પાસબુક, ૭. શ્રમ મંત્રાલય હેઠળ જારી કરાયેલ આરોગ્ય વીમા સ્માર્ટ કાર્ડ, ૮. ફોટોગ્રાફ સાથે પેન્શન દસ્તાવેજ, ૯. સાંસદો/ધારાસભ્યો/MLCને જારી કરાયેલ સત્તાવાર ઓળખ કાર્ડ, ૧૦. મનરેગા જોબ કાર્ડ, ૧૧. NPR હેઠળ RGI દ્વારા જારી કરાયેલ સ્માર્ટ કાર્ડ, ૧૨. મતદાર કાપલી (ઉપરોક્ત ઓળખપત્રોમાંથી એક સાથે હોય તો જ) બિહાર ચૂંટણીનો અંતિમ તબક્કો ૧૧ નવેમ્બરે છે. તબક્કા ૨માં મતદાનના બીજા અને અંતિમ તબક્કામાં ૧૨૨ વિધાનસભા બેઠકો પર ગ્રામીણ વિસ્તારોમાં ૪૦,૦૭૩ સહિત ૪૫,૩૯૯ મતદાન મથકો પર મતદાન યોજાશે. દરમિયાન સમગ્ર બિહારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે, જેમાં ૪ લાખથી વધુ કર્મચારીઓ ચૂંટણી ફરજો પર છે. ચૂંટણી પંચના અધિકારીએ જણાવ્યું છે, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે બિહારમાં ૪ લાખથી વધુ સુરક્ષા કર્મચારીઓને ચૂંટણી ફરજો માટે તૈનાત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF)ની લગભગ ૫૦૦ કંપનીઓ (અથવા ૫૦,૦૦૦ કર્મચારીઓ) બિહારમાં ચૂંટણી પૂર્વ ફરજો માં હતા. ત્યારબાદ CAPFની ૫૦૦ વધુ કંપનીઓ રાજ્યમાં આવી છે. આ ઉપરાંત ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયામાં ચૂંટણી ફરજો માટે વધારાની ૫૦૦ કંપનીઓ આવી હતી. બિહાર પોલીસના ૬૦,૦૦૦થી વધુ કર્મચારીઓ પહેલાથી જ ચૂંટણી ફરજમાં રોકાયેલા છે. બીજા રાજ્યોના રિઝર્વ બટાલિયનના લગભગ ૨૦૦૦ જવાનો, બિહાર સ્પેશિયલ આર્મ્ડ પોલીસના ૩૦,૦૦૦ જવાનો, ૨૦,૦૦૦થી વધુ હોમગાર્ડ્સ, લગભગ ૧૯,૦૦૦ નવા ભરતી થયેલા કોન્સ્ટેબલ (હાલમાં તાલીમ હેઠળ છે) અને લગભગ ૧.૫ લાખ 'ચોકીદાર' (ગ્રામીણ પોલીસ) પણ બંને તબક્કા માટે ચૂંટણી ફરજ પર છે. બિહારમાં ૧૨૧ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાનના પ્રથમ તબક્કામાં ૬૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. મતગણતરી ૧૪ નવેમ્બરના રોજ કરવામાં આવશે.

# મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને અન્ય ધર્મોના લોકો RSSમાં આવી શકે છે પરંતુ એક શરત સાથે : મોહન ભાગવત

## RSSના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે કે તમામ ધર્મોના અનુયાયીઓ જ્યાં સુધી “ભારત માતાના પુત્રો” તરીકે અમારી સાથે આવે તો તેઓ સંઘમાં ભાગ લઈ શકે છે

(એજન્સી) તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું હતું કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સહિત તમામ ધર્મોના લોકો સંગઠનમાં જોડાઈ શકે છે, પરંતુ તેઓએ ધાર્મિક અલગતાને બાજુ પર રાખીને એકીકૃત હિન્દુ સમાજના સભ્યો તરીકે આવવું જોઈએ.

RSSમાં મુસ્લિમોને આવવાની મંજૂરી છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં ભાગવતે કહ્યું કે, “સંઘમાં કોઈ બ્રાહ્મણને જ મંજૂરી નથી. સંઘમાં કોઈ અન્ય જાતિને મંજૂરી નથી. સંઘમાં કોઈ મુસ્લિમને મંજૂરી નથી, કોઈ ખ્રિસ્તીને મંજૂરી નથી... ફક્ત હિન્દુઓને જ મંજૂરી છે.” RSSના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે કે તમામ ધર્મોના અનુયાયીઓ જ્યાં સુધી “ભારત માતાના પુત્રો” તરીકે અમારી સાથે આવે તો તેઓ સંઘમાં ભાગ લઈ શકે છે. તેમણે સ્પષ્ટતા કરી કે “વિવિધ સંપ્રદાયોના લોકો - મુસ્લિમો, ખ્રિસ્તીઓ - કોઈપણ સંપ્રદાયના લોકો, સંઘમાં આવી શકે છે પરંતુ તમારી અલગતાને દૂર રાખો. તમારી વિશેષતાનું સ્વાગત છે. પરંતુ જ્યારે તમે શાખામાં આવો છો, ત્યારે તમે ભારત માતાના પુત્ર તરીકે આવો છો, જે આ હિન્દુ સમાજનો સભ્ય છે. ભાગવતે કહ્યું કે સંઘ તેની દૈનિક શાખાઓમાં હાજરી આપનારા કોઈપણનો ધર્મ કે જાતિ પૂછતો નથી. મુસ્લિમો શાખામાં આવે છે, ખ્રિસ્તીઓ શાખામાં આવે છે, જેમ કે નિયમિત રીતે કહેવાતા હિન્દુ સમાજના અન્ય તમામ જાતિઓ પણ શાખામાં આવે છે. પરંતુ અમે તેમની ગણતરી કરતા નથી, અને અમે પૂછતા નથી કે તેઓ કોણ છે. અમે બધા ભારત માતાના પુત્ર છીએ. સંઘ આ રીતે કાર્ય કરે છે. આરએસએસ દ્વારા આયોજિત આંતરિક પ્રશ્ન-જવાબ સત્ર દરમિયાન તેઓએ આ ટિપ્પણી કરી હતી, જ્યાં તેમણે સંગઠનની નોંધણી સ્થિતિ, રાજકીય ઝુકાવ અને અન્ય ધર્મો સાથેના સંબંધો પર પણ પ્રશ્નોના જવાબો આપ્યા હતા. RSSની નોંધણી અને ભંડોળના સ્ત્રોતો પર સવાલ ઉઠાવનારા કોંગ્રેસના નેતાઓની ટીકાના જવાબમાં ભાગવતે કહ્યું કે, “RSSની સ્થાપના ૧૯૨૫માં થઈ હતી, તો શું તમે અપેક્ષા રાખો છો કે અમે બ્રિટિશ સરકાર સાથે નોંધણી કરાવીશું? અને તેમણે ઉમેર્યું કે સ્વતંત્રતા પછી, નોંધણી ફરજિયાત ન હતી. તેમણે કહ્યું કે, અમને વ્યક્તિઓના જૂથ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, અને અમે એક માન્ય સંગઠન છીએ. આવકવેરા વિભાગ અને અદાલતો બંનેએ RSSને “વ્યક્તિઓના જૂથ” તરીકે વર્ણવ્યું છે, જેને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. સંઘ વિરુદ્ધ ભૂતકાળની સરકારી કાર્યવાહીનો



ઉલ્લેખ કરતા, ભાગવતે કહ્યું કે, “અમને ત્રણ વખત પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. તેથી એ સાબિત કરે છે કે સરકારે અમને માન્યતા આપી છે. જો અમને માન્યતા ન હોત, તો તેઓએ અમને કેવી રીતે પ્રતિબંધિત કર્યા હોત?” તેમણે RSS રાષ્ટ્રધ્વજનું સન્માન કરતું નથી તેવા આરોપોનો પણ જવાબ આપ્યો, અને કહ્યું કે સંગઠન ત્રિરંગાને ખૂબ માન આપે છે. અમે હંમેશા અમારા ત્રિરંગાનું સન્માન કરીએ છીએ, શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને તેનું રક્ષણ કરીએ છીએ, RSS પરંપરામાં ગુરુ તરીકે ગણાતા ભગવા રંગનું પણ પ્રતીકાત્મક મહત્વ છે. ભાગવતે પુનરોચ્ચાર કર્યો કે સંઘ કોઈપણ રાજકીય પક્ષને સમર્થન આપતો નથી પરંતુ રાષ્ટ્રીય હિતમાં હોય તેવી નીતિઓનું સમર્થન કરે છે. અમે મતનું રાજકારણ, વર્તમાન રાજકારણ, ચૂંટણી રાજકારણ વગેરેમાં ભાગ લેતા નથી. સંઘનું કાર્ય સમાજને એક કરવાનું છે અને રાજકારણ સ્વભાવે વિભાજનકારી છે, તેથી અમે રાજકારણથી દૂર રહીએ છીએ. પાકિસ્તાન સાથે ભારતના સંબંધો પર, RSSના વડાએ કહ્યું કે શાંતિ ત્યારે જ શક્ય છે જો પડોશી દેશ ભારતને નુકસાન પહોંચાડવાના પ્રયાસો બંધ કરે. પાકિસ્તાન આપણી સાથે શાંતિ ઈચ્છતું નથી. જ્યાં સુધી તે ભારતને નુકસાન પહોંચાડવાનો સંતોષ મેળવે છે, ત્યાં સુધી તે તે કરવાનું ચાલુ રાખશે. તેમણે ચેતવણી આપી કે જો પાકિસ્તાન આવું કરવાનું ચાલુ રાખશે, તો “એક દિવસ તેને બોધપાઠ મળશે,” અને તેઓએ ૧૯૭૧ ના યુદ્ધને યાદ કર્યું જ્યારે બાંગ્લાદેશનું નિર્માણ થયું હતું. સામાજિક મુદ્દાઓને સંબોધતા, ભાગવતે કહ્યું કે જાતિવાદ હવે અસ્તિત્વમાં નથી પરંતુ “જાતિ ભ્રમ” અસ્તિત્વમાં છે, જે ચૂંટણી રાજકારણ દ્વારા પ્રેરિત છે. જાતિને નાબૂદ કરવાની કોઈ જરૂર નથી; જાતિને ભૂલી જવાની જરૂર છે. કહેવાતા 'લવ જેહાદ'ના મુદ્દા પર, ભાગવતે લોકોને વિનંતી કરી કે તેઓ બીજા શું કરે છે તેના પર વધુ પડતું ધ્યાન કેન્દ્રિત ન કરે પરંતુ પોતાના ઘરોમાં “હિન્દુ સંસ્કાર” પર વધુ ધ્યાન આપે.

મોર્ડન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ-મલ્ટી લેંગ્વેજ ફંક્શન સાથે યુઝર્સને મળશે સરળ એક્સેસ

# આગામી જનગણના તદ્દન ડિજિટલ રીતે થશે; અદ્યતન વેબ સાઈટ લોન્ચ કરાઈ

## ૨૦૨૭ની જનગણના અગાઉ પ્રિ-ટેસ્ટ માટે ૨૬૦ બ્લોક પસંદ કરાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં જનગણના-સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ https://gujarat.census.gov.in/નું લોન્ચિંગ કર્યું હતું. ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવની જનગણના નિયામક કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટમાં મોડર્ન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ અને મલ્ટીલેંગ્વેજ ફંક્શન સાથે યુઝર્સને સરળ એક્સેસ મળશે. એટલે કે આગામી જનગણના હવે એકદમ અદ્યતન ડિજિટલ થશે તેમ મનાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેબસાઈટનું લોન્ચિંગ કરતા કહ્યું કે, જનકલ્યાણની દરેક યોજનાઓના અસરકારક અમલ અને આયોજનથી સંતુલિત વિકાસનો જે ધ્યેય રાખ્યો છે તે જનગણનાથી જનકલ્યાણની ટેગ લાઈનને સુસંગત છે. નવી વેબસાઈટ લોન્ચિંગથી એને વધુ બળ મળશે. મુખ્યમંત્રીએ આ વખતે દેશની આગામી જનગણના ૨૦૨૭ અંતર્ગત પ્રથમ વખત મોબાઈલ એપ્લિકેશન દ્વારા સંપૂર્ણપણે ડિજિટલ રીતે હાથ ધરવામાં આવી રહી છે તેની સરાહના કરતા કહ્યું હતું કે, નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પ્રથમ વખત, સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે. રાજ્યના જનગણના નિયામક સુજલ મયાત્રાએ આ વેબસાઈટની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, આગામી ૨૦૨૭ની જનગણના માટે રિહર્સલ હાથ ધરવામાં આવ્યું છે અને વિવિધ મોબાઈલ એપ્સનો ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ જનગણના ૨૦૨૭ના પ્રિ-ટેસ્ટ માટે ગુજરાતના સુરત મહાનગરપાલિકાના ૧૩૩ બ્લોક, દાહોદના દેવગઢબારિયા તાલુકાના ૨૬ ગામોના ૭૦ બ્લોક અને મોરબીના ટંકારા તાલુકાના ૨૫ ગામોના ૬૦ બ્લોક પસંદ કરવામાં આવ્યા છે. આ પસંદ કરાયેલા વિસ્તારોમાં જે પ્રિટેસ્ટ કામગીરી ૧૦ થી ૩૦ નવેમ્બર હાથ ધરવાની છે તેની જાણકારી પણ જનગણના નિયામકે આપી હતી. આ વેબસાઈટ લોન્ચિંગ અવસરે મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# BLOને અપાતા વોરંટના વિરોધમાં ૧૫મીએ ચૂંટણી અધિકારીઓને આવેદન સુપરત કરાશે

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠકમાં શિક્ષકોમાં ભય ફેલાવતી વોરંટ પ્રથા રદ કરવા ઠરાવ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૦

BLOની કામગીરીમાં શિક્ષકોમાં ભય ફેલાવતી વોરંટ પ્રથા રદ કરવા માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્ય કારોબારી બેઠકમાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં ગાંધીનગર ખાતે મહાસંઘની કારોબારી બેઠકમાં ૧૫ નવેમ્બરના રોજ પ્રત્યેક વિધાનસભા દીઠ મુખ્ય ચૂંટણી અધિકારી તથા મુખ્યમંત્રીને સંબોધીને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગના જિલ્લા કારોબારી અને રાજ્ય કારોબારીના હોદ્દેદારોની બેઠક ગાંધીનગરના ચન્દ્રાલા સી.કે પટેલ સંકુલ મુકામે યોજાઈ હતી. જેમાં શિક્ષકોના વિવિધ પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોમાં હાલમાં ચાલી રહેલી SIRની કામગીરીમાં BLO તરીકે કામ કરતા શિક્ષકોને પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં BLOની કામગીરીમાં શાળા સમય દરમિયાન છૂટ અને તાલુકાના અધિકારીઓ દ્વારા થતું દબાણ દૂર થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, બદલી નિયમોમાં સુધારો કરી શિક્ષકોને બીજી વાર જિલ્લાફેર બદલીનો લાભ આપવા, CRC-BRCનો કુલિંગ પીરીયડ રદ કરવા તેમજ BRC-CRCને સેલ્ફી પાડી હાજરી પૂરવાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

ધોરણ-૧થી ૫ના બીએડ થયેલા શિક્ષકોને બ્રીજ કોર્સમાંથી મુક્તિ આપવા, એક વખત BLOની કામગીરી કરેલી હોય તેવા શિક્ષકોને ફરીથી આ પ્રકારની કામગીરીનો ઓર્ડર ન આપવા, BLOને ચૂંટણી કામગીરીનો ઓર્ડર ચૂંટણી કાર્ડના આધારે નહીં પરંતુ પોતાની નોકરી કરતા શાળાના ગામમાં આપવા માટેના પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રશ્નો પણ બેઠકમાં રજૂ થયા હતા.

# પશ્ચિમ બંગાળમાં મતદારયાદી સઘન રિવિઝન કવાયત શરૂ થયા પછી નામ નીકળી જવાના ભયને કારણે પાંચ નાગરિકોની આત્મહત્યા સહિત કુલ નવનાં મોત

## સોમવારે વધુ એક ઘટના SIRને લગતી બની હતી, ૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાની જાણ થતાં ૭૦ વર્ષની વયના એક ફેરિયાએ આત્મહત્યા કરી દીધી હતી

(એજન્સી) કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલી મતદાર યાદી સઘન ખાસ રિવિઝન કવાયતની ગંભીર અસરો જોવા મળી રહી છે અને અત્યાર સુધીમાં આ કવાયત પછી નામ નીકળી જવાના ડરથી પાંચ લોકોએ આપઘાત કર્યો છે અને એ રીતે કુલ નવ લોકોનાં મોત થયા છે તેમ જાહેર થયું છે. ચૂંટણી પંચ દ્વારા વિવાદાસ્પદ કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત થયા પછી રાજ્યમાં છ લોકોએ આત્મહત્યા કરી હોવાનું સત્તાવાળાઓ કહે છે અને એસઆઈઆરની કવાયતની બીકથી આ રીતે કુલ ૯ જેટલા નાગરિકોનાં મોત થયા હોવાનું તંત્ર જણાવે છે અને બધાને બીક એવી હતી કે એમના નામો નીકળી ગયા છે. આમાના કેટલાક લોકોએ તો ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ જોવા ન મળતા જીવન ટૂંકાવી નાખ્યું છે. સોમવારે આવી એક વધુ ઘટના બની હતી. નાદિયા જિલ્લામાં આવેલા કૃષ્ણ ચાકપુર મંડલપરા ગામમાં રહેતા ૭૦ વર્ષના એક વૃદ્ધ શ્યામલકુમાર સાહાએ ૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાની જાણ થતા પોતાનું જીવન ટૂંકાવી નાખ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે પરિવારજનોએ એવો દાવો કર્યો છે કે ૨૦૦૨ની યાદીમાંથી નામ નીકળી ગયેલું જાણી લીધા પછી તેમણે ખાવાનું બંધ કરી દીધું હતું. એમની પાસે તમામ કાયદેસરના દસ્તાવેજો મોજૂદ હતા શ્યામલ કુમારના પરિવારજનોએ અમને મોતની જાણ કરી છે પણ બીજી કોઈ વિગતો આપી નથી. શ્યામલ કુમારના પત્નીએ જણાવ્યું હતું કે તેઓ ભાગ્ય જ કશું ખાતા હતા અને સતત એસઆઈઆર અંગે ચિંતામાં રહેવા લાગ્યા હતા. હજુ ગઈકાલે જ ૨૭ વર્ષની એક મહિલાએ પોતાની સગીર દીકરી સાથે આત્મહત્યા કરી દીધી હતી. એસઆઈઆરનું મતદાર નોંધણીનું ફોર્મ મળ્યું ન હોવાથી ડરને કારણે આ પગલું લીધું હોવાનું જાહેર થયું છે. આ મહિલાના પિતાએ જણાવ્યું હતું કે તેની પાસે કોઈ જરૂરી કાયદેસરના દસ્તાવેજો નહોતા અને તેને ફોર્મ મળ્યું નહોતું પણ પરિવારમાં અન્ય તમામને મળી ગયું હતું એટલે એ ડરી ગઈ હતી અને દેશમાંથી કાઢી મૂકવામાં આવશે એવી તેને બીક લાગી ગઈ હતી. આથી મહિલાએ પોતે ઝેર પી લીધું હતું અને સગીર દીકરીને પણ ઝેર પીવડાવી દીધું હતું. પતિ સાથે ઝઘડો ચાલતો હોવાથી એ છ મહિનાથી પિતાના ઘરે જ રહેતી હતી. છઠ્ઠી નવેમ્બરે મુર્શિદાબાદમાં ૫૨ વર્ષની વયના તારક સાહા એક વૃક્ષ ઉપરથી લટકતી હાલતમાં મળી આવ્યા હતા. એસઆઈઆર કવાયત માટે બુથ લેવલ અધિકારીઓએ ઘરે-ઘરે જઈને તપાસણી શરૂ કરી એ પછી તેમણે આ પગલું લઈ લીધું હતું. કેમ કે તારકનું નામ પણ ૨૦૦૨ની મતદાન યાદીમાં નહોતું અને એમની પાસે તેઓ કાયદેસરના મતદાર છે એવા દેખાડવા માટેના જરૂરી સહયોગ્ય દસ્તાવેજો નહોતા આથી તેમણે ઝાડ ઉપર લટકીને આત્મહત્યા કરી લીધી હતી તેમ પોલીસમાં જાહેર થયું હતું. એ જ રીતે હાવડા વિસ્તારમાં ૩૦ વર્ષની વયના જાહીરમલ નામના એક યુવાને પણ ગળાફાંસો ખાઈને આપઘાત કરી દીધો હોવાનું જાહેર થયું હતું. રોજમદાર મજૂર તરીકે કામ કરતા આ યુવાને પણ ૨૦૦૨ની યાદીમાં પોતાનું નામ ન હોવાથી આ પગલું લીધું હતું. મેદનાપોરના ઈંગરા વિસ્તારના શેખ સીરાજુદ્દીનનું એસઆઈઆરની કવાયતના ડરથી હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ૩૨ વર્ષના એક કાકોલી સરકાર નામની ગૃહિણીએ પણ આત્મહત્યા કરી લીધી હતી. ૨૦૧૦થી એ ભારતમાં રહેતી હતી.

# રોશનીના રંગે ઝગમગી ઊઠ્યું એકતાનગર 'ભારત પર્વ' અને 'પ્રકાશ પર્વ'ની ભવ્ય ઉજવણી

(સંવાદદાતા દ્વારા) રાજપીપળા, તા.૧૦

ભારતીય સંસ્કૃતિમાં પ્રકાશનું સ્થાન અંધકાર દૂર કરવાની સાથે આધ્યાત્મિક ઉર્જા અને ઉત્સાહનું પ્રતિક માનવામાં આવે છે. વાર-તહેવાર કે ધાર્મિક ઉત્સવમાં પ્રકાશનું મહત્ત્વ હંમેશાં અડગ રહ્યું છે, અને આજના યુગમાં લાઈટિંગ એક કળા બની ગયું છે. લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે 'ભારત પર્વની ઐતિહાસિક ઉજવણી થઈ રહી છે ત્યારે સમગ્ર એકતા નગર કલરફૂલ લાઈટિંગ્સના પ્રકાશથી ઝગમગી ઉઠ્યું છે. જાણે એકતા નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું હોય તેવો અદભુત નજારો સર્જાયો છે.

આ પ્રકાશ પર્વના અવસરે ૧૮૨ મીટર ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાથી લઈને સરદાર સરોવર ડેમ સુધીનો સમગ્ર વિસ્તાર રંગબેરંગી રોશનીથી નહાઈ રહ્યો છે. સમગ્ર વિસ્તારને વિવિધ રંગબેરંગી લાઈટિંગથી ભારતની વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓની ઝાંખીઓથી શણગારવામાં આવ્યું છે, જ્યાં ભારતની વિવિધતામાં એકતાના દર્શન થાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમ સિવાય અહીંના તમામ પ્રવાસી આકર્ષણો જેમ કે, જંગલ સફારી, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, સર્કિટ હાઉસ, એકતા મોલ, અને એડમિન બિલ્ડિંગ પણ રંગબેરંગી લાઈટિંગથી ઝગમગી ઉઠ્યા છે.

પ્રવાસીઓ માટે વેલી ઓફ ફ્લાવર્સ પેવેલિયનમાં ૧૪૦ મીટર લાંબા વોક-વેને ગ્લો ટનલમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. અહીં ઈસરોની 'મિશન ચંદ્રયાન', 'ઓપરેશન સિંદૂર' જેવી આધુનિક થીમ્સની સાથે-સાથે ગુજરાતના ધાર્મિક સ્થળો સોમનાથ, દ્વારકા, ડાકોરની કૃતિઓ પણ પ્રકાશના રૂપમાં પ્રદર્શિત કરાઈ છે. આ સાથે થીમ આધારિત સેલ્ફી પોઈન્ટ્સ અને ફોટોબૂથ્સ પણ આકાશગંગાની ઝાંખી કરાવે છે. નર્મદા નદીના નિર્મળ પ્રવાહ સમી આ પર્વની ઉજવણીમાં દેશના વિવિધ રાજ્યોની લોકકલા, લોકસંગીત, હસ્તકલા અને ભોજનની રસધાર વહેતી જોવા મળી છે. દરેક રાજ્યએ પોતાના પરંપરાગત વેશભૂષા અને કળા દ્વારા સાંસ્કૃતિક સમૃદ્ધિ રજૂ કરી, જેનાથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના જીવંત થઈ ઉઠી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી થયેલી આ ભવ્ય ઉજવણી જન-જનમાં રાષ્ટ્રપ્રેમને વધુ બળવત્તર બનાવે છે.

# બિહાર ચૂંટણી : બીજા અને અંતિમ તબક્કામાં NDA અને મહાગઠબંધન માટે લિટમસ ટેસ્ટ : બીજા તબક્કામાં ૧૨૨ બેઠકો માટે ૧૩૦૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

## મંગળવારે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી નક્કી કરશે કે રાજ્યમાં આખરે કયું ગઠબંધન સરકાર બનાવશે

(એજન્સી) પટના, તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણીનો બીજો તબક્કો શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) અને વિપક્ષ મહાગઠબંધન બંને માટે લિટમસ ટેસ્ટ જેવો હશે, કારણ કે, બંને ગઠબંધન પ્રથમ તબક્કામાં સમાન રીતે તૈયાર છે. બિહારના ૨૦ જિલ્લાઓમાં ૧૨૨ મતવિસ્તારોમાં મતદાનનો બીજો તબક્કો યોજાશે. ૬ નવેમ્બરના રોજ યોજાયેલી ચૂંટણીના પ્રથમ તબક્કા પછી જે રેકોર્ડ મતદાન સાથે સમાપ્ત થયું, મંગળવારે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી નક્કી કરશે કે રાજ્યમાં આખરે કયું ગઠબંધન સરકાર બનાવશે. બીજા તબક્કામાં તિરૂતમાં ૪૦, સીમાંચલમાં ૨૪, મગધમાં ૨૬ અને શાહાબાદ પ્રદેશોમાં ૨૨ બેઠકો માટે મતદાન થશે. બીજા અને અંતિમ તબક્કામાં મતદાન થનારી ૧૨૨ બેઠકો બિહારના મધ્ય, પશ્ચિમ અને ઉત્તરીય પ્રદેશોના ૨૦ જિલ્લાઓમાં છે.

ભાજપ પરંપરાગત રીતે તિરૂત, સારણ અને ઉત્તરીય મિથિલાંચલ પ્રદેશોમાં પ્રભુત્વ ધરાવે છે, જ્યારે ભાગલપુરમાં જેડી(યુ)નો મજબૂત આધાર છે. બીજી તરફ મહાગઠબંધનનો મગધ અને શાહાબાદ પ્રદેશોમાં પ્રભાવશાળી આધાર છે જેમાં જેહાનાદ, ગયા, ઔરંગાબાદ, રોહતાસ, કૈમુર, અરવલ અને નવાદા જિલ્લાઓનો સમાવેશ થાય છે. જો કે, કોંગ્રેસનો આ ક્ષેત્રમાં મજબૂત પ્રભાવ નથી અને તે મોટાભાગે તેના સાથી પક્ષો પર નિર્ભર છે. જ્યારે વિપક્ષી મહાગઠબંધનને શાહાબાદ અને મગધ પ્રદેશોમાં તેના પ્રદર્શનનું પુનરાવર્તન કરવાનો પડકારનો સામનો કરવો પડશે, ત્યારે શાસક NDAએ આ પ્રદેશોમાં વધુ સારૂં પ્રદર્શન કરવું પડશે અને તેના ચૂંટણી ગઢને પણ અકબંધ રાખવા પડશે.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં તિરૂતમાં NDAનું વર્ચસ્વ હતું, જ્યારે મગધ અને શાહાબાદ પ્રદેશોમાં મહાગઠબંધનનું પ્રદર્શન સારૂં રહ્યું. તે ચૂંટણી દરમિયાન મહાગઠબંધન સીમાંચલમાં ૨૪ વિધાનસભા બેઠકોમાંથી માત્ર સાત બેઠકો જીતી શક્યું હતું, જ્યારે NDA સીમાંચલમાં ૪૦ બેઠકોમાંથી ૩૧ બેઠકો જીતી શક્યું હતું. તિરૂતે NDAને સત્તામાં લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધન અહીં માત્ર નવ બેઠકો જીતી શક્યું હતું. આ પ્રદેશમાં આ કારમી હારથી પાર્ટી સત્તાથી દૂર રહી હતી. જો NDA તિરૂત પર પોતાની પકડ જાળવી રાખે છે અને મગધ અને શાહાબાદમાં મહાગઠબંધનના ગઢને તોડવામાં સફળ થાય છે અથવા જો મહાગઠબંધન તિરૂતમાં લાભ મેળવતી વખતે મગધમાં પોતાની પકડ જાળવી રાખે છે - તો એકંદર ચૂંટણી ગતિશીલતા નોંધપાત્ર રીતે બદલાઈ શકે છે. સરકારની રચના નક્કી કરવામાં સીમાંચલમાં ૨૪ બેઠકો મહત્ત્વપૂર્ણ છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં સીમાંચલની ૨૪ બેઠકોમાંથી ભાજપે આઠ, જેડી(યુ)ને ચાર, કોંગ્રેસને પાંચ, આરજેડી અને સીપીઆઈ(એમએલ)ને એક-એક, જ્યારે એઆઈએમઆઈએમને પાંચ બેઠકો મળી હતી.

મહાગઠબંધન સીમાંચલમાં તેના મુખ્ય મતદારોને એકીકૃત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે NDA ત્યાં તેની સ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે કામ કરી રહ્યું છે. એઆઈએમઆઈએમ અને જન સુરાજ પાર્ટીની હાજરીએ ચૂંટણીને ત્રિકોણીય સ્પર્ધા બનાવી દીધી છે. આ વખતે પણ સીમાંચલમાં તમામ રાજકીય પક્ષો દ્વારા શક્તિશાળી પ્રચાર જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ સહિત ભાજપના મોટા નેતાઓની રેલીઓથી લઈને રાહુલ ગાંધીની આગેવાની હેઠળની મતદાતા અધિકાર યાત્રા સુધી, તમામ પક્ષો સીમાંચલના મતદારોને આકર્ષવાના પ્રયાસો કરી રહ્યા છે. મગધ ક્ષેત્રમાં ગયા, ઔરંગાબાદ, નવાદા, જહાનાબાદ અને અરવલ જિલ્લાઓનો સમાવેશ થાય છે. ૨૦૨૦માં જીતનરામ માંઝીની એચએએમ પાર્ટીએ ગયા જિલ્લામાં ઈમામગંજ, ટીકારી અને બારચટ્ટી બેઠકો પર કબજો કર્યો હતો. ૨૦૨૫માં HAM ઉમેદવારો ત્રણેય બેઠકો પર કઠોર સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. ભાજપ ગયા ટાઉન, જેડી(યુ) બેલાગંજ, કોંગ્રેસ વઝીરગંજ અને એલજેપી શેરઘાટીથી ચૂંટણી લડી રહી છે. તેવી જ રીતે કુટુમ્બા, ઔરંગાબાદમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજેશ રામની પ્રતિષ્ઠા દાવ પર છે. NDA માટે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે કારણ કે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની એલજેપી (આર.વી.) અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાની આરએલએમ આ વખતે શાસક ગઠબંધનના સાથી પક્ષ તરીકે ચૂંટણી લડી રહી છે. આ ઉપરાંત બિહાર સરકારની યોજના, 'મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના' પણ આ વખતે NDAના ફાઉવુરમાં લાભ આપી શકે છે. આ યોજના હેઠળ મહિલાઓને પોતાનો વ્યવસાય ખોલવા માટે ૧૦,૦૦૦ રૂપિયા મળ્યા છે કારણ કે, સરકાર ત્યારબાદ ૨ લાખ રૂપિયા સુધીની સહાય પૂરી પાડશે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધને ૨૦ બેઠકો જીતી હતી, જો કે, શાહાબાદની જેમ મગધમાં પણ તેનું પ્રદર્શન તેના કુશવાહા અને અનુસૂચિત જાતિના સમર્થકોમાં મતભેદને કારણે નબળું પડી ગયું હતું. મગધના ત્રણ જિલ્લાઓ - જહાનાબાદ, ઔરંગાબાદ અને અરવલમાં NDA એક પણ બેઠક જીતી શક્યું ન હતું. આ વખતે NDAએ પ્રદેશમાં ઘણા ઉમેદવારોને બદલી નાખ્યા છે અને તેના નવા સાથી, LJP (RV)ને છ બેઠકો ફાળવી છે, જેણે ૨૦૨૦માં સ્વતંત્ર રીતે ચૂંટણી લડી હતી. બિહાર વિધાનસભા ચૂંટણી માટે બીજા તબક્કાનું મતદાન મંગળવાર (૧૧ નવેમ્બર) સવારે ૭ વાગ્યે શરૂ થશે, જેમાં ૧૨૨ બેઠકો માટે ૧૩૦૨ ઉમેદવારો ચૂંટણી લડશે. આમાંથી ૧૧૬૫ પુરૂષ ઉમેદવારો, ૧૩૬ મહિલા ઉમેદવારો અને એક ઉમેદવાર ત્રીજા લિંગના વર્ગનો છે. આ તબક્કામાં મતદાન થનારા ૧૨૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી, ૧૦૧ સામાન્ય બેઠકો, ૧૯ અનુસૂચિત જાતિ માટે અનામત અને બે અનુસૂચિત જનજાતિ માટે અનામત છે.ભારતીય ચૂંટણી પંચ (ECI)એ જણાવ્યું હતું કે, શાંતિપૂર્ણ અને સુગમ મતદાન માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરી લેવામાં આવી છે. કમિશન દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા અનુસાર આ તબક્કામાં ૩,૭૦,૧૩,૫૫૬ નોંધાયેલા મતદારો છે, જેમાં ૧૦,૨૧,૮૧૨ નવા મતદારોનો સમાવેશ થાય છે. તેમાંથી મતદાર યાદીમાં નોંધાયેલા ૧,૯૫,૫૬,૮૯૯ મતદારો પુરૂષ છે, જેમાં ૫,૨૮,૯૫૪ નવા પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે જેમને SIR પછી યાદીમાં ઉમેરવામાં આવ્યા છે.

દેવગઢ બારીઆ પાલિકા પ્રમુખની ચૂંટણી યોજાઈ, ભાજપને મળ્યો ઝટકો

# ભાજપના હાથમાંથી અપક્ષોએ પાલિકા આંચકી લીધી

## ભાજપ શાસિત પાલિકા અપક્ષના હવાલે, પ્રમુખ પદે ભાજપમાંથી બળવો કરનાર નીલ સોની બન્યા પ્રમુખ

(સંવાદદાતા દ્વારા) દાહોદ, તા.૧૦

દેવગઢ બારીઆ નગરપાલિકાની ચૂંટણી સાત માસ અગાઉ યોજાઈ હતી. જેમાં ભાજપની બહુમતી થતા ભાજપ પાર્ટીના પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમાં ટૂંકા સમય ગાળામાં જ અપક્ષના સભ્યો સાથે ભાજપના બળવાખોર સભ્ય તેમજ કોંગ્રેસના સભ્યોએ સાથે મળી ભાજપના પ્રમુખ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મુક્તા તે પસાર થઈ હતી ત્યાર પછી આજરોજ પ્રમુખની ફરીથી ચૂંટણી યોજાતા જેમાં ભાજપમાંથી બળવો કરનાર નીલ સોની પ્રમુખ બનતા ભાજપના હાથમાંથી નગરપાલિકા અપક્ષોએ આંચકી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ નગર પાલિકાની ચૂંટણી આઠ માસ અગાઉ યોજાઈ હતી. જેમાં પાલિકાની ૨૪ બેઠકોમાંથી ૧૩ ભાજપ ૮ અપક્ષ તેમજ ત્રણ બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારોની જીત થતા ભાજપ પક્ષના ૧૩ સભ્યોની બહુમતી હોવાથી સર્વ સંમતિથી ભાજપના ધર્મેશ કલાલને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા ત્યાર પછી તેના સાત માસના ટૂંકા શાસનમાં આઠ અપક્ષ તેમજ કોંગ્રેસના સભ્યોને મળી નગરના વિકાસના કામો તેમજ બીજી બાબતોને લઈ અવિશ્વાસની દરખાસ્ત મુકવામાં આવી હતી જેમાં ભાજપમાં છ સભ્યોએ ભાજપનો છેડો ફાડી બળવો કરી અપક્ષો સાથે હાથ મિલાવી ભાજપની સામે પડતા અપક્ષ ભાજપના બળવાખોર તેમજ કોંગ્રેસ મળી કુલ ૧૬ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતા અવિશ્વાસની દરખાસ્ત પસાર થતા ધર્મેશ કલાલનુ પ્રમુખ પદે છીનવાઈ જતા ભાજપના બળવાખોર છ સભ્યોને ભાજપ દ્વારા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા અને છેલ્લા કેટલાક સમયથી હવે પછીના પ્રમુખ કોણ જેવી અનેક અટકળો એ એ જોર પકડ્યું હતું ત્યારે આ પ્રમુખની ચૂંટણીની તારીખ નક્કી થતા આજરોજ ચૂંટણી અધિકારી દેવગઢ બારિયા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં પ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સૌ



પ્રથમ ભાજપમાંથી બળવો કરનાર છ સભ્ય સહિત આ પક્ષના આઠ તેમજ કોંગ્રેસના બે સભ્ય મળી કુલ ૧૬ સભ્યો નગરપાલિકા ખાતે આવી પહોંચ્યા હતા અને ત્યાર પછી ભાજપના સાથ અને કોંગ્રેસના એક સભ્ય મળી કુલ આઠ સભ્ય નગરપાલિકા હોલ ખાતે આવી પહોંચતા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ૧૧ કલાકે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ પાર્ટી દ્વારા અવિશ્વાસની દરખાસ્ત પસાર થયેલ પ્રમુખ ધર્મેશ કલાલને મેન્ડેટ આપીને ઉમેદવારી નોંધાવતા તેની સામે બીજી તરફ ૮ સભ્યોએ તેની ફેવરમાં મતદાન કર્યું હતું. જ્યારે અપક્ષમાંથી ભાજપમાંથી બળવો કરનાર નીલ સોની એ પ્રમુખ પદે ઉમેદવારી નોંધાવતા તેની તરફેણમાં સોળ સભ્યોએ મતદાન કરતા તેને પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા આમ ભાજપ સાથે પાલિકામાં ભાજપના જ બળવા ખોરોએ ભાજપના હાથમાંથી નગરપાલિકા આંચકી લીધી હોય તેમ જોવા મળ્યું ત્યારે વિજેતા થયેલા પ્રમુખ નીલ સોનીને ભાજપ પાર્ટીમાંથી બરતરફ કર્યા હોવા છતાં પણ તેઓએ પોતે ભાજપના ગુણ ગાતા જોવા મળ્યા હતા અને ભાજપની સાથે રહી વિકાસના કામો કરવાની વાત કરતા ભાજપ દ્વારા બળ તરફ કરાયેલા આ સભ્યોને ફરીથી પાર્ટીમાં લેશે કે પછી તેઓની સામે શિક્ષાત્મક પગલાં ભરશે. તે આવનારો સમય બનાવશે.

SIRની ચાલી રહેલી કામગીરીને લઈ ધારાસભ્ય ખેડાવાલા અને પૂર્વ MLA ગ્યાસુદ્દીને આપ્યું આવેદન

# ચૂંટણી પંચની બેદરકારીને લઈ બે સ્થળે યાદીમાં નામ ધરાવતા મતદારોને રક્ષણ આપવા રજૂઆત

## એન્યુમરેશન ફોર્મ ભરવામાં મદદ કરવા BLOને સૂચના આપવા તથા રાજકીય દબાણ મુદ્દે કાર્યવાહી કરવા માંગ

અમદાવાદ,તા.૧૦

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગાંધીનગર મુખ્ય નિર્વાચન અધિકારી અને રાજ્ય મુખ્ય ચૂંટણી કમિશનરને રૂબરૂ મળી મૌખિક રજૂઆત કરવા સાથે મતગણતરી બાબતે વિસ્તૃત આવેદન આપ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચની બેદરકારી અને લાલિયાવાડીનો ભોગ અજાણે બે સ્થળે મતદારયાદીમાં નામ ધરાવતા નિર્દોષ મતદાતાઓ કાનૂની કાર્યવાહી સામે સંપૂર્ણ રક્ષણ મળી રહે માટે યોગ્ય તટસ્થ ચકાસણી કરી મતદાતાની સ્વેચ્છા અનુસાર એક સ્થળે નામ રાખવા ચોક્કસ આયોજન કરવું જોઈએ. આ ઉપરાંત ઈલેક્શન કાર્ડને આધારકાર્ડ સાથે લીંક કરવામાં આવે જેનાથી મતદારયાદીમાં સંપૂર્ણપણે પારદર્શિતા લાવી શકાશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા SIR બાબતે રાજ્યના મતદાતાઓના નામ નોંધણી અંગે સર્વાંગ માહિતી મળી રહે માટે તમામ સુપ્રસિદ્ધ અખબારો તેમજ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા વ્યાપકપણે પ્રસિદ્ધ કરી જનજાગૃતિ ઊભી કરવામાં આવે. રાજ્યના મતદારોમાં ગંભીર ફરિયાદ ઉઠવા પામી છે કે રાજકીય પક્ષના આગેવાનો ધાકધમકીથી BLO પાસેથી એન્યુમરેશન ફોર્મ બળજબરીપૂર્વક પોતાને સોંપી દેવાની માંગણી કરતા હોઈ તેમની માંગણી કે દબાણને વશ થયા વિના માત્ર ECIની ગાઈડ લાઈન મુજબ એન્યુમરેશન ફોર્મ ફરજિયાતપણે મતદાતાઓના ઘરે જઈ રૂબરૂમાં જવાબદાર વ્યક્તિને જ સોંપવામાં આવે. મતદારો દ્વારા મળેલ ફરિયાદ મુજબ BLO દ્વારા એન્યુમરેશન ફોર્મ આપવા દરમ્યાન ફોર્મ ભરવાની યોગ્ય માહિતી આપવામાં આવતી નથી તેમજ ૨૦૦૨ની યાદી ચકાસણી અંગેની માહિતી આપવામાં આવતી નથી માટે BLOને સૂચના આપવામાં આવે કે એન્યુમરેશન ફોર્મ ભરવા બાબત અંગેની તમામ માહિતી મતદારોને આપવામાં આવે. રાજ્યની મતદાર યાદીઓમાંથી ભૂતિયા, બોગસ, બબ્બે સ્થળે નામો ધરાવતા મતદારોને હટાવવા ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા - ECIએ ખાસ સઘન સુધારણા - SIR પ્રક્રિયા શરૂ કરી છે. BLOને જો કોઈ મતદાર ખોટી માહિતી આપશે, બબ્બે ઠેકાણે મતદાર તરીકે નોંધાયેલા હોવા પ્રયાસ કરશે તો તેની સામે ફોજદારી ગુનો નોંધાઈ શકે છે અને એક વર્ષ સુધીની જેલ અથવા દંડ કે પછી આ બંને સજા થઈ શકે છે માટે BLO દ્વારા તટસ્થ ચકાસણી કર્યા બાદ જ મતદારની સ્વેચ્છાએ કોઈપણ એક સ્થળની મતદારયાદીમાં નામ નોંધવાની કાર્યવાહી કરવામાં આવે. આ જોગવાઈ હોવાથી ખુબ જ સાવચેતી પૂર્વક SIRની પ્રક્રિયાને પૂર્ણ કરવા BLOને તાકીદ કરવામાં આવે. આ ઉપરાંત નિષ્પક્ષપૂર્વક ફરજ બજાવતા BLOને રાજકીય દબાણ કરનારાઓની સામે સરકારી કામગીરીમાં દખલ કરવા અંગેનો ગુનો દાખલ કરવો જોઈએ. પરિણામે નિર્દોષ BLOને ECIની ગાઈડ લાઈન મુજબ કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપી શકાય. રાજ્યના અનેક સ્થળે સહિત અમદાવાદના કોટ વિસ્તારમાં મોટાપાયે રહેણાંક સ્થળો બદલાયા હોવા છતાં મૂળ સ્થળે નામ યથાવત રાખી મતદારો અને નવા સ્થળે નામ યાદીમાં સામેલ કરાવી દીધા છે પરંતુ પંચની બેદરકારીને લીધે મૂળ સ્થળે નામ કમી કરાયેલ નથી તેવા અને રાજ્યમાં રોજગાર મેળવવા આવેલ બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા સહિત અન્ય રાજ્યોના પરપ્રાંતીયોએ મૂળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં રાજ્યની ઔદ્યોગિક વસાહતો, અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ વગેરે સ્થળે તેમના નામો યાદીમાં ચાલતા હોઈતે કમી કરવામાં આવે તેમ વધુમાં જણાવાયું છે.

# રાજકોટમાં બેફામ BMWએ ટુ-વ્હીલરને ટક્કર મારતાં ૨૦ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીનું મોત

રાજકોટ, તા.૧૦

પોલીસે અકસ્માત માટે સ્થાનિક ઉદ્યોગપતિના પુત્ર BMW ડ્રાઈવરની ધરપકડ કરી છે. ગુજરાતના રાજકોટ શહેરમાં સોમવારે વહેલી સવારે એક ઝડપી કારે એક ટુ-વ્હીલરને ટક્કર મારીને લગભગ ૨૦૦ ફૂટ સુધી ખેંચી જતાં ૨૦ વર્ષીય એન્જિનિયરિંગ વિદ્યાર્થીનું મોત થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

રાજકોટ (તાલુકા) પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે કાલાવડ રોડ પર રાત્રે લગભગ ૨ વાગ્યે થયેલા અકસ્માત માટે પોલીસે સ્થાનિક ઉદ્યોગપતિના પુત્ર BMW ડ્રાઈવરની ધરપકડ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અભિષેક નાથાણીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને ટક્કરથી વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. 'એસયુવી રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહેલા ટુ-વ્હીલરને ટક્કર મારી અને લગભગ ૨૦૦ ફૂટ સુધી ખેંચાઈ ગઈ. અકસ્માત એટલો બધો હતો કે વાહનનો આગળનો ભાગ તૂટી ગયો હતો અને પીડિતનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું,' સબ-ઈન્સ્પેક્ટર પીજે પરમારે જણાવ્યું. ડ્રાઈવર, આત્માન પટેલ (૨૬) સુરક્ષિત રીતે ભાગી ગયો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું. અકસ્માત સીસીટીવીમાં કેદ થયો હતો, અને તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# અજમેર દરગાહ કમિટી રચના કરવાનો દિલ્હી હાઈકોર્ટનો હુકમ

અમદાવાદ, તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે ત્રણ મહિનામાં અજમેર દરગાહ કમિટીની રચના કરવાનો હુકમ કર્યો છે. કાયદા પ્રમાણે અજમેર દરગાહનો વહીવટ કરનાર ૯ સભ્યોની કમિટી છેલ્લા ૩ વર્ષથી અસ્તિત્વમાં નથી તેને લઈને કરાયેલી અરજી પર આ નિર્દેશ જારી કરાયો છે. અરજદાર મેરાજ સૈયદની અરજી મંજૂર કરી કેન્દ્ર સરકારને દિલ્હી હાઈકોર્ટે હુકમ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અજમેર દરગાહનું તેમજ ઉર્સનો વહીવટ કરવા ૧૯૫૫માં કેન્દ્ર સરકારે 'ખ્વાજા ગરીબ નવાઝ અજમેર દરગાહ' કાયદો પસાર કરેલ જે અનુસાર અજમેર દરગાહનું સંચાલન નાજીમ કરશે અને તે ૯ સભ્યની કમિટીની સૂચના મુજબના ઠરાવોનો અમલ કરવામાં આવશે. આ કમિટી સમગ્ર દરગાહનું સંચાલન કરતી આવી છે ત્યારે છેલ્લા ત્રણેક વર્ષથી અગાઉની કમિટીની મુદત પૂર્ણ થયા બાદ હજુ સુધી નવી કમિટીની રચના કરવામાં આવી નથી. જેને લઈને હાઈકોર્ટ સમક્ષ આ સમગ્ર મામલો પહોંચ્યો હતો.

# બિહાર ચૂંટણી તબક્કો ૨ : મતદારયાદીમાં તમારૂં નામ હોય ત્યારે મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ વિના શું તમે મતદાન કરી શકો છો ?

## બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના બીજા તબક્કા માટે મતદાન ૧૧ નવેમ્બરના રોજ થશે, જેમાં ૧૨૨ મતવિસ્તારોને આવરી લેવામાં આવશે

(એજન્સી) પટના, તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના બીજા તબક્કામાં ૧૨૨ મતવિસ્તારોમાં મતદાન ૧૧ નવેમ્બર, મંગળવારના રોજ થશે. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થશે અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા મતવિસ્તારો છે. ૬ નવેમ્બરના રોજ ૧૨૧ બેઠકો પર મતદાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો હતો, જેમાં રેકોર્ડ મતદાન જોવા મળ્યું હતું, જે ૧૯૫૧ પછીના છેલ્લા સાત દાયકામાં સૌથી વધુ છે. બિહારની ચૂંટણી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે, ઘણા પાત્ર મતદારો - જેમની પાસે વિવિધ કારણોસર મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ નથી - તેઓ કદાચ વિચારી રહ્યા હશે કે શું તેઓ હજુ પણ તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે. ચાલો જાણીએ : કોઈપણ પાત્ર મતદાર જેનું નામ મતદાર યાદીમાં છે તે મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ વિના પણ મતદાન કરી શકે છે પણ તેઓએ ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મંજૂર કરાયેલ ઓળખ દસ્તાવેજોમાંથી એક રજૂ કરવું જોઈએ. જો કે, એકમાત્ર મુખ્ય આવશ્યકતા એ છે કે : મતદાન મથક પર મતદારનું નામ સત્તાવાર મતદાર યાદીમાં હોવું આવશ્યક છે.

**ECIની માર્ગદર્શિકા મુજબ સ્વીકાર્ય ઓળખ દસ્તાવેજો આ છે :** ૧. પાસપોર્ટ, ૨. ડ્રાઈવિંગ લાઈસન્સ, ૩. પાન કાર્ડ, ૪. આધાર કાર્ડ, ૫. સેવા ઓળખ કાર્ડ (સરકારી કર્મચારીઓ માટે), ૬. બેંક/પોસ્ટ ઓફિસ દ્વારા જારી કરાયેલ ફોટોગ્રાફ સાથે પાસબુક, ૭. શ્રમ મંત્રાલય હેઠળ જારી કરાયેલ આરોગ્ય વીમા સ્માર્ટ કાર્ડ, ૮. ફોટોગ્રાફ સાથે પેન્શન દસ્તાવેજ, ૯. સાંસદો/ધારાસભ્યો/MLCને જારી કરાયેલ સત્તાવાર ઓળખ કાર્ડ, ૧૦. મનરેગા જોબ કાર્ડ, ૧૧. NPR હેઠળ RGI દ્વારા જારી કરાયેલ સ્માર્ટ કાર્ડ, ૧૨. મતદાર કાપલી (ઉપરોક્ત ઓળખપત્રોમાંથી એક સાથે હોય તો જ) બિહાર ચૂંટણીનો અંતિમ તબક્કો ૧૧ નવેમ્બરે છે. તબક્કા ૨માં મતદાનના બીજા અને અંતિમ તબક્કામાં ૧૨૨ વિધાનસભા બેઠકો પર ગ્રામીણ વિસ્તારોમાં ૪૦,૦૭૩ સહિત ૪૫,૩૯૯ મતદાન મથકો પર મતદાન યોજાશે. દરમિયાન સમગ્ર બિહારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે, જેમાં ૪ લાખથી વધુ કર્મચારીઓ ચૂંટણી ફરજો પર છે. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે બિહારમાં ૪ લાખથી વધુ સુરક્ષા કર્મચારીઓને ચૂંટણી ફરજો માટે તૈનાત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF)ની લગભગ ૫૦૦ કંપનીઓ (આશરે ૫૦,૦૦૦ કર્મચારીઓ) બિહારમાં ચૂંટણી પૂર્વે ફરજોમાં હતી. ત્યારબાદ CAPFની ૫૦૦ વધુ કંપનીઓ રાજયમાં આવી છે. આ ઉપરાંત ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયામાં ચૂંટણી ફરજો માટે વધારાની ૫૦૦ કંપનીઓ આવી છે. બિહાર પોલીસના ૬૦,૦૦૦થી વધુ કર્મચારીઓ પહેલાથી જ ચૂંટણી ફરજમાં રોકાયેલા છે. બીજા રાજ્યોના રિઝર્વ બટાલિયનના લગભગ ૨૦૦૦ જવાનો, બિહાર સ્પેશિયલ આર્મ્ડ પોલીસના ૩૦,૦૦૦ જવાનો, ૨૦,૦૦૦થી વધુ હોમગાર્ડ્સ, લગભગ ૧૯,૦૦૦ નવા ભરતી થયેલા કોન્સ્ટેબલ (હાલમાં તાલીમ હેઠળ છે) અને લગભગ ૧.૫ લાખ 'ચોકીદાર' (ગ્રામીણ પોલીસ) પણ બંને તબક્કા માટે ચૂંટણી ફરજ પર છે. બિહારમાં ૧૨૧ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાનના પ્રથમ તબક્કામાં ૬૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. મતગણતરી ૧૪ નવેમ્બરના રોજ કરવામાં આવશે.

# મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને અન્ય ધર્મોના લોકો RSSમાં આવી શકે છે પરંતુ એક શરત સાથે : મોહન ભાગવત

## RSSના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે કે તમામ ધર્મોના અનુયાયીઓ જ્યાં સુધી "ભારત માતાના પુત્રો" તરીકે અમારી સાથે આવે તો તેઓ સંઘમાં ભાગ લઈ શકે છે

(એજન્સી) તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું હતું કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સહિત તમામ ધર્મોના લોકો સંગઠનમાં જોડાઈ શકે છે, પરંતુ તેઓએ ધાર્મિક અલગતાને બાજુ પર રાખીને એકીકૃત હિન્દુ સમાજના સભ્યો તરીકે આવવું જોઈએ.

RSSમાં મુસ્લિમોને આવવાની મંજૂરી છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં ભાગવતે કહ્યું કે, "સંઘમાં કોઈ બ્રાહ્મણને જ મંજૂરી નથી. સંઘમાં કોઈ અન્ય જાતિને મંજૂરી નથી. સંઘમાં કોઈ મુસ્લિમને મંજૂરી નથી, કોઈ ખ્રિસ્તીને મંજૂરી નથી... ફક્ત હિન્દુઓને જ મંજૂરી છે." RSSના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે કે તમામ ધર્મોના અનુયાયીઓ જ્યાં સુધી "ભારત માતાના પુત્રો" તરીકે અમારી સાથે આવે તો તેઓ સંઘમાં ભાગ લઈ શકે છે. તેમણે સ્પષ્ટતા કરી કે "વિવિધ સંપ્રદાયોના લોકો - મુસ્લિમો, ખ્રિસ્તીઓ - કોઈપણ સંપ્રદાયના લોકો, સંઘમાં આવી શકે છે પરંતુ તમારી અલગતાને દૂર રાખો. તમારી વિશેષતાનું સ્વાગત છે. પરંતુ જ્યારે તમે શાખામાં આવો છો, ત્યારે તમે ભારત માતાના પુત્ર તરીકે આવો છો, જે આ હિન્દુ સમાજનો સભ્ય છે. ભાગવતે કહ્યું કે સંઘ તેની દૈનિક શાખાઓમાં હાજરી આપનારા કોઈપણનો ધર્મ કે જાતિ પૂછતો નથી. મુસ્લિમો શાખામાં આવે છે, ખ્રિસ્તીઓ શાખામાં આવે છે, જેમ કે નિયમિત રીતે કહેવાતા હિન્દુ સમાજના અન્ય તમામ જાતિઓ પણ શાખામાં આવે છે. પરંતુ અમે તેમની ગણતરી કરતા નથી, અને અમે પૂછતા નથી કે તેઓ કોણ છે. અમે બધા ભારત માતાના પુત્ર છીએ. સંઘ આ રીતે કાર્ય કરે છે. આરએસએસ દ્વારા આયોજિત આંતરિક પ્રશ્ન-જવાબ સત્ર દરમિયાન તેઓએ આ ટિપ્પણી કરી હતી, જ્યાં તેમણે સંગઠનની નોંધણી સ્થિતિ, રાજકીય ઝુકાવ અને અન્ય ધર્મો સાથેના સંબંધો પર પણ પ્રશ્નોના જવાબો આપ્યા હતા. RSSની નોંધણી અને ભંડોળના સ્ત્રોતો પર સવાલ ઉઠાવનારા કોંગ્રેસના નેતાઓની ટીકાના જવાબમાં ભાગવતે કહ્યું કે, "RSSની સ્થાપના ૧૯૨૫માં થઈ હતી, તો શું તમે અપેક્ષા રાખો છો કે અમે બ્રિટિશ સરકાર સાથે નોંધણી કરાવીશું? અને તેમણે ઉમેર્યું કે સ્વતંત્રતા પછી, નોંધણી ફરજિયાત ન હતી. તેમણે કહ્યું કે, અમને વ્યક્તિઓના જૂથ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, અને અમે એક માન્ય સંગઠન છીએ. આવકવેરા વિભાગ અને અદાલતો બંનેએ RSSને "વ્યક્તિઓના જૂથ" તરીકે વર્ણવ્યું છે, જેને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. સંઘ વિરુદ્ધ ભૂતકાળની સરકારી કાર્યવાહીનો



ઉલ્લેખ કરતા, ભાગવતે કહ્યું કે, "અમને ત્રણ વખત પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. તેથી એ સાબિત કરે છે કે સરકારે અમને માન્યતા આપી છે. જો અમને માન્યતા ન હોત, તો તેઓએ અમને કેવી રીતે પ્રતિબંધિત કર્યા હોત? તેમણે RSS રાષ્ટ્રધ્વજનું સન્માન કરતું નથી તેવા આરોપોનો પણ જવાબ આપ્યો, અને કહ્યું કે સંગઠન ત્રિરંગાને ખૂબ માન આપે છે. અમે હંમેશા અમારા ત્રિરંગાનું સન્માન કરીએ છીએ, શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને તેનું રક્ષણ કરીએ છીએ, RSS પરંપરામાં ગુરુ તરીકે ગણાતા ભગવા રંગનું પણ પ્રતીકાત્મક મહત્વ છે. ભાગવતે પુનરોચ્ચાર કર્યો કે સંઘ કોઈપણ રાજકીય પક્ષને સમર્થન આપતો નથી પરંતુ રાષ્ટ્રીય હિતમાં હોય તેવી નીતિઓનું સમર્થન કરે છે. અમે મતનું રાજકારણ, વર્તમાન રાજકારણ, ચૂંટણી રાજકારણ વગેરેમાં ભાગ લેતા નથી. સંઘનું કાર્ય સમાજને એક કરવાનું છે અને રાજકારણ સ્વભાવે વિભાજનકારી છે, તેથી અમે રાજકારણથી દૂર રહીએ છીએ. પાકિસ્તાન સાથે ભારતના સંબંધો પર, RSSના વડાએ કહ્યું કે શાંતિ ત્યારે જ શક્ય છે જો પડોશી દેશ ભારતને નુકસાન પહોંચાડવાના પ્રયાસો બંધ કરે. પાકિસ્તાન આપણી સાથે શાંતિ ઈચ્છતું નથી. જ્યાં સુધી તે ભારતને નુકસાન પહોંચાડવાનો સંતોષ મેળવે છે, ત્યાં સુધી તે તે કરવાનું ચાલુ રાખશે. તેમણે ચેતવણી આપી કે જો પાકિસ્તાન આવું કરવાનું ચાલુ રાખશે, તો "એક દિવસ તેને બોધપાઠ મળશે," અને તેઓએ ૧૯૭૧ ના યુદ્ધને યાદ કર્યું જ્યારે બાંગ્લાદેશનું નિર્માણ થયું હતું. સામાજિક મુદ્દાઓને સંબોધતા, ભાગવતે કહ્યું કે જાતિવાદ હવે અસ્તિત્વમાં નથી પરંતુ "જાતિ ભ્રમ" અસ્તિત્વમાં છે, જે ચૂંટણી રાજકારણ દ્વારા પ્રેરિત છે. જાતિને નાબૂદ કરવાની કોઈ જરૂર નથી; જાતિને ભૂલી જવાની જરૂર છે. કહેવાતા 'લવ જેહાદ'ના મુદ્દા પર, ભાગવતે લોકોને વિનંતી કરી કે તેઓ બીજા શું કરે છે તેના પર વધુ પડતું ધ્યાન કેન્દ્રિત ન કરે પરંતુ પોતાના ઘરોમાં "હિન્દુ સંસ્કાર" પર વધુ ધ્યાન આપે.

મોર્ડન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ-મલ્ટી લેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને મળશે સરળ એક્સેસ

# આગામી જનગણના તદ્દન ડિજિટલ રીતે થશે; અદ્યતન વેબ સાઈટ લોન્ચ કરાઈ

## ૨૦૨૭ની જનગણના અગાઉ પ્રિ-ટેસ્ટ માટે ૨૬૦ બ્લોક પસંદ કરાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં જનગણના-સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ https://gujarat.census.gov.in/નું લોન્ચિંગ કર્યું હતું. ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવની જનગણના નિયામક કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટમાં મોર્ડન એલિમેન્ટ્સ, ઈઝી મેનુ અને મલ્ટીલેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને સરળ એક્સેસ મળશે. એટલે કે આગામી જનગણના હવે એકદમ અદ્યતન ડિજિટલ થશે તેમ મનાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેબસાઈટનું લોન્ચિંગ કરતા કહ્યું કે, જનકલ્યાણની દરેક યોજનાઓના અસરકારક અમલ અને આયોજનથી સંતુલિત વિકાસનો જે ધ્યેય રાખ્યો છે તે જનગણનાથી જનકલ્યાણની ટેગ લાઈનને સુસંગત છે. નવી વેબસાઈટ લોન્ચિંગથી એને વધુ બળ મળશે. મુખ્યમંત્રીએ આ વખતે દેશની આગામી જનગણના ૨૦૨૭ અંતર્ગત પ્રથમ વખત મોબાઈલ એપ્લિકેશન દ્વારા સંપૂર્ણપણે ડિજિટલ રીતે હાથ ધરવામાં આવી રહી છે તેની સરાહના કરતા કહ્યું હતું કે, નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પ્રથમ વખત, સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે. રાજ્યના જનગણના નિયામક સુજલ મયાત્રાએ આ વેબસાઈટની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, આગામી ૨૦૨૭ની જનગણના માટે રિહર્સલ હાથ ધરવામાં આવ્યું છે અને વિવિધ મોબાઈલ એપ્સનો ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ જનગણના ૨૦૨૭ના પ્રિ-ટેસ્ટ માટે ગુજરાતના સુરત મહાનગરપાલિકાના ૧૩૩ બ્લોક, દાહોદના દેવગઢબારિયા તાલુકાના ૨૬ ગામોના ૭૦ બ્લોક અને મોરબીના ટંકારા તાલુકાના ૨૫ ગામોના ૬૦ બ્લોક પસંદ કરવામાં આવ્યા છે. આ પસંદ કરાયેલા વિસ્તારોમાં જે પ્રિસ્ટેસ કામગીરી ૧૦ થી ૩૦ નવેમ્બર હાથ ધરવાની છે તેની જાણકારી પણ જનગણના નિયામકે આપી હતી. આ વેબસાઈટ લોન્ચિંગ અવસરે મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# BLOને અપાતા વોરંટના વિરોધમાં ૧૫મીએ ચૂંટણી અધિકારીઓને આવેદન સુપરત કરાશે

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠકમાં શિક્ષકોમાં ભય ફેલાવતી વોરંટ પ્રથા રદ કરવા ઠરાવ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૦

BLOની કામગીરીમાં શિક્ષકોમાં ભય ફેલાવતી વોરંટ પ્રથા રદ કરવા માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્ય કારોબારી બેઠકમાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં ગાંધીનગર ખાતે મહાસંઘની કારોબારી બેઠકમાં ૧૫ નવેમ્બરના રોજ પ્રત્યેક વિધાનસભા દીઠ મુખ્ય ચૂંટણી અધિકારી તથા મુખ્યમંત્રીને સંબોધીને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગના જિલ્લા કારોબારી અને રાજ્ય કારોબારીના હોદ્દેદારોની બેઠક ગાંધીનગરના ચન્દ્રાલા સી.કે પટેલ સંકુલ મુકામે યોજાઈ હતી. જેમાં શિક્ષકોના વિવિધ પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોમાં હાલમાં ચાલી રહેલી SIRની કામગીરીમાં BLO તરીકે કામ કરતા શિક્ષકોને પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં BLOની કામગીરીમાં શાળા સમય દરમિયાન છૂટ અને તાલુકાના અધિકારીઓ દ્વારા થતું દબાણ દૂર થાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, બદલી નિયમોમાં સુધારો કરી શિક્ષકોને બીજી વાર જિલ્લાફેર બદલીનો લાભ આપવા, CRC-BRCનો કુલિંગ પીરીયડ રદ કરવા તેમજ BRC-CRCને સેલ્ફી પાડી હાજરી પૂરવાનો વિરોધ કરવામાં આવ્યો હતો. ધોરણ-૧થી ૫ના બીએડ થયેલા શિક્ષકોને બ્રીજ કોર્સમાંથી મુક્તિ આપવા, એક વખત BLOની કામગીરી કરેલી હોય તેવા શિક્ષકોને ફરીથી આ પ્રકારની કામગીરીનો ઓર્ડર ન આપવા, BLOને ચૂંટણી કામગીરીનો ઓર્ડર ચૂંટણી કાર્ડના આધારે નહીં પરંતુ પોતાની નોકરી કરતા શાળાના ગામમાં આપવા માટેના પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રશ્નો પણ બેઠકમાં રજૂ થયા હતા.

# પશ્ચિમ બંગાળમાં મતદારયાદી સઘન રિવિઝન કવાયત શરૂ થયા પછી નામ નીકળી જવાના ભયને કારણે પાંચ નાગરિકોની આત્મહત્યા સહિત કુલ નવનાં મોત

## સોમવારે વધુ એક ઘટના SIRને લગતી બની હતી, ૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાની જાણ થતાં ૭૦ વર્ષની વયના એક ફેરિયાએ આત્મહત્યા કરી દીધી હતી

(એજન્સી) કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલી મતદાર યાદી સઘન ખાસ રિવિઝન કવાયતની ગંભીર અસરો જોવા મળી રહી છે અને અત્યાર સુધીમાં આ કવાયત પછી નામ નીકળી જવાના ડરથી પાંચ લોકોએ આપઘાત કર્યો છે અને એ રીતે કુલ નવ લોકોનાં મોત થયા છે તેમ જાહેર થયું છે. ચૂંટણી પંચ દ્વારા વિવાદાસ્પદ કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત થયા પછી રાજ્યમાં છ લોકોએ આત્મહત્યા કરી હોવાનું સત્તાવાળાઓ કહે છે અને એસઆઈઆરની કવાયતની બીકથી આ રીતે કુલ ૯ જેટલા નાગરિકોનાં મોત થયા હોવાનું તંત્ર જણાવે છે અને બધાને બીક એવી હતી કે એમના નામો નીકળી ગયા છે. આમાના કેટલાક લોકોએ તો ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ જોવા ન મળતા જીવન ટૂંકાવી નાખ્યું છે. સોમવારે આવી એક વધુ ઘટના બની હતી. નાદિયા જિલ્લામાં આવેલા કૃષ્ણ ચાકપુર મંડલપરા ગામમાં રહેતા ૭૦ વર્ષના એક વૃદ્ધ શ્યામલકુમાર સાહાએ ૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાની જાણ થતા પોતાનું જીવન ટૂંકાવી નાખ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે પરિવારજનોએ એવો દાવો કર્યો છે કે ૨૦૦૨ની યાદીમાંથી નામ નીકળી ગયેલું જાણી લીધા પછી તેમણે ખાવાનું બંધ કરી દીધું હતું. એમની પાસે તમામ કાયદેસરના દસ્તાવેજો મોજૂદ હતા શ્યામલ કુમારના પરિવારજનોએ અમને મોતની જાણ કરી છે પણ બીજી કોઈ વિગતો આપી નથી. શ્યામલ કુમારના પત્નીએ જણાવ્યું હતું કે તેઓ ભાગ્ય જ કશું ખાતા હતા અને સતત એસઆઈઆર અંગે ચિંતામાં રહેવા લાગ્યા હતા. હજુ ગઈકાલે જ ૨૭ વર્ષની એક મહિલાએ પોતાની સગીર દીકરી સાથે આત્મહત્યા કરી દીધી હતી. એસઆઈઆરનું મતદાર નોંધણીનું ફોર્મ મળ્યું ન હોવાથી ડરને કારણે આ પગલું લીધું હોવાનું જાહેર થયું છે. આ મહિલાના પિતાએ જણાવ્યું હતું કે તેની પાસે કોઈ જરૂરી કાયદેસરના દસ્તાવેજો નહોતા અને તેને ફોર્મ મળ્યું નહોતું પણ પરિવારમાં અન્ય તમામને મળી ગયું હતું એટલે એ ડરી ગઈ હતી અને દેશમાંથી કાઢી મૂકવામાં આવશે એવી તેને બીક લાગી ગઈ હતી. આથી મહિલાએ પોતે ઝેર પી લીધું હતું અને સગીર દીકરીને પણ ઝેર પીવડાવી દીધું હતું. પતિ સાથે ઝઘડો ચાલતો હોવાથી એ છ મહિનાથી પિતાના ઘરે જ રહેતી હતી. છઠ્ઠી નવેમ્બરે મુર્શિદાબાદમાં ૫૨ વર્ષની વયના તારક સાહા એક વૃક્ષ ઉપરથી લટકતી હાલતમાં મળી આવ્યા હતા. એસઆઈઆર કવાયત માટે બુધ લેવલ અધિકારીઓએ ઘરે-ઘરે જઈને તપાસણી શરૂ કરી એ પછી તેમણે આ પગલું લઈ લીધું હતું. કેમ કે તારકનું નામ પણ ૨૦૦૨ની મતદાન યાદીમાં નહોતું અને એમની પાસે તેઓ કાયદેસરના મતદાર છે એવા દેખાડવા માટેના જરૂરી સહયોગ્ય દસ્તાવેજો નહોતા આથી તેમણે ઝાડ ઉપર લટકીને આત્મહત્યા કરી લીધી હતી તેમ પોલીસમાં જાહેર થયું હતું. એ જ રીતે હાવડા વિસ્તારમાં ૩૦ વર્ષની વયના જાહીરમલ નામના એક યુવાને પણ ગળાફાંસો ખાઈને આપઘાત કરી દીધો હોવાનું જાહેર થયું હતું. રોજમદાર મજૂર તરીકે કામ કરતા આ યુવાને પણ ૨૦૦૨ની યાદીમાં પોતાનું નામ ન હોવાથી આ પગલું લીધું હતું. મેદનાપોરના ઈંગરા વિસ્તારના શેખ સીરાજુદ્દીનનું એસઆઈઆરની કવાયતના ડરથી હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ૩૨ વર્ષના એક કાકોલી સરકાર નામની ગૃહિણીએ પણ આત્મહત્યા કરી લીધી હતી. ૨૦૧૦થી એ ભારતમાં રહેતી હતી.

## હવાના પ્રદૂષણના (પહેલા પાનાનું ચાલુ)

અથવા પાછલી સરકાર પર દોષારોપણ કરતી રહે છે. તે સ્વચ્છ વિકલ્પો માટે ભંડોળ કેમ નથી આપતી?" અન્ય એક પ્રદર્શનકારી, પ્રેરણા મહેરાએ પ્રશ્ન કર્યો કે, "શું સરકારનો AQI ડેટા હવે વિશ્વસનીય છે? પ્રદૂષણ વધતાં મોનિટરિંગ સ્ટેશનો પર પાણી છંટકાવના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. શું આંકડાઓ સાથે છેડછાડ કરવામાં આવી રહી છે કે આ ઘટાડો દર્શાવવા માટે પાણીનો બગાડ કરવામાં આવી રહ્યો છે? વસંત કુંજના એક ૭૬ વર્ષીય વ્યક્તિએ પોતાનો માસ્ક ઉતારીને કહ્યું કે, "સરકાર બદલાતી રહે છે, પરંતુ લોકો પીડાય છે. મને મારા પૌત્ર-પૌત્રીઓ વિશે ચિંતા છે. બધે બાંધકામ ચાલી રહ્યું છે." એક નાના બાળકે પ્લેકાર્ડ પકડી રાખ્યું હતું કે: "હું દિલ્હીમાં મારા મિત્રો સાથે રહેવા માંગું છું અને શાળાએ જવા માંગું છું! અમને શ્વાસ લેવામાં મદદ કરો. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા એક ડોક્ટરે કહ્યું કે, "દિલ્હીમાં દરેક ત્રીજા બાળકને ફેફસાંની બીમારી થાય છે; તેઓ સ્વચ્છ હવા ધરાવતા બાળકો કરતાં લગભગ ૧૦ વર્ષ ઓછા જીવે છે. લાંબા ગાળાના પ્રદૂષણથી હૃદય રોગ, સ્ટ્રોક અને અસ્થમા થાય છે. તે ગર્ભાશયમાંથી શરૂ થાય છે અને વૃદ્ધાવસ્થા સુધી ચાલુ રહે છે. WHO કહે છે કે તે મોટાભાગના અટકાવી શકાય છે, પરંતુ કાર્યવાહી ક્યાં થાય છે?" આ વિરોધ શાંતિપૂર્ણ હતો, કોઈ હિંસા વિના, અને ફક્ત સૂત્રોચ્ચાર અને પ્લેકાર્ડ સાથે હતો છતાં, દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો તોફાની સાધનોમાં પહોંચ્યા અને બાળકો સહિત ઘણા વિરોધ કરી રહેલા યુવાનોની અટકાયત કરી. પર્યાવરણ કાર્યકર્તા ભાવરીન કંધારીએ કહ્યું કે, "અમે મુખ્યમંત્રી સાથે મુલાકાત માટે સમય માંગ્યો હતો, પરંતુ તેમણે ઈનકાર કર્યો હતો. ઘણા માતાપિતા અહીં આવ્યા છે કારણ કે તેમના બાળકો પીડાઈ રહ્યા છે. આ સ્વચ્છ હવાની માંગ છે, રાજકારણની નહીં." આયોજકોએ વિરોધ પ્રદર્શન પહેલા પોલીસ દબાણનો આરોપ લગાવ્યો. ત્રણ દિવસમાં, DCP અને SHOને લગભગ ૧૦૦ ફોન અને FIRની ધમકીઓ મળી છે. DCP (નવી દિલ્હી) દેવેશ કુમાર મહાલાએ આ અટકાયતોને "નિવારક" ગણાવી. પોલીસે કાયદો અને વ્યવસ્થાનો હવાલો આપ્યો અને એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, ઈન્ડિયા ગેટ પર વિરોધ પ્રદર્શનને મંજૂરી આપવામાં આવી ન હતી. ડીસીપી મહાલાએ કહ્યું કે, સુરક્ષા જાળવવા માટે કેટલાક વિરોધીઓને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. જંતર-મંતર એ નિયુક્ત સ્થળ છે. દિલ્હી પોલીસે બીએનએસએસની કલમ ૧૬૩ હેઠળ આદેશ જારી કર્યો હતો. પર્યાવરણ કાર્યકર્તા વિમલેન્દુ ઝાએ આ કાર્યવાહીની નિંદા કરતા કહ્યું કે: "ઘણી જગ્યાએ ખાનગી મોનિટર ૯૯૯થી ઉપર AQI બતાવી રહ્યા છે. નક્કર કાર્યવાહી કરવાને બદલે, શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોને દબાવવામાં આવી રહ્યા છે. લોકો શ્વાસ લેવાના અધિકારની માંગ કરી રહ્યા છે. દિલ્હી AAPના વડા સૌરભ ભારદ્વાજે કહ્યું કે વિરોધ નાગરિક સમાજનો અને બિન-રાજકીય હતો. પ્રદૂષણ પર બિન-રાજકીય વિરોધનું સ્વાગત છે. DPCC, CPCB, CAQM અને IMD જેવી સંસ્થાઓ ડેટા સાથે છેડછાડ કરી રહી છે. જ્યારે સરકાર પોતાના ડેટા સાથે છેડછાડ કરે છે, ત્યારે વિશ્વાસનો અભાવ હોય છે. તેથી જ બૌદ્ધિકો રસ્તા પર ઉતર્યા છે. છેલ્લા દાયકાથી પ્રદૂષણ છે, પરંતુ હવે ડેટા સાથે છેડછાડ એ ચિંતાનો વિષય છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિરસાએ જવાબ આપ્યો કે, "આપ દ્વારા દિલ્હીમાં ૧૦ વર્ષ શાસન કરવામાં આવ્યું, હવા અને પાણી ઝેરી બન્યા, અને ઓડ-ઈવન જેવા યુક્તિઓ પર પૈસા બગાડ્યા. છેલ્લા સાત મહિનામાં, રેખા ગુપ્તાના નેતૃત્વમાં, અમે બહુમાળી ઈમારતોમાં સ્મોગ ગન, ધૂળ નિયંત્રણ માટે પાણીના છંટકાવ, બાંધકામ દેખરેખ, ૮,૦૦૦ ઉદ્યોગોને નોટિસો લગાવી અને બધી બસોને ઈલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરી. અમે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છીએ, પરંતુ અમે એ જ ગડબડ ઉકેલી રહ્યા છીએ જે AAPના ૧૦ વર્ષના ઝેરને કારણે સર્જાઈ હતી.

**દિલ્હી-NCRમાં પ્રદૂષણની સ્થિતિ :** સોમવારે સવારે દિલ્હીમાં ધુમ્મસ છવાયેલું હતું. CPCBના ડેટા અનુસાર, સવારે ૭ વાગ્યે AQI ૩૭૨ હતો, જે "ખૂબ જ ખરાબ" શ્રેણીમાં હતો. બાવાના ૪૧૨, વઝીરપુર ૩૯૭ અને જહાંગીરપુરી ૩૯૪ જેવા વિસ્તારો "ગંભીર" શ્રેણીમાં છે. કેટલીક જગ્યાએ, AQI ૯૯૯ (ખાનગી મોનિટર)ને વટાવી ગયો છે. GRAP-૩ હજુ સુધી લાગુ કરવામાં આવ્યો નથી; અને GRAP-૧ અને ૨ સમીક્ષા હેઠળ છે. આગામી દિવસોમાં હવાની ગુણવત્તા "ખૂબ જ ખરાબ" રહેવાની ધારણા છે. પરાળી બાળવાથી ૩૧% પ્રદૂષણ થયું છે. નિષ્ણાતોએ બાળકો અને વૃદ્ધોને બહાર જવાનું ટાળવાની સલાહ આપી છે.

# બિહાર ચૂંટણી : બીજા અને અંતિમ તબક્કામાં NDA અને મહાગઠબંધન માટે લિટમસ ટેસ્ટ : બીજા તબક્કામાં ૧૨૨ બેઠકો માટે ૧૩૦૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

## મંગળવારે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી નક્કી કરશે કે રાજ્યમાં આખરે કયું ગઠબંધન સરકાર બનાવશે

(એજન્સી) પટના, તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણીનો બીજો તબક્કો શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) અને વિપક્ષ મહાગઠબંધન બંને માટે લિટમસ ટેસ્ટ જેવો હશે, કારણ કે, બંને ગઠબંધન પ્રથમ તબક્કામાં સમાન રીતે તૈયાર છે. બિહારના ૨૦ જિલ્લાઓમાં ૧૨૨ મતવિસ્તારોમાં મતદાનનો બીજો તબક્કો યોજાશે. ૬ નવેમ્બરના રોજ યોજાયેલી ચૂંટણીના પ્રથમ તબક્કા પછી જે રેકોર્ડ મતદાન સાથે સમાપ્ત થયું, મંગળવારે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી નક્કી કરશે કે રાજ્યમાં આખરે કયું ગઠબંધન સરકાર બનાવશે. બીજા તબક્કામાં તિરૂતમાં ૪૦, સીમાંચલમાં ૨૪, મગધમાં ૨૬ અને શાહાબાદ પ્રદેશોમાં ૨૨ બેઠકો માટે મતદાન થશે. બીજા અને અંતિમ તબક્કામાં મતદાન થનારી ૧૨૨ બેઠકો બિહારના મધ્ય, પશ્ચિમ અને ઉત્તરીય પ્રદેશોના ૨૦ જિલ્લાઓમાં છે.

ભાજપ પરંપરાગત રીતે તિરૂત, સારણ અને ઉત્તરીય મિથિલાંચલ પ્રદેશોમાં પ્રભુત્વ ધરાવે છે, જ્યારે ભાગલપુરમાં જેડી(યુ)નો મજબૂત આધાર છે. બીજી તરફ મહાગઠબંધનનો મગધ અને શાહાબાદ પ્રદેશોમાં પ્રભાવશાળી આધાર છે જેમાં જેહાનાદ, ગયા, ઔરંગાબાદ, રોહતાસ, કૈમુર, અરવલ અને નવાદા જિલ્લાઓનો સમાવેશ થાય છે. જો કે, કોંગ્રેસનો આ ક્ષેત્રમાં મજબૂત પ્રભાવ નથી અને તે મોટાભાગે તેના સાથી પક્ષો પર નિર્ભર છે. જ્યારે વિપક્ષી મહાગઠબંધનને શાહાબાદ અને મગધ પ્રદેશોમાં તેના પ્રદર્શનનું પુનરાવર્તન કરવાનો પડકારનો સામનો કરવો પડશે, ત્યારે શાસક NDAએ આ પ્રદેશોમાં વધુ સારૂં પ્રદર્શન કરવું પડશે અને તેના ચૂંટણી ગઢને પણ અકબંધ રાખવા પડશે.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં તિરૂતમાં NDAનું વર્ચસ્વ હતું, જ્યારે મગધ અને શાહાબાદ પ્રદેશોમાં મહાગઠબંધનનું પ્રદર્શન સારૂં રહ્યું. તે ચૂંટણી દરમિયાન મહાગઠબંધન સીમાંચલમાં ૨૪ વિધાનસભા બેઠકોમાંથી માત્ર સાત બેઠકો જીતી શક્યું હતું, જ્યારે NDA સીમાંચલમાં ૪૦ બેઠકોમાંથી ૩૧ બેઠકો જીતી શક્યું હતું. તિરૂતે NDAને સત્તામાં લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધન અહીં માત્ર નવ બેઠકો જીતી શક્યું હતું. આ પ્રદેશમાં આ કારમી હારથી પાર્ટી સત્તાથી દૂર રહી હતી. જો NDA તિરૂત પર પોતાની પકડ જાળવી રાખે છે અને મગધ અને શાહાબાદમાં મહાગઠબંધનના ગઢને તોડવામાં સફળ થાય છે અથવા જો મહાગઠબંધન તિરૂતમાં લાભ મેળવતી વખતે મગધમાં પોતાની પકડ જાળવી રાખે છે - તો એકંદર ચૂંટણી ગતિશીલતા નોંધપાત્ર રીતે બદલાઈ શકે છે. સરકારની રચના નક્કી કરવામાં સીમાંચલમાં ૨૪ બેઠકો મહત્ત્વપૂર્ણ છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં સીમાંચલની ૨૪ બેઠકોમાંથી ભાજપ આઠ, જેડી(યુ) ચાર, કોંગ્રેસ પાંચ, આરજેડી અને સીપીઆઈ(એમએલ) એક-એક, જ્યારે એઆઈએમઆઈએમએ પાંચ બેઠકો મેળવી હતી. મહાગઠબંધન સીમાંચલમાં તેના મુખ્ય મતોને એકીકૃત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે NDA તેમાં તેની સ્થિતિ વધુ મજબૂત બનાવવા માંગે છે. એઆઈએમઆઈએમ અને જન સુરાજ પાર્ટીની હાજરીએ ચૂંટણીને ત્રિકોણીય સ્પર્ધા બનાવી દીધી છે. આ વખતે પણ સીમાંચલમાં તમામ રાજકીય પક્ષો દ્વારા શક્તિશાળી પ્રચાર જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ સહિત ભાજપના મોટા નેતાઓની રેલીઓથી લઈને રાહુલ ગાંધીની આગેવાની હેઠળની મતદાતા અધિકાર યાત્રા સુધી, તમામ પક્ષો સીમાંચલના મતદારોને આકર્ષવાના પ્રયાસો કરી રહ્યા છે. મગધ ક્ષેત્રમાં ગયા, ઔરંગાબાદ, નવાદા, જહાનાબાદ અને અરવલ જિલ્લાઓનો સમાવેશ થાય છે. ૨૦૨૦માં જીતનરામ માંઝીની એચએએમ પાર્ટીએ ગયા જિલ્લામાં ઈમામગંજ, ટીકારી અને બારચટ્ટી બેઠકો પર કબજો કર્યો હતો. ૨૦૨૫માં HAM ઉમેદવારો ત્રણેય બેઠકો પર કઠોર સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. ભાજપ ગયા ટાઉન, જેડી(યુ) બેલાગંજ, કોંગ્રેસ વઝીરગંજ અને એલજેપી શેરઘાટીથી ચૂંટણી લડી રહી છે. તેવી જ રીતે કુટુમ્બા, ઔરંગાબાદમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજેશ રામની પ્રતિષ્ઠા દાવ પર છે. NDA માટે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે કારણ કે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની એલજેપી (આર.વી.) અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાની આરએલએમ આ વખતે શાસક ગઠબંધનના સાથી પક્ષ તરીકે ચૂંટણી લડી રહી છે. આ ઉપરાંત બિહાર સરકારની યોજના, 'મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના' પણ આ વખતે NDAના ફાઉવુરમાં લાભ આપી શકે છે. આ યોજના હેઠળ મહિલાઓને પોતાનો વ્યવસાય ખોલવા માટે ૧૦,૦૦૦ રૂપિયા મળ્યા છે કારણ કે, સરકાર ત્યારબાદ ૨ લાખ રૂપિયા સુધીની સહાય પૂરી પાડશે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધને ૨૦ બેઠકો જીતી હતી, જો કે, શાહાબાદની જેમ મગધમાં પણ તેનું પ્રદર્શન તેના કુશવાહા અને અનુસૂચિત જાતિના સમર્થકોમાં મતભેદને કારણે નબળું પડી ગયું હતું. મગધના ત્રણ જિલ્લાઓ - જહાનાબાદ, ઔરંગાબાદ અને અરવલમાં NDA એક પણ બેઠક જીતી શક્યું ન હતું. આ વખતે NDAએ પ્રદેશમાં ઘણા ઉમેદવારોને બદલી નાખ્યા છે અને તેના નવા સાથી, LJP (RV)ને છ બેઠકો ફાળવી છે, જેણે ૨૦૨૦માં સ્વતંત્ર રીતે ચૂંટણી લડી હતી. બિહાર વિધાનસભા ચૂંટણી માટે બીજા તબક્કાનું મતદાન મંગળવાર (૧૧ નવેમ્બર) સવારે ૭ વાગ્યે શરૂ થશે, જેમાં ૧૨૨ બેઠકો માટે ૧૩૦૨ ઉમેદવારો ચૂંટણી લડશે. આમાંથી ૧૧૬૫ પુરૂષ ઉમેદવારો, ૧૩૬ મહિલા ઉમેદવારો અને એક ઉમેદવાર ત્રીજા લિંગના વર્ગનો છે. આ તબક્કામાં મતદાન થનારા ૧૨૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી, ૧૦૧ સામાન્ય બેઠકો, ૧૯ અનુસૂચિત જાતિ માટે અનામત અને બે અનુસૂચિત જનજાતિ માટે અનામત છે.ભારતીય ચૂંટણી પંચ (ECI)એ જણાવ્યું હતું કે, શાંતિપૂર્ણ અને સુગમ મતદાન માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરી લેવામાં આવી છે. કમિશન દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા અનુસાર આ તબક્કામાં ૩,૭૦,૧૩,૫૫૬ મતદારો નોંધાયેલા છે, જેમાં ૧૦,૨૧,૮૧૨ નવા મતદારોનો સમાવેશ થાય છે. તેમાંથી ૧,૯૫,૫૮,૯૯૯ મતદારો પુરૂષ છે, જેમાં ૫,૮૨,૯૫૪ નવા પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે જેમને SIR પછી યાદીમાં ઉમેરવામાં આવ્યા છે.

# SIR કવાયતનો વિપક્ષો દ્વારા વિરોધ : રાહુલે કહ્યું કે, તે 'મત ચોરી' છૂપાવવા માટેની સિસ્ટમ છે, ત્યારે સ્ટાલિને તેની પ્રક્રિયા પર સવાલ ઊઠાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે મધ્યપ્રદેશના પચમઢીમાં કહ્યું કે, ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મતદાર યાદીઓનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)એ મત ચોરી છૂપાવવા અને સંસ્થાકીય બનાવવા માટેની સિસ્ટમ છે. લોકસભામાં વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર લોકશાહી અને બંધારણ પર હુમલો કરવા માટે સાંઠગાંઠ કરી રહ્યા છે. આ દરમિયાન તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)એ મત ચોરી છૂપાવવા અને સંસ્થાકીય બનાવવા માટેની સિસ્ટમ છે, દરમિયાન તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કહ્યું કે, SIR ગણતરી ફોર્મમાં અનેક મૂંઝવણ છે અને ઉતાવળમાં કરવામાં આવતી પ્રક્રિયા મતદારોના નામ કાઢી નાખવાનું જોખમ છે**

કહ્યું કે, SIR ગણતરી ફોર્મમાં અનેક મૂંઝવણ છે. બિહાર વિધાનસભા ચૂંટણી પ્રચાર માટે રવાના થતાં પહેલા પચમઢીમાં પત્રકારો સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, મુખ્ય મુદ્દો મત ચોરીનો છે અને SIRએ તેને છૂપાવવા અને સંસ્થાકીય બનાવવા માટેની એક સિસ્ટમ છે. લોકશાહી અને બી.આર. આંબેડકરના બંધારણ પર સીધો હુમલો કરવામાં આવી રહ્યો છે. મોદીજી, અમિત શાહજી અને જ્ઞાનેશજી આ સાથે મળીને કરી રહ્યા છે અને આનાથી દેશને ઘણું નુકસાન થઈ રહ્યું છે. રાહુલ ગાંધી શનિવારે પચમઢી પહોંચ્યા અને મધ્યપ્રદેશ કોંગ્રેસના જિલ્લા એકમના પ્રમુખો માટે એક તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. ૪ નવેમ્બરના રોજ ચૂંટણી પંચે મધ્યપ્રદેશ સહિત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRનો બીજો તબક્કો શરૂ કર્યો છે. આ સુધારામાં ૫૧ કરોડ મતદારોને આવરી લેવામાં આવશે. આ પ્રક્રિયાનો પ્રથમ તબક્કો બિહારમાં હાથ ધરવામાં આવ્યો હતો, ત્યારબાદ મતદાર યાદીમાંથી ૬૮ લાખથી વધુ નામો દૂર કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓમાં મત ચોરી થઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, થોડા દિવસો પહેલા મેં હરિયાણા પર એક પ્રેઝન્ટેશન આપ્યું હતું અને તમે સ્પષ્ટપણે જોયું કે તેઓ મત ચોરી થઈ રહ્યા હતા. ૨૫ લાખ મત ચોરી થયા હતા. આઠમાંથી એક મત ચોરી થયો હતો. ડેટા જોયા પછી મારૂં માનવું છે કે, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં પણ આવું જ બન્યું હતું અને આ ભાજપ અને ચૂંટણી પંચની સિસ્ટમ છે. તેમણે કહ્યું કે, તેમની પાસે 'વધુ પુરાવા' છે જે ધીમે-ધીમે બહાર આવશે. ગાંધીએ કહ્યું કે, અમારી પાસે વિગતવાર માહિતી છે. અમે તેને જાહેર કરીશું. અમે અત્યાર સુધી તેનો માત્ર એક નાનો ભાગ જ બતાવ્યો છે. કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન (પુનઃગઠન અભિયાન) હેઠળ યોજાઈ રહેલા તાલીમ શિબિરોમાંથી સારો પ્રતિસાદ મળ્યો છે, જે પાર્ટીને પુનર્જીવિત કરવા માટે ઘણા રાજ્યોમાં ચાલી રહ્યો છે. DMK પ્રમુખ અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને રવિવારે કહ્યું હતું કે, મતદાર યાદીના ખાસ સઘન સુધારા માટે ગણતરી ફોર્મમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા માંગવામાં આવેલી વિગતો મતદારોને પણ મૂંઝવણમાં મૂકશે. SIR ફોર્મ મેળવનાર સ્ટાલિને કહ્યું કે, સંબંધીઓ વિશે માંગવામાં આવેલી માહિતી માતા-પિતા, ભાઈઓ, બહેનો, જીવનસાથીઓ અથવા પત્નીઓને સંદર્ભિત છે કે નહીં તે સ્પષ્ટ નથી. તેમણે એક વીડિયો સંદેશમાં કહ્યું કે, શું આ પ્રશ્ન પર કોઈ સ્પષ્ટતા છે? સંબંધીઓના કોલમમાં તેઓએ મતદાર ID નંબર માંગ્યા છે.

ત્રીજા કોલમમાં તેઓએ ફરી એકવાર સંબંધીઓના નામ માંગ્યા છે. કોનું નામ લખવું જોઈએ - સંબંધીનું કે અરજદારનું? નાની ભૂલ માટે પણ ચૂંટણી પંચ દ્વારા મતદારોના નામ કાપી નાખવાનું જોખમ છે.

તેમણે એ દલીલને નકારી કાઢી કે SIRથી ડરવાની કોઈ જરૂર નથી કારણ કે, આ પ્રક્રિયા રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, પરંતુ સત્ય એ છે કે, સરકારી કર્મચારી ચૂંટણી પંચના નિયંત્રણ હેઠળ રહેશે અને રાજ્ય સરકારને જવાબદાર રહેશે નહીં. સ્ટાલિને સ્પષ્ટતા કરી કે તેઓ SIRનો વિરોધ કરી રહ્યા નથી કારણ કે, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી માટે પ્રામાણિક અને પારદર્શક મતદાર યાદી જરૂરી છે. તેમણે કહ્યું કે, પરંતુ અમારૂં વલણ એ છે કે, તે ઉતાવળમાં ન થવું જોઈએ. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નિર્દેશ કર્યો છે કે, કેવી રીતે શાસક ભાજપ (કેન્દ્રમાં) ચૂંટણી પંચની મદદથી મતદાર યાદીમાં ગંભીર છેતરપિંડી કરી છે.

# મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને અન્ય ધર્મોના લોકો RSSમાં આવી શકે છે પરંતુ એક શરત સાથે : મોહન ભાગવત

## RSSના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે કે તમામ ધર્મોના અનુયાયીઓ જ્યાં સુધી "ભારત માતાના પુત્રો" તરીકે અમારી સાથે આવે તો તેઓ સંઘમાં ભાગ લઈ શકે છે

(એજન્સી) તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું હતું કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સહિત તમામ ધર્મોના લોકો સંગઠનમાં જોડાઈ શકે છે, પરંતુ તેઓએ ધાર્મિક અલગતાને બાજુ પર રાખીને એકીકૃત હિન્દુ સમાજના સભ્યો તરીકે આવવું જોઈએ.

RSSમાં મુસ્લિમોને આવવાની મંજૂરી છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં ભાગવતે કહ્યું કે, "સંઘમાં કોઈ બ્રાહ્મણને જ મંજૂરી નથી. સંઘમાં કોઈ અન્ય જાતિને મંજૂરી નથી. સંઘમાં કોઈ મુસ્લિમને મંજૂરી નથી, કોઈ ખ્રિસ્તીને મંજૂરી નથી... ફક્ત હિન્દુઓને જ મંજૂરી છે." RSSના વડા મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે કે તમામ ધર્મોના અનુયાયીઓ જ્યાં સુધી "ભારત માતાના પુત્રો" તરીકે અમારી સાથે આવે તો તેઓ સંઘમાં ભાગ લઈ શકે છે. તેમણે સ્પષ્ટતા કરી કે "વિવિધ સંપ્રદાયોના લોકો - મુસ્લિમો, ખ્રિસ્તીઓ - કોઈપણ સંપ્રદાયના લોકો, સંઘમાં આવી શકે છે પરંતુ તમારી અલગતાને દૂર રાખો. તમારી વિશેષતાનું સ્વાગત છે. પરંતુ જ્યારે તમે શાખામાં આવો છો, ત્યારે તમે ભારત માતાના પુત્ર તરીકે આવો છો, જે આ હિન્દુ સમાજના સભ્ય છે. ભાગવતે કહ્યું કે સંઘ રોજિંદી શાખાઓમાં હાજરી આપનારા કોઈપણના ધર્મ કે જાતિ પૂછતો નથી. મુસ્લિમો શાખામાં આવે છે, ખ્રિસ્તીઓ શાખામાં આવે છે, જેમ કે નિયમિત રીતે કહેવાતા હિન્દુ સમાજના અન્ય તમામ જાતિઓ પણ શાખામાં આવે છે. પરંતુ અમે તેમની ગણતરી કરતા નથી, અને અમે પૂછતા નથી કે તેઓ કોણ છે. અમે બધા ભારત માતાના પુત્ર છીએ. સંઘ આ રીતે કાર્ય કરે છે." આરએસએસ દ્વારા આયોજિત આંતરિક પ્રશ્ન-જવાબ સત્ર દરમિયાન તેઓએ આ ટિપ્પણી કરી હતી, જ્યાં તેમણે સંગઠનની નોંધણી સ્થિતિ, રાજકીય ઝુકાવ અને અન્ય ધર્મો સાથેના સંબંધો પર પણ પ્રશ્નોના જવાબો આપ્યા હતા. RSSની નોંધણી અને ભંડોળના સ્ત્રોતો પર સવાલ ઉઠાવનારા કોંગ્રેસ નેતાઓની ટીકાના જવાબમાં ભાગવતે કહ્યું કે, "RSSની સ્થાપના ૧૯૨૫માં થઈ હતી, તો શું તમે અપેક્ષા રાખો છો કે અમે બ્રિટિશ સરકાર સાથે નોંધણી કરાવીશું? અને તેમણે ઉમેર્યું કે સ્વતંત્રતા પછી, નોંધણી ફરજિયાત ન હતી. તેમણે કહ્યું કે, અમને વ્યક્તિઓના જૂથ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, અને અમે એક માન્ય સંગઠન છીએ. આવકવેરા વિભાગ અને અદાલતો બંનેએ RSSને "વ્યક્તિઓના જૂથ" તરીકે વર્ણવ્યું છે, જેને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. સંઘ વિરુદ્ધ ભૂતકાળની સરકારી કાર્યવાહીનો



ઉલ્લેખ કરતા, ભાગવતે કહ્યું કે, "અમને ત્રણ વખત પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. તેથી એ સાબિત કરે છે કે સરકારે અમને માન્યતા આપી છે. જો અમને માન્યતા ન હોત, તો તેઓએ અમને કેવી રીતે પ્રતિબંધિત કર્યા હોત? તેમણે RSS રાષ્ટ્રધ્વજનું સન્માન કરતું નથી તેવા આરોપોનો પણ જવાબ આપ્યો, અને કહ્યું કે સંગઠન ત્રિરંગાનો ખૂબ માન રાખે છે. અમે હંમેશા અમારા ત્રિરંગાનું સન્માન કરીએ છીએ, શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને તેનું રક્ષણ કરીએ છીએ. RSS પરંપરામાં ગુરુ તરીકે ગણાતા ભગવા રંગનું પણ પ્રતીકાત્મક મહત્વ છે. ભાગવતે પુનરોચ્ચાર કર્યો કે સંઘ કોઈપણ રાજકીય પક્ષને સમર્થન આપતો નથી પરંતુ રાષ્ટ્રીય હિતમાં હોય તેવી નીતિઓનું સમર્થન કરે છે. અમે મતનું રાજકારણ, વર્તમાન રાજકારણ, ચૂંટણી રાજકારણ વગેરેમાં ભાગ લેતા નથી. સંઘનું કાર્ય સમાજને એક કરવાનું છે અને રાજકારણ સ્વભાવે વિભાજનકારી છે, તેથી અમે રાજકારણથી દૂર રહીએ છીએ. પાકિસ્તાન સાથે ભારતના સંબંધો પર, RSSના વડાએ કહ્યું કે શાંતિ ત્યારે જ શક્ય છે જો પાડોશી ભારતને નુકસાન પહોંચાડવાના પ્રયાસો બંધ કરે. પાકિસ્તાન આપણી સાથે શાંતિ ઇચ્છતું નથી. જ્યાં સુધી તે ભારતને નુકસાન પહોંચાડવાથી સંતોષ મેળવે છે, ત્યાં સુધી તે તે કરવાનું ચાલુ રાખશે. તેમણે ચેતવણી આપી કે જો પાકિસ્તાન આવું કરવાનું ચાલુ રાખશે, તો "એક દિવસ તેને બોધપાઠ મળશે," અને તેઓએ ૧૯૭૧ના યુદ્ધને યાદ કર્યું જ્યારે બાંગ્લાદેશનું નિર્માણ થયું હતું. સામાજિક મુદ્દાઓને સંબોધતા, ભાગવતે કહ્યું કે જાતિવાદ હવે અસ્તિત્વમાં નથી પરંતુ "જાતિ ભ્રમ" અસ્તિત્વમાં છે, જે ચૂંટણી રાજકારણ દ્વારા પ્રેરિત છે. જાતિને નાબૂદ કરવાની કોઈ જરૂર નથી; જાતિને ભૂલી જવાની જરૂર છે. કહેવાતા 'લવ જેહાદ' મુદ્દા પર, ભાગવતે લોકોને વિનંતી કરી કે તેઓ બીજા શું કરે છે તેના પર વધુ પડતું ધ્યાન કેન્દ્રિત ન કરે પરંતુ પોતાના ઘરોમાં "હિન્દુ સંસ્કાર" પર વધુ ધ્યાન આપે.

# પશ્ચિમ બંગાળમાં મતદારયાદી સઘન રિવિઝન કવાયત શરૂ થયા પછી નામ નીકળી જવાના ભયને કારણે પાંચ નાગરિકોની આત્મહત્યા સહિત કુલ નવનાં મોત

## સોમવારે વધુ એક ઘટના SIRને લગતી બની હતી, ૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાની જાણ થતાં ૭૦ વર્ષની વયના એક ફરિયાએ આત્મહત્યા કરી દીધી હતી

(એજન્સી) કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલી મતદાર યાદી સઘન ખાસ રિવિઝન કવાયતની ગંભીર અસરો જોવા મળી રહી છે અને અત્યાર સુધીમાં આ કવાયત પછી નામ નીકળી જવાના ડરથી પાંચ લોકોએ આપઘાત કર્યો છે અને તેને કારણે કુલ નવ લોકોના મોત થયા છે તેમ જાહેર થયું છે. ચૂંટણી પંચ દ્વારા વિવાદાસ્પદ કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત થયા પછી રાજ્યમાં છ લોકોએ આત્મહત્યા કરી હોવાનું સત્તાવાળાઓએ કહ્યું છે અને એસઆઈઆર કવાયતની બીકથી આ રીતે કુલ ૯ જેટલા નાગરિકોના મોત થયા હોવાનું તંત્ર જણાવે છે અને બધાને બીક એવી હતી કે એમના નામો નીકળી જશે. આમાના કેટલાક લોકોએ તો ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ જોવા ન મળતા જીવન ટૂંકાવી નાખ્યું છે. સોમવારે આવી એક વધુ ઘટના બની હતી. નાદિયા જિલ્લામાં આવેલ કૃષ્ણ ચાકપુર મંડળપરા ગામમાં રહેતા ૭૦ વર્ષના એક વૃદ્ધ શ્યામલકુમાર સાહાએ ૨૦૦૨ની મતદાર યાદીમાં પોતાનું નામ ન હોવાની જાણ થતા પોતાનું જીવન ટૂંકાવી નાખ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે પરિવારજનોએ એવો દાવો કર્યો છે કે ૨૦૦૨ની યાદીમાંથી નામ નીકળી ગયેલું જાણી લીધા પછી તેમણે ખાવાનું બંધ કરી દીધું હતું. એમની પાસે તમામ કાયદેસરના દસ્તાવેજો મોજુદ હતા શ્યામલ કુમારના પરિવારજનોએ અમને મોતની જાણ કરી છે પણ બીજી કોઈ વિગતો આપી નથી. શ્યામલ કુમારના પત્નીએ જણાવ્યું હતું કે તેઓ ભાગ્યે જ કંઈ ખાતા હતા અને સતત એસઆઈઆર અંગે ચિંતામાં રહેવા લાગ્યા હતા. હજુ ગઈકાલે જ ૨૭ વર્ષની એક મહિલાએ પોતાની સગીર દીકરી સાથે આત્મહત્યા કરી દીધી હતી. [illegible] ફોર્મ મળ્યું ન હોવાથી ડરને કારણે આ પગલું લીધું હોવાનું જાહેર થયું છે. આ મહિલાના પિતાએ જણાવ્યું હતું કે તેની પાસે કોઈ જરૂરી દસ્તાવેજો નહોતા અને તેને ફોર્મ મળ્યું નહોતું [illegible]. આથી મહિલાએ પોતે ઝેર પી લીધું અને સગીર દીકરીને પણ ઝેર પીવડાવી દીધું હતું. પતિ સાથે ઝઘડો ચાલતો હોવાથી એ મહિલા પોતાના ઘરે જ રહેતી હતી. [illegible] ઉપરથી લટકતી હાલતમાં મળી આવ્યા હતા. એસઆઈઆર કવાયત માટે બુથ લેવલ અધિકારીઓ [illegible] તેના ઘરે [illegible] નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં નહોતું અને એમની પાસે જરૂરી દસ્તાવેજો નહોતા [illegible] આથી તેમણે ઝાડ ઉપર લટકીને આત્મહત્યા કરી લીધી હતી તેમ પોલીસમાં જાહેર થયું હતું.

# તિરૂપતિ મંદિરમાં લાડુનો વિવાદ : ડેરીએ મંદિર ટ્રસ્ટને રૂા.૨૫૦ કરોડનું નકલી ઘી કેવી રીતે પૂરૂં પાડ્યું હતું

## 'તેઓએ ક્યારેય એક ટીપું પણ દૂધ ખરીદ્યું નથી' : ઉત્તરાખંડ ડેરીએ તિરૂપતિ ટ્રસ્ટ સાથે પાંચ વર્ષ સુધી ૬૮ લાખ કિલો નકલી ઘીનો ઉપયોગ કરીને કેવી રીતે છેતરપિંડી કરી

(એજન્સી) તા.૧૦

CBIની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ એક આરોપી અજયકુમાર સુગંધની ધરપકડ બાદ આ વિગતો એકત્રિત કરી છે. તિરૂપતિ લાડુ ઘીમાં ભેળસેળના કેસની તપાસ કરી રહેલી CBIની આગેવાની હેઠળની વિશેષ તપાસ ટીમે A-16 અજયકુમાર સુગંધની ધરપકડ બાદ કેટલીક ચોંકાવનારી વિગતો શોધી કાઢી છે, જેણે લાડુ પ્રસાદમની તૈયારીમાં ઉપયોગમાં લેવા માટે ઘી સપ્લાય કરવા માટે TTD દ્વારા કોન્ટ્રાક્ટ કરાયેલ ભોલે બાબા ઓર્ગેનિક ડેરીને મોનોડાઈગ્લિસરાઈડ્સ અને એસિટિક એસિડ એસ્ટર સહિતના વિવિધ રસાયણો પૂરા પાડ્યા હતા. ઉત્તરાખંડ સ્થિત એક ડેરી કંપનીએ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD)ને રૂા.૨૫૦ કરોડનું ૬૮ લાખ કિલો નકલી ઘી સપ્લાય કર્યું હતું. લાડુના ઘીની ભેળસેળની CBI તપાસમાં આ ખુલાસો થયો છે. TTDએ આંધ્રપ્રદેશમાં તિરૂપતિ મંદિરનું સંચાલન કરે છે. ડેરી પ્રમોટરોએ તેમની વિશ્વસનીયતા બનાવવા માટે દૂધની ખરીદી અને ચૂકવણીના રેકોર્ડ બનાવટી બનાવ્યા હતા. પોમિલ જૈન અને વિપિન જૈને નજીકમાં એક ડેરી સિક યુનિટ ખરીદી અને ભોલે બાબા ડેરી પ્લાન્ટથી લગભગ બે કિ.મી. દૂર આવેલા આ સિક યુનિટમાં હર્ષ ફ્રેશ ડેરીની સ્થાપના કરી. પોમિલ જૈન અને વિપિન જૈને દિલ્હી સ્થિત બજેસ એન્ડ બજેસ કંપની પાસેથી હર્ષ ફ્રેશ ડેરીના નામે મોટા પ્રમાણમાં પામ તેલ અને પામ કર્નલ તેલ ખરીદ્યું, જે મલેશિયાથી પામ તેલની મોટી આયાતકાર છે. તેઓએ અજયકુમાર સુગંધ અને દિલ્હી સ્થિત એરિસ્ટો કેમિકલ્સ જેવા સપ્લાયર્સ પાસેથી મોનોગ્લિસરાઈડ્સ, એસિટિક એસિડ એસ્ટર, લેક્ટિક એસિડ, બીટા કેરોટીન, કૃત્રિમ ઘી એસેન્સ વગેરે જેવા વિવિધ રસાયણો પણ મેળવ્યા. પામ તેલ અને પામ કર્નલ તેલ અને અન્ય રસાયણોને હર્ષ ફ્રેશ ડેરીથી બેચમાં ભોલે બાબા મુખ્ય પ્લાન્ટમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ભોલે બાબા ડેરીના પ્રમોટરોએ વ્યાપારી ધોરણે નકલી ઘી બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો હતો. તપાસ દરમિયાન SITએ ભોલે બાબા ડેરી પ્રમોટરોની છેડછાડની પદ્ધતિનો પર્દાફાશ કર્યો, જેમણે પાંચ વર્ષ સુધી સૌથી ધનિક હિન્દુ મંદિર ટ્રસ્ટને સફળતાપૂર્વક છેતરપિંડી કરવામાં સફળતા મેળવી હતી. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ CBIની આગેવાની હેઠળની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ એક આરોપી અજયકુમાર સુગંધની ધરપકડ બાદ આ વિગતો એકત્રિત કરી છે. SITએ નેલ્લોર કોર્ટ સમક્ષ રજૂ કરેલા રિમાન્ડ રિપોર્ટમાં આ તારણો જણાવ્યા છે. સુગંધે ભોલે બાબા ઓર્ગેનિક ડેરીને મોનોડાયગ્લિસરાઈડ્સ અને એસિટિક એસિડ એસ્ટર સહિતના રસાયણો પૂરા પાડ્યા હતા, જે TTDને લાડુ પ્રસાદમ બનાવવા માટે વપરાતું ઘી સપ્લાય કરતી હતી.

**ડેરી ફર્મ ટીટીડીને નકલી ઘી કેવી રીતે સપ્લાય કરતી હતી ? :** સીબીઆઈએ કહ્યું છે કે, ડેરીના પ્રમોટરો, પોમિલ જૈન અને વિપિન જૈને નકલી દેશી ઘી ઉત્પાદન એકમ સ્થાપ્યું હતું. TOI અનુસાર બંનેએ તેમની વિશ્વસનીયતા બનાવવા માટે દૂધ પ્રાપ્તિ અને ચૂકવણી રેકોર્ડ બનાવટી બનાવ્યા હતા. ૨૦૨૨માં ભોલે બાબા ઓર્ગેનિક ડેરીને ઘી સપ્લાય કરવાથી ગેરલાયક ઠેરવવામાં આવી હતી અને બ્લેકલિસ્ટ કરવામાં આવી હતી. જો કે, ડેરીએ અન્ય ડેરીઓ દ્વારા કરાર માટે બોલી લગાવીને તિરૂપતિ મંદિર ટ્રસ્ટને ભેળસેળયુક્ત ઘી સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું હતું. TOIના અહેવાલ મુજબ આમાં તિરૂપતિમાં વૈષ્ણવી ડેરી, યુપી સ્થિત માલ ગંગા અને તમિલનાડુ સ્થિત એ.આર. ડેરી ફૂડ્સનો સમાવેશ થાય છે.

આ સમય દરમિયાન પશુ ચરબી સાથે ભેળસેળવાળા ઘીના સ્ટોકના ચાર કન્ટેનર કથિત રીતે એ.આર. ડેરી દ્વારા ટીટીડીને સપ્લાય કરવામાં આવ્યા હતા અને આખરે ટ્રસ્ટ દ્વારા તેને નકારી કાઢવામાં આવ્યા હતા. જો કે, ભોલે બાબા ડેરીના પ્રમોટરો દ્વારા વૈષ્ણવી ડેરી દ્વારા આ ટીટીડીમાં પાછા આવ્યા હતા. એફએસએસએઆઈ અને એસઆઈટી ટીમના અધિકારીઓએ તપાસ દરમિયાન ડિંડીગુલ સ્થિત એ.આર. ડેરી પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. આનાથી ખુલાસો થયો કે ચાર ભેળસેળવાળા ઘીના ટેન્કર ક્યારેય એ.આર. ડેરીમાં પાછા ફર્યા ન હતા પરંતુ વૈષ્ણવી ડેરી પ્લાન્ટ નજીકના સ્થાનિક પથ્થર ક્રશિંગ યુનિટમાં મોકલવામાં આવ્યા હતા. આ પછી ઓગસ્ટ ૨૦૨૪માં વૈષ્ણવી ડેરીએ આ ટ્રકો પરના લેબલ બદલ્યા, ભેળસેળયુક્ત ઘીની ગુણવત્તા અને સુસંગતતામાં સુધારો કર્યો અને તે જ ઘી ટીટીડીને પાછું સપ્લાય કર્યું હતું.

# 'અમેરિકાના પર વિશ્વાસ કરી શકાય નહીં' : પાકિસ્તાન કરતાં ભારત પર વધુ ટેરિફ મુદ્દે રઘુરામ રાજનનું નિવેદન

## RBIના પૂર્વ ગવર્નરે ટ્રમ્પ અને મોદી વચ્ચેની 'મિત્રતા'ની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊઠાવ્યો અને તેઓએ ભારત અને પાકિસ્તાન પર લાદવામાં આવેલા ટેરિફ દરોમાં તફાવત તરફ ધ્યાન દોર્યું હતું

(એજન્સી) તા.૧૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને મોદી અને ટ્રમ્પની મિત્રતા પર પ્રશ્ન ઊઠાવ્યો હતો અને વોશિંગ્ટન દ્વારા ભારતીય માલ પર ભારે ટેરિફ લાદવા બદલ ટીકા કરી હતી અને પાકિસ્તાનને ઓછા દર ઓફર કર્યા તે અંગે ટીકા કરી હતી. તેમણે સૂચવ્યું કે યુએસના વેપાર પગલાં બંને નેતાઓ વચ્ચેના સારા સંબંધોનો વિરોધાભાસ કરે છે. રાજને ૬ નવેમ્બરના રોજ શિકાગો કાઉન્સિલ ઓન ગ્લોબલ અફેર્સ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા કહ્યું કે, યુએસ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદી શકે છે પરંતુ પાકિસ્તાન પર ફક્ત ૧૯ ટકા લાદી શકે છે ત્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મિત્રતા ક્યાં છે? રાજને કહ્યું કે, આ પગલાથી ભારત 'ખૂબ જ નિરાશ' થયું છે અને તે દર્શાવે છે કે, અમેરિકા પર વિશ્વાસ કરી શકાતો નથી. મને લાગે છે કે, ભારત છેલ્લા ૨૦ વર્ષોમાં યુનાઈટેડ સ્ટેટ્સની નજીક આવી રહ્યું છે અને તે ખૂબ જ નિરાશ છે. હું નેતૃત્વ વિશે વાત કરી રહ્યો નથી, હું એવા લોકો વિશે વાત કરી રહ્યો છું જેમને આ ટેરિફનો ફટકો પડે છે. મારો અર્થ ઘા પર મીઠું નાખવાનો નથી. પાકિસ્તાનનો ટેરિફ દર ૧૯ ટકા છે, ભારતમાં ૫૦ ટકા છે. મોદી અને ટ્રમ્પ વચ્ચેની મિત્રતા ક્યાં છે જેની પ્રશંસા કરવામાં આવી હતી? તે મોદી માટે મોઢા પર એક થપ્પડ છે કારણ કે, ભારતીય વિપક્ષ તેમને પૂછી રહ્યો છે કે, તમારી મિત્રતા ક્યાં છે? રાજને દલીલ કરી હતી કે, ભારત વિશ્વનો સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ ન બની શકે — તે 'ચીન કરતાં પણ વધુ' છે. અમેરિકાના વિશ્વાસપાત્ર મિત્ર ન હોઈ શકે. ૧૯૭૦ના દાયકામાં પૂર્વ યુએસ રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સન અને પૂર્વ વિદેશ સચિવ હેનરી કિસિંજરે ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં અમેરિકાએ પાકિસ્તાનનો પક્ષ લીધો હતો. તેમણે યુદ્ધ અટકાવવા, પાકિસ્તાનને મદદ કરવા માટે સાતમો કાફલો મોકલ્યો. ભારતીયો તેનાથી ખૂબ નારાજ હતા અને સોવિયેત સંઘે ભારતને મદદ કરી. તેનાથી ભારત ૨૫ વર્ષ સુધી સોવિયેત છાવણીમાં રહ્યું અને ભારતને તે જોડાણમાંથી બહાર નીકળવામાં ઘણો સમય લાગ્યો છે. રાજને કહ્યું કે, ભારત પાસે જવા માટે બીજી ઘણી જગ્યાઓ નથી, ચીન સાથે સરહદ ધરાવે છે, તે એક ગંભીર સરહદ યુદ્ધ અને ચીન સાથે અનેક અથડામણો લડી ચૂક્યું છે. ભારત ચીન પર શંકા કરે છે. તે ચીની માલ આવવાથી ખૂબ ચિંતિત છે. તે ચીની રોકાણ માટે ખુશ છે પરંતુ તે ચીન પર નિર્ભર બનવા અંગે થોડું સાવચેત રહેવા માંગે છે. તેમણે નોંધ્યું હતું કે, ભારત જાપાન, ઓસ્ટ્રેલિયા અને અન્ય ક્વાડ રાષ્ટ્રો સાથે સારા સંબંધો જાળવી રાખ્યા છે, તેમ છતાં તે વોશિંગ્ટન સાથે સંબંધ બનાવવા માંગે છે. રાજને એ પણ સમજાવ્યું કે ૫૦ ટકા ટેરિફની તમામ ઉદ્યોગોમાં અસમાન અસરો કેવી રીતે થઈ છે. એપલ જેવી કંપનીઓ છે જે વહીવટને મનાવી શકે છે અને માફી મેળવી શકે છે, જેનો અર્થ એ છે કે, તેના પર ભારે અસર નહીં પડે. પરંતુ અમુક નાની કંપનીઓ છે જે ૫૦ ટકા ટેરિફ માટે યુએસમાં તેમના ઉત્પાદનો વેચવા ગ્રાહક શોધી શકી નથી. એકવાર તૂટી ગયેલા સંબંધોને પાછા બનાવવા મુશ્કેલ છે. સામાન્ય રીતે નાના અને મધ્યમ ઉદ્યોગોને આ સહન કરવું પડશે અને આ ટેરિફ જેટલો લાંબો સમય ચાલશે તેટલું કાયમી નુકસાન કરશે.

### હવાના પ્રદૂષણના (પહેલા પાનાનું ચાલુ)

અથવા પાછલી સરકાર પર દોષારોપણ કરતી રહે છે. તે સ્વચ્છ વિકલ્પો માટે ભંડોળ કેમ નથી આપતી?'' અન્ય એક પ્રદર્શનકારી, પ્રેરણા મહેરાએ પ્રશ્ન કર્યો કે, ''શું સરકારનો AQI ડેટા હવે વિશ્વસનીય છે? પ્રદૂષણ વધતાં મોનિટરિંગ સ્ટેશનો પર પાણી છંટકાવના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. શું આંકડાઓ સાથે છેડછાડ કરવામાં આવી રહી છે કે આ ઘટાડો દર્શાવવા માટે પાણીનો બગાડ કરવામાં આવી રહ્યો છે? વસંત કુંજના એક ૭૬ વર્ષીય વ્યક્તિએ પોતાનો માસ્ક ઉતારીને કહ્યું કે, ''સરકાર બદલાતી રહે છે, પરંતુ લોકો પીડાય છે. મને મારા પૌત્ર-પૌત્રીઓ વિશે ચિંતા છે. બધે બાંધકામ ચાલી રહ્યું છે.'' એક નાના બાળકે પ્લેકાર્ડ પકડી રાખ્યું હતું કેઃ ''હું દિલ્હીમાં મારા મિત્રો સાથે રહેવા માંગું છું અને શાળાએ જવા માંગું છું! અમને શ્વાસ લેવામાં મદદ કરો. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા એક ડોક્ટરે કહ્યું કે, ''દિલ્હીમાં દરેક ત્રીજા બાળકને ફેફસાંની બીમારી થાય છે; તેઓ સ્વચ્છ હવા ધરાવતા બાળકો કરતાં લગભગ ૧૦ વર્ષ ઓછા જીવે છે. લાંબા ગાળાના પ્રદૂષણથી હૃદય રોગ, સ્ટ્રોક અને અસ્થમા થાય છે. તે ગર્ભાશયમાંથી શરૂ થાય છે અને વૃદ્ધાવસ્થા સુધી ચાલુ રહે છે. WHO કહે છે કે તે મોટાભાગના અટકાવી શકાય છે, પરંતુ કાર્યવાહી ક્યાં થાય છે?'' આ વિરોધ શાંતિપૂર્ણ હતો, કોઈ હિંસા વિના, અને ફક્ત સૂત્રોચ્ચાર અને પ્લેકાર્ડ સાથે હતો છતાં, દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો તોફાની સાધનોમાં પહોંચ્યા અને બાળકો સહિત ઘણા વિરોધ કરી રહેલા યુવાનોની અટકાયત કરી. પર્યાવરણ કાર્યકર્તા ભાવરીન કંધારીએ કહ્યું કે, ''અમે મુખ્યમંત્રી સાથે મુલાકાત માટે સમય માંગ્યો હતો, પરંતુ તેમણે ઈનકાર કર્યો હતો. ઘણા માતાપિતા અહીં આવ્યા છે કારણ કે તેમના બાળકો પીડાઈ રહ્યા છે. આ સ્વચ્છ હવાની માંગ છે, રાજકારણની નહીં.'' આયોજકોએ વિરોધ પ્રદર્શન પહેલા પોલીસ દબાણનો આરોપ લગાવ્યો. ત્રણ દિવસમાં, DCP અને SHOને લગભગ ૧૦૦ ફોન અને FIRની ધમકીઓ મળી છે. DCP (નવી દિલ્હી) દેવેશ કુમાર મહાલાએ આ અટકાયતોને ''નિવારક'' ગણાવી. પોલીસે કાયદો અને વ્યવસ્થાનો હવાલો આપ્યો અને એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, ઈન્ડિયા ગેટ પર વિરોધ પ્રદર્શનને મંજૂરી આપવામાં આવી ન હતી. ડીસીપી મહાલાએ કહ્યું કે, સુરક્ષા જાળવવા માટે કેટલાક વિરોધીઓને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. જંતર-મંતર એ નિયુક્ત સ્થળ છે. દિલ્હી પોલીસે બીએનએસએસની કલમ ૧૬૩ હેઠળ આદેશ જારી કર્યો હતો. પર્યાવરણ કાર્યકર્તા વિમલેન્દુ ઝાએ આ કાર્યવાહીની નિંદા કરતા કહ્યું કેઃ ''ઘણી જગ્યાએ ખાનગી મોનિટર ૯૯૯થી ઉપર AQI બતાવી રહ્યા છે. નક્કર કાર્યવાહી કરવાને બદલે, શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોને દબાવવામાં આવી રહ્યા છે. લોકો શ્વાસ લેવાના અધિકારની માંગ કરી રહ્યા છે. દિલ્હી AAPના વડા સૌરભ ભારદ્વાજે કહ્યું કે વિરોધ નાગરિક સમાજનો અને બિન-રાજકીય હતો. પ્રદૂષણ પર બિન-રાજકીય વિરોધનું સ્વાગત છે. DPCC, CPCB, CAQM અને IMD જેવી સંસ્થાઓ ડેટા સાથે છેડછાડ કરી રહી છે. જ્યારે સરકાર પોતાના ડેટા સાથે છેડછાડ કરે છે, ત્યારે વિશ્વાસનો અભાવ હોય છે. તેથી જ બૌદ્ધિકો રસ્તા પર ઉતર્યા છે. છેલ્લા દાયકાથી પ્રદૂષણ છે, પરંતુ હવે ડેટા સાથે છેડછાડ એ ચિંતાનો વિષય છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિરસાએ જવાબ આપ્યો કે, ''આપ દ્વારા દિલ્હીમાં ૧૦ વર્ષ શાસન કરવામાં આવ્યું, હવા અને પાણી ઝેરી બન્યા, અને ઓડ-ઈવન જેવા યુક્તિઓ પર પૈસા બગાડ્યા. છેલ્લા સાત મહિનામાં, રેખા ગુપ્તાના નેતૃત્વમાં, અમે બહુમાળી ઈમારતોમાં સ્મોગ ગન, ધૂળ નિયંત્રણ માટે પાણીના છંટકાવ, બાંધકામ દેખરેખ, ૮,૦૦૦ ઉદ્યોગોને નોટિસો લગાવી અને બધી બસોને ઈલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરી. અમે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છીએ, પરંતુ અમે એક જ ઝટકામાં AAPના ૧૦ વર્ષના ઝેરને સાફ કરી શકતા નથી.

**દિલ્હી-NCRમાં પ્રદૂષણની સ્થિતિ :** સોમવારની સવારે દિલ્હીમાં ધુમ્મસ છવાયેલું હતું. CPCBના ડેટા અનુસાર, સવારે ૭ વાગ્યે AQI ૩૭૨ હતો, જે ''ખૂબ જ ખરાબ'' શ્રેણીમાં હતો. બાવાના ૪૧૨, વઝીરપુર ૩૯૭ અને જહાંગીરપુરી ૩૯૪ જેવા વિસ્તારો ''ગંભીર'' શ્રેણીમાં છે. કેટલીક જગ્યાએ, AQI ૯૯૯ (ખાનગી મોનિટર)ને વટાવી ગયો છે. GRAP-૩ હજુ સુધી લાગુ કરવામાં આવ્યો નથી; અને GRAP-૧ અને ૨ સમીક્ષા હેઠળ છે. આગામી દિવસોમાં હવાની ગુણવત્તા ''ખૂબ જ ખરાબ'' રહેવાની ધારણા છે. પરાળી બાળવાથી ૩૧% પ્રદૂષણ થયું છે. નિષ્ણાતોએ બાળકો અને વૃદ્ધોને બહાર જવાનું ટાળવાની સલાહ આપી છે.

# હોડી પલટી ગયા બાદ મલેશિયાએ શોધખોળ શરૂ કરી : ૧૧ લોકોનાં મોતની પુષ્ટિ : રોહિંગ્યાઓએ કહ્યું કે, તેમના માટે 'સમુદ્રમાં મરવું વધુ સારૂં' છે

(એજન્સી) તા.૧૦

મલેશિયન દરિયાઈ સત્તાવાળાઓએ સોમવારે મ્યાનમારના રોહિંગ્યા સમુદાયના સભ્યોને શોધવા માટે આંદામાન સમુદ્રમાં દરિયાકાંઠાના પાણીમાં પેટ્રોલિંગ વધારી દીધું હતું. તેમની હોડી પલટી ગયા બાદ આ લોકો ગુમ થઈ ગયા હતા. અત્યાર સુધીમાં થાઈલેન્ડ અને મલેશિયન સત્તાવાળાઓને કુલ ૧૧ મૃતદેહો મળી આવ્યા છે. મલેશિયાના કેદાહ પોલીસ વડા અદઝલી અબુ શાહે જણાવ્યું હતું કે, મલેશિયા જઈ રહેલા આ જૂથે પહેલા ૩૦૦ લોકો સાથે એક મોટા જહાજમાં સવારી કરી હતી, પરંતુ જેમ-જેમ તેઓ સરહદની નજીક પહોંચ્યા, તેમને અધિકારીઓ દ્વારા શોધખોળથી બચવા માટે ત્રણ નાની હોડીઓમાં સ્વિચ કરવાનો આદેશ આપવામાં આવ્યો, જેમાં દરેકમાં લગભગ ૧૦૦ લોકો હતા. જો કે, ત્રણ દિવસ પહેલા, તેઓ જે હોડીમાં હતા તે પલટી ગઈ હતી અને આ ઘટના થાઈ પાણીમાં બની હોવાનું માનવામાં આવે છે. મલેશિયાના અધિકારીઓએ ૧૩ બચી ગયેલા લોકો અને સાત મૃતદેહો શોધી કાઢ્યા છે જ્યારે થાઈલેન્ડે બે રોહિંગ્યા છોકરીઓ સહિત ચાર મૃતદેહો શોધી કાઢ્યા છે. થાઈલેન્ડના દક્ષિણ સાતુન પ્રાંતના ગવર્નર સકરા કપિલકર્ને રોઈટર્સને જણાવ્યું હતું કે, થાઈ નેવી અને મરીન પોલીસે વધારાની તપાસ હાથ ધરી છે. આ દરમિયાન મલેશિયાની પોલીસે સોમવારે જણાવ્યું હતું કે, બચાવેલા લોકોને સંભવિત ઈમિગ્રેશન ગુનાઓની તપાસ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે. મલેશિયાની દરિયાઈ એજન્સીના પ્રાદેશિક વડાએ જણાવ્યું હતું કે, થાઈલેન્ડ અને મલેશિયા બંને દ્વારા બચી ગયેલા લોકોને શોધવા માટે હવાઈ ટીમ તૈનાત કરવામાં આવી રહી છે. આ શોધ કામગીરી સાત દિવસ સુધી ચાલી શકે છે. થાઈલેન્ડના અધિકારીઓએ કોક્સ બજાર કેમ્પમાં રહેતા બે બાળકો અને બાંગ્લાદેશમાં જારી કરાયેલા શરણાર્થી કાર્ડ મેળવ્યા છે. કોક્સ બજારના એક રોહિંગ્યા શરણાર્થી નાસેર ખાને કહ્યું કે, આ ભયાવહ છે. લોકો લડાઈમાં મરી રહ્યા છે, ભૂખથી મરી રહ્યા છે. તેથી કેટલાક માને છે કે, અહીં ધીમે-ધીમે મરવા કરતાં સમુદ્રમાં મરવું વધુ સારૂં છે. મ્યાનમારમાં રોહિંગ્યા સમુદાયના સભ્યોને દુર્વ્યવહાર, ભેદભાવ અને રાજ્યવિહીનતાનો સામનો કરવો પડી રહ્યો છે, તેથી તેઓ પોતાનો દેશ છોડીને ભાગી રહ્યા છે.



રોહિંગ્યા બોટ પલટી ગયા બાદ મલેશિયન અને થાઈ સત્તાવાળાઓ આંદામાન સમુદ્રમાં શોધ કરી રહ્યા છે, જેમાં તેઓને ૧૧ મૃતદેહો અને ૧૩ બચી ગયેલા લોકો મળી આવ્યા છે

# બિહાર ચૂંટણી તબક્કો ૨ : મતદારયાદીમાં તમારૂં નામ હોય ત્યારે મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ વિના શું તમે મતદાન કરી શકો છો ?

## બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના બીજા તબક્કા માટે મતદાન ૧૧ નવેમ્બરના રોજ થશે, જેમાં ૧૨૨ મતવિસ્તારોને આવરી લેવામાં આવશે

(એજન્સી) પટના, તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના બીજા તબક્કામાં ૧૨૨ મતવિસ્તારોમાં મતદાન ૧૧ નવેમ્બર, મંગળવારના રોજ થશે. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થશે અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા મતવિસ્તારો છે. ૬ નવેમ્બરના રોજ ૧૨૧ બેઠકો પર મતદાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો હતો, જેમાં રેકોર્ડ મતદાન જોવા મળ્યું હતું, જે ૧૯૫૧ પછીના છેલ્લા સાત દાયકામાં સૌથી વધુ છે. બિહારની ચૂંટણી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે, ઘણા પાત્ર મતદારો - જેમની પાસે વિવિધ કારણોસર મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ નથી - તેઓ કદાચ વિચારી રહ્યા હશે કે શું તેઓ હજુ પણ તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે. ચાલો જાણીએ : કોઈપણ પાત્ર મતદાર જેનું નામ મતદાર યાદીમાં છે તે મતદાર ઓળખપત્ર કે આધાર કાર્ડ વિના પણ મતદાન કરી શકે છે પણ તેઓએ ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મંજૂર કરાયેલ ઓળખ દસ્તાવેજોમાંથી એક રજૂ કરવું જોઈએ. જો કે, એકમાત્ર મુખ્ય આવશ્યકતા એ છે કે : મતદાન મથક પર મતદારનું નામ સત્તાવાર મતદાર યાદીમાં હોવું આવશ્યક છે.

**ECIની માર્ગદર્શિકા મુજબ સ્વીકાર્ય ઓળખ દસ્તાવેજો આ છે :** ૧. પાસપોર્ટ, ૨. ડ્રાઈવિંગ લાઈસન્સ, ૩. પાન કાર્ડ, ૪. આધાર કાર્ડ, ૫. સેવા ઓળખ કાર્ડ (સરકારી કર્મચારીઓ માટે), ૬. બેંક/પોસ્ટ ઓફિસ દ્વારા જારી કરાયેલ ફોટોગ્રાફ સાથે પાસબુક, ૭. શ્રમ મંત્રાલય હેઠળ જારી કરાયેલ આરોગ્ય વીમા સ્માર્ટ કાર્ડ, ૮. ફોટોગ્રાફ સાથે પેન્શન દસ્તાવેજ, ૯. સાંસદો/ધારાસભ્યો/MLCને જારી કરાયેલ સત્તાવાર ઓળખ કાર્ડ, ૧૦. મનરેગા જોબ કાર્ડ, ૧૧. NPR હેઠળ RGI દ્વારા જારી કરાયેલ સ્માર્ટ કાર્ડ, ૧૨. મતદાર કાપલી (ઉપરોક્ત ઓળખપત્રોમાંથી એક સાથે હોય તો જ) બિહાર ચૂંટણીનો અંતિમ તબક્કો ૧૧ નવેમ્બરે છે. તબક્કા ૨માં મતદાનના બીજા અને અંતિમ તબક્કામાં ૧૨૨ વિધાનસભા બેઠકો પર ગ્રામીણ વિસ્તારોમાં ૪૦,૦૭૩ સહિત ૪૫,૩૯૯ મતદાન મથકો પર મતદાન યોજાશે. દરમિયાન સમગ્ર બિહારમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે, જેમાં ૪ લાખથી વધુ કર્મચારીઓ ચૂંટણી ફરજો પર છે. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે બિહારમાં ૪ લાખથી વધુ સુરક્ષા કર્મચારીઓને ચૂંટણી ફરજો માટે તૈનાત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF)ની લગભગ ૫૦૦ કંપનીઓ (આશરે ૫૦,૦૦૦ કર્મચારીઓ) બિહારમાં ચૂંટણી પૂર્વે ફરજોમાં હતી. ત્યારબાદ CAPFની ૫૦૦ વધુ કંપનીઓ રાજ્યમાં આવી છે. આ ઉપરાંત ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયામાં ચૂંટણી ફરજો માટે વધારાની ૫૦૦ કંપનીઓ આવી છે. બિહાર પોલીસના ૬૦,૦૦૦થી વધુ કર્મચારીઓ પહેલાથી જ ચૂંટણી ફરજમાં રોકાયેલા છે. બીજા રાજ્યોના રિઝર્વ બટાલિયનના લગભગ ૨૦૦૦ જવાનો, બિહાર સ્પેશિયલ આર્મ્ડ પોલીસના ૩૦,૦૦૦ જવાનો, ૨૦,૦૦૦થી વધુ હોમગાર્ડ્સ, લગભગ ૧૯,૦૦૦ નવા ભરતી થયેલા કોન્સ્ટેબલ (હાલમાં તાલીમ હેઠળ છે) અને લગભગ ૧.૫ લાખ 'ચોકીદાર' (ગ્રામીણ પોલીસ) પણ બંને તબક્કા માટે ચૂંટણી ફરજ પર છે. બિહારમાં ૧૨૧ વિધાનસભા મતવિસ્તારોમાં મતદાનના પ્રથમ તબક્કામાં ૬૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. મતગણતરી ૧૪ નવેમ્બરના રોજ કરવામાં આવશે.

# બિહાર ચૂંટણી : બીજા અને અંતિમ તબક્કામાં NDA અને મહાગઠબંધન માટે લિટમસ ટેસ્ટ : બીજા તબક્કામાં ૧૨૨ બેઠકો માટે ૧૩૦૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

## મંગળવારે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી નક્કી કરશે કે રાજ્યમાં આખરે કયું ગઠબંધન સરકાર બનાવશે

(એજન્સી) પટના, તા.૧૦

બિહાર વિધાનસભા ચૂંટણીનો બીજો તબક્કો શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) અને વિપક્ષ મહાગઠબંધન બંને માટે લિટમસ ટેસ્ટ જેવો હશે, કારણ કે, બંને ગઠબંધન પ્રથમ તબક્કામાં સમાન રીતે તૈયાર છે. બિહારના ૨૦ જિલ્લાઓમાં ૧૨૨ મતવિસ્તારોમાં મતદાનનો બીજો તબક્કો યોજાશે. ૬ નવેમ્બરના રોજ યોજાયેલી ચૂંટણીના પ્રથમ તબક્કા પછી જે રેકોર્ડ મતદાન સાથે સમાપ્ત થયું, મંગળવારે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી નક્કી કરશે કે રાજ્યમાં આખરે કયું ગઠબંધન સરકાર બનાવશે. બીજા તબક્કામાં તિરૂતમાં ૪૦, સીમાંચલમાં ૨૪, મગધમાં ૨૬ અને શાહાબાદ પ્રદેશોમાં ૨૨ બેઠકો માટે મતદાન થશે. બીજા અને અંતિમ તબક્કામાં મતદાન થનારી ૧૨૨ બેઠકો બિહારના મધ્ય, પશ્ચિમ અને ઉત્તરીય પ્રદેશોના ૨૦ જિલ્લાઓમાં છે.

ભાજપ પરંપરાગત રીતે તિરૂત, સારણ અને ઉત્તરીય મિથિલાંચલ પ્રદેશોમાં પ્રભુત્વ ધરાવે છે, જ્યારે ભાગલપુરમાં જેડી(યુ)નો મજબૂત આધાર છે. બીજી તરફ મહાગઠબંધનનો મગધ અને શાહાબાદ પ્રદેશોમાં પ્રભાવશાળી આધાર છે જેમાં જેહાનાદ, ગયા, ઔરંગાબાદ, રોહતાસ, કૈમુર, અરવલ અને નવાદા જિલ્લાઓનો સમાવેશ થાય છે. જો કે, કોંગ્રેસનો આ ક્ષેત્રમાં મજબૂત પ્રભાવ નથી અને તે મોટાભાગે તેના સાથી પક્ષો પર નિર્ભર છે. જ્યારે વિપક્ષી મહાગઠબંધનને શાહાબાદ અને મગધ પ્રદેશોમાં તેના પ્રદર્શનનું પુનરાવર્તન કરવાનો પડકારનો સામનો કરવો પડશે, ત્યારે શાસક NDAએ આ પ્રદેશોમાં વધુ સારૂં પ્રદર્શન કરવું પડશે અને તેના ચૂંટણી ગઢને પણ અકબંધ રાખવા પડશે.

૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં તિરૂતમાં NDAનું વર્ચસ્વ હતું, જ્યારે મગધ અને શાહાબાદ પ્રદેશોમાં મહાગઠબંધનનું પ્રદર્શન સારૂં રહ્યું. તે ચૂંટણી દરમિયાન મહાગઠબંધન સીમાંચલમાં ૨૪ વિધાનસભા બેઠકોમાંથી માત્ર સાત બેઠકો જીતી શક્યું હતું, જ્યારે NDA સીમાંચલમાં ૪૦ બેઠકોમાંથી ૩૧ બેઠકો જીતી શક્યું હતું. તિરૂતે NDAને સત્તામાં લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધન અહીં માત્ર નવ બેઠકો જીતી શક્યું હતું. આ પ્રદેશમાં આ કારમી હારથી પાર્ટી સત્તાથી દૂર રહી હતી. જો NDA તિરૂત પર પોતાની પકડ જાળવી રાખે છે અને મગધ અને શાહાબાદમાં મહાગઠબંધનના ગઢને તોડવામાં સફળ થાય છે અથવા જો મહાગઠબંધન તિરૂતમાં લાભ મેળવતી વખતે મગધમાં પોતાની પકડ જાળવી રાખે છે - તો એકંદર ચૂંટણી ગતિશીલતા નોંધપાત્ર રીતે બદલાઈ શકે છે. સરકારની રચના નક્કી કરવામાં સીમાંચલમાં ૨૪ બેઠકો મહત્ત્વપૂર્ણ છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં સીમાંચલની ૨૪ બેઠકોમાંથી ભાજપે આઠ, જેડી(યુ)ને ચાર, કોંગ્રેસને પાંચ, આરજેડી અને સીપીઆઈ(એમએલ)ને એક-એક, જ્યારે એઆઈએમઆઈએમને પાંચ બેઠકો મળી હતી.

મહાગઠબંધન સીમાંચલમાં તેના મુખ્ય મતદારોને એકીકૃત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે NDA ત્યાં તેની સ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે કામ કરી રહ્યું છે. એઆઈએમઆઈએમ અને જન સુરાજ પાર્ટીની હાજરીએ ચૂંટણીને ત્રિકોણીય સ્પર્ધા બનાવી દીધી છે. આ વખતે પણ સીમાંચલમાં તમામ રાજકીય પક્ષો દ્વારા શક્તિશાળી પ્રચાર જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ સહિત ભાજપના મોટા નેતાઓની રેલીઓથી લઈને રાહુલ ગાંધીની આગેવાની હેઠળની મતદાતા અધિકાર યાત્રા સુધી, તમામ પક્ષો સીમાંચલના મતદારોને આકર્ષવાના પ્રયાસો કરી રહ્યા છે. મગધ ક્ષેત્રમાં ગયા, ઔરંગાબાદ, નવાદા, જહાનાબાદ અને અરવલ જિલ્લાઓનો સમાવેશ થાય છે. ૨૦૨૦માં જીતનરામ માંઝીની એચએએમ પાર્ટીએ ગયા જિલ્લામાં ઈમામગંજ, ટીકારી અને બારચટ્ટી બેઠકો પર કબજો કર્યો હતો. ૨૦૨૫માં HAM ઉમેદવારો ત્રણેય બેઠકો પર કઠોર સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. ભાજપ ગયા ટાઉન, જેડી(યુ) બેલાગંજ, કોંગ્રેસ વઝીરગંજ અને એલજેપી શેરઘાટીથી ચૂંટણી લડી રહી છે. તેવી જ રીતે કુટુમ્બા, ઔરંગાબાદમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજેશ રામની પ્રતિષ્ઠા દાવ પર છે. NDA માટે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે કારણ કે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની એલજેપી (આર.વી.) અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાની આરએલએમ આ વખતે શાસક ગઠબંધનના સાથી પક્ષ તરીકે ચૂંટણી લડી રહી છે. આ ઉપરાંત બિહાર સરકારની યોજના, 'મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના' પણ આ વખતે NDAના ફાઉવુરમાં લાભ આપી શકે છે. આ યોજના હેઠળ મહિલાઓને પોતાનો વ્યવસાય ખોલવા માટે ૧૦,૦૦૦ રૂપિયા મળ્યા છે કારણ કે, સરકાર ત્યારબાદ ૨ લાખ રૂપિયા સુધીની સહાય પૂરી પાડશે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધને ૨૦ બેઠકો જીતી હતી, જો કે, શાહાબાદની જેમ મગધમાં પણ તેનું પ્રદર્શન તેના કુશવાહા અને અનુસૂચિત જાતિના સમર્થકોમાં મતભેદને કારણે નબળું પડી ગયું હતું. મગધના ત્રણ જિલ્લાઓ - જહાનાબાદ, ઔરંગાબાદ અને અરવલમાં NDA એક પણ બેઠક જીતી શક્યું ન હતું. આ વખતે NDAએ પ્રદેશમાં ઘણા ઉમેદવારોને બદલી નાખ્યા છે અને તેના નવા સાથી, LJP (RV)ને છ બેઠકો ફાળવી છે, જેણે ૨૦૨૦માં સ્વતંત્ર રીતે ચૂંટણી લડી હતી. બિહાર વિધાનસભા ચૂંટણી માટે બીજા તબક્કાનું મતદાન મંગળવાર (૧૧ નવેમ્બર) સવારે ૭ વાગ્યે શરૂ થશે, જેમાં ૧૨૨ બેઠકો માટે ૧૩૦૨ ઉમેદવારો ચૂંટણી લડશે. આમાંથી ૧૧૬૫ પુરૂષ ઉમેદવારો, ૧૩૬ મહિલા ઉમેદવારો અને એક ઉમેદવાર ત્રીજા લિંગના વર્ગનો છે. આ તબક્કામાં મતદાન થનારા ૧૨૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી, ૧૦૧ સામાન્ય બેઠકો, ૧૯ અનુસૂચિત જાતિ માટે અનામત અને બે અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. ભારતીય ચૂંટણી પંચ (ECI)એ જણાવ્યું હતું કે, શાંતિપૂર્ણ અને સુગમ મતદાન માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરી લેવામાં આવી છે. કમિશન દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટા અનુસાર આ તબક્કામાં ૩,૭૦,૧૩,૫૫૬ નોંધાયેલા મતદારો છે, જેમાં ૧૦,૨૧,૮૧૨ નવા મતદારોનો સમાવેશ થાય છે. તેમાંથી મતદાર યાદીમાં નોંધાયેલા ૧,૯૫,૫૬,૮૯૯ મતદારો પુરૂષ છે, જેમાં ૫,૨૮,૯૫૪ નવા પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે જેમને SIR પછી યાદીમાં ઉમેરવામાં આવ્યા છે.

સરકારની 'લોલીપોપ' સમાન સહાય નકારી, બિનરાજકીય મહાસંગ્રામના મંડાણ

# રાજ્યમાં ખેડૂતો મુદ્દે હવે કોઈ રાજકારણ નહીં ફકત ન્યાયની વાત; ૧૨ દિ'નું આપ્યું અલ્ટીમેટમ

## રાજકીય પક્ષો સહિતના આગેવાનો ખેડૂત હિત માટે આવ્યા એક મંચ પર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

કમોસમી વરસાદથી પાયમાલ થયેલા હજારો ખેડૂતોમાં રોષ વધતો જઈ રહ્યો છે. જેને લઈને વિરોધ પક્ષોએ સરકાર પર આકરા પ્રહારો કરવા સાથે દેખાવો શરૂ કર્યા છે ત્યારે ખેડૂતોના હિતમાં રાજયમાં કદાચ પ્રથમવાર બિનરાજકીય આંદોલન હવે મંડાણ કરે તેમ જણાય છે રાજકારણ-વિચારધારા બાજુએ મૂકીને કેટલાક



જે ખરીદી શરૂ કરી છે, તેમાં પ્રતિ ખેડૂત ૧૨૫ મણની ખરીદી મર્યાદા છે, તેને વધારીને ૨૦૦ મણ કરવામાં આવે.માવઠાના કારણે જે મગફળી પલળી ગઈ છે અને જે વેપારીઓ દ્વારા મફતના ભાવે લેવાનો પ્રયાસ થઈ રહ્યો છે, તેવી મગફળીને પણ સારા ભાવે ટેકાના ભાવે ખરીદવામાં આવે, જેથી ખેડૂતોને નુકસાન ન થાય. વર્ષ ૨૦૧૯ નો જે પાક વીમો મંજૂર થયેલો છે, પરંતુ આજ દિન સુધી ખેડૂતોને

## માંગ નહીં સંતોષાય તો ટ્રેકટરો સાથે ગાંધીનગર કૂચ કરવાની ચીમકી

રાજકીય પક્ષના અગ્રણીઓ તથા સામાજિક આગેવાનો સહિત ખેડૂતો માટે જાહેરમાં આવ્યા છે. ગુજરાતના ખેડૂતો છેલ્લા ઘણા સમયથી કમોસમી વરસાદ અને માવઠાના મારથી પાયમાલ થઈ ગયા છે. ખેતરમાં વાવેલો પાક નિષ્ફળ જતાં ખેડૂત આર્થિક મુશ્કેલીમાં મુકાયો છે. આ ગંભીર પરિસ્થિતિમાં સરકારે તાજેતરમાં ? ૧૦,૦૦૦ કરોડની સહાયની જાહેરાત કરી હતી, જેને ખેડૂતોએ 'લોલીપોપ' સમાન ગણાવી નકારી દીધી છે. આ સહાયની જાહેરાત સામે વહેલી તકે ખેડૂતોને યોગ્ય અને પૂરતી સહાય આપવા, તેમજ તેમની મૂળભૂત માંગોનું નિરાકરણ લાવવા માટે, આજે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીની આગેવાનીમાં હજારો ખેડૂતો જુનાગઢ કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને સરકારને ૧૨ દિવસનું આખરી અલ્ટીમેટમ આપ્યું હતું. આજના આ કાર્યક્રમની સૌથી મહત્ત્વની વાત એ હતી કે આ આંદોલનને બિનરાજકીય રાખીને તમામ રાજકીય પક્ષો – જેમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP), તેમજ અન્ય પક્ષોના નેતાઓ – પોતાના પક્ષની વિચારધારા બાજુએ મૂકીને માત્ર ખેડૂતોના હિત માટે એક મંચ પર એકઠા થયા હતા. આ એકતાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ખેડૂતોના મુદ્દે હવે કોઈ રાજકારણ નહીં, પરંતુ ફક્ત ન્યાયની વાત થશે. કોંગ્રેસના આગેવાન પાલભાઈ આંબલીયાએ સ્પષ્ટ શબ્દોમાં સરકારની સહાયની જાહેરાત પર સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, "છેલ્લી સાત સિઝનથી કમોસમી વરસાદનો માર સહન કરી રહેલા ખેડૂતો માટે ઓક્ટોબર મહિનાની અતિવૃષ્ટિ જીવલેણ બની છે. સરકાર પોતે જ ૪૦,૦૦૦ કરોડના નુકસાનની વાત કરે છે, જ્યારે માત્ર મગફળીના પાકનું જ નુકસાન ૮૦ થી ૮૫ હજાર કરોડનું થયું છે. આટલા મોટા નુકસાન સામે સરકારે માત્ર ૧૦,૦૦૦ કરોડ આપવાની જાહેરાત કરી છે, જે નજીવી રકમ સમાન છે." તેમણે ઉમેર્યું હતું કે, તેઓ આજે કોંગ્રેસના આગેવાન તરીકે નહીં, પરંતુ ખેડૂતના દીકરા તરીકે અહીં ઉપસ્થિત થયા છે, કારણ કે ખેડૂતોના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ જરૂરી છે. હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આજના આ જનઆંદોલનનું નેતૃત્વ કરતાં સરકાર સમક્ષ ખેડૂતોની મુખ્ય ત્રણ માંગો રજૂ કરી હતી. આ માંગો સ્પષ્ટપણે દર્શાવે છે કે ખેડૂતો માત્ર સહાય નહીં, પરંતુ તેમના આર્થિક બોજમાંથી કાયમી રાહત ઈચ્છે છે જેમાં પાક ધિરાણ માફી અને સીધી રોકડ સહાય, ખેડૂતોનું ? ૩ લાખ સુધીનું પાક ધિરાણ સંપૂર્ણપણે માફ કરવામાં આવે.જે ખેડૂતોએ પાક ધિરાણ ન લીધેલું હોય, તેમને સીધી રોકડ રકમ તેમના ખાતામાં જમા કરાવવામાં આવે. સરકારે હાલમાં ટેકાના ભાવે (MSP) ચૂકવવામાં આવ્યો નથી, તે તાત્કાલિક ધોરણે ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવે આ ઉપરાંત પાલભાઈ આંબલીયાએ જમીન માપણી રદ કરવાના મુદ્દાને પણ આ આંદોલનમાં મુખ્ય માંગ તરીકે જોડીને, ખેડૂતોને સંપૂર્ણ ન્યાય મળે તેવી લડત શરૂ કરી હોવાનું જણાવ્યું હતું. કલેક્ટર કચેરીએ એકઠા થયેલા હજારો ખેડૂતોએ સર્વસંમતિથી સરકારને ૧૨ દિવસનું આખરી અલ્ટીમેટમ આપવાનો નિર્ણય કર્યો છે. પરેશ ગોસ્વામીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ અલ્ટીમેટમ કલેક્ટર મારફતે સરકાર સુધી પહોંચાડવામાં આવશે. જો બાર દિવસમાં સરકાર ખેડૂતોને યોગ્ય ન્યાય નહીં આપે અને મુખ્ય માંગોનું નિરાકરણ નહીં લાવે, તો ગુજરાતના તમામ ખેડૂતો ટ્રેક્ટરો સાથે ગાંધીનગર કૂચ કરશે. આવનારા દિવસોમાં અમે ઉગ્ર આંદોલન અને કાર્યક્રમો આપીશું તેવું પરેશ ગોસ્વામીએ વધુમાં જણાવ્યું હતું.

ગિરિમથક સાપુતારામાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રીએ જતાં પ્રવાસીઓ ઠૂંઠવાયા, તાપણીઓ થઈ શરૂ

# રાજ્યમાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને નીચે જતાં ઠંડીનો અહેસાસ : સાપુતારા ઠંડુંગાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં સામાન્ય રીતે દિવાળી બાદ ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ, આ વર્ષે દિવાળી સમયે પણ માવઠાની અસર જોવા મળી હતી. જો કે, હવે છેલ્લા અઠવાડીયાથી સવાર-સાંજ ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. છેલ્લા બે ત્રણ દિવસથી રાજયમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજયમાં સાપુતારા ઠંડુગાર બન્યું છે તો તે



પૂર્વની થતાં ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતાં તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટા ભાગના જિલ્લાઓમાં ૨-૩ ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય એવી શક્યતા દર્શાવાઈ છે. હિમાલય ક્ષેત્રમાં બરફવર્ષા શરૂ થઈ છે. આ બરફ વર્ષાને કારણે ઉત્તરપૂર્વના બર્ફીલા પવનો મેદાની વિસ્તારો થકી ફૂંકાઈ

## ગાંધીનગર પણ બન્યું ઠંડું શહેર : પવનને લઈ હજુ ઠંડી વધવાની આગાહી

પછી ૧૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા અને ગાંધીનગર શહેર સૌથી ઠંડા રહ્યા. તમામ શહેરોમાં તાપમાનનો પારો ગગડીને ૨૦ ડિગ્રી નીચે જતો રહ્યો છે. આગામી દિવસોમાં હજી પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આજે ૨૧થી ૨૫ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે મહત્તમ તાપમાન રહેવા પામ્યું છે. અમદાવાદમાં મહત્તમ ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ રહેશે, ગાંધીનગર અને મહેસાણામાં પણ ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહ્યું હતું. રાજ્યમાં સૌથી ઠંડું શહેર સાપુતારા રહ્યું તો હવે રાજકોટ પણ ઠંડુ રહે તેવી સંભાવના છે. બીજી તરફ ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારામાં ઠંડી બરોબરની જામી છે. છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગત રાત્રિએ પારો એકાએક નીચે સરકીને ૧૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો, જેના કારણે સમગ્ર સાપુતારામાં તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. અચાનક વધેલી ઠંડીના કારણે પ્રવાસીઓ ઉપરાંત સ્થાનિક લોકો પણ ઠુંઠવાઈ ગયા હતા. રાત્રિના સમયે ઠંડીનો પ્રકોપ વધતાં લોકો ઘરોમાં તાપણીનો સહારો લેતા જોવા મળ્યા હતા. હોટલોમાં રોકાયેલા અનેક પ્રવાસીઓએ વહેલી સવારે બહાર નીકળવાનું ટાળ્યું હતું. ઠંડા પવન સાથે ધુમ્મસ છવાઈ જતાં દશ્યતા ખૂબ જ ધૂંધળી બની ગઈ હતી. સાપુતારા જેવી ઊંચાઈએ આવેલી પર્યટન નગરીમાં સામાન્ય રીતે શિયાળાની શરૂઆત સાથે ઠંડીનો માહોલ અનુભવાય છે. જોકે, આ વર્ષે નવેમ્બરની શરૂઆતમાં જ પારો ૧૦ ડિગ્રી સુધી પહોંચી જવાથી પર્યટકોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. ઘણા પ્રવાસીઓએ ઠંડીના આ આનંદને કેમેરામાં કેદ કર્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં તાપમાનમાં વધુ ઘટાડાની શક્યતા છે. ઉત્તર ભારત તરફથી આવતી ઠંડી હવાની લહેરો સાપુતારા સહિત ડાંગ જિલ્લાના અન્ય પર્વતીય વિસ્તારોમાં પણ અસરકારક બની શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના દ્વારા આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરવામાં આવી છે, જેમાં પવનની દિશા ઉત્તર-પૂર્વથી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૨ નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની આગાહી છે. જ્યારે ન્યૂનતમ તાપમાનમાં આગામી ૩ દિવસ સુધી ૨થી ૩ ડિગ્રીનો ક્રમશઃ ઘટાડો થવાની શક્યતા છે, જેમાં પવનની દિશા ઉત્તર-પૂર્વથી પૂર્વની થતાં ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતાં તાપમાન ઘટવાની આગાહી કરાઈ છે. વાતાવરણમાં ભેજ અને વાદળોનું પ્રમાણ ઘટ્યું છે. અમદાવાદમાં ઠંડીનો પારો ૧૫ ડિગ્રીએ પહોંચી ગયો હતો. હજુ આગામી ચાર દિવસમાં પારો વધુ ૨થી ૩ ડિગ્રી ગગડવાની શક્યતા હોવાથી ઠંડીનું જોર વધવાની વકી હવામાન નિષ્ણાતે વ્યક્ત કરી છે.

ધ્વનિ પ્રદૂષણ કન્ટેમ્પ્ટ અરજીની સુનાવણી વેળા હાઈકોર્ટે ઉઠાવ્યા સવાલ

# રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણ નિવારવા સરકાર દ્વારા લેવાયેલા પગલા નક્કર સ્વરૂપે આપવા નિર્દેશ

## આ અંગેની SOP કાગળ પર હોવાની રજૂઆત બાદ હાઈકોર્ટે કડક નિર્દેશ જારી કર્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાત હાઈકોર્ટમાં આજે ધ્વનિ પ્રદૂષણ સંદર્ભની કન્ટેમ્પ્ટ અરજી ઉપર સુનાવણી યોજાઈ હતી. સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના નિર્દેશોના ઉલ્લંઘન બદલ આ અરજી કરવામાં આવી છે. આજે ડબલ જજની કન્ટેમ્પ્ટ બેંચ સમક્ષ સુનાવણી યોજાઈ હતી. જેમાં અરજદારે જણાવ્યું હતું કે, ધ્વનિ પ્રદૂષણને રોકવા સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટે જે નિર્દેશો આપ્યા છે તેનું પાલન ઓથોરિટી કરાવી શકી નથી. આ માટે સર્ક્યુલર અને SOP બનાવી છે પણ તે ફક્ત કાગળ ઉપર છે.

આ મામલે હાઈકોર્ટે પૂછ્યું હતું કે, ઓથોરિટીએ સુપ્રીમ અને હાઈકોર્ટના નિર્દેશોના પાલન માટે શું કર્યું ? ઓથોરિટીએ જે પગલાં ભર્યા હોય તે કોંક્રિટ ફોર્મમાં આપો. GPCBનું કામ SOP આપવાનું છે. અમલવારીનું કાર્ય ગૃહ વિભાગનું છે. હાઈકોર્ટે ફક્ત સુપ્રીમ અને તેના નિર્દેશોના પાલનમાં રસ છે. રાજ્ય સરકાર તરફથી યોગ્ય અધિકારી એફિડેવિટ કરે કે શું કોંક્રિટ પગલાં લેવામાં આવ્યા છે. આ અંગે વધુ સુનાવણી ૨૦ નવેમ્બર યોજાશે.

અગાઉની સુનાવણીમાં GPCBએ કોર્ટ સમક્ષ પોતાની એફિડેવિટ રજૂ કરી હતી. જે સમયે કોર્ટમાં થયેલી ચર્ચા મુજબ અવાજ ૭૫ DBથી વધે નહીં અને જે એરિયામાં જેટલો અવાજ હોય તેનાથી ૧૦ DB વધે નહીં તેવા નિયમો છે. SOP મુજબ રાત્રે ૧૦થી સવારે ૬ સુધીમાં સ્પીકર વગાડી શકાય નહીં. સાઉન્ડ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર લગાવવું ફરજિયાત છે. પોલીસ ઓથોરિટીએ તે જોવાનું રહેશે કે નક્કી કરેલી સીમા કરતા વધુ અવાજ થયા નહીં. આવું કરનારા સામે પોલીસે પગલાં લેવાના રહેશે. જેમાં ઓડિયો સિસ્ટમ જપ્ત થઈ શકે છે. રાત્રિના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી લાઉડ સ્પીકરના ઉપોયગ, બાંધકામ અને ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ છે. જાહેર સ્થળોએ નિયતમાત્ર કરતા જો વધુ ૧૦ ડેસીબલથી અવાજ વધતો હોય તો તેની સામે પોલીસ IPCની કલમ ૧૮૮ મુજબ પગલાં ભરાશે. જેમાં જેલ તેમજ દંડની જોગવાઈ છે. હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો વગેરેની આસપાસ ૧૦૦ મીટરનો ઘેરાવામાં સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરી શકાય નહીં. લાઉડ સ્પીકર અને ડીજેના વપરાશના ૭ દિવસ પહેલાં પહેલાં પોલીસ પરમિશન લેવી જરૂરી છે. DJનો અવાજ ૧૨૯ ડેસિબલ જેટલો હોય છે. DJ ટ્રક એક મોટું દૂષણ છે. જે લોકોના જીવ લઈ શકે છે. કોર્ટમાં થયેલી રજૂઆત મુજબ DySPથી નીચે નહીં એવા સરકારે ઓથોટાઈઝ કરેલા અધિકારીઓ પબ્લિક એડ્રેસ સિસ્ટમની મંજૂરી આપશે. સરઘસ, કાર્યક્રમ, સભાની પરવાનગી આયોજકે લેવાની રહેશે. સિસ્ટમ વગાડવા પરવાનગી પણ લેવાની રહેશે. પરવાનગી આપતી વખતે GPCBના નોટિફિકેશનના પાલનની બાહેંધરી આયોજકે આપવાની રહેશે.

સાયલન્સ ઝોન પોલીસ કમિશનર કે જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવે છે. તેના ૧૦૦ મીટરની ત્રિજ્યમાં સ્પીકર્સ વગાડી શકાય નહીં. કોર્ટ સમક્ષ નિયમો તોડનારા સામે પેનલ્ટી, મોનિટરિંગ, ડેસિબલની ગણતરી કેવી રીતે કરાશે વગેરે પ્રશ્નો રજૂ કરાયા હતા. કોર્ટે કહ્યું હતું કે, નિયમોનો ભંગ થાય છે. જો સરકાર પાસે સરક્યુલર, SOP, પોલિસી બધું છે તો તે નિયમોના પાલન અંગે એફિડેવિટ ફાઈલ કરે.

વિવિધ અદ્યતન અભ્યાસક્રમો માટે સ્કીલ યુનિવર્સિટીએ કર્યા MOU

# AI/ML તથા સોફ્ટવેર ડેવલપમેન્ટ-રોબોટિક ટેક્નો. EV ટેક્નો. સહિતના અદ્યતન કોર્સ હવે શક્ય

## વિવિધ ૭ ઉદ્યોગો દ્વારા નવા કોર્સિસ માટે LOI અર્પણ : ડિપ્લોમા-ડિગ્રી-સર્ટિ કોર્સ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજયના યુવાનોને રોજગારીની વ્યાપક તકો મળી રહે તે માટે વધુ વિવિધ પ્રકારના અદ્યતન સમયના નવા કોર્સ શરૂ કરવાના સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. આ અંતર્ગત ૬ ઉદ્યોગોએ પોતાના ઉદ્યોગ એકમો ખાતે જ નવા તાલીમ કાર્યક્રમો શરૂ કરવા માટે કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી સાથે MoU સંપન્ન કર્યા છે. આ ઉપરાંત કૌશલ્યા -ધ સ્કિલ યુનિવર્સિટી અને ઉદ્યોગગૃહની સહભાગીતાથી યુનિવર્સિટીના શીલજ કેમ્પસ ખાતે બદલાતી ટેક્નોલોજીને અનુરૂપ નવા અભ્યાસક્રમો શરુ કરવા માટે વિવિધ ૬ ઉદ્યોગોએ લેટર ઓફ ઈનટેન્ટ (LoI) પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી એ રાજય સરકારની એફીલેટેડ યુનિવર્સિટી છે, જેની સ્થાપના રાજયના યુવાનોને સ્કિલ આધારિત શિક્ષણ-તાલીમ આપવા અને તેમનામાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ કરવા માટે કરવામાં આવી છે. આ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ્ય નવી ટેક્નોલોજીને અનુરૂપ કૌશલ્યવાન માનવબળ તૈયાર કરીને રાજયના વધુમાં વધુ યુવાનોને રોજગારી પૂરી પાડવાનો છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા વિશ્વભરના રોકાણકારોને ગુજરાત આકર્ષી રહ્યું છે. જેના પરિણામે આજે ગુજરાતના યુવાનોને વૈશ્વિક રોજગારની તકો ઉપલબ્ધ થઈ રહી છે. ગુજરાત આજે કૌશલ્યા યુનિવર્સિટીના માધ્યમથી નવી ટેક્નોલોજીને અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા માટે વિવિધ ઉદ્યોગો સાથે સહભાગીતા કરીને તેમના એકમો ખાતે જ તાલીમ કેન્દ્રો શરુ કરીને યુવાનોને રોજગારી પૂરી પાડી રહ્યું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, યુવાધનને રોજગારી આપવામાં ગુજરાત દેશનો અગ્રણી રાજય છે. ઉચ્ચ ટેકનીકલ અને મૂલ્યવર્ધન કરનારા ઉદ્યોગો, નવા સેવાકીય સેક્ટરો અને વૈશ્વિક બજારમાં કુશળ વર્કફોર્સની માંગને પહોંચી વળવા સરકારે યુવાધનને તાલીમબદ્ધ કરવાનો નિર્ધાર કર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન સ્કિલ યુનિવર્સિટીએ AI/ML તથા સોફ્ટવેર ડેવલપમેન્ટના તાલીમ કાર્યક્રમો માટે રિષભ સોફ્ટવેર-વડોદરા સાથે, ઔદ્યોગીક સલામતી તથા ફાયર પ્રોટેકશનને લગતા અભ્યાસક્રમો માટે સ્યોર સેફટી પ્રા.લિ - વડોદરા સાથે તેમજ વિવિધ સર્ટીફિકેટ, ડિપ્લોમાં, ડિગ્રી, સ્કીલ કોર્સિસ માટે ટાટા ઈન્ડિયન ઈન્સ્ટી.ઓફ સ્કિલ્સ-અમદાવાદ, ટોપ્સ ટેકનો. સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર-અમદાવાદ, વારી એનર્જીઝ લિ. તથા યશસ્વી સ્કિલ્સ લિ. સાથે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. આ ઉપરાંત સ્કિલ યુનિવર્સિટી અને ઉદ્યોગગૃહની સહભાગીતાથી યુનિવર્સિટીના શીલજ કેમ્પસ ખાતે ફર્નિચર ડિઝાઈન, પ્લમ્બીંગ ટેક્નોલોજીને લગતા કોર્સીસ શરુ કરવા પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન, રોબોટીક્સ ટેક્નોલોજી, ઈ.વી ટેક્નોલોજીને લગતા કોર્સીસ શરુ કરવા મેન્ટ્રીક ટ્રેઈનીંગ એન્ડ કન્સલ્ટીંગ, હેલ્થકેરને લગતા કોર્સીસ શરુ કરવા શેલ્બી એકેડમી, એડવાન્સડ સાયબર સિક્યોરીટી અને ડિજીટલ ફોરેન્સિકના અભ્યાસક્રમો શરુ કરવા AIIPL ટેક્., એગ્રી બાયોટેક્નોલોજી ક્ષેત્રે એપ્લાઈડ રીસર્ચ, ઉદ્યોગ સાહસિકત્તા, ઈનોવેશનમાં ઉચ્ચ કક્ષાની સ્કિલ ટ્રેનિંગ માટે એમ.વાય એગ્રીમોની તથા હોસ્પિટાલીટી, ટુરીઝમ અને ફોરેન લેન્ગવેજ જેવા ક્ષેત્રોમાં કૌશલ્ય તાલીમ માટે ફાઈન્ડ જોબ્સ જેવા ઉદ્યોગોએ લેટર ઓફ ઈનટેન્ટ (LoI) પર હસ્તાક્ષર કર્યા હતા. આ કાર્યક્રમમાં શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગના અગ્ર સચિવ મોહમ્મદ શાહિદ, સ્કિલ યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ ડો.એસ.પી.સિંઘ, રજિસ્ટ્રાર રેખા નાયર, ઉદ્યોગકારો તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યની બે હજાર સ્કૂલ-કોલેજમાં ચાલતા કેરિયર કોર્નર બંધ કરાશે

## નિર્ણયને તાત્કાલિક પરત ખેંચવામાં આવે તે માટે રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા શાળાઓ અને કોલેજોમાં કેરિયર કોર્નર વર્ષોથી કાર્યરત કરવામાં આવેલા છે. કેરિયર કોર્નરથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં શું કરવું, કયા વિકલ્પો ઉપલબ્ધ છે, કયા કામમાં કેવી તક છે, કઈ કૌશલ્યની જરૂર છે, વિવિધ કોર્સો-અભ્યાસક્રમ અંગે યોગ્ય કેરિયર માર્ગદર્શન અને રોજગાર માહિતી મળી રહેતી હતી. આમ, શાળા અને કોલેજોમાં ચાલતા કેરિયર કોર્નરથી વિદ્યાર્થીઓને ભવિષ્યને લઈને ખૂબ જ મદદ મળી રહેતી હતી. જોકે, હવે શ્રમ અને રોજગાર વિભાગે પરિપત્ર કરીને રાજ્યની ૧૭૦૫ શાળા અને ૨૯૫ કોલેજોમાં ચાલતા કેરીયર કોર્નરને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યની શાળા, કોલેજોમાં કારકિર્દી માર્ગદશન વ્યવસ્થાને ખંભાતી તાળા મારતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા એનએસયુઆઈના પૂર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, કારકિર્દી માર્ગદર્શન યોજનાનું મુખ્ય હેતુ ગામડા અને અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સ ઉપલબ્ધ કરાવવાનો હતો. વિદ્યાર્થીઓને અભ્યાસ, કૌશલ્ય, રોજગાર અંગે માર્ગદર્શન આપવું, શાળા-કોલેજમાં કેરિયર જાગૃતિ ઊભી કરવા માટે આ કેરિયર કોર્નર શરૂ કરવામાં આવ્યા હતા. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રાજ્યની ૧૭૦૫ શાળાઓમાં અને ૨૯૫ કોલેજમાં મળી કુલ ૨ હજાર જેટલા કેરિયર કોર્નર શરૂ કર્યા હતા. જોકે, હવે સરકારના એક નિર્ણયથી તાળા લાગી ગયા છે. જેથી કેરિયર કોર્નર બંધ કરવાનો નિર્ણય તાત્કાલિક પરત ખેચવામાં આવે તેવી મુખ્યમંત્રી સમક્ષ માગણી કરવામાં આવી છે.

ગુજરાત ટુડે જો જો... ધ્યાન રાખજો... 'સર' સલામત તો વોટ સલામત

ધ્યાન આપો...

ગુજરાતમાં હાલ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન-(સર)અર્થાત મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે તમારૂં અને તમારા સ્વજનોનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે છે કે નહીં એની ખાસ ખાતરી કરો...આ માટે રાજ્ય સરકારે તમારા માટે જ બૂથ લેવલ ઓફિસર (BLO)ની નિમણૂંક કરી છે એ તમારે ત્યાં હજુ સુધી નથી આવ્યા ? તો સામે ચાલીને બોલાવો અને તમારા રંગીન ફોટા અને જરૂરી વિગતો સાથે એમનું સ્વાગત કરો

જાગૃત બનો જાગૃત કરો

આજની જાગૃતિ...આવતીકાલની શાંતિ...

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS